આનંદોત્સવ.

આ સમરાદિત્ય કેવળી ચરિત્ર યાને પુણ્ય પ્રભાવ નામનો જૈનસાહિત્યનો અણમોલો ગ્રંથ આજે સચિત્રરૂપે બહાર પાડતાં અને વાચકવર્ગના કરકમલમાં મૂકતાં મને ઘણોજ આનંદ થાય છે. સં. ૧૯૭૭થી મારી લથડતી જતી તબિયતને લીધે આવો કોઇ ગ્રંથ આવા સુંદર સ્વરૂપે બહાર મૂકી શકીશ કે કેમ તેની મને શંકાજ રહ્યા કરતી હતી, પરંતુ પરમાત્મકૃપાથી એ સોનેરી તક મેળવવા માટે ભાગ્યશાળી થયો છું તે માટે તે નિષ્કારણ કરૂણાળુ પરમાર્હત પ્રભુને આ સ્થળે ભાવપૂર્વક કોટિશઃ વંદન કર્યા વિના રહી શકતો નથી.

સચિત્ર ગ્રંથો તૈયાર કરાવવામાં શી શી જાતની મુશ્કેલીઓ રહેલી છે, તેનો ખ્યાલ ભુક્તભોગી સિવાય ભાગ્યેજ કોઇને આવી શકશે. તેમાં પણ ભાઇ ડી-જે-પટેલ અને ભાઇ આણી જેવા ચિત્રકાર-મિત્રોના આકસ્મિક સ્વર્ગવાસથી મને જે મુશીબત અને અગવડ નડી છે, તે ગુજરાતના ચિત્રકળા સાહિત્યને ખમવી પડેલી ખોટની પાસે, હું તો ભૂલી જવીજ યોગ્ય ધારૂં છું. એ બે સ્વર્ગસ્થ ચિત્રકાર ભાઇઓ મારા ભાવ-કલ્પના અને આદર્શને અત્યાર સુધી પુરેપુરા ઉકેલી લઇ જે ઉત્કૃષ્ટ કળાના નમુનાઓ રજુ કરી મને સંતોષતા હતા, તે સંતોષ તો હવે મારે શોધવાનોજ રહ્યો. નવા ચિત્રકાર

મેળવી આ ગ્રંથ તૈયાર કરાવવા જતાં એક એક ચિત્ર પાંચ-છ-છ વાર પુન: તૈયાર કરાવ્યું છતાં તેમાં નિષ્ફળતાજ મળતી રહી. અન્તે સદ્‌ભાગ્યવશ શ. જી-એન મલડકાર, અમને મળી આવ્યા અને તેમની પીંછી કાંઇક મનપસંદ થવાથી આ પુસ્તક પ્રકટ કરવા અમે ભાગ્યશાળી થયા.

ચિત્ર યોજનાનું માન જેમ ચિત્રકાર ભાઇઓને ઘટે છે, તેમ આ ગ્રંથની મૂળ યોજના કરાવવાનું માન હું, જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગના માનદ મંત્ર શ્રીયુત શિવજી દેવશી-ભાઈનેજ આપવા માગું છું. કારણ કે શ્રીયુત શિવજીભાઇએ ખંત અને ઉદ્યમથી આવાં પુસ્તકો સુલ્લભ પ્રગટજ ન કર્યાં હોત તો આ ગ્રંથ આ પૃથ્વીનો પ્રકાશ પામત કે નહીં તેની શંકા છે.

જૈન સમાજમાં વાંચનરૂચી હજી જેવી જોઇએ તેવી ખીલી નથી. પૂર્વાચાર્યો પોતાની પાછળ, આપણા માટે સાહિત્યનો જે **અનુપમ** વારસો મુકી ગયા છે, તેનો ઉપભોગ કરવા જેટલી યોગ્યતા પણ બહુ અલ્પાંશે જોવામાં આવે છે. આવી સ્થિતિમાં જૈન સાહિત્યની ખીલવણી કઇ રીતે થાય એ એક મહત્વનો પ્રશ્ન છે. પૂર્વાચાર્યોના વારસાની ખરેખરી કીમત, અમને લાગે છે કે, મુનિ મહારાજાઓ અને વિદ્વાન બન્ધુઓ સિવાય કદાચજ કોઇ કરી શકે. જો તેઓ દેરાસર તથા ઉપાશ્રય વિગેરે ધર્મસ્થાનોમાં થતી વસ્તુ-વસ્ત્ર કે મીઠાઇની પ્રભાવનાઓ કર

બાહુ મુકતી રાખી આવા સાહિત્યરત્નોની પ્રભાવના કરવાનું પોરણ સ્વીકારે તો પણ પ્રભાવનાનો હેતુ સંપૂર્ણ અંશે ફળીભૂત થાય એ નિર્વિવાદ છે. અને સંસારી ભોગ-ઉપભોગની વસ્તુઓ ધર્મપ્રભાવના નિમિત્તે વહેંચવી તેના કરતાં આવા ઉપયોગી ગ્રંથો જૈન ગૃહસ્થોના ઘરે ઘરોમાં દાખલ કરાવવા એ શું સૌથી વધારે ઇચ્છવા યોગ્ય અને ઉપાદેય પરંપરા નથી? જે મુનિવરો સંસારની ક્ષણસુખદાયી વસ્તુઓથી ઉદાસીન બની નિત્ય અધ્યયન-અધ્યાપનમાંજ પોતાના જીવનની કૃતાર્થતા સમજે છે તેઓ જરૂર આ સૂચના લક્ષમાં લઇ જૈન સાહિત્યનો પ્રચાર અને પ્રભાવ વિસ્તારવા પોતાથી બનતું કરશે, એવી આશા અમો રાખીએ છીએ.

હાલમાં અમારા તરફથી નીચેના પુસ્તકો સચિત્ર તૈયાર થાય છે. અને તેમાંના કેટલાક તો ઘણું કરી સંવત ૧૯૭૮ માં પ્રગટ થશે. સીલકમાં ન રહે અને પાછળથી પસ્તાવું પડે તે માટે, જેમ રસજ્ઞ વૃત્તિવાલા સાહિત્યશોખીન-વાંચક ગ્રાહક વર્ગને ખાસ ભલામણ કરીએ છીએ; કે જેમ આ પુસ્તકના ગ્રાહક અગાઉથી બની લાભ લીધો છે, તેવીજ રીતે હવે પછીના પ્રગટ થતા પુસ્તકોનો લાભ લેશો એવી અમો આશા રાખીએ છીએ.

હવે પછી બહાર પડનારાં પુસ્તકોનું લીસ્ટ.

૧) શ્રી મહાવીર ભક્ત મણિભદ્ર યાને શ્રાવિકા રત્નમાલાનું ચરિત્ર સચિત્ર—આ ગ્રંથ હાલમાં છપાય છે અને થોડાજ વખતમાં સચિત્ર પ્રગટ થશે. આ ગ્રંથના અ-

આ મહાન્ ગ્રંથો ઉંચામાં ઉંચા કાગલો ઉપર છાપવામાં આવશે અને તેની શોભામાં કોઇપણ રીતની ખાંમી ન રહે તેવો પ્રયત્ન કરવામાં કચાશ રાખવામાં આવશે નહિં. આ તમામ ગ્રંથો રોયલ ૧૬ પેજી સાઇજમાં બહાર પડશે.

રહેવાનું સ્થળ:—
શેઠ મેરજી ભીમાનો માળો
ચોથે દાદરે, દિવાનખાનામાં,
માંડવી; કાપાબજાર–મુંબઇ.

લી૦ સેવક;
મેઘજી હીરજી બુકસેલર.



પ્રસ્તાવના.

*સમરાદિત્ય કેવળીની કથા આર્હત પ્રજામાં સારી રીતે પ્રખ્યાત છે. તે વસ્તુ ઉપર સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં ગદ્યાત્મક અને પદ્યાત્મક રચના થયેલી છે. તેને નવલકથાના આકારમાં મૂકવા આ નવી યોજના કરવામાં આવી છે. કર્ત્તા-ના ઉદ્દેશનું કેંદ્રસ્થાન વૈરાગ્ય છે, તે વિષયને મુખ્ય પદ આપી પ્રસ્તુત વિષયને વિવિધ વિચારો સાથે અલંકૃત કરવામાં આવ્યો છે, જે ઉમળકાથી તથા અતી આદરભાવથી વાંચવાની પ્રેરણાને ઉત્તેજીત કરે તેવી સંકળનાથી ગોઠવવામાં આવ્યો છે.

આ ચરિત્રના નાયક સમરાદિત્યનું જીવન કેવી સ્થિતિ-માંથી કેવી ઉચ્ચ સ્થિતિમાં આવ્યું હતું અને તે દરમીયાન તેના પૂર્વ ભવોમાં કેવા ચમત્કારી બનાવો બનેલા હતા, તે સુબોધક પ્રસંગોને નવલકથા રૂપે ગોઠવવામાં આવ્યા છે. તેની અંદર વૈરાગ્યરસનો જમાવ એવી રીતે કરવામાં આવ્યો છે કે, જે વાચકોના હૃદયમાં તે વિષેની અતિ ઉચ્ચ ભાવનાઓ જગાડે છે. તે સાથે તે અતિ ભવ્ય, રમણીય અને અર્થગંભીર કલ્પનાઓની સમૃદ્ધિ દર્શાવે છે. આ પુણ્યપ્રભાવની સંકળના

* આ ગ્રંથ પ્રસિદ્ધવક્તા રા. રા. શીવજી દેવસિંહે સ્થાપીત કરેલ શ્રીજૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ પાલીતાણાની સંસ્થાએ પ્રથમા-વૃત્તિ સં. ૧૯૬૮ ની સાલમાં પ્રસિદ્ધ કરેલ હતી, તેની આ બીજી આવૃત્તિ અમોએ સચિત્ર કરી પ્રસિદ્ધ કરેલ છે.

શ્રીપ્રદ્યુમ્નાચાર્યના રચેલા સમરાદિત્ય સંક્ષેપ નામના સંસ્કૃત ગ્રંથ ઉપરથી ઉપજાવવામાં આવી છે. તે વિદ્વાન ગ્રંથકારે વાર્તાના મુખ્ય નાયક સમરાદિત્યના નવભવોનું વર્ણન મહાકાવ્યની પદ્ધતિએ કરેલું છે. તેમની સંસ્કૃત કૃતિ પ્રાસાદિક અને અતિ મનોહર છે, તેના આધારથીજ આ લેખની યોજના કરવામાં આવી છે. હાલના સમયમાં લોકોના હૃદયોને ધાર્મિક ભાવનામાં જાગૃત કરવાનું, તત્ત્વજ્ઞાન તથા વ્યવહારિક જ્ઞાન પ્રસારવાનું અને તેઓના વર્તન ઉપર સારા સંસ્કારો રોપવાનું અસરકારક સાધન નવલકથાનું સ્વરૂપ છે. અને તે વ્યવહાર દૃષ્ટિથી તેમજ પોતાનું કર્ત્તવ્ય યોગ્ય રીતે પાળી શકવાની ધર્મદૃષ્ટિથી પણ તેની આવશ્યક ઉપયોગિતા સિદ્ધ થાય છે. વળી ધર્મની દિશામાં આગળ વધવા ઇચ્છતા મનુષ્યોને આવી પ્રાચીન ભાવનાવાળા ચરિતાનુયોગનું નવીન રૂપે વાંચન ઘણું ઉપકારક બને છે. વાર્તાના આરંભથી બે નાયકોનું ચરિત્ર ઉપસ્થિત કરવામાં આવ્યું છે. તે નાયકોનાં નામ ગુણસેન અને અગ્નિશર્મા છે. આ ઉભય આત્માઓ દરેક ભવમાં સહચારીરૂપે ચાલ્યા આવે છે. એક આત્માનું ચરિત્ર નિર્મળ છે, ત્યારે બીજા આત્માનું ચરિત્ર મલિન અને દૂષિત છે. ગુણસેનનો જીવ સુકૃતની શ્રેણીએ ચડતો જાય છે અને અગ્નિશર્માનો જીવ પાપોની મલિન શ્રેણી ઉપર ચડતો જાય છે. અગ્નિશર્માની સ્વરૂપી સ્થિતિના વર્ણનથી વાર્તાની પીઠિકા બંધાય છે. તેની ઉપર ગુણસેને કરેલી વિટંબનાનું વર્ણન ચિત્તાકર્ષક છે. પુરો

હિત યજ્ઞદત્તના પુત્ર અગ્નિશર્માનું કંટાળીને એક જંગલ[illegible]
જવું, ત્યાં આર્જવકૌંડિન્ય નામના તાપસનો સમાગમ અ[illegible]
ગુણસેન [illegible]ના પ્રસંગો વાર્તાના આદ્ય ભાગને શોભાવ-
નારા વર્ણવ્યા છે. તે પ્રસંગે સહસ્રામ્રવનમાં જે તાપસો દ્વારા
ગુણસેનને પેલા અગ્નિશર્મા તાપસનો સમાગમ થાય છે. છેવટે
અગ્નિશર્માની તાપસવૃત્તિ નામની બને છે અને તે ક્રોધથી
કલંકિત થઈ જાય છે. તે પ્રસંગનું બયાન રસિક અને સુબોધક
છે. તે પછી મહારાજા ગુણસેનને વિજયસેન નામના એક
રાજર્ષી સૂરિનો સમાગમ થાય છે. તે સૂરિવરને વૈરાગ્ય
થવાના કારણનું પ્રશ્ન કરતાં તે મહાનુભાવ પોતાના દૃષ્ટાંતનું
રસિક વર્ણન આપે છે અને તે સાંભળવાથી રાજા ગુણસેન શુદ્ધ
[illegible] બોધક બને છે. તે પછી કોઈ મરેલા પુરુષના
શબનો દેખાવ જોઈ તેના હૃદયમાં સંવેગની ભાવના પ્રગટ થતાં
તે સાત્વિક રાજા રાજ્ય છોડી ચાલી નીકળે છે. એ પ્રસંગ વાચ-
કોના હૃદયને વૈરાગ્યમય બનાવી દે છે. [illegible]
[illegible] વિજયસેન
[illegible] દેશના
[illegible] કરે છે.
[illegible]

મગ્ન બનાવી દે છે. જંગલમાં ફરવા નીકળેલા સિંહકુમારને ધર્મઘોષ મુનિનો સમાગમ થઇ આવે છે. સિંહકુમારના પ્રશ્ન ઉપરથી ધર્મઘોષમુનિ પોતાનો ચમત્કારી અને વૈરાગ્યભાવનાને અંકિત કરનારો વૃત્તાંત કહી સંભળાવે છે, તે ઉપરથી સિંહકુમારને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સિંહકુમાર એક ઉપનયવાળી કથા કરી પોતાની પ્રિયાના હૃદયમાં પણ વૈરાગ્યની તીવ્ર જાગૃતિ ઉત્પન્ન કરે છે. કુસુમાવળીના નઠારા દોહદથી આનંદ નામે એક દુષ્ટ કુમાર ઉત્પન્ન થાય છે. છેવટે આનંદ પિતૃઘાતી બને છે. આ સિંહ અને આનંદરૂપે ગુણસેન અને અગ્નિશર્માનો અહિં બીજો ભવ સંપૂર્ણ થાય છે.

ત્રીજા ખંડમાં તે પૂર્વના ઉભય આત્મા જાલીની અને શીખી નામે માતાપુત્ર થઇ અવતરે છે. કોશલનગરના રાજા અજિતસેનના લોકપ્રિય મંત્રી ઇંદ્રશર્માની પુત્રી જાલીની અને તેના પુત્ર શિખીનું ચરિત્ર ઘણું રસિક આપવામાં આવ્યું છે. ઘરથી કંટાળી વનમાં ગયેલા શિખીને વિજયસિંહ નામના એક સૂરિ પોતાનું અસરકારક વૃત્તાંત જણાવે છે. અને તે પ્રસંગે દાન ધર્મનો ઉત્તમ પ્રકારે બોધ આપે છે. તે પછીના બીજા પ્રસંગો વાચકોના હૃદયને ધર્મ અને વૈરાગ્ય ભાવનામાં સ્થિર જાગૃતિ આપે, તેવા વર્ણવ્યા છે.

ચોથા ખંડમાં ધન અને ધનશ્રી નામે પતિ પત્નીના સંબંધનું અસરકારક બયાન આપેલું છે. તેની અંદર ધનનો [illegible], સમુદ્રનો વિહાર, વિશ્વાસઘાતી વનિતા, મંત્રપ્રભાવ

શોધ કરવા નીકળી પડે છે. તે લક્ષ્મીની શોધના પ્રસંગમાં બનેલો બનાવ ઘણો અદ્‌ભૂત રસથી ભરપૂર છે. દુરાચારી લક્ષ્મીના દુ-રાચારના પ્રકાશનું વર્ણન ઘણુંજ શિક્ષણીય રૂપે આપવામાં આવ્યું છે, તે પછી માકંદી નગરીના ઉદ્યાનમાં ફરતા ધરણને એક મહાત્મા અર્હદ્દત્ત નામના મુનિનો મેળાપ થઈ આવેછે. મહામુનિ અર્હદ્દત્તનો વૃત્તાંત ઘણોજ ચિત્તાકર્ષક અને વૈરાગ્ય રસનો પોષક છે, જે વાંચવાથી આ દુઃખમય સંસારનું પૂર્ણ ભાન થઇ આવે છે. પવિત્ર ધરણ ચારિત્રધારી થાય છે. આખરે દ્વેષવતી લક્ષ્મી પોતાના મહાત્મા પતિનો પણ ભારે દ્વેષ કરેછે, અને લક્ષ્મીને તેનાં દુષ્ટ કાર્યોનું ફળ ભોગવવું પડેછે. અહિં છઠ્ઠા ભવની સાથે ષષ્ટ ખંડની પૂર્ણતા થાય છે.

સપ્તમ ખંડમાં આ વાર્તાના નાયકોના સાતમા ભવનો આરંભ થાય છે. આ ભવની અંદર સેન અને વિષેણ નામે પિતૃવ્ય બંધુના અદ્‌ભૂત પ્રસંગનું વર્ણન આવે છે. ચંપા નગરીના મહારાજા અમરસેનને ત્યાં ગુણસેનનો પવિત્ર આત્મા સેન રૂપે ઉત્પન્ન થાય છે, અને તે મહારાજાના લઘુ બંધુ હરિષેણને ત્યાં અગ્નિશર્માનો આત્મા વિષેણ રૂપે ઉત્પન્ન થાય છે. તે બંનેના જીવનમાં એકના હૃદયને વિષે પૂર્વનો વૈરા-ગ્નિ પ્રગટી ઊઠેછે. પ્રથમ સોમા પ્રવર્તિનીના ચમત્કારી વૃત્તાંતથી આ ભાગ સ્વરૂપનો આરંભ થાય છે. એ પ્રવર્તિનીનો વૃત્તાંત સાંભળી રાજા અમરસેન વૈરાગ્ય પામી પોતાના હરિષેણને રાજ્ય આપી, દીક્ષા લઇ ચાલી નીકળે છે. ત્યારથી તેનો પુત્ર

સેન, હરિષેણની આશ્રય નિચે આવે છે. હવેથી વિષેણના હૃદયમાં સેન તરફ વૈર બુદ્ધિ સ્ફુરિત થાય છે, અને તે સેનના પ્રાણ હરવાને અનેક યુક્તિઓ રચે છે. આ પ્રસંગે સેન કુમારની સજ્જનતાનો વિષય નીતિ ધર્મના સ્વરૂપને પ્રત્યક્ષ કરાવે છે, તે પછી વિયોગ અને સંયોગના પ્રકરણમાં જે વૃત્તાંત દર્શાવ્યો છે, તે સહૃદય વાચકોને અદ્ભુત રસ સાથે ઘણોજ આનંદરસનો પોષક થઈ પડે છે. આ વૃત્તાંતને અંગે રાજર્ષિ હરિષેણ સૂરિનો સુબોધક પ્રસંગ આવે છે. તે મહર્ષિએ કહેલી ઉપદેશ કથા ઘણી પ્રબોધદાયક વર્ણવવામાં આવી છે. તેની અસરથી સેન પોતાના પુત્રને રાજ્ય આપી, સ્ત્રી સહિત દીક્ષિત થાય છે. પછી દુષ્ટમતિ વિષેણ પૂર્વ વૈરના આવેશથી સેન મુનિનો ઘાત કરવા તૈયાર થાય છે, તેવામાં ક્ષેત્રદેવી આવી તે પવિત્ર મુનિની રક્ષા કરે છે. આ સાતમા ભવનો સુબોધક પ્રસંગ અહીં સમાપ્ત થાય છે.

આઠમા ખંડમાં તે ઉભય આત્માઓના આઠમા ભવનું વર્ણન આવે છે. આ ભવમાં તે ઉભય આત્માઓનું ઘણું રસિક વૃત્તાંત આપવામાં આવેલું છે. અયોધ્યા નગરીના રાજા મૈત્રીબળને ઘેર ગુણસેનનો જીવ ગુણચંદ્ર નામે પટ્ટકુમાર તરીકે ઉત્પન્ન થાય છે. અને અગ્નિશર્માનો જીવ વૈતાઢ્ય પર્વત ઉપર આવેલા રથનુપુર નગરના વાનમંતર નામે વિદ્યાધર તરીકે ઉત્પન્ન થાય છે તેમના ભવના આરંભથીજ વિદ્યાધર વાનમંતર ગુણચંદ્રનો કટ્ટો વૈરી બને છે. શંખપુરના રાજા

શંખાયનની પુત્રી રત્નવતીનો વિવાહ સંબંધ બે ચિત્રકા-
રોની મારફત ગુણચંદ્ર સાથે જોડાય છે. તે પ્રસંગે તે બંને
રસિક યુગલના પવિત્ર પ્રેમનો અતિ ચાતુર્ય ભરેલો ચિતાર
આપવામાં આવ્યો છે. રસિક સમસ્યાથી પરીક્ષા કરી જોડાએલા
એ જોડાનું બુદ્ધિ ચાતુર્ય અલંકારથી ભરપૂર દર્શાવવામાં
આવ્યું છે. આ પ્રસંગે પ્રાચીન કાળના જૈન સાહિત્યની પ્રભા
કેવી પ્રકાશતી હતી, તેનો ખ્યાલ વિદ્વાન વાચકોને આવી શકે
છે. તે પછી આપેલા દંપતિવિલાસના વૃત્તાંતમાં શુદ્ધ પ્રેમ
વાળા દંપતિનો ગૃહાવાસ કેવો આનંદજનક બને છે, તે સિદ્ધ
કરી બતાવ્યું છે. તે પછી રણવાર્તાના પ્રસંગનું વીરરસથી
વર્ણન કરી, પૂર્વકાળમાં આર્ય પ્રજામાં કેવું શૌર્ય હતું, તે
બતાવી આપ્યું છે. રાજકુમાર ગુણચંદ્રને વિગ્રહ રાજાની સાથે
વિજયધર્મ નામના એક મહાત્મા સૂરિનો મેળાપ થાય છે.
તે પ્રસંગે તે મહાત્માએ આપેલો પોતાનો જીવન વૃત્તાંત
ઘણોજ અદ્ભુત છે. અને તેમાથી વૈરાગ્યરસને પોષણ કરનાર
શાંતરસનો પ્રવાહ પ્રગટી આવે છે. દુષ્ટ વિદ્યાધર વાનમંતર કે
જે ગુણચંદ્રનો નિષ્કારણ વૈરી છે, તે ગુણચંદ્ર કુમારનું હરણ
કરી, તેના મરણની ખોટી વાર્તા ફેલાવે છે. આથી સતી રત્નવતી
અગ્નિ પ્રવેશ કરવા તૈયાર થાય છે. જે ઉપરથી પૂર્વકાળની
સ્ત્રીઓ પોતાના પતિ તરફ કેવી શુદ્ધ પ્રેમી હતી ? તેનો
આબેહૂબ ચિતાર ખડો થાય છે. અને આર્ય નારીઓમાં કેવું
સત્વ હોવું જોઈએ, તેનો પૂરેપૂરો ખ્યાલ આવે છે. આ પ્રસંગે
સાધ્વી સુસંગતાનો રત્નવતીને મેળાપ થાય છે. સાધ્વી સુસં-

ગતાએ તે પ્રસંગે આપેલો બોધ ચિત્તાકર્ષક અને સ્ત્રીઓને ખાસ બોધનિય થઇ પડે તેવો છે.

રાજા ગુણચંદ્રને ઋતુના દેખાવ ઉપરથી વૈરાગ્યોત્પાદક બોધ થઇ આવે છે, અને તે દીક્ષિત થઇ સર્વસ્વ ત્યજી દે છે. અનુક્રમે તે સૂરિપદધારક મહાત્મા થઇ પુણ્યના પ્રબંધને વધારે છે, અને છેવટે સર્વાર્થસિદ્ધ વિમાનના નિવાસી થાય છે. તેમને વારંવાર ઉપદ્રવ કરનાર દ્વેષી વાનમંતર વિદ્યાધર અશુભ કર્મ યોગે સાતમી નરકે પીડા પામતો પ્રગટ થાય છે. અને અહિં તેમના આઠમા ભવનું પર્યવસાન થાય છે.

નવમા ખંડમાં જે આત્મા આઠ ભવ સુધી પુણ્ય પ્રકૃતિરૂપે ચાલ્યો આવે છે, તે ગુણસેન ઉજ્જયિની નગરીના રાજા પુરૂષસિંહની રાણી સુંદરીના ઉદરથી સમરાદિત્ય નામે અવતરે છે. તે આ સવિસ્તાર નવલકથાના મુખ્ય નાયક રૂપે પ્રખ્યાત થાય છે. આ ખંડના આરંભમાં મિત્રગોષ્ટીના પ્રથમ પ્રકરણમાં તે પવિત્ર નાયકના સદ્વર્તનનો આવિર્ભાવ દર્શાવવામાં આવ્યો છે. જાણે તેણે ગર્ભમાંથીજ પ્રતિબોધ પ્રાપ્ત કર્યો હોય, તેમ તેમના બાલ્યવયમાંથીજ આ સંસાર તરફની વૈરાગ્ય-ભાવના દેખાઇ આવે છે. રાજા પુરૂષસિંહ પોતાના પુત્રને સંસારની વાસનાનો સ્વાદ ચખાડવા ઘણી યોજનાઓ ઉભી કરે છે, પણ તે ધર્મવીર આખર સુધી અડગ રહી, પોતાની ભાવનામાં કાંઇ પણ ફેરફાર કરતા નથી. આ પ્રસંગે આપેલ વસંતવિલાસમાં પણ વૈરાગ્ય બોધનું પ્રકરણ મનન પૂર્વક વાંચવા

જેવું છે. જેની અંદર મહાત્મા સમરાદિત્યની ઉચ્ચ વૈરાગ્યવૃત્તિ વાચકોના હૃદયને શાંત રસના શીતળ પ્રવાહમાં વહન કરાવે છે. વિવાહિત થયેલા મહાત્મા સમરાદિત્યના નવવધૂના વિલાસનો પ્રસંગ ઘણોજ સુબોધક અને ઉપદેશ રસથી ભરપૂર છે, જે **પવિત્ર ગોષ્ટીના** પ્રકરણમાં આપવામાં આવેલ છે. **ગુરૂજનને ઉપદેશ** એ વિષયમાં કરેલું વિવેચન વિરક્તભાવને પરિપૂર્ણ પુષ્ટિ આપનારૂં છે. એક શાંત વૃત્તિવાળો પુત્ર પોતાનાં પૂજ્ય માતપિતાના હૃદયમાં ઉપદેશથી વૈરાગ્યભાવના જાગ્રત કરી, પ્રવૃત્તિના માર્ગમાંથી નિવૃત્તિના માર્ગ તરફ દોરી જાય, એ અદ્‌ભૂત પ્રસંગ વાચકોને શાંત વૃત્તિનો પૂર્ણ રીતે પ્રેરક બને છે. આ પ્રસંગે રાજા પુરૂષસિંહ પોતાના પુત્રથી પ્રતિબોધ પામી, સંસાર ઉપર વિરક્ત થઈ જાય છે; જે પ્રસંગ અભિનવ શાંત રસને વર્ષાવનારો વર્ણવ્યો છે.

પ્રથમથી આઠ ભવ સુધી દુષ્ટ વૃત્તિને વહન કરનારો અગ્નિશર્માનો આત્મા આ નવમા ભવમાં ઉજ્જયિની નગરીમાં ગ્રંથિક નામના એક માતંગને ઘેર ગિરિસેન નામે કુરૂપી પુત્રરૂપે ઉત્પન્ન થાય છે. ને પૂર્વના સ્વભાવ પ્રમાણે મહાત્મા સમરાદિત્યના ઉદયનો ઇર્ષ્યાળુ બને છે અને તે મહાત્માને હાની કરવાની પ્રવૃત્તિ આચરે છે.

તે પછી મહાત્મા સમરાદિત્ય [illegible] શાસનાચાર્યના હાથથી ચારિત્રધારી બને છે. [illegible] વર્તનનો વૃત્તાંત મનોરંજક અને [illegible] આપવામાં

આપેલો છે; કે વાચકોના હૃદયને હૃદયંગમ લાગે છે. મહાનુભાવ સમરાદિત્યસૂરિ ગુરુની આજ્ઞા મેળવી વિહાર કરતાં અયોધ્યા નગરીની બાહેર આવેલા શક્રાવતાર ચૈત્યમાં આવે છે. મહાત્માના આગમનના ખબર સાંભળી અયોધ્યા નગરીનો રાજા પ્રસેનચંદ્ર, તેમને વંદન કરવા આવે છે. આ પ્રસંગે રાજા પ્રસન્નચંદ્ર, ઇંદ્રશર્મા બ્રાહ્મણ, ચિત્રાંગદ, વિપ્ર અગ્નિભૂતિ, ધનવૃદ્ધિ શ્રાવક, અશોકચંદ્ર અને ત્રિલોચન નામના પુરુષોએ વિવિધ પ્રશ્નો ઉપર તે મહાત્માએ આપેલા સમાધાનનાં વિવેચનો અત્યંત સુબોધક છે. તેની અંદર તે મહાત્માએ પોતાની વિદ્વત્તા ભરેલી વાણીનો જે વિલાસ પ્રગટ કરેલા છે, તે અત્યંત મનનપૂર્વક વાંચવા યોગ્ય છે.

અયોધ્યા નગરીમાંથી વિહાર કરી મહાત્મા સમરાદિત્ય એક મનોહર ઉદ્યાનમાં પ્રતિમારૂપે રહે છે; તેવામાં તેમના ભવપરંપરાનો દ્વેષી પેલો ગિરિસેન આવી ચડે છે, મહાત્માને જોતાંજ તેના હૃદયમાં ક્રોધની મહાજ્વાળા પ્રગટ થઇ આવે છે. તે દુષ્ટ ગિરિસેન પોતાના ક્રોધાગ્નિને શાંત કરવા માટે પ્રતિમારૂપે રહેલા તે પવિત્ર મહાત્માના શરીરને દગ્ધ કરવાનો પ્રયોગ કરે છે. આ પ્રસંગે જેમના શરીરમાં અગ્નિ લાગેલો છે, એવા તે મહાત્મા જે ચિંતવન કરે છે, તે તેમના ચિંતવનના શબ્દો અપૂર્વ દિવ્ય ભાવનાથી ભરેલા છે; અને તે ચિંતવન સાથેજ તેઓ કેવલજ્ઞાનના ભાજન બનવાને ક્ષપકશ્રેણી પર આરૂઢ થઇ, પોતાના આત્માને કર્મમળથી રહિત કરી, પરમ

યોગમાં સ્થાપિત કરે છે તેજ સમયે તેમને લોકાલોકને પ્રકાશ કરનારૂં કેવળજ્ઞાન પ્રગટ થઈ આવે છે અને તેઓ આ રસિક નવલકથાના પુણ્યપ્રભાવ અથવા સમરાદિત્ય કેવળી એવા નામને સાર્થક કરનારા બને છે. આ પ્રસંગ વાચકોને પરમ રસમાં મગ્ન કરનારો છે. પેલો દુષ્ટ ગિરિસેન કે જે, તે મહાત્માના શરીરને દહન કરવારૂપ ઘોર કર્મ કરનારો થયો છે અને તેથી તે મહાતમઃ પ્રભા નામની નરકભૂમિનો અધિકારી પણ થાય છે.

તે પછી મહાત્મા સમરાદિત્યકેવળીનો નિર્વાણમહોત્સવ કરવાને દેવ સહિત ઇંદ્ર આવે છે. તે ઇંદ્રની સાથે વેલંધર નામનો એક દેવ આવે છે, તેવામાં મુનિચંદ્ર નામનો રાજા કે જે, મહાત્મા સમરાદિત્ય કેવળીને વંદના કરવા આવેલ, તે વેલંધર દેવને પ્રશ્ન પુછે છે અને વેલંધર દેવ તેનું સમાધાન કરે છે. તે પ્રસંગે મહાત્મા સમરાદિત્ય કેવળીની પવિત્ર ધર્મ-દેશનાની વાણીને પલ્લવિત કરવામાં આવી છે. તે પછી વેલંધર દેવ અને રાજા મુનિચંદ્રની પ્રિયરાણી નર્મદા દેવીના પ્રશ્નો ઉપ-રથી કેવળી ભગવાને નારકીની પીડાઓનું અને દિવ્ય વિમા-નોનું વર્ણન કરી, સર્વની અંતરવૃત્તિ ઉપર અનિત્ય ભાવનાની ઉંડી છાપ પાડે છે. તે પછી મુનિચંદ્ર રાજાની બીજી રાણી સુલોચનાના પ્રશ્ન ઉપરથી કેવળી ભગવંતના નિરૂપમ સુખનું વ્યાન, એવા રસિક રૂપમાં આલેખવામાં આવ્યું છે કે, જે વાંચતા વાચકોની મનોવૃત્તિ શાંતિ સુખના દિવ્ય સ્વાદનો અનુભવ કરે

છે, અને તે પછી મહાત્મા સમરાદિત્ય કેવળીના [illegible] ચરિ-
ત્રના નિર્વાણ સમયનું [illegible] વર્ણન આપી, આ અભિનવ
કથાનો [illegible] તેઓની સમાપ્તિ કરવામાં આવી છે. એકંદરે
કથાઓનો રસનો ઉત્કર્ષ અને વૈરાગ્ય [illegible], વિગેરે, આ
ગ્રંથને [illegible] આદર પૂર્વક [illegible], અદ્ભુત અને
બોધદાયક વસ્તુ [illegible] પ્રકારની છે. [illegible]
[illegible] વિચારો [illegible] અને [illegible] છે. [illegible]
પ્રસંગનાં [illegible] દર્શાવવાની [illegible] અદ્ભુત
છે. કેટલીક પ્રસંગમાં [illegible] ઉપદેશ [illegible].
વિચારોનો [illegible]
[illegible] જ્ઞાનની પ્રતીતિ આવે છે [illegible]
[illegible] આવે છે. [illegible]
[illegible] શાંતિના [illegible] છે. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

વિદ્વાન, અભ્યાસી, વાંચનોત્સાહી અને ધાર્મિક પુરૂષ વા સ્ત્રીને આદ્યંત વાંચવા યોગ્ય છે. આવા ઉપયોગી ગ્રંથોના આવિર્ભાવથી જૈન સાહિત્ય પુરવેગથી વૃદ્ધિ પામ્યા વગર રહેશે નહી. આ મહાન ઉપયોગી મૂળ ગ્રંથના પ્રણેતા મહાનુભાવ પ્રદ્યુમ્નસૂરિએ પોતાની સુબોધક કૃતિથી સર્વ જૈન પ્રજાનો ભારે ઉપકાર કરેલો છે. તેવા નિ:સ્વાર્થ પરોપકારી મહાત્માના ચારિત્ર જીવનને જેટલો ધન્યવાદ આપીએ, તેટલો થોડો છે. એવા મહાત્માઓ આ ભારત ઉપર પુન: પ્રગટ થાય, એજ અંતરની અભ્યર્થના છે.

પ્રકાશક.



અનુક્રમણિકા.

ખંડ આઠમો.

ખંડ ૯ મો.

પુણ્ય પ્રભાવ

અથવા

સમરાદિત્ય કેવળી ચારિત્ર.

સચિત્ર.

પ્રકરણ ૧ લું

કુરૂપીનો વિનોદ.

એક તરૂણ રાજકુમાર પોતાના સમાન વયના મિત્રોની સાથે પરિવૃત થઈ રાજ મેહેલમાં બેઠો છે. તે રાજનીતિમાં કુશળ છે. પિતાએ આપેલી કેળવણીથી તે ગુણરત્નોનો ભંડાર બન્યો છે. ધર્મ, નીતિ અને પ્રમાણિકતાના ગુણોથી તેનું રાજ-તેજ ઝળકી રહ્યું છે, પોતાના અનુપમ ચાતુર્યથી તે રાજ્યના સર્વ કાર્યોમાં પ્રવીણ થઈ ગયો છે. તેનો પિતા રાજ્યાસન પર બિરાજે છે, તે છતાં તે રાજ્યની ધુરાનો ધુરંધર બન્યો છે. સર્વ પ્રજાની [illegible]

ભાર સુધી તેનો પિતા નિશ્ચિંત થયેલ છે. તે રાજકુમાર સર્વ રીતે ગુણી છે, તે છતાં તેનામાં કેલિપ્રિય થવાની ટેવ પડેલી છે. વિવિધ જાતના કૌતુકો જોવાની અને જાત જાતની ગમતો કરવાની તેનામાં ભારે ટેવ છે. કોઈ રમુજી દેખાવ કે હાસ્ય આવે તેવી વાતો હોય તો તે વધારે ખુશી રહેતો હતો. તેની એ ટેવ પૂરી પાડવાને તેની આસપાસ કેટલાએક મિત્રો અને હજુરી [illegible] થઈ રહેતા હતા અને તેની આગળ નવી નવી [illegible] કરવાના સાધનો હાજર કરતા હતા. રાજમહેલની પાસે [illegible] આ કુમારને એક વખતે કોઈએ આવી વાત કહી કે "રાજકુમાર, [illegible] વિચિત્ર રૂપનો તરૂણ બ્રાહ્મણ આપણા ગામમાં રહે છે. તેને જોવાથી આપને ઘણી ગમત પડશે. તેનું [illegible] છે, તેની આંખો ઝીણી છે, તેનું નાક ચપટું છે, [illegible] છે. [illegible] લાંબા છે, [illegible] મોટા છે, [illegible] છે, [illegible] અને પેટ મોટું છે. તેના [illegible] છે, [illegible] છે, [illegible] છે, અને [illegible]

[illegible]

કરવા માંડી, અને તેને નચાવવા માંડયો. રાજકુમાર વારંવાર આજ્ઞા કરી તેને વિડંબના કરાવતો અને પોતે તેના કુરૂપને જોઇ હૃદયમાં ગંમત મેળવતો હતો. કોઈ વાર તેના હાથ પકડી તેને ઉછાળતો અને કોઈ વાર તેને સપાટી ઉપર દોડાવતો હતો. આ કર્મનશીબ કુરૂપી બ્રાહ્મણ રાજકુમારની મરજી સાચવવાને તે બધું સહન કરતો પણ તે પોતાના હૃદયમાં વારંવાર ખેદ પામતો હતો.

પ્રિય વાંચનાર! આ અદભુત પ્રસંગની જિજ્ઞાસા તારા હૃદયમાં જાગ્રત થઇ હશે. એ રાજકુમાર કોણ હશે? અને પેલો કર્મનશીબ કુરૂપી બ્રાહ્મણ બટુક કોણ હશે? તેની જિજ્ઞાસા તારા હૃદયને સંકલ્પ વિકલ્પ કરાવી ક્ષોભ આપતી હશે. તે જિજ્ઞાસા પૂર્ણ કરવાને આ સ્પષ્ટીકરણ ધ્યાનમાં રાખજે. જે રાજકુમાર છે, તે સાત દ્વીપોને પ્રકાશ કરનાર જંબુદ્વીપમાં આવેલા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા પૂર્ણચંદ્રનો પાટવી કુમાર છે. તેનું નામ ગુણચંદ્ર છે. તે મહારાજા પૂર્ણચંદ્રની રાણી કુમુદિનીના ઉદરથી ઉત્પન્ન થયેલો છે. મહારાજા પૂર્ણચંદ્રની રાજધાની ક્ષિતિપ્રતિષ્ઠિત નગર અપર વિદેહ ક્ષેત્રમાં આવેલું છે. તે નગરની રમણીયતા ઘણી સુંદર છે. તેની આસપાસ ગગનસ્પર્શી કિલ્લો આવેલો છે. સ્વચ્છ અને મધુર જળથી ભરેલા સરોવરો, મધુર ફલોને આપનારા વૃક્ષો અને પુષ્પ અત્તને ઉત્પાદન કરનારા બગીચાથી ક્ષિતિપ્રતિષ્ઠિત નગર ઘણું શોભાવાન્ થયેલું છે. રાજા પૂર્ણચંદ્ર કલા કલાપથી પૂર્ણ થઇ પૂર્ણચંદ્રના જેવો પ્રકાશે છે તેની કીર્તિરૂપી કૌમુદી

જંબુદ્વીપના સર્વ પ્રદેશમાં પ્રકાશી રહી છે. મહારાજ્ઞી કુમુદિની પૂર્ણચંદ્રના યોગથી ખરેખર કુમુદિની બની છે.

રાજકુમાર ગુણસેન પોતાના ગુણોથી પિતા પૂર્ણચંદ્રને અને માતા કુમુદિનીને આલ્હાદક થયેલો છે. એ સદ્ગુણી કુમાર ઉપર રાજ્યની ધુરાને આરોપિત કરી નરપતિ પૂર્ણચંદ્ર નિશ્ચિંત થઈ ધર્મારાધન કરતો હતો. અને તેથી પોતાના રાજ્યજીવનની સાર્થકતા માનતો હતો.

જે કુરૂપી યુવાન બ્રાહ્મણ કુમાર ગુણસેનને ગંમતનું સાધન થઈ પડ્યો છે, તે યજ્ઞદત્ત નામના પુરોહિતનો પુત્ર છે. તેનું નામ અગ્નિશર્મા છે. યજ્ઞદત્તની સોમદેવા નામની સ્ત્રીથી અગ્નિશર્માનો જન્મ છે. યજ્ઞદત્ત નીતિજ્ઞ, જનમાન્ય અને છ અંગને જાણનારો વિદ્વાન બ્રાહ્મણ છે. તે સાથે તે ઘણો સંતોષી હોવાથી ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં સારી પ્રતિષ્ઠા પામેલો છે. મહારાજા પૂર્ણચંદ્રનો તે પુરોહિત હોવાથી રાજ્ય તરફથી તેનો સત્કાર થતો હતો.

યુવાન અગ્નિશર્મા તેવા વિદ્વાન બ્રાહ્મણને ઘેર જન્મ્યો હતો, છતાં કોઈ પૂર્વ કર્મના યોગથી તે ઘણો કુરૂપી થઇ ગયો હતો. પોતાનો પુત્ર આવો કુરૂપી છે, તેને માટે યજ્ઞદત્તને મહા [illegible]

તે કુરૂપી બ્રાહ્મણની ગંમત રાજકુમારને એટલી બધી પ્રિય થઈ પડી કે, તે હમેશા તેને પોતાની પાસે બોલાવવા લાગ્યો અને અનેક પ્રકારે તેની વિટંબના કરવા લાગ્યો. એવી રીતે ઘણા દિવસ કરવાથી બીચારો અગ્નિશર્મા કંટાળી ગયો હતો, તથાપી સત્તાવાન રાજકુમાર તેને બળાત્કારે બોલાવી તેની ચેષ્ટા કરતો અને વારંવાર તેને નચાવી કુદાવી હેરાન કરતો હતો.

પુરોહિત યજ્ઞદત્ત પોતાના પુત્રની આ વિટંબનાની હકીકત જાણતો હતો, પણ રાજગાનને આધીન થઇ તે અટકાવી શકતો ન હતો. કૌતુકપ્રિય રાજકુમાર થોડેથોડે તેની સાથે ગંમતમાં એટલો બધો વધી ગયો કે, પોતે કુરૂપીને ગધેડા ઉપર બેસાડી તેની પર પુંઠનો વર્ણાદ વર્ણની સાથે બનાવટી છત્ર ધરાવી વાજિંત્રોના નાદ સાથે તેને ગામમાં ફેરવવા માંડ્યો. તે વખતે હજારો છોકરાઓ તેની પાછળ હોકારા કરતા દોડતા અને તે કુરૂપી તરફ ધુલી ફેંકતા હતા.

એક વખતે અતિ વિટંબનાથી દુઃખી થયેલો કુરૂપી અગ્નિશર્માએ પોતાના મનમાં વિચાર કર્યો કે–" અહો ! મારી ઉપર રાજકુમાર જુલમ ગુજારે છે. હમેશાં મારે માથે બહુ વીતે છે. આવો મારો પરાભવ શા માટે થતો હશે ? આ મારા પરાભવનો હેતુ રાજકુમાર છે, એમ મને લાગે છે, પણ તે મારી કલ્પના વૃથા છે. આ બધો મારા પૂર્વ ભવના કર્મનો દોષ છે. મારૂં આ કુરૂપ કાંઇ રાજકુમારે કરેલું નથી, પણ તે

મારા પૂર્વ કર્મથીજ થયેલું છે. હવે એ કર્મના બંધને તોડવાને જો હું દુસ્તપ તપ કરૂં, તોજ મારો ઉદ્ધાર થશે. એટલુંજ નહિ પણ તેવી ઉગ્ર તપસ્યાથી ભવિષ્યમાં પણ મારી આ સ્થિતિ થશે નહિ."

આ પ્રમાણે ચિંતવી કુરૂપી અગ્નિશર્મા તેજ વખતે નગરમાંથી બાહેર ચાલ્યો ગયો. જેના હૃદયમાં વૈરાગ્ય ભાવના જાગૃત છે અને જે આ સંસાર ઉપર વિરક્ત થયેલો છે એવો તે કુરૂપી બ્રાહ્મણ વનના ફલ જલથી નિર્વાહ કરતો ઘણે દૂર નીકળી ગયો હતો.



પ્રકરણ ૨ જું.

જંગલમાં.

પૂર્વ કર્મના પ્રભાવથી કુરૂપી બનેલો, અને રાજકુમાર ગુણસેનની વિટંબનાથી દુઃખી થયેલો અગ્નિશર્મા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના સીમાડા ઉપર ફરતો હતો. 'ક્યાં જવું અને શું કરવું?' એવા પ્રશ્નો તેના હૃદયમાં ઉત્પન્ન થતા હતા. તેની વિરૂપ આકૃતિ જોઇ જંગલના પશુઓ પણ બીતા હતા. કોઇ પણ સત્વગુણી અથવા તમોગુણી શિકારી પ્રાણી તેની નજીક આવતું ન હતું. આ વન[illegible] ભ્રમણ કરતા એ દુઃખી આત્માને એક માસ વીત્યો. [illegible] આ તરફ તેના પિતા યજ્ઞદત્ત પોતાનો પુત્ર [illegible] આવ્યો, તેથી ચિંતાતુર થઈ તેની શોધ કરતો હતો.

તે સાથે રાજકુમાર ગુણસેન પણ પોતાને અંમતની ખાતર એ રૂપી આભિશર્માની શોધને માટે અનેક રાજદૂતોને વિવિધ સ્થલે મોકલી તેની તપાસ કરાવતો. તેનો પિતા યજ્ઞદત્ત પુત્રવાત્સલ્યથી તેની શોધ કરતો હતો, ત્યારે રાજકુમાર પોતાની ગંમતની ખાતર તેની શોધ કરાવતો હતો. આખરે તેઓ બન્નેને અગ્નિશર્માનો પત્તો લાગ્યો નહિ. અગ્નિશર્મા ઉપલબ્ધ ન થવાથી તેના પિતા યજ્ઞદત્ત અને સોમદેવા ચિંતાતુર થઈ ગયાં અને કેટલાએક દિવસ સુધી તેમણે પુત્ર શોકનો અતિવિલાપ કર્યો હતો. પુત્ર વિરૂપ હતો, તોપણ તેની પર માતાપિતાનું વાત્સલ્ય અપ્રતિમ હતું. કારણકે, સ્વાભાવિક વાત્સલ્ય અને પ્રેમ, રૂપ કે ગુણની અપેક્ષા રાખતા નથી. તેમાં પણ માતાપિતાનું વાત્સલ્ય સર્વથી વિલક્ષણ છે, તેની અંદર લોકોત્તર દિવ્ય પ્રેમનું સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે.

એક સુંદર તપોવન આવેલું હતું. તેની અંદર અનેક જાતના વૃક્ષો ફલોથી લચી રહ્યાં હતાં. પશુ પક્ષીઓ પોતાનું શાશ્વત વૈર છોડીને સંપથી રહેલાં હતાં. હોમના ગંધથી બધો વન પ્રદેશ સુગંધમય બની ગયો હતો. તપસ્વીઓના હૃદયને પરિતોષ આપનારા સમિધો અને દર્ભો રહેલા હતા. તે વન સંગ પરિતોષ એવા નામથી ઓળખાતું હતું. તે વનની અંદર એક મહાન તપસ્વી બેઠો બેઠો ધર્મ ધ્યાન કરતો હતો. તેના શરીર ઉપર તપસ્યાનું ઉગ્ર તેજ પ્રકાશી રહ્યું હતું. ભસ્મની ઉજ્વલ પ્રભાથી તે વિશેષ સુશોભિત લાગતો હતો. તેના નેત્રોમાં કરૂણાના અંકુર સ્ફુરી રહ્યાં હતાં. શરીરની આકૃતિ

ભવ્ય હતી, તે છતાં તપસ્યાને લઇને તેની અંદર અતિ કૃશતા દેખાતી હતી.

સંગપરિતોષ નામના પવિત્ર તપોવનમાં રહેલા તે તપસ્વીની આગળ પુરૂષ આવી ઉભો રહ્યો. તે તપસ્વીના દર્શન થતાંજ તેનું શરીર રોમાંચિત થઇ ગયું. તરત પોતાના પાંચ અંગથી પૃથ્વીને સ્પર્શ કરી તેણે તે તાપસ પતિને ભક્તિથી નમન કર્યું. તે પુરૂષની વિચિત્ર આકૃતિ જોઇ તે તપસ્વી ક્ષણવાર વિચારમાં પડ્યા. પણ ક્ષણવારે તેણે તે પુરૂષને કુશલ પુછી આસન આપી બેસાડ્યા. પછી તપસ્વીએ તેની પર દયા લાવી પુછ્યું, “ ભદ્ર તું કોણ છે ? અને અહિં ક્યાંથી આવ્યો છું ?” તે પુરૂષ વિનયથી બોલ્યો. “મહાનુભાવ ! હું અગ્નિશર્મા નામે દુઃખી બ્રાહ્મણ છું. ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાંથી દુઃખી થઇ હું આપના શરણે આવ્યો છું. મારા પિતાનું નામ યજ્ઞદત્ત છે, તે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા પૂર્ણચંદ્રના પુરોહિત છે. રાજા પૂર્ણચંદ્રને ગુણસેન નામે એક કુમાર છે, તે ઘણો કૌતુકી અને મંદમતિ સ્વભાવનો છે. પૂર્વ કર્મના યોગથી મારી કુરૂપ આકૃતિ જોઇ તે કુમારે મારી અંતવિડંબના કરવા માંડી અને તેથી હું ઘણો દુઃખી થવા લાગ્યો. રાજ્યના માન અને દ્રવ્યની ઇચ્છાવાળા મારા પિતા તે કુમારને કાંઇ કહી શક્યા નહિ; તેથી આખરે કંટાળીને હું નગર છોડીને અહિં નાસી આવ્યો છું. ”

કુરૂપીના મુખથી આ દુઃખની વાત સાંભળી તે તાપસપતિને તેની

પર અતિ દયા ઉત્પન્ન થઈ આવી. તે શાંત સ્વરે બોલ્યો-"વત્સ, હવે તું નિશ્ચિંત થા. ક્લેશથી તપેલા આત્માને શાંતિ આપનારું આ તપોવન છે. આ પવિત્ર તપોવનને આશ્રિત થયેલા આત્માઓ દુઃખી રહેતા નથી." તપસ્વીની મધુરી વાણી સાંભળી કુરૂપી અગ્નિશર્મા નમ્રતાથી અંજળિ જોડી બોલ્યો "મહાનુભાવ, જો આપને હું યોગ્ય લાગતો હોઉં તો મને તાપસ મત ધારણ કરાવો, આપની પવિત્ર દિક્ષાથી દીક્ષિત થયેલો હું આત્મસાધન કરવાનો અધિકારી થઈ શકીશ." અગ્નિશર્માની આ પ્રાર્થના સાંભળી તે કુલપતિએ કહ્યું, "ભદ્ર, મારું નામ આર્જવકૌંડિન્ય છે. મારા તે નામની તને દીક્ષા આપી હું તારા આત્માને દુઃખમાંથી મુક્ત કરીશ." કુલપતિનાં આવાં વચન સાંભળી તે કુરૂપી બ્રાહ્મણ હૃદયમાં ખુશી થઈ ગયો. અને તે પવિત્ર તાપસપતિના ચરણમાં નમી પડયો. પછી શુભ દિવસે કૌંડિન્ય તાપસે તે અગ્નિશર્માને તાપસ દીક્ષા આપી અને તાપસના આચારનો તેને ઉપદેશ આપ્યો.

અગ્નિશર્મા યથાર્થ તાપસ થઈ પોતાના આચાર પ્રમાણે વર્ત્તતો હતો, તેના હૃદયમાં પૂર્ણ વૈરાગ્ય હોવાથી તેની મનોવૃત્તિ સદા પવિત્ર ભાવના ભાવ્યા કરતી હતી. એક વખતે વૈરાગ્યના વેગથી તેણે પોતાના ગુરૂની સમક્ષ એવી પ્રતિજ્ઞા કરી કે, "આજથી મારે એક માસના ઉપવાસ કરવા. એક માસ પછી એકજ ઘરે ભિક્ષા લેવા જવું, જો તે ઘરમાંથી ભિક્ષાનો લાભ ન થાય તો પછી બીજા માસના ઉપવાસ કરવા. જ્યાં સુધી

એક ઘરમાંથી ભિક્ષા ન મળે ત્યાં સુધી પ્રતિમાસ એ વ્રત મારે ધારણ કરવું ” આવી ઉગ્ર પ્રતિજ્ઞા ગુરૂ સમક્ષ લઈ તેણે તપ સાધન કરવા માંડયું.

એ સંગપરિતોષ તપોવનની નજીક વસંતપુર નામે એક શહેર હતું. તે શહેરના ઘણાં ભાવિક લોકો કૌંડિન્ય તાપસને વંદન કરવાને તેના આશ્રમમાં આવતા હતા. અને તે તાપસપતિને ભિક્ષા લેવા લઈ જતા હતા. કુરૂપી અગ્નિશર્મા તાપસની માસોપવાસની તીવ્ર તપસ્યાની વાત વસંતપુરમાં ફેલાતાં ઘણા લોકો તેને વંદના કરવાને આવતા હતા. અને તેનું બહુમાન કરતા હતા. કેટલાએક તે કુરૂપી તાપસને ભિક્ષાનું આમંત્રણ કરવા આવતાં, પણ તે દઢ પ્રતિજ્ઞક તાપસ પોતાના નિયમ પ્રમાણે વર્ત્તતો હતો. તેની મનોવૃત્તિમાં કોઇ જાતનું ચાંચલ્ય પ્રગટ થતું ન હતું. તાપસ અગ્નિશર્માની દઢતા જોઈ વસંતપુરના નિવાસીઓ તેની ભારે પ્રશંસા કરતા હતા. અને ચારે તરફ તેના મહાન્ તપનું યશોગાન ચાલતું હતું. કુલપતિ આર્જવ કૌંડિન્ય પોતાના શિષ્યની લોકપ્રશંસા સાંભળી અને શિષ્યની અચલ દઢતા જોઇ હૃદયમાં પ્રસન્ન થતા હતા. જેમ સત્પુત્રનું પ્રવર્ત્તન જોઇ પિતા ખુશી થાય, તેમ પોતાના સત શિષ્ય અગ્નિશર્માની તપોનિષ્ટા જોઇ કુલપતિ અત્યંત ખુશી થતા હતા.

પ્રકરણ ૩ જું.

દિગ્યાત્રા.

આજે વસંતપુરમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો છે. લોકો અંગોમાં ઊમંગ લાવી ઉત્સવમાં ભાગ લે છે. ધ્વજા અને તોરણોથી અલંકૃત થયેલું નગર આનંદમય, ઉત્સવમય, અને મંગળમય બની ગયું છે. શેરીએ શેરીએ ચંદનના સુગંધી જલના છંટકાવ થાય છે. સુગંધી ધૂપના ધુમાડાથી દિશાઓ ધૂમ્રમય થઇ રહી છે. હીરા માણિક્યનાં રાશિઓથી નગર-સમૃદ્ધિ પ્રકાશી રહી છે. આવા ઉત્સવમય નગરમાં એક મહા-રાજાની સ્વારી આવી પહોંચી છે. તેની અંદર ધૂપના ધુમાડાથી દુર્દિન થઇ રહ્યું છે. મોતીની માલાઓ જલધારા જેવી દેખાય છે. ચામરોની શ્રેણી બગલીઓનો દેખાવ આપે છે. પંચવર્ણી વાવટાઓથી ઇંદ્ર ધનુષ્યની શોભા જામેલી છે.

આ પ્રમાણે મેઘની જેમ ચડી આવેલા તે મહારાજાએ વસંતપુરમાં વાજિંત્રોના નાદ સાથે પ્રવેશ કર્યો. રાજદ્વાર આગળ આવતાં વિવિધ પ્રકારની રચનાથી શણગારેલા એક ભવ્ય મહેલમાં તે દાખલ થયો. તે મહેલની રચના અદ્ભુત હતી. વિવિધ પ્રકારના ચિત્રોની, ઉપભોગ્ય વસ્તુઓની અને જાત જાતની કોરણીની ઉત્તમ કારીગરી તેમાં કરવામાં આવી હતી.

યુવાન મહારાજા જ્યારે તે મહેલમાં વિશ્રાંત થયો એટલે તેમને માન આપવાને આવેલા અધિકારીઓ તથા પ્રજાના

આગેવાનોની તેણે મુલાકાત લીધી હતી. પછી યોગ્યતા પ્રમાણે માન આપીને તેમને વિદાય કર્યાં હતા. પછી મહારાજાએ તે દિવસ અને રાત્રિ નાટક ચેટક વગેરે તમાસા જોઇને પસાર કરી હતી.

આ વસંતપુરમાં મોટી ધામધૂમથી આવેલો મહારાજા કોણ હતો ? અને તે શા માટે ત્યાં આવ્યો હતો ? એ જાણવાની ઉત્કંઠા વાચક વર્ગને થઇ હશે. તેથી તેનું સ્પષ્ટીકરણ આ સ્થલે કરવાની આવશ્યકતા છે.

અપર વિદેહ ક્ષેત્રની રાજધાની ક્ષિતિપ્રતિષ્ઠીત નગરના રાજા પૂર્ણચંદ્રે પોતાના પુત્ર ગુણસેનને જાણે કામદેવની સેના હોય, તેવી વસંતસેના નામની એક સુંદર રાજકન્યા સાથે પરણાવ્યો હતો. પછી રાજા પૂર્ણચંદ્રે તે યોગ્ય કુમારને રાજ્યાસન ઉપર બેસાડી પોતાની રાણી કુમુદિની સાથે સર્વ વિષયોનો ત્યાગ કરી વનવાસ કર્યો હતો. રાજા પૂર્ણચંદ્ર હૃદયમાં પરમ વૈરાગ્ય ધારણ કરી મહિષી સાથે વનમાં રહી આત્મસાધન કરતો હતો. કુમાર ગુણસેન જાણે બીજો ઇંદ્ર હોય તેમ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજ્ય ઉપર બેસી નીતિથી રાજ્ય ચલાવતો હતો અને પોતાની વસંતસેના રાણી સાથે ભોગવિલાસ કરી રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ કરતો હતો.

રાજા ગુણસેને નીતિથી રાજ્ય ચલાવી સર્વ પ્રજાની મહાન્ પ્રીતિ સંપાદન કરી હતી. પોતે સ્વતંત્ર મહારાજા થયા પછી તેના અંતર ગુણો વિશેષ પ્રકાશિત થયા હતા. જે તેનો ગંભીર અને કૌતુકી સ્વભાવ હતો, તે બદલાઇ ગયો હતો. તેના હૃદ-

ધર્મા ગ્રોહતાની પૂર્ણ છાપ પડી હતી. અને ધર્મની આસ્તાના અંકુરો પ્રગટ થયા હતા. ગુણસેન મહારાજા થયા પછી વિદ્વાનો, કવિઓ, અને કલાધરોને સારૂં માન આપતો હતો. તેમજ કોઈ યોગી, સંન્યાસી કે તપસ્વી આવે તો તેમનું બહુમાન કરતો હતો. આથી ક્ષિતિપ્રતિષ્ઠીત નગરની સર્વ પ્રજા ગુણસેનના ગુણોને ગાતી હતી અને તેના શીતળ છત્ર નીચે સર્વ પ્રકારના સુખ સંપાદન કરતી હતી.

મહારાજા ગુણસેન પોતાના રાજ્ય ઉપર સારી સત્તા બેસાડી દિગ્યાત્રા કરવાને નીકળ્યો છે. તે ફરતો ફરતો વસંતપુરમાં આવ્યો છે. વસંતપુરની પ્રજાએ તે મહારાજાને સારો આવકાર આપ્યો છે. જેનું વર્ણન વાંચનારે કલ્પનાથી વાંચવું છે. મહારાજા ગુણસેન વસંતપુરમાં પડાવ કરી રહેલો છે. જે દિવસે મહારાજા વસંતપુરમાં આવ્યો, તે દિવસે પુરજનોએ સારો ઉત્સવ કર્યો હતો. જે મહેલમાં મહારાજા ઉતર્યા છે, તે મહેલનું નામ વિમાનચ્છંદક છે. તે મહેલનો દેખાવ વિમાનના જેવો હોવાથી તેનું નામ સર્વ રીતે સાર્થક છે.

પ્રકરણ ૪ થું.

તાપસ સમાગમ.

પવિત્ર વેષને ધારણ કરનારા બે તાપસ કુમારો તપોવ-નના [illegible] તેમના [illegible] ઉપર તપસ્યાનું તેજ પ્રસરી રહ્યું છે, તેમણે માત્ર ઉપયોગી પવિત્ર પરિગ્રહ રાખેલો

છે. વનની વિવિધ રચના જોતાં અને તે ઉપરથી ઉઠતા વૈરાગ્ય-વૃત્તિને [illegible] તાપસો તપોવનમાં વિચરતા હતા. [illegible] શિકાર ને માટે [illegible] વનમાં આવી પહોંચ્યા [illegible] તે વનમાં પ્રવેશ કરતાં કેટલાએક ઘોડેસ્વારો તેના જોવા માં આવ્યા. તેઓની વચ્ચે એક તેજસ્વી સ્વાર શાંત [illegible] હતો. [illegible] પોતપોતાના [illegible] તે તેજસ્વી પુરુષની ખીજમત કરતા હતા. આ [illegible] વિચારમાં ગરક હતા, તેઓમાંથી એક [illegible] બોલ્યો " અહ, આ પવિત્ર તપોવનમાં [illegible] આવ્યા હશે ? તેઓની [illegible] આશ્ચર્ય [illegible] છે, [illegible] " અહ, આ [illegible] ઉપરથી [illegible]

વાંચનાર તમે ચાલતા પ્રસંગને અનુસારે જો તમારા હૃદયમાં વિચાર કરશો તો તમે આ મહારાજાને ઓળખી શકશો. તથાપી લેખ પદ્ધતિને અનુસારી આ સ્થળે તેનું વિવેચન કરવુ યોગ્ય છે. વસંતપુમાં આવેલો મહારાજા ગુણસેન આજે વાહકેલિ (અશ્વક્રીડ) કરવાને કેટલાએક સ્વારોને લઇને આ સહસ્રામ્ર વનમાં આવ્યો છે. અશ્વારોહણ કરી વન ભૂમીમાં ઘણીવાર ફરવાથી શ્રાંત થયેલો ગુણસેન વિશ્રાંતિ લેવા અહિ સપરિવાર બેઠો છે. તે વખતે જે આ બે તાપસ કુમારો આવેલા છે, તે આર્જવકૌંડિન્ય કુલપતિના પરિવાર માંહેલા છે. તેમનો પ્રસંગ વાંચનારને ક્રમેક્રમે વાંચનારૂપ દ્રષ્ટિગોચર થયો છે.

તે બંને તાપસ કુમારો રાજા ગુણસેનની પાસે આવી ઉભા રહ્યા અને તેમણે પોતાના સિદ્ધાંત પ્રમાણે રાજાને આશીષ આપી. પવિત્ર તાપસ કુમારોનું દર્શન થતાં મહારાજા ગુણસેન બેઠો થઈ સામો આવ્યો અને યોગ્ય આસન આપી તેમનું સન્માન કરી બેસાર્યાં. રાજાની ભક્તિ અને પવિત્ર વૃત્તિ જોઇ તે તાપસો પ્રસન્ન થઇ બોલ્યા " રાજેન્દ્ર આ વનની પાસે અમારાં ગુરૂ આર્જવ કૌંડિન્યનું તપોવન છે. તમારા અશ્વ પરિવારનો ધ્વનિ સાંભળી અમારા ગુરૂએ તે જાણવાને મોકલ્યા છે. અમે તે જિજ્ઞાસાથી વનમાં ફરતા હતા ત્યાં અમોને આ સ્થળે તમારો મેળાપ થયો છે. તમે રાજા વર્ણાશ્રમના ગુરૂ છો માટે તમારા રાજ્યના સાત અંગની પ્રવૃત્તિ અને તેની કુશળતા પૂછવાની અમારા ગુરૂની ઇચ્છા છે."

તાપસોના મુખથી આવી મધુર વાણી સાંભળી મહારાજા [illegible] હૃદયમાં પ્રસન્ન થઈ ગયો. પછી તરતજ તે ત્યાંથી [illegible] તપોવનમાં આવ્યો અને ત્યાં આવી પવિત્ર [illegible] ના ચરણમાં પ્રણામ કર્યા. તાપસો [illegible] અને તપસ્યાના તેજથી પ્રકા- [illegible] પ્રસન્ન અને શાંત મૂર્તિ જોઈ રાજા ગુણ- [illegible] પ્રગટ થઈ આવ્યા. [illegible] જોઈ પ્રસન્ન થએલા કુલપતિએ [illegible] આપી. પછી રાજાની પવિત્ર ઇચ્છા જાણી [illegible] ધર્મવાર્તા કરવા માંડી; [illegible] આત્માને કૃતાર્થ માનવા [illegible] પ્રસાદ થયો. ત્યારે [illegible]

[illegible]

બોલ્યા—" રાજન્ તમે સર્વ પ્રજાના વર્ણાશ્રમના ગુરૂ છો. તમારે અમારા જેવા આશ્રમવાસીઓની ખબર લેવી જોઇએ. તેમાં પણ તમારી ભાવના અને ભક્તિ જોઇ તમારે ઘેર ભિક્ષા અર્થે આવવાની ઈચ્છા થાય તેવું છે. તથાપિ તમારો નિવાસ મેહેલમાં હોવાથી તમારે ઘેર અમ લોકોને આવવું અશક્ય છે. તે છતાં તમારી ઈચ્છા હોયતો મારા આશ્રમમાં અગ્નિશર્મા નામે એક તપસ્વી તપ કરે છે, તે સદા માસોપવાસી છે. એક માસને અંતે એકજ ઘરમાંથી ભિક્ષા લઇ પારણું કરે છે. જો તે ઘરમાંથી ભિક્ષા ન મળે તો પુનઃ બીજા માસમાં ઉપવાસી રહે છે. તે તાપસ ધ્યાનમાં રહી મનોજય કરવામાં સાવધાન રહે છે અને તેણે રસના ઇંદ્રિય પર મહાન્ જય મેળવ્યો છે. એ મુનિ સિવાય મારો બીજો પરિવાર તમારા ઘરની ભિક્ષા લેવા આવશે. તે મુનિ નહિં આવી શકે તેને માટે હૃદયમાં અસંતોષ રાખશો નહિં. કારણકે તે તપસ્વી જે ધર્મધ્યાન કે તપ કરે છે, તેના પુણ્યનો છઠ્ઠો ભાગ તમને સ્વતઃ પ્રાપ્ત થાય છે " કુલપતિના આ વચન સાંભળી રાજા ગુણસેન સાનંદાશ્ચર્ય થઇ ગયો અને તે મહાતપસ્વીના દર્શન કરવાની ઉત્કંઠા વૃદ્ધિ પામી. તેણે ઈંતેજારીથી પૂછયું " ભગવન્ એ મહાનુભાવ ક્યાં છે ? તે પવિત્ર તપસ્વીના મારે દર્શન કરવા છે. રાજાની અતિશય ઉત્કંઠા જોઇ કુલપતિ બોલ્યા—"રાજેંદ્ર ! આ અમની પાસે જે આમ્રવનની સીડી દેખાય છે, તે સ્થળે તે મહાશય ધ્યાનસ્થ થઈ તપ કરે છે." તે સાંભળતાંજ રાજા ગુણસેન તે સ્થળે

ઉતાવળો ગયો અને ત્યાં ધ્યાન કરી રહેલા તપસ્વી તેના જોવામાં આવ્યા. અગ્નિશર્મા તાપસની શરીર આકૃતિ પૂર્વના જેવીજ હતી, પણ તપસ્યાના તેજને લઈને શરીરમાં દિવ્ય પ્રકાશ થઇ રહ્યો હતો, આથી રાજા ગુણસેન તેને તરત ઓળખી શક્યો નહિં. તે પવિત્ર તાપસને જોતાંજ રાજાના નેત્રમાં આનંદાશ્રુ આવી ગયાં. પૃથ્વી તળપર મસ્તક નમાવી તેણે પ્રણામ કર્યા. મહારાજાના પ્રણામથી તપસ્વી ધ્યાનમાંથી જાગ્રત થયા અને તેમણે શાંતતાથી રાજાને આશીષ આપી. વિનયધર ગુણસેન નમ્રતાથી બોલ્યો—"મહાનુભાવ, આપને આવું ઉગ્ર તપ કરવાનો શો હેતુ છે ? આવી ઉગ્ર તપસ્યાથી ધર્મના સાધન રૂપ શરીરનો ક્ષય થઇ જાય છે." તપસ્વી ગંભીર સ્વરે બોલ્યા. "ભદ્ર, દુઃખ તથા દારિદ્રનો પરાભવ, આ કુરૂપી શરીર અને મારો કલ્યાણ મિત્ર ગુણસેન રાજકુમાર આ મારી તપસ્યાના હેતુ છે." મુનિના આ વચન સાંભળી રાજા ગુણસેન આશ્ચર્ય પામી ગયો. તેની તપસ્યાના હેતુમાં પોતાનું નામ આવવાથી તેના હૃદયમાં ખેદ ઉત્પન્ન થઇ આવ્યો. તેણે શીઘ્રતાથી પ્રશ્ન કર્યો, "મહાનુભાવ, રાજકુમાર ગુણસેન તમારો કલ્યાણ મિત્ર શી રીતે થાય ? એ મને સમજાવો." તપસ્વી બોલ્યા,—"રાજન્, આ જગત્માં ત્રણ પ્રકારના મનુષ્યો થાય છે, જેઓ પોતાની મેળે ધર્મને ભજે તે ઉત્તમ, જે કોઇ પ્રેરણાથી ધર્મ ભજે તે મધ્યમ અને જેઓ [illegible] રીતે ધર્મને ભજે નહિ તે અધમ કહેવાય છે. તે [illegible] જે મનુષ્ય કોઇ પણ નયથી જીવને ધર્મમાં પ્રેરે છે તે [illegible] મિત્ર ગણાય છે. તેવા મિત્ર આ

સંસાર રૂપ ચારકમાંથી આકર્ષે છે. ” તપસ્વીના આ વચન સાંભળી ગુણુસેનને પોતાની કુમાર અવસ્થા સ્મરણમાં આવી, તે જિજ્ઞાસાથી બોલ્યો, “ ભગવન્, તે ગુણુસેને તમને ધર્મ કરવામાં કેવી રીતે પ્રેર્યા હતા ? ” પછી અગ્નિશર્માએ ગુણુસેનનું પૂર્વ ચરિત્ર કહી સંભળાવ્યું. જે સાંભળી વિચારી હૃદય ગુણુસેન હૃદયમાં ચિંતવન કરવા લાગ્યો “ અહા ! આ અગ્નિશર્મા ખરેખર મહાત્મા બની ગયેલ છે. પૂર્વે કુમાર અવસ્થામાં મેં તેની અતિ વિટંબના કરી હતી, તેમનો મહાન પરાભવ કર્યો હતો, તે છતાં તેઓ મારા જેવા પાપીને ધર્મનો પ્રેરક માને છે. ” આવું ચિંતવી ગુણુસેન સાશ્રુ વદને બોલ્યો, “ મહાનુભાવ, એ પાપી ગુણુસેન હું પોતેજ છું. આપના જેવા ઉત્તમ પુરૂષને દુઃખ આપનાર આ પાપી હજુએ મલિન જીવનને ધારણ કરી રહ્યો છે. ” મુનિ આશ્ચર્ય પામી બોલ્યા– “ શું તમે પોતેજ ગુણુસેન ? તમારા દર્શનથી મને હૃદયમાં પૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય છે. કોઇને પિંઠ પણ નહિ આપનાર આ કુરૂપી અગ્નિશર્માને આવી ઉત્તમ સ્થિતિમાં મુકનાર તમે છો. ” ગુણુસેન નમ્રતાથી બોલ્યો–“ મહારાજ, મારે માટે આપના વચનો અતિશયોક્તિ ભરેલા છે. પ્રાયે કરીને મુનિ લોકો પ્રિયવંદ હોય છે. ચંદ્રમાંથી અંગારાની વૃષ્ટિ થાયજ નહિ. મહાપ્રભુ, એ મારી પૂર્વની બાલચેષ્ટાની વાર્ત્તા છોડીદો. હવે આપનું પારણું કયે દિવસે છે ? તે કૃપા કરી જણાવો. અને તે દિવસે મારા ઘરની ભિક્ષા લેવાની કૃપા કરો. ” તાપસ હાસ્ય કરતા બોલ્યા, “ રાજા, પાંચ દિવસ પછી મારૂં

પારણું છે. જ્યારે તે દિવસ આવશે ત્યારે જોઇ લઈશું. કારણ કે આ ક્ષણ જીવિતમાં કાલની વાતનો નિશ્ચય થઇ શકતો નથી. તે ઉપર એક મહાનુભાવ નીચેનો શ્લોક લખે છે.

" यस्य मैत्री यमेन स्या द्ज्ञानं वा भुवनाद्भुतम् ।
सएवं कल्येद:, कारिष्याम्य परः कथम् " ॥ १ ॥

" જેને યમરાજની સાથે મૈત્રી હોય, અથવા જગત્માં અદ્ભૂત એવું જ્ઞાન હોય, તે માણુસ "હું આ કામ કાલે કરીશ," એમ કહી શકે છે. તે સિવાય બીજો કહી શકતો નથી."

"હે રાજેંદ્ર, આ ઉપરથી કોઇપણ વાત ભવિષ્યને માટે નિશ્ચિત કરવી એ યોગ્ય નથી. તમારી મનોવૃત્તિ શુદ્ધ જોઇ અને તાપસ વૃત્તિ તરફ ભક્તિ જોઇ પ્રાયે કરીને આ વખત માસોપવાસનું પારણું તમારે ત્યાં થશે, પછીતો દૈવેચ્છા." મુનિના આ વચન સાંભળી રાજા ગુણુસેન અંતરમાં આનંદ ધરીને બોલ્યા. " મહાનુભાવ, જો કોઇ જાતનો અંતરાય ન આવેતો આપ મારી ભિક્ષા ગ્રહણ કરવા કૃપા કરજો." આ પ્રમાણે કહી રાજા ગુણુસેન કુલપતિને સપરિવાર આમંત્રણ આપી વસંતપુરમાં આવ્યો હતો. બીજે દિવસે મોટા આડંબરથી તેણે કુલપતિને સપરિવાર ભિક્ષા આપી હતી અને બહુ માનથી તેમની સેવાભક્તિ કરી હતી.

પ્રિય વાંચનાર, આટલા પ્રસંગોમાંથી ઉત્તમ બોધ ગ્રહણ કરજો. ગુણુસેન કુસંગના સંગથી ગંમતનો શોખીન થઇ ગયો હતો અને તેથી તે પોતાના સ્વરૂપનું ભાન ભુલી ગયો હતો.

તેણે પોતાના પુત્રવત્સલ પિતા પાસેથી ઉત્તમ પ્રકારના સદ્ગુણો મેળવ્યા હતા. રાજનીતિની સારી તાલીમ લીધી હતી, તથાપિ હરામી હજુરીઓના કુસંગથી તેના સર્વ ગુણો આચ્છાદિત થઇ ગયા હતા. સ્વાર્થી હજુરીઆઓએ તેને ગંમતમાં લંપટ બનાવી દીધો હતો, આથી કરીને તેણે પોતાના પુરોહિત યજ્ઞદત્તના કુરૂપી પુત્ર અગ્નિશર્માની અનેક પ્રકારની વિડંબના કરી હતી, અને તે બિચારા ગરીબ બ્રાહ્મણને અત્યંત દુઃખી કર્યો હતો. આ ઉપરથી સર્વ સુજ્ઞ મનુષ્યોએ બોધ લેવાનો છે કે સદ્ગુણી અને કેળવાએલા માણસોએ કુસંગ કરવો નહીં. કુસંગનું મહાવિષ પંડિત અને મૂર્ખ બંનેની ઉપર અસર કરે છે.

રાજકુમાર ગુણસેન તરફથી જ્યારે અતિ વિડંબના થવા માંડી, ત્યારે લાચાર અગ્નિશર્માએ સુવિચાર કરીને નગરનો ત્યાગ કર્યો અને કૌંડીન્ય તાપસનો આશ્રય લઇ પોતાના આત્માનો ઉદ્ધાર કરવા તપસ્યા કરવાનો નિશ્ચય કર્યો. એ પ્રવર્ત્તન સર્વ વીર પુરૂષોએ અનુકરણ કરવા યોગ્ય છે. મનુષ્ય ઉપર જ્યારે શારીરિક અથવા આર્થિક આપત્તિ આવે, ત્યારે તેમણે અગ્નિશર્માની જેમ આત્મસાધનનો માર્ગ ગ્રહણ કરવો જોઇએ. ધર્મનો બોધ લેવાને ગુરૂ ચરણનું શરણ લેવું એ સુખનો સર્વોત્તમ માર્ગ છે.

સદ્ગુણી ગુણસેન મહારાજા બની પૂર્વે પોતે જેને અનેક પ્રકારે દુઃખ આપેલું એવા અગ્નિશર્માને મળી અને ઓળખી પોતાના પૂર્વ દુશ્ચરિત્રને માટે જે પશ્ચાતાપ કર્યો હતો તે ઉત્

ને અનુકરણીય છે. કદિ દૈવ યોગે કુસંગના યોગથી અથવા કોઇ બીજા કારણથી કોઇ પણ દુરાચાર પોતાથી સેવાઇ જવાયો હોય તેને માટે પશ્ચાતાપ કરી તેનો સર્વદા ત્યાગ કરવો એ આર્યનીતિની ઉત્તમ રીતિ છે. એ રીતિને લઇને ભવિ આત્મા ત્રિકરણ શુદ્ધિ પ્રાપ્ત કરે છે. આર્જવકૌંડિન્ય કુળપતિની મહત્તા અગ્નિશર્માની પ્રબળ દ્રઢતા અને ગુણસેન રાજાની ધાર્મિક વૃત્તિ એ મહાગુણો આ પ્રસંગમાંથી ગ્રાહ્ય છે અને અનુકરણીય છે.

પ્રકરણ ૫ મું.

અંતરાય.

રાજ મેહેલમાં દોડાદોડ થઇ રહી છે, વૈદ્ય લોકો ઉપચાર કરવાને હાજર થયા છે, એક તરફ વિવિધ જાતના ઔષધો વટાય છે, બીજી તરફ ઓષધીઓ લેવાને ઘોડેસ્વાર દોડી રહ્યા છે. કડવા મધુરા અને કપેલા ક્વાથો બની રહ્યા છે, સર્વ રાજપુરૂષના ચેહેરા ચિંતાતુર દેખાય છે, અંતઃપુરમાંથી દાસીઓ તબીયત પુછવાને વારંવાર આવ્યા કરે છે, ક્વાથ, લેપન, ચુર્ણ અને ગુટિકાઓ જથ્થાબંધ તૈયાર થાય છે, રાણી, રાજકુટુંબ અને વફાદાર નોકરોના નેત્રોમાંથી અશ્રુધારા ચાલે છે, સર્વ રાજકીય પરિવાર પોત પોતાનું કામ છાડી ચિંતાતુર થઇ બેઠો છે, છડીદારો, કંચુકિઓ અને રસોઇઆઓ શૂન્ય ચિત્તે ફર્યા કરે છે, રાજવૈભવના વિલાસો અને સર્વ જાતની ક્રીડાઓ બંધ થઇ ગઇ છે.

આ સમયે એક તાપસ રાજદ્વારમાં ભિક્ષા લેવાને આવ્યો. તે મહાશય તપના તેજથી ઝળકતો હતો. તપસ્યાના પ્રભાવથી તેના મુખ ઉપર શાંતતા અને સૌમ્યતા છવાઇ રહી હતી. એક હાથમાં ભિક્ષાપાત્ર ધરેલું હતું અને તેની દૃષ્ટિ સ્થિર અને શાંત હતી. તેને રાજદ્વારમાં પ્રવેશ કરતો જોઇ ત્યાં રહેલા રાજસેવકો અનેક તર્ક કરતા હતા. કોઇ તેને એક સામાન્ય ભિક્ષુક જાણતો હતા. અને કોઇ તેને મહારાજની તબીયત મંત્ર પ્રયોગથી સુધારવા આવેલો ધારતા હતા. કોઇએ તે પવિત્ર તાપસને અટકાવ્યો નહિ. તેણે ભિક્ષાપાત્ર સાથે અંદર પ્રવેશ કર્યો, ત્યાં ઉપરની ગડબડ તેના જોવામાં આવી. રસનાઇંદ્રિયને જિતનારો તે નિઃસ્પૃહ તાપસ તરત ત્યાંથી પાછો વળ્યો, અને સીધે માર્ગે પોતાના સ્થાન તરફ ચાલ્યો ગયો. ભિક્ષા નહિ મળવાથી કે કોઇએ પોતાનું માન નહિ કરવાથી તેના હૃદયમાં કષાયનો કાંઇ પણ વિકાર ઉત્પન્ન થયો નહિ.

પ્રિય વાચકવૃંદ, આ આકસ્મિક પ્રસંગ જાણવાની તમારી ઇચ્છા થઇ હશે. જો તે ઇચ્છા તૃપ્ત કરવી હોય તો તેનું આ સ્પષ્ટીકરણ ધ્યાનમાં રાખજો. ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો મહારાજા આજે અચાનક આતુરી થઇ પડ્યો છે. તેના મસ્તકમાં મહા વેદના પ્રગટ થઇ આવી છે. એ વેદનાના ખબર સાંભળી તેના રાજકુટુંબમાં ભારે શોક પ્રસરી ગયો છે. તેનો ઉપચાર કરવાને માટે વસંતપુરના પ્રખ્યાત વૈદ્યોને બોલાવવામાં આવ્યા છે અને તેને શમાવવાના અનેક ઉપચાર ચાલે છે.

આ વખતે જે તપાસ રાજમહેલમાં આવ્યો હતો તે અગ્નિશર્મા હતો. મહારાજા ગુણુસેન જ્યારે કુલપતિના આશ્રમ માં ગયેલો, ત્યારે પારણાને માટે તેને આગ્રહ કરી આવ્યો હતો, તેથી તે પારણાની ભિક્ષા લેવાને ગુણુસેનના રાજદ્વારમાં આવ્યો હતો. રાજા ગુણુસેનને અચાનક શિરોવેદના થઇ આવી અને તેથી તેના દરબારમાં મોટી ગડબડ ચાલી રહી હતી, આથી તે પવિત્ર તાપસ ભિક્ષા વગર પાછો ફર્યો હતો. એક માસના ઉપવાસે એકજ ઘેરથી પારણું કરવાનો તેનો નિયમ હતો. તેથી તાપસ અગ્નિશર્માએ પાછા વળી બીજા માસના ઉપવાસ કરવાની ધારણા કરી હતી. રાજા ગુણુસેન શિરોવેદનાથી પીડિત હોવાને લઇને તે તાપસના પારણાની વાત તદન ભુલી ગયો હતો.

હવે પવિત્ર તાપસ અગ્નિશર્મા ગુણુસેન રાજાના ઉતારેથી પાછો વળી પોતાના આશ્રમમાં આવ્યો, તાપસોએ તેને ગ્લાનિ પામેલો જોઇ પુછ્યું કે "મુનિ, શું ગુણુસેન રાજાને ઘેર તમારૂં પારણું ના થયું ?" અગ્નિશર્માએ ઉત્તર આપ્યો "રાજા પોતે રોગથી પીડિત છે અને તેથી બધું રાજકુટુંબ અને રાજપરિવાર શોકાતુર છે, તેથી ભિક્ષાનો યોગ થાય એવું [illegible] લાગ્યું નહિ, એટલે હું પાછો ચાલ્યો આવ્યો છું" તાપ[illegible] આ વચનો સાંભળી બીજા તાપસોએ કહ્યું, "ભદ્ર. તમે કહ[illegible]ા, તે સત્ય છે. રાજા ગુણસેન ખરેખરો તાપસ ભક્ત છે. [illegible] ખાસ કરીને તમારી ઉપર તેની વિશેષ પ્રિતિ છે." "હા, [illegible] વાત સત્ય છે. દૈવ ઇચ્છાથી જે વાત બની તે સ[illegible]ને માટે [illegible] છે. મને મારા

તપમાં વિશેષ લાભ થશે." આ પ્રમાણે કહી તાપસ અગ્નિશર્માએ બીજા માસના ઉપવાસ કરવાનો સંકલ્પ કર્યો હતો.

આ તરફ રાજા ગુણસેન વૈદ્યોના ઉપચારથી સ્વસ્થ થયો હતો. તેની સિરોવેદના તદ્દન શાંત થઈ ગઈ; જ્યારે તેની પ્રકૃતિ સર્વ રીતે સ્વસ્થ થઈ, એટલે તેના આસ્તિક હૃદયમાં અગ્નિશર્મા તાપસના પારણાની વાત યાદ આવી. તરત તેણે પોતાના સેવકોને બોલાવીને પુછ્યું, "કોઇ મહામુનિ આપણા દરબારમાં ભિક્ષા માટે આવ્યા હતા કે નહીં ?" સેવકોએ નમ્રતાથી કહ્યું. "મહારાજ, એક તપસ્વી મુનિ ભિક્ષા માટે આવ્યા હતા, પણ આપની તબીયત સારી ન હોવાથી સર્વ રાજકુળ આકુળ વ્યાકુળ હતું. એથી કોઈએ તેમને આદર આપ્યો ન હતો." સેવકોનાં આ વચનો સાંભળી રાજા ગુણસેન અફસોસ કરવા લાગ્યો " અરે ! હું કેવો અધન્ય અને પુણ્યહીન ! મારે ઘેર કલ્પવૃક્ષ સ્વતઃ આવ્યું, પણ તે મને ફળ આપ્યા વગર ચાલ્યું ગયું. સુકૃતી પુરૂષોને એવા મહાત્માઓનું પારણું પુણ્યનું કારણ થાય છે, તેજ પારણું મારા જેવા પાપીને પુણ્યનું વારણ થઇ પડયું." આ પ્રમાણે ચિંતવતા રાજા ગુણસેનના મુખમાંથી નીચેનો શ્લોક પ્રગટ થઇ આવ્યો—

" भेषजैः शांतिमायाता शिरसो वेदना मम ।
मनसो वेदनायास्तु शमने ऽस्या न भेषजम् " ॥ १ ॥

" મારા મસ્તકની વેદના ઔષધોથી શાંત થઇ, પણ હવે આ મારા મનની વેદનાને શાંત કરવાનું ઔષધ નથી. ૧

આ પ્રમાણે ઘણો અપશોષ કરી રાજા બીજે દિવસે પ્રાતઃકાલે વ્હેલો ઉઠી તપોવનમાં ગયો.

લજ્જાથી નમ્ર મુખ કરી તેણે કુલપતિના ચરણમાં નમસ્કાર કર્યો. રાજાના મુખ ઉપર ગ્લાની જોઇ કુલપતિએ પ્રશ્ન કર્યો " રાજેંદ્ર તમારા મુખ ઉપર ખેદ કેમ દેખાય છે ? ખેદનું કારણ મને કહેવા યોગ્ય હોય તો મને કહેશો " "મહારાજ, મારા ખેદનું કારણ કહેતાં મને લજ્જા ઉત્પન્ન થાય છે. તેને માટે મારી વાણી સ્ખલિત થાય છે. તથાપિ તમારી આજ્ઞાને આધીન થઇ હું કહું છું. " તમારા શિષ્ય અગ્નિશર્મા કે જે મારી પૂર્વની દુશ્ચેષ્ટાથી તાપસવ્રતને પ્રાપ્ત થયેલા છે. તેવા વ્રતધારી મુનિ ઉપર પણ મારી દુશ્ચેષ્ટા પાછી પ્રવર્તાવી છે. મેં તેમને માસોપવાસના પારણાનું નિમંત્રણ આપ્યું હતું, તે છતાં તેમને મારા તરફથી પારણાનું ભોજન મળ્યું નથી. એ મહા મુનિ મારે ઘેરથી ભોજન રહિત નિરાશ પાછા વળ્યા છે, આ મહા પાપ મને મારી મસ્તક વેદનાએ કરાવ્યું છે. એવા પવિત્ર મહાત્મા મારે ઘેર ભોજન લીધા વિના પાછા વળ્યા એ ભારે ખેદ મારા હૃદયને દહન કરે છે. "

કુલપતિ શાંત સ્વરથી બોલ્યા. " નરપતિ, એવો ખેદ કરશો નહિ, શિરો વેદનાને લઇને તમારી અસ્વસ્થતા હતી, તેથી તમો નિરઅપરાધિ છો. મુનિ અગ્નિશર્માને પારણાનો લાભ ન મળ્યો, તેથી તેમને કાંઇ હાનિ થવાની નથી, પણ વૃદ્ધિનો મહાન લાભ થશે. " રાજા ગુણસેને ખિન્ન

જણે જણાવ્યું, " ભગવાન, ત્યાં સુધી એ પવિત્ર તાપસ મારે ઘેર ભિક્ષા લેશે નહિ, ત્યાંસુધી મારા મનમાંથી આ ખેદ દૂર થવાનો નથી." રાજાના આ વચન સાંભળી તાપસાચાર્યના હૃદયમાં રાજાની ભક્તિને માટે ઉંચો વિચાર આવ્યો. પછી તેમણે તરતજ અગ્નિશર્માને પોતાની પાસે બોલાવીને કહ્યું, " વત્સ, તારૂં હૃદય અને તપ ઉદાર છે, તેમજ તારામાં રહેલ સમતાભાવ અને અભિગ્રહ પણ ઉદાર છે. તું આ શ્રદ્ધાળુ રાજાને ઘેરથી ભિક્ષા વિના પાછો આવ્યો, તેથી આ તાપસભક્ત મહારાજાનું હૃદય ખેદાતુર રહે છે. તેનું આસ્તિક હૃદય અતિશય બળ્યા કરે છે, માટે હવેનું પારણું તેને ઘેર કરવાનું તેને માન આપ." ગુરૂના આ વચનને અગ્નિશર્માએ અંગીકાર કરી રાજાને કહ્યું, " નરેંદ્ર, તમે મારા પારણાનો અંતરાય કર્યો નથી, પણ મારા તપની વૃદ્ધિ કરી છે. આ માસને અંતે તમારે ઘેર પારણાની ભિક્ષા લેવા હું આવીશ."

અગ્નિશર્માના આ વચનો રાજાના હૃદયમાં આનંદદાયક થઇ પડ્યાં. " હું આ મુનિશ્વરના પારણાને અંતરાય કરનાર છું તે છતાં આ પવિત્ર મહાત્મા તે મારા અંતરાયને તપના લાભ રૂપે બતે છે. ધન્ય છે આવા પવિત્ર મહાત્માને " આ પ્રમાણે હૃદયમાં ચિંતવતો અને ભક્તિભાવથી ઉલ્લસિત થતો ગુણસેન, ગુરૂ અને શિષ્ય બંનેના ચરણમાં નમી પડ્યો. અને પછી તેમની આજ્ઞા લઈ પોતાના રાજમહેલમાં આવ્યો હતો.

પ્રિય વાંચનાર, મહાનુભાવ તાપસાચાર્ય અને અગ્નિશર્મા

તાપસની પવિત્ર વૃત્તિનો વિચાર કરી તમારા હૃદયમાં તેવી ઉત્તમ ભાવના ભાવ્યા કરજો. અગ્નિશર્મા માસોપવાસી થઈ ગુણસેન રાજાને દ્વાર ભિક્ષા લેવા આવ્યો. રાજાની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી ત્યાં તેનો આદર થયો નહિં. તથાપિ તે મહાનુભાવ હૃદયમાં ક્ષોભ પામ્યો નહિં. અને પોતાના તપની વૃદ્ધિનો મહાન્ લાભ માની હૃદયમાં આનંદ પામ્યો હતો. આ કેવી પવિત્ર વૃત્તિ ? કેવો તપોગુણ ? કેવું સત્વ ? કેવું ધૈર્ય ! આવા પુરૂષોની વૃત્તિ ખરેખર ભાવના કરવા યોગ્ય છે.

રાજા ગુણસેનનો ભક્તિભાવ અપૂર્વ હતો. પોતે મહારાજા છતાં પોતાને ઘેર તાપસનો અનાદર થયો, તેને માટે તેના આસ્તિક હૃદયમાં ભારે ખેદ થયો હતો. એક મહારાજા સત્તાધારીના હૃદયમાં વનવાસી તાપસને માટે આવી લાગણી થાય, એ પૂર્ણ આસ્તાનું સ્વરૂપ છે. આવી ઉત્તમ આસ્તા ધારણ કરવાથી આર્ય જીવન ખરેખરૂં ધાર્મિક બને છે. પૂર્વ કાલે ગુણસેન જેવા ગુરૂભક્ત આર્ય રાજાઓ અને આર્જવ કૌડિન્ય તથા અગ્નિશર્મા જેવા તપસ્વીઓ ભારત ભૂમિપર વસતા હતા, તેથી તે કાલે આર્ય પ્રજા સર્વ પ્રકારની ઉન્નતિ સંપાદન કરતી હતી. વાંચનાર, એ સમયનું સ્મરણ કરી તેવી સ્થિતિપર આવવાની ભાવના ભાવજો. અને તેવા ધર્મ તથા ગુરૂની ભક્તિથી જીવિત થવાને તત્પર થજો



પ્રકરણ ૬ ઠું.

તાપસ કોપ.

તપોવન આશ્રમના પવિત્ર માર્ગ ઉપર એક વૃદ્ધ બ્રાહ્મણ ચિંતાતુર થઈ આવેલો જણાય છે. તેનું લલાટ ચિંતાને લઈને ત્રિવળી ધારણ કરે છે. તેના લોચન ક્ષણમાં આકાશ તરફ, ક્ષણમાં દિશાઓ તરફ અને ક્ષણમાં ભૂમિ પર દૃષ્ટિને પ્રસાર કરતા હતા. 'હવે શું કરવું ? અને તે મહાત્માને શું કહેવું;' એમ તેના હૃદયમાં સંકલ્પ-વિકલ્પ થતા હતા. જ્યારે તપોવનનો આશ્રમ નજીક આવ્યો, એટલે તેણે પોતાના આત્માને ઉદ્દેશીને કહ્યું " અરે આત્મા, તું શામાટે ચિંતા કરે છે ? આ ચિંતાનું કારણ તું પોતે જાણી જોઈને થયો છે. આ જગત્‌માં સેવાવૃત્તિ એ અધમ વૃત્તિ છે. આત્મતત્વને પરાધીનતામાં નિમગ્ન કરવું, એના જેવું કોઈ પણ અધર્મ કાર્ય નથી. હે આત્મા, તેં એવી અધમ વૃત્તિ શામાટે અંગીકાર કરી ? રાજસેવાના મહાપાશમાં પડવાથી તારે આ મહા ચિંતામાં મગ્ન થવું પડયું છે. રાજાએ એ તાપસનો ઘણીવાર અનાદર કર્યો. હવે મારે તેની પાસે જઈને શું કહેવું ? એ તાપસ શાંત છે, તથાપિ રાજાના અતિ અનાદરથી મહાન ઉગ્ર રૂપ ધારણ કરશે અને વખતે તેનો અતિ કોપ મારી ઉપર આવી પડશે. ઉભય રીતે દુઃખ છે. જો હું રાજાની આજ્ઞા ન ઉઠાવું, તો તે મારી ઉપર નાખુશ થાય અને તે કોપાયેલા તાપસની આગળ જતાં તેના રોષ ભરેલા વાચંકર

પાછો આવ્યો અને મુનિના પારણાના દિવસની રાહ જોઇ રહ્યો હતો.

ફરીવાર પારણાનો દિવસ આવ્યો. ત્રણ માસનો ઉપવાસી અગ્નિશર્મા ભોજનની રાહ જોઇ બેઠો હતો. જ્યાં બરાબર ભિક્ષાનો સમય થયો, તેજ વખતે રાજા ગુણસેનની રાણી વસંતસેનાએ એક કુંવરને જન્મ આપ્યો. એ વધામણી રાજા ગુણસેનને પહોંચાડવામાં આવી. પુત્ર જન્મથી ગુણસેન આનંદમય થઈ ગયો. તત્કાલ તેણે પુત્રજન્મનો ઉત્સવ કરાવવા વસંતપુરમાં આજ્ઞા કરી. અને પોતે અગણિત દ્રવ્યના દાન આપવા લાગ્યો. મંત્રીઓ, રાજસેવકો, અને વસંતપુરની પ્રજાના આગેવાનો રાજા ગુણસેનની આગળ ખુશાલી દર્શાવવા શ્રેણીબંધ આવવા લાગ્યા અને નગરમાં ચારે તરફ ધામધૂમ થઇ રહી.

આ વખતે મુનિ અગ્નિશર્મા ત્રિમાસનો ઉપવાસી ભિક્ષાની [illegible] રાજદ્વારમાં આવ્યો. કુંવર જન્મની ધામધૂમ [illegible] જોઇ તે સત્વર નિરાશ થઈ પાછો વળી ગયો. ઉત્સવના આનંદમાં મસ્ત થયેલો રાજા ગુણસેન તે વખતે તે વાત ભૂલી [illegible] અને આ વખતે તાપસ અગ્નિશર્માએ પારણાની પૂર્ણ [illegible] કરી હતી. ત્રણ માસના ઉપવાસથી [illegible] થયેલા અગ્નિ- [illegible]

[illegible]

મને ખાત્રી થઇ, આજે તેણે વક્ર હૃદયથી આ મહોત્સવ ઊભો કર્યો છે. અહા ! એ શઠની ભક્તિ, વિનય, અને ઔદાર્ય માત્ર દેખાવનુંજ હતું. આ સુદ્ધા ત્રણવાર મારો તેણે બુદ્ધિ પૂર્વક અનાદર કર્યો છે." આવું ચિંતવી તે તાપસના અંગે અંગમાં રોષ વ્યાપી ગયો હતો. રાજાની ઉપર તેનો ભયંકર ક્રોધ ઉત્પન્ન થયો હતો. નેત્રમાં લાલ, મુખમાં શ્યામ, ભસ્મથી પાંડુ, ક્રોધથી ઉજ્વલ અને જટામાં પિંગલ એમ તે પંચવર્ણી થઇ ગયો હતો. વળી તેણે વિચાર્યું કે "એ દુરાત્મા ગુણસેન બાલ્યવયથીજ મારો શત્રુ છે. એ હત્યારાને મારવોજ જોઇએ. તેને મારવાથી કાંઇ પણ પાપ લાગવાનું નથી." આવું ચિંતવી તે તાપસે અજ્ઞાન દોષથી નિદાન (નીયાણું) કર્યું કે "હું ભવે ભવ એ ગુણસેનનો વધ કરનાર થાઉં." આવો અધમ વિચાર લાવી તે અજ્ઞાની તાપસે નિદાન રૂપ કરીયાણાથી તપનો વૈભવ વેચી નાંખ્યો. આજ સુધી ધારણ કરેલ ઉત્તમ વૃત્તિને અધમ રૂપમાં ફેરવી નાંખી. તત્કાલ તે તાપસાભાસ ત્યાંથી આંબાની બેઠી તરફ ચાલ્યો ગયો અને ત્યાં એક શિલાતલ ઊપર બેસી, તે નિયાણાને નિશ્ચિત કરતો ચતુર્વિધ આહારનો પરિહાર કરીને રહ્યો હતો.

અગ્નિશર્મા આંબાના વૃક્ષ નીચે શિલાતળ ઉપર બેઠો છે એ વાત બીજા તાપસોના જાણવામાં આવી એટલે તેમણે આવી અગ્નિશર્માને તેનું કારણ પૂછયું તે ઉપરથી અગ્નિ- શર્માએ જે વાત બની હતી તે અથવ. [illegible]

સંભળાવી હતી. પછી તેણે પોતાનો ગુણસેન તરફનો રોષ પ્રગટ કર્યો હતો. તે તાપસોએ તે વાત કુલપતિને જણાવી. તે ઉપરથી કુલપતિએ અગ્નિશર્માની પાસે આવીને કહ્યું કે "ભદ્ર, રાજા એ વર્ણાશ્રમના ગુરૂ છે, તેની ઉપર આવો રોષ ન કરવો જોઈએ. આવા રોષથી તેં તારા તપનો પ્રભાવ ગુમાવ્યો છે." આ પ્રમાણે કહી કુલપતિ પોતાના આશ્રમમાં આવ્યા હતા અને બીજા તાપસો પણ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા હતા.

પુત્ર જન્મના મહોત્સવથી રાજા ગુણસેન મુનિના આમંત્રણની વાત ભુલી ગયો હતો. પણ થોડીવાર પછી તેને તે વાત યાદ આવી એટલે તેણે સેવકોને બોલાવીને પૂછ્યું, ત્યારે સેવકોએ રાજાને જણાવ્યું કે, તે ભિક્ષુક આવી ઉત્સવની ગડબડ જોઈ પાછા ચાલ્યા ગયા હતા. આ ખબર સાંભળતાંજ રાજા અતિશય શોકાતુર થઇ ગયો હતો, હવે પોતે તેમને પોતાનું મુખ બતાવી શકે તેમ ન હતો. તેના હૃદયમાં તે વિષની ગાઢ ચિંતા પ્રગટ થઈ આવી અને હવે શું કરવું ? તેને માટે હૃદયમાં ક્ષોભ પામવા લાગ્યો.

આ વખતે તેણે વિચાર્યું કે "એ [illegible] શાં કરવું. કોઈ ઉત્તમ માણસને [illegible] ઉચિત [illegible] આ ઉપરથી તેણે સોમદેવ [illegible] જણાવી ને [illegible]ની પાસે મો[illegible]

સોમદે[illegible] વખતે શાંત અને દીર્ઘ[illegible] અનાદર કર્યો

છે. એ [illegible] ત્રમ

મહેલો માત્ર [illegible] થયા

પૂરી હતી. આથી તે [illegible] . જે

પુરોહિત [illegible] રાજ-

પવિત્ર હૃદયથી કે [illegible] અને

બેઠેલા તે તાપસે તે [illegible] ારિત્ર

સોમદેવ વિનયથી [illegible] મિં ડન

દેખાઓ છો? [illegible] ર્યા છે,

શરીર કૃશ જ હોય છે. [illegible] ાગમના

આપના જેવાને આદર [illegible] કરવાને

પુરોહિતે હાર્દિ આસુરની [illegible] ગુણસેન છે.

પી બોલ્યો—" એક ગુણસેન [illegible] ગુણસેન

આપનાર નથી." [illegible] ં કોપતું

એ ધર્મી રાજાએ [illegible] અસંતોષ

બોલ્યો—" એ રાજા [illegible]

છે." તાપસના આવા [illegible] તો હતો,

તેને જણાવ્યું કે, " [illegible] ર્યો—"કુલીન,

એ અનશન કર્યું છે [illegible] કાઈ ગુરૂ કોઈના

તે તાપસના આવા [illegible] સાંભળી કલ્યાણુક

ચાલ્યો આવ્યો [illegible] ,

જણાવ્યો. આ [illegible] બરાબર

અન વ્રત પૌ [illegible] ક ઉદ્યાનમાં

સાત્વન કરવા [illegible]

તેજ દૃષ્ટિ અત્યારે તેને શત્રુ તરીકે જુવે છે. એ બધો અભાવ ક્રોધનોજ છે. તેથી ઉત્તમ જીવોએ હમેશાં ક્રોધ ન કરવો, એ ક્રૂર કષાયથી સર્વદા દૂર રહેવું. એજ પ્રતિબોધ આ પ્રસંગમાંથી ગ્રાહ્ય છે અને શિક્ષણીય છે.

પ્રકરણ ૭ મું.

અપૂર્વ લાભ.

એક સુંદર ઉદ્યાન વિવિધ વૃક્ષોથી ખીલી રહ્યું છે. વિવિધ પક્ષીઓના ધ્વનિથી શબ્દાદ્વૈત થઇ રહ્યું છે. આસપાસ ખીલી નીકળેલા પુષ્પો ઉપર ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે. શીતલ અને સુગંધી પવન મંદ મંદ વાય છે. આ સુંદર ઉદ્યાનમાં એક મહાત્મા શિષ્યના પરિવાર સાથે આવી ઉતર્યા છે. તેમની આકૃતિ ભવ્ય અને તેજસ્વી છે. શરીર ઉપર અનગારપણાના ચિન્હો રહેલા છે, તથાપિ તેમાં રાજતેજનો પ્રકાશ જોવામાં આવે છે. શારીરિક ચિન્હો ઉપરથી 'તેઓ રાજર્ષિ છે,' એમ સ્પષ્ટ જણાય છે.

આ વખતે એક રાજા પોતાના પરિવાર લઇ ત્યાં આવ્યો. તે વિનયથી તે મહાત્માને વંદન કરી આગળ બેઠો. તેની વિનીત આકૃતિ જોઇ તે મહાત્મા પ્રસન્ન થયા અને તેની તરફ પ્રેમદૃષ્ટિથી અવલોકન કર્યું. તેની પ્રસન્નદૃષ્ટિ પડવાથી તે

રાજા પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો અને તે કાંઈપણ પ્રશ્ન કરવાની ઇચ્છા કરવા લાગ્યો.

વાંચનાર, આ બંને પુરૂષોને ઓળખવાને ઇંતેજાર થયા હશે તેથી આ સ્થળે તેનું વિવરણ કરવાની આવશ્યકતા છે. જે મહાત્મા આ ઉદ્યાનમાં આવેલા છે, તે વિજયસેન નામે રાજવંશી સૂરિ છે. દ્વાદશાંગીને જાણનારા, ચતુર્જ્ઞાની, યુવાન અને મનોહર છે. તેમણે યુવાન વયમાંજ ચારિત્ર લીધું છે. ચારિત્ર ધર્મને યથાર્થ પાળવાથી તેઓ આ ભૂમિરૂપ ભામનીના મંડન રૂપ અને જંગમ ક્ષમારૂપ છે. જે ઉદ્યાનમાં તેઓ સમોસર્યા છે, તે અશોક ઉદ્યાન કહેવાય છે. કારણ કે, અશોકદત્ત નામના શ્રેષ્ઠીએ તે રચાવેલું છે. જે રાજા તે મહાત્માને વંદન કરવાને આવેલો છે, તે ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરનો મહારાજા ગુણસેન છે. અગ્નિશર્મા તાપસના કોપથી હૃદયમાં ખેદ પામતો ગુણસેન પોતાનું રાજ્યકાર્ય ઉંચે મને કરતો હતો. તાપસના કોપનું કારણ પોતે જાણ્યો છે, એથી તેના હૃદયમાં સર્વદા અસંતોષ રહેતો હતો.

એક વખતે રાજા સભામાં બેશી ધર્મવાર્ત્તા કરતો હતો, તેવામાં તે આસ્તિક નરપતિએ સભા વચ્ચે પ્રશ્ન કર્યો-"કુલીન, યોગમાર્ગમાં લીન, સર્વ ગુણોથી યુક્ત એવા કોઈ ગુરૂ કોઈના જોવામાં આવ્યા છે ?" રાજાને આ પ્રશ્ન સાંભળી દેવશર્મા [illegible] નામના એક પુરૂષ વિનયથી જણાવ્યું [illegible] રાજન, [illegible] એક ગુરૂને જોયા છે તે [illegible] [illegible] ગુરૂ છે તેઓ અશોકદત્ત શ્રેષ્ઠીના [illegible]

રે હું તેમને નમસ્કાર કરવા જતો હતો. ત્યાં મેં એક પ્રકાશ જોયો અને જયધ્વનિ સાંભળ્યો તે ગુહાની સમીપે સુગંધી જલ તથા પુષ્પની વૃષ્ટિ મારા જોવામાં આવી અને કેટલાએક દેવતાઓ તે મુનિઓની સ્તુતિ કરતા નજરે પડ્યાં. તે દેખાવ ઉપરથી મારા જાણવામાં આવ્યું કે “ આ મહાત્માઓને કેવળ-જ્ઞાન ઉત્પન્ન થયેલું છે. ” અને તેનો આ ઉત્સવ થાય છે.” આ પ્રમાણે જાણી મેં તે કેવળી મુનિઓ કે જેઓ રત્નમય સિંહાસન ઉપર બેઠા હતા, તેમને મેં પ્રશ્ન કર્યો “ ભગવાન્ મારો મિત્ર સોમવિત્ ક્યાં હશે ? અને તેની સાથે મારો ગાઢ સ્નેહ થવાનું શું કારણ હશે ?” કેવલી જ્ઞાનથી અવલોકન કરી બોલ્યા “ ભદ્ર, આ નગરમાં ઉપદત્ત નામે એક ધોબી છે. તેને મધુપિંગલા નામે એક કુતરી છે. સંમર્દની નામની નદીના કાંઠા ઉપર તે કુતરીના ગર્ભથી તારો મિત્ર કુતરો થઇ અવતર્યો છે. તેને ધોબીના ગધેડાની ખરીયોના ઘાતના ભય માટે બાંધેલો છે અને તે ભુખ્યો થયો છે.

પૂર્વભવને વિષે કુસુમપુરમાં કુસુમસાર નામે એક ગૃહસ્થ રહેતો હતો. તેને શ્રીકાંતા નામે સ્ત્રી હતી. તેનાથી તે ઉત્પન્ન થયો હતો, તે પૂર્વ ભવના અભ્યાસથી તેની પર તારો સ્નેહ થયો છે અને તે અદ્યાપિ શમતો નથી.” કેવલીના આ વચન સાંભળી મને મોહ ઉત્પન્ન થયો. અને પછી તે શ્વાનને લેવાને માણસ મોકલ્યા, માણસો તેને લઇને આવ્યા, તે વખતે સાથીઓ અને બગાઓથી આવૃત થયેલો તે શ્વાન મારા જોવામાં આવ્યો તે શ્વાન મને જોઈ ઉભો. ટેક કરવા લાગ્યો અને

તેના નેત્રોમાંથી અશ્રુધારા ચાલવા લાગી, તે જોઇ મેં કેવળી ભગવાનને પૂછ્યું કે, " આ શું કરે છે ? " કેવલીએ કહ્યું " એ તારા પૂર્વ સ્નેહનો પ્રભાવ છે." પછી મેં પુન: પ્રશ્ન કર્યો " ભગવાન્, પૂર્વના કયા કર્મના વિપાકથી આની આવી સ્થિતિ થઇ છે." કેવળીએ ઉત્તર આપ્યો કે, " જાતિ મદનું આ પરિણામ છે. આની પહેલાના ભવમાં એ પુરોહિતનો પુત્ર થયો હતો. તેથી તારી મૈત્રીને યોગે કુલ, જાતિ, બલ અને ઐશ્વર્યના ગર્વથી તે પૂર્ણ થયો હતો. એક વખતે વિયોગીને પરિતાપ કરનારી વસંતઋતુ આવી, આ ઋતુમાં એક વખતે તે ફરવા નીકળ્યો, તેવામાં વસ્ત્રને ધોતા એવા ધોબીઓનો ચર્ચરીધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. તે સાંભળી પોતે નાખુશ થઇ ગયો અને તરત તેણે સત્તાને લઇને તે બધા ધોબીઓને દુ:ખી કર્યા હતા. તેઓમાં ઊપદત્ત નામનો જે ધોબી હતો, તેને તો પકડીને તેણે કારાગૃહમાં પુરી દીધો. જ્યારે વસંતઋતુ નિવૃત્ત થઇ ત્યારે સ્વજનોએ વિનંતિ કરી ઊવદત્ત ધોબીને છોડાવ્યો હતો. આથી તારા મિત્રે નીચ કર્મ બાંધ્યું હતું. એ કુતરાની જેમ હૃદયમાં અભિમાન ધારણ કરતો હતો, તેથી આ ઊવદત્તને ઘેર કુતરો થઇને અવતર્યો છે અને દુ:ખી થાય છે,"

પછી મેં કેવળીને પુન: પ્રશ્ન કર્યો " ભગવન, હવે આ જીવને ભાવિષ્યમાં કેવા કેવા ભવ થશે ? " મારા આ પ્રશ્ન ઉપરથી કેવલી બોલ્યા, " ભદ્ર, આ તારો મિત્ર એજ ધોબીને ઘેર પાછો ગધેડો થશે. તે ઊવદત્તનો સંબધી માતૃદિન્ન નામે એક ચંડાલ છે. તેને નંદિકા નામે સ્રી છે તે સ્રીના ઉદરથી નપુંસક

આ તરફ પેલો અગ્નિશર્મા તાપસ નિયાણું બાંધી અનશન કરી મૃત્યુ પામ્યો હતો. તપસ્યાના પ્રભાવથી તે વિદ્યુત્કુમાર દેવતાઓમાં દોઢ પલ્યોપમની સ્થિતિએ દેવતા થયો હતો. વિભંગ જ્ઞાનના યોગથી તેના જાણવામાં આવ્યું કે, મારો પૂર્વ શત્રુ ગુણસેન ચારિત્ર લેવા તૈયાર થયો છે અને તે હાલ રાત્રે પ્રતિમા ધરી રહ્યો છે. આથી તે કોપ કરી જ્યાં ગુણસેન પ્રતિમા ધરી રહ્યો હતો, ત્યાં આવી ઉભો રહ્યો. નિર્દોષ ગુણસેનને જોતાંજ તેના હૃદયમાં ક્રોધાનળ પ્રજ્વલિત થઇ આવ્યો. તત્કાલ તેણે તેની ઉપર તપેલી રજની વૃષ્ટિ કરી. ઉજ્વલ ધ્યાનમાં હૃદયને સ્થિર કરી રહેલો તે સાત્વિક રાજા તે અસહ્ય તપેલ રજથી દહન થવા લાગ્યો. આ વખતે તેણે હૃદયમાં વિચાર્યું કે, " શરીર તથા મનના દુઃખોથી ચારે તરફ પૂરાયેલા આ સંસારમાં દુઃખ સુલભ છે અને ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. આ ઉપરથી હું મારા આત્માને ધન્ય માનું છું, કે જે આત્માએ આ અપાર સંસારરૂપ મહાસાગરમાં કોટી ભવથી દુર્લભ એવો ધર્મરૂપ ચિંતામણિ પ્રાપ્ત કર્યો છે. એ ચિંતામણિના પ્રભાવથી કદી પણ દુર્ગતિ થતિ નથી. આ અનાદિ ભવમાં ભ્રમણ કરતાં આ મારો ભવ સફલ થઇ ગયો. માત્ર મારા હૃદયમાં એકજ વાત મને સાલે છે કે જે મેં મશ્કરીરૂપે અગ્નિશર્મા બ્રાહ્મણની વિટંબના કરી અને તેના ક્રોધને વધાર્યો. આ વાત મારા મર્મસ્થાનનો સ્પર્શ કરે છે. હવે આ વખતે હું સર્વ પ્રાણી માત્રની સાથે મૈત્રી કરૂં છું. તેમાં પૂર્વે પરાભવ કરેલા અગ્નિશર્મા ઉપર વિશેષ મૈત્રી કરૂં છું. જગતના સર્વ

ગુણસેન રાજા અને અગ્નિ શર્મા તાપ



[illegible] તેની [illegible]


(પાના ૫૦)

જીવો મારી ઉપર ક્ષમા કરો, હું સર્વને ખમાવું છું." આ પ્રમાણે ચિંતવતો ગુણુસેન તે તપેલ રજથી દગ્ધ થઇ ગયો. તેનો આત્મા શુભભાવના સહિત ઉપશમ પામી ગયો. પાપી અગ્નિશર્માએ એ સત્વગુણી જીવને મારી નાંખ્યો. મૃત્યુ પામ્યા પછી ગુણુસેનનો જીવ શુભાધ્યવસાયના પ્રભાવથી સૌધર્મ દેવલોકના વિમાનમાં ચંદ્રાનન નામે એક સાગરોપમની આયુષ્યવાળો દેવતા થયો, તેને અતુલ્ય દિવ્ય દેહની પ્રાપ્તિ થઇ.

વાંચનાર, આ ચાલતા પ્રસંગનાં નાયક ગુણુસેન અને અગ્નિશર્માના આ પ્રથમ ભવની આ સ્થળે સમાપ્તિ થાય છે. તે બંનેના જીવનમાંથી તમોને યોગ્ય લાગે તે બોધ ગ્રહણ કરી તમે તમારા જીવનમાં ઉતારજો. આ પ્રસ્તુત પ્રસંગે અજ્ઞાન અને જ્ઞાનનો ભેદ કેવો છે ? તે તમારા જાણવામાં આવશે. જ્ઞાનના પ્રભાવથી રાજા અગ્નિસેન સૌધર્મ દેવલોકનો દેવતા થયો અને અજ્ઞાનના યોગથી તાપસ અગ્નિશર્મા વિદ્યુત્કુમાર થઇ પ્રગટ થયો. મહાકષ્ટથી સાંધેલું અગ્નિશર્માનું તપ તેના નઠારા નીયાણાથી વ્યર્થ થઇ ગયું. આખરે પમેલું સુવર્ણ ધુળરૂપ થઇ ગયું. કોઇપણ સત્કર્મ કુવિચાર અથવા કપટથી ભરપૂર હોય તો તે ઉત્તમ ફળ આપતું નથી, એ વાત આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે. આ ઉપરથી બોધ લેવાનો છે કે, દરેક સત્કર્મ શુદ્ધ ભાવથી આચરવું જોઇએ. દંભથી કરેલાં સારાં કામો પરિણામે કેવલ શ્રમજ આપે છે. તેમાંથી કાંઇપણ ઉત્તમ ફળ મળતું નથી. ગુણુસેને અગ્નિશર્માના જેવું ભારે તપ

કર્યું ન હતું, પણ તેના હૃદયમાં શુભ પરિણતિ જાગૃત હતી. તે પ્રથમથીજ શુદ્ધ ભાવ ધારણ કરતો હતો. અગ્નિશર્મા તરફ તેની પૂજ્ય બુદ્ધિ શુદ્ધ ભાવથી હતી. અગ્નિશર્માના પારણામાં તેનું જે પ્રવર્ત્તન થયું હતું, તે ભાવ પૂર્વક ન હતું. પ્રમાદ અથવા મનોબલના અભાવથી તે પ્રવર્ત્તન થયું હતું.

પ્રમાદ-થવો એ હૃદયનો દોષ છે. પણ જો શુભ પરિણામ કે શુદ્ધ ભાવ હોય તો તે દોષ ટકી શકતો નથી, પરિણામ અને ભાવની નિર્મલતા આગળ એવા દોષો ટકી શકતા નથી. આત્મા શુભ પરિણામ અને ભાવની નિર્મલતાના અભાવથી ક્ષણવારમાં શુદ્ધ થાય છે. તેથી દરેક ભવિ જીવે એ મહાગુણો સંપાદન કરવાને પ્રયત્ન કરવો જોઇએ.



માન મદન હોય તેવો દેખાતો હતો. તેનામાં યૌવનવય અને સૌંદર્ય પૂર્ણ રીતે વિકાશ પામ્યા હતા. ફરતો ફરતો તે રમણીય રાજકુમાર જ્યાં પેલી સુંદર બાળા સખીઓ સાથે ફરતી હતી, ત્યાં આવી ચડયો. તેની દ્રષ્ટિ એ મનોહર બાળાની ઉપર પડી, તેની સાથે કામદેવના કોમળ બાણો પણ તેની ઉપર પડવા લાગ્યા. સુંદરીના લલિત લાવણ્યે તેના હૃદયને આકર્ષી લીધું. તે નીર્નિમેષ દ્રષ્ટિથી તેણીને અવલોકવા લાગ્યો. ક્ષણવારે તે બાળાએ પણ એ કુમારને જોયો. તેને જોતાંજ તેણીનું હૃદય મોહિત થઈ ગયું. પરસ્પર દ્રષ્ટિનો મેળાપ થયો, અને મહાન કામદશા પ્રગટ થઈ આવી. તે સાથે પરસ્પર હૃદયની આશાનો સંબંધ થઈ ગયો.

વાંચનાર, આ સુંદર બાળા કોણ છે? અને તેનીપર પ્રેમનો બંધ કરનાર રાજકુમાર કોણ છે? એવી જીજ્ઞાસા તમારા હૃદયમાં ઉત્પન્ન થઈ હશે. તો જિજ્ઞાસા તૃપ્ત કરવાને તેનું સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા છે.

જંબુદ્વીપના ભરતક્ષેત્ર તેમાં જયપુર નામે નગર છે. તે નગરમાં પુરુષદત્ત નામે રાજા છે, રાજા પુરુષદત્ત શૌર્ય [illegible] [illegible]

[illegible]

આવેલું કે જાણે " કોઇ સિંહનું બચ્ચું તેણીના વદન કમળ માં થઇ પેટમાં પેશી ગયું." આ સ્વપ્નથી જાગ્રત થઇ રાણીએ તે વાત રાજાને જણાવી, તે ઉપરથી પોતાને સિંહના જેવો પરાક્રમી પુત્ર થશે એમ માની રાજા ખુશી થયો હતો. ત્યારથી સગર્ભા થયેલી શ્રીકાંતાને શ્રીજે માસે જિનપૂજા, સત્પાત્રદાન અને દીન તથા અનાથ જનોનો ઉદ્ધાર કરવાનો અને સર્વને અભય આપવાનો દોહદ થયો હતો. તેથી રાજા પુરૂષદત્તને વધારે હર્ષ થયો હતો અને તેણે ઉમંગથી રાણીનો તે દોહદ પૂરો કરાવ્યો હતો. પુર્ણ માસ થયા પછી શ્રીકાંતાએ શુભ દિવસે એક પુત્રને જન્મ આપ્યો હતો. રાજાએ હૃદયમાં આનંદ પામી તે પુત્રનો જન્મોત્સવ કર્યો અને સ્વપ્નને અનુસારે તે કુમારનું સિંહ એવું નામ પાડ્યું હતું. શુક્લ પક્ષના ચંદ્રની જેમ પ્રતિદિન વૃદ્ધિ પામતો સિંહકુમાર મોટો થયો. અને અનુક્રમે યૌવન વયને પ્રાપ્ત થયો હતો. એ સિંહકુમાર આજે ઉદ્યાનમાં વસંત ઋતુની ક્રીડા કરવાને આવેલો છે. અને ત્યાં તે સુંદર બાળા ઉપર મોહિત થયેલો હતો.

આ સુંદર બાળાનું નામ કુસુમાવળી છે. તે લક્ષ્મીકાંત નામના તે સિંહકુમારના મામાની પુત્રી થાય છે. તે આજે પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવાને આવી છે. પૂર્વના યોગથી તે બંનેનું પરસ્પર પ્રેમબંધન થઇ આવ્યું છે. મનોહર યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો સિંહકુમારને જોઇ કુસમાવળી શરમાઇ ગઇ. તેણી તે સ્થળેથી ખસવાને તૈયાર થઇ એટલે તેની પ્રિયંકરા નામની દાસી બોલી—" કુસમાવળીબા, શા માટે

નાસો છો ? એ રાજકુમાર તમારી ફુઈ શ્રીકાંતાના પુત્ર સિંહ-કુમાર છે. જો તમે એમને માન નહિં આપો તો, તેઓ તમને અવિવેકી ગણશે. માટે ઉભા રહી તેમને આદરથી યોગ્ય માન આપો." "સખી, એ બાબતમાં તું પોતે કુશલ છે. માટે જે યોગ્ય લાગે તે કર" દાસીએ હાસ્યપુર્વક કહ્યું "બા, એ તમારે જાતે કરવું જોઈએ. આ મનોહર રાજકુમારને કુશલ પુછી આસન આપો, વસંતના પુષ્પોથી વધાવો અને તમારે હાથે તાંબુલ આપો." કુસમાવળી બોલી-" સખી, મારાથી કાંઇ પણ બની શકે તેમ નથી. મારૂં શરીર રોમાંચિત થઇ ગયું છે. અંગમાં ચારે તરફ પસીનો વહ્યો છે અને મારા બે હાથ ધ્રુજે છે. માટે એ કામ તું પોતેજ કર." રાજબાલાના આ વચન સાંભળી પ્રિયંકરા રાજકુમારની પાસે આવી આસન બતાવી તેણીએ કહ્યું કે, " રાજકુમાર, રતિ રહિત કામદેવ રૂપ એવા આપને સ્વાગત છે. મેહેરબાની કરી આ આસન ઊપર બેસો." દાસીના આ વચન સાંભળી રાજકુમારે હસીને કહ્યું, " દાસી, હું પહેલા રતિ રહિત હતો, અત્યારે નથી." આ પ્રમાણે કહી તે યોગ્ય આસન ઉપર બેઠો. પછી પ્રિયંકરાયે એક સુવર્ણના પાત્રમાં તાંબૂલ લઇ વસંત રૂતુના પુષ્પોની માલા સાથે રાજકુમારને અર્પણ કર્યું. રાજકુમારે હૃદય ઉપર કુસુમ-માલાની સાથે કુસુમમાળાને ધારણ કરી હતી.

આ વખતે એક સંભરાયણ નામનો કંચુકી આવ્યો. તેણે આવી જોયું, ત્યાં તે કુમારી સિંહ કુમારને પ્રેમથી અવલોકન કરતી જોવામાં આવી. તે દેખાવ જોતાંજ કંચુકીએ વિચાર્યું કે,

"જો વિધિ આ બન્નેનો યોગ કરે તો કામદેવ અને રતિના જેવો મેળાપ થાય." આવું ચિંતવી તેણે સમીપ આવી કુમારને પ્રણામ કરી કુસુમાવળીને કહ્યું, "દેવીએ આજ્ઞા કરી છે કે, ચિરકાલ ક્રીડા કરવાથી તમારા શરીરને શ્રમ પડ્યો હશે, માટે સત્વર આવો, હું તમારા વિરહને સહન કરી શકતી નથી." કંચુકીના આ વચન સાંભળી 'જેવી માતાની આજ્ઞા' એમ કહી કુસુમાવળી કુમાર તરફ સપ્રેમ દ્રષ્ટિથી જોતી ઉદ્યાનમાંથી નીકળી ગઇ. માતાની પાસે આવી તેમને પ્રણામ કરી કુસુમાવળી પોતાના મહેલનાં અગ્ર ભાગે ચડી અને ત્યાં રહેલા એક પલંગપર હૃદયમાં કુમારને ધારણ કરતી તેનુંજ ચિંતવન કરવા લાગી. તેણી ત્યાંથી પોતાના સર્વ પરિવારને વિસર્જન કરી જાણે એકાંત વાર્તા કરવાને ઇચ્છતી હોય, તેમ દેખાવા લાગી. કામદેવની પીડાથી લાંબા નિઃશ્વાસ મુકતી તે બાલા હૃદયમાં તે કુમારનેજ જોતી હતી. તે તેના પ્રેમરૂપ ધરામાં મગ્ન રહેતી, તેથી વાપિકામાં ન્હાતી નહિ. તેના અનુરાગમાં યુક્ત હતી તેથી શરીર ઉપર અંગરાગ ધારણ કરતી નહિ. તે સોગઠા બાજી અને કંદુકની ક્રીડા કરતી નહિ. પ્રીતીને કરનારા તેના પોપટને પઢાવતી નહીં, તે તાંબુલને ઉચ્છિષ્ટ માનતી, દેહના આભુષણને તૃણ જાણતી અને ચંદનને મળ જાણતી હતી.

કુસુમાવળીની આવી સ્થિતિ તેની ધાત્રીઓ જોઇને અનેક ચિંતામાં પડી હતી. સર્વના હૃદયમાં જુદી જુદી જાતની શંકાઓ થવા લાગી. કુસુમાવળીને મદનરેખા નામે એક સખી હતી. તે તેણીનું જાણે બીજું મન હોય તેવી વિશ્વાસપાત્ર બની હતી.

મદનરેખા તેની ધાત્રીની પુત્રી થતી હતી, કુસુમાવળીની મરજી સાચવવાને ધાત્રી પોતાની પુત્રી મદનરેખાને તેણીની પાસે રાખતી હતી. કુસુમાવળીની એવી સ્થિતિ જોઇ ધાત્રીએ ઘેર આવી મદનરેખાને કહ્યું, “ બ્હેન મદનરેખા, આજે તારી સખી કુસુમાવળી ઉદ્યાનમાંથી શ્રાંત થઇ ઘેર આવ્યા પછી અવ્યવસ્થિત થઇ ગઇ છે. તેણીનું મન ચિંતાતુર દેખાય છે, માટે પંખો અને તાંબૂલની બીડી લઇ તું તેની પાસે જા અને તેણીના હૃદયને સ્વસ્થ કર. ” માતાની આવી આજ્ઞા થવાથી મદનરેખા ઉતાવળી કુસુમાવળીની પાસે આવી. તેણીની એવી સ્થિતિ જોઇ મદનરેખા બોલી “ બા સાહેબ, તમારી મુખમુદ્રા ઉપર ઉદ્વેગ દેખાય છે, તેનું શું કારણ છે ? શું તમારા માતા પિતા તમારી ઉપર નાખુશ તો નથી થયાં ? શું તમારો સખીજન તમારી પર વિરક્ત છે ? તમારૂં હૃદય સમાધિસ્થ કેમ નથી ? જો કહેવા યોગ્ય હોય તો કહેશો. ”

સખીના આવા વચન સાંભળી કુસુમાવળી જરા આશ્વાસન પામીને બોલી. “ સખી તારી આગળ નહિં કહેવા યોગ્ય શું છે ? હું આજે ઉદ્યાનમાં ફરવા ગઈ હતી, ત્યાં પુષ્પ ચુંટવાનો મને ઘણો શ્રમ થયો, તેથી જ્વર આવી ગયો તે જ્વરને લઈને મને આ અરતિ ઉત્પન્ન થઈ છે બીજું કંઈ નથી. ” “ ત્યારે તો આ તાંબૂલની બીડીનો સ્વાદ કર અને હું [illegible] પ્રસન્ન [illegible] ” મદનરેખા [illegible] કુસુમાવળી બોલી “ સખી, [illegible]

લાઈ એટલે મારો તાપ શાંત થઈ જશે." આ પ્રમાણે કુસુમાવળી કદલીગૃહમાં આવી. મદનરેખાએ કદલીના પત્રોથી એક શય્યા સજ્જ કરી દીધી. કુસુમાવળી તેની ઉપર બેઠી. પછી તેણીને તાંબૂલની બીડી આપી મદનરેખા પંખો કરવા લાગી. આવો ઉપચાર કર્યો, તો પણ તેણીનું હૃદય શૂન્ય રહેવા લાગ્યું. એટલે મદનરેખાએ વિનયથી પૂછ્યું, "રાજદારિકા, તમને શું થયું છે ? તે કંઈ પણ જાણવામાં આવતું નથી. જ્યારે તમે ઉદ્યાનમાં આવ્યાં હતાં, ત્યારે કોઈ પણ કૌતુક તમારા જોવામાં આવ્યું હતું ? તે સાચે સાચું હોય તે કહી દો." કુસુમાવળી મંદ હાસ્ય કરતી બોલી–" બ્હેન મદનરેખા, તું મારૂં હૃદય છે; તારાથી છાનું રાખવું, એ મને યોગ્ય લાગતું નથી. સખી, જ્યારે હું ઉદ્યાનમાં આવી, ત્યારે જાણે રતિ વગરનો કામદેવ હોય અને રોહિણી વગરનો ચંદ્ર હોય તેવો મહારાજા પુરુષદત્તનો રાજકુમાર સિંહકુમાર મારા જોવામાં આવ્યો હતો. પ્રિય સખી, એ રાજકુમારના સ્વરૂપનું શું વર્ણન કરૂં ? એ મનોહર મૂર્તિએ મારા મનને હરી લીધું છે. તેના શરીરનો વર્ણ સુવર્ણના જેવો હતો, નખની કાંતિથી તેના ચરણની આંગળીઓ પ્રકાશિત હતી, તેનો કટી ભાગ સિંહના જેવો હતો, મધ્ય ભાગ કૃશ હતો, વક્ષસ્થલ વિશાલ હતું, સ્કંધ ઉન્નત હતા; બંને હાથમાં કમલ, ધ્વજ, અંકુશ અને છત્રની રેખાઓ હતી. હાથની આંગળીઓ છિદ્ર વિનાની હતી,અને નખ રાતા હતા. તેના કંઠની આકૃતિ શંખના જેવી હતી, અધર પાકેલા બિંબફલના જેવા દેખાતા હતા, દાંત ઉજ્જ્વલ હતા, લોચન કમળના

આ પ્રમાણે તે બંને વાતચિત કરતાં હતાં, તેવામાં પલ્લવિકા નામની ઉદ્યાન પાલિકાએ આવી ખબર આપ્યા કે, માતાએ આજ્ઞા કરી છે કે, તમારે મહેલનાં છજા ઉપર જઈને બેસવું. કારણકે મહારાજા પુરૂષોત્તમના સિંહ રાજકુમાર આજે ગૃહઉદ્યાનમાં આવવાના છે." પલ્લવિકાના આ વચન સાંભળી કુસુમાવળી અંતરમાં આનંદિત થઇ ગઈ. પછી પલ્લવિકા ત્યાંથી ચાલી ગઈ.

આ તરફ સિંહકુમારને રાજા કામપાલે પોતાના ગૃહઉદ્યાનમાં નિમંત્રણ કરી બોલાવ્યો હતો. સિંહકુમાર કુસુમાવળીને જોવાને ઉત્સુક થઈ સત્વર ગૃહોદ્યાનમાં આવ્યો. તેણે ઉતાવળથી ગૃહોદ્યાનમાં પ્રવેશ કર્યો, ત્યાં એક સુંદર દ્રાક્ષામંડપ જોવામાં આવ્યો, તે મંડપની પાસે વાસંતી લતાનો એક બીજો મંડપ હતો. તેની અંદર ફરવા માંડયું. રાજા કામપાલે પ્રથમથીજ ત્યાં એકાંત કરવાની ગોઠવણ રાખી હતી. કારણકે પોતાની પુત્રી કુસુમાવળી અને રાજકુમારનું પ્રેમબંધન તે સ્થળે થાય, એવી તેની ઈચ્છા હતી. ક્ષણવાર પછી કુસુમાવળી પોતાની સખી મદનરેખાની સાથે તે સ્થળે આવી. સખીએ મંદ મંદ હસતાં રાજકુમારીને કહ્યું, "પ્રિય સખી, આ રાજકુમાર તમારા સંબંધી છે. તેમની સાથે સંભાષણ કરો અને પુષ્પ તથા તાંબુલ આપી તેમનો સત્કાર કરો. તમારા હૃદયનો પ્રેમ જો દર્શાવવા હોય તો હંસને મેળવવાને ઉત્સુક થયેલી એક હંસલીનું ચિત્ર આલેખી તેને દર્શાવો."

આ પ્રમાણે કહી તેણીએ પાછા, રંગ તથા પટી લાવી

રાજકુમારીની પાસે મૂક્યાં. સખીના હૃદયનો ભાવ જાણી એ ચતુરાકુમારીએ હંસને મળવાને ઉત્સુક થયેલી એક હંસલીનું ચિત્ર કાઢી મદન રેખાની પાસે મૂક્યું. ચિત્રનો બરાબર દેખાવ જોઇ મદનરેખાને ખુશી થઇ અને તેણીએ તે આશયને સ્પષ્ટ કરવા તેની નીચે આ પ્રમાણે શ્લોક લખ્યો—

" बिसग्रासेऽप्यनाशंसा, सोत्कंठाप्रियदर्शने ।
पद्मखंडमपश्यंती, वाढं ताम्यति हंसिका " ॥१॥

" પોતાના પ્રિય હંસના દર્શન કરવામાં ઉત્કંઠાવાળી હંસલી કમળના ખંડને જોતી નથી તેથી કમળ તંતુના એક ગ્રાસની પણ આશા નહિ રાખતી અત્યંત તરફડે છે."

પછી મદનરેખા આ ચિત્રપટ અને બીજી ભેટ લઇ સિંહકુમારની પાસે આવી. આ રાજકુમારીની સખી છે, એવું ધારી કુમારે તેણીને માન આપ્યું. દાસી નમન કરી આદરથી બોલી " રાજપુત્ર, કુસુમાવળીએ તમારે યોગ્ય આ ભેટ મોકલાવી છે. અને તેની સાથે આ ચિત્ર આપ્યું છે. રાજકુમારે તે ભેટમાંથી તાંબુલ ગ્રહણ કરી મુખમાં નાખ્યું. પ્રિયંગુલતાની મંજરી કાન ઉપર રાખી અને હંસલીના ચિત્રનું અવલોકન કર્યું. ચિત્રમાં દર્શાવેલી હૃદયવેધક હંસલીને જોઇ રાજકુમાર પોતાનું મસ્તક ધુણાવવા લાગ્યો. ચિત્રની અદ્ભુત કુશળતાએ તેના હૃદયને અતિ આનંદ આપ્યો. તેણે મદનરેખાને પુછયું, " દાસી આ હસ્ત લાઘવ કોનું છે ? અને આ ચિત્રની અવસ્થાને દર્શાવનારો રસિક શ્લોક કોણે લખ્યો છે ? " મદનરેખાએ

વિનયથી કહ્યું " રાજકુમાર, આ રાજકુમારી કુસુમાવળીએ ચિતરેલું છે, અને તેની નીચે ભાવદર્શક શ્લોક મેં લખ્યો છે." તે સાંભળી પ્રેમના રંગમાં ઉભરાઇ ગયેલો રાજકુમાર બોલ્યો. હાસી, આ ચિત્તહારક ચિત્ર જોઇ હૃદયમાં અતિ આનંદ ઉત્પન્ન થાય છે. તે સાથે ભાવદર્શક શ્લોકનું લાલિત્ય તે ચિત્રના આશયને યથાર્થ રીતે સ્પષ્ટ કરે છે. આટલું કહી રાજકુમારે એક નાગરવેલનું પાન લીધું અને તેને કોતરી તેનો હંસ બનાવ્યો. તે હંસને તે ચિત્રપટમાં મુકી તેની નીચે આ પ્રમાણે ત્રણ શ્લોક લખ્યા—

" प्राणेषु शोषितेषु स्यात्प्रिया यावेव संगमः ।
अनेन हेतुना हंसो न विमुंचति जीवितम् ॥ १ ॥
चित्रानुरागिणी त्वं चाहं च चित्रानुरागवान् ।
प्रिये पुनः पुनर्दोषं तत्त्वया चित्रकौशलम् ॥ २ ॥
इदं तु प्रकृतं भावाधिकं चित्रं विचारितम् ।
स्वयं हि निपुणासि त्वं निपुणस्ते सखीजनः " ॥ ३ ॥

" જો પ્રાણ શોષાઇ જાય તો પણ પ્રિયાનો સંગ [illegible] ન થાય, એ કારણથી આ હંસ પોતાનું જીવિત છોડતો નથી. હે પ્રિયા, તું ચિત્રની રાગી છે, તેમ હું પણ ચિત્રનો રાગી છું તેથી આ પ્રમાણે વારંવાર ચિત્રના [illegible] જોવાથી આ ચિત્ર ભાવ [illegible] છે. [illegible] તું પોતે નિપુણ છે અને તારો સખીજન પણ નિપુણ છે." ૧-૨-૩

[illegible]

લઈ [illegible] પાસે આવી. તેણીએ [illegible] તે [illegible] [illegible]

"[illegible] તેણીએ [illegible]

[illegible] રાજકુમાર [illegible] [illegible]

[illegible]

[illegible]

સ્યાઓ પરસ્પર આવતી હતી. પ્રિય અને પ્રિયા બંનેને કાવ્ય-વિનોદ પ્રિય હતો. રસાલંકારથી ભરેલી કવિતાઓ રચી પરસ્પર આત્માને આનંદ આપતાં હતાં.

વાંચનાર, આ ઉપરથી તમે જાણી શકશો કે, પૂર્વકાલે ભારતભૂમિ ઉપર વિદ્યાવિનોદ કેવો હતો ? યૌવનવયના આરંભ પહેલાં દરેક આર્ય બાલક અને આર્ય બાલિકા નવીન કવિતા રચી શકતા અને સમસ્યા પૂરી શકતા હતા. જૈન સાહિત્યનું પૂર્ણ જ્ઞાન મેળવ્યા પછીજ તેઓનો વિવાહ થતો હતો. પ્રેમનું શુદ્ધ સ્વરૂપ સમજ્યા પછી વિવાહનો યોગ થવાથી તે સ્રી પુરૂષની વચ્ચે દિવ્ય અને પવિત્ર પ્રેમનો નિર્મળ પ્રવાહ વહેછે. આવા શુદ્ધ પ્રેમી અનેક જૈન દંપતી આ ભારતભૂમિને અલંકૃત કરતા હતા. તેવો સમય પુનઃ પ્રાપ્ત થાય, તેને માટે પરમાત્માની પ્રાર્થના કરજો અને તન, મન અને ધનથી તે સુધારણા કરવામાં પ્રયત્ન કરજો.

પ્રકરણ ૨ જું.

શ્રી ધર્મઘોષ મુનિ.

એક રમણીય ઉદ્યાન આવેલું હતું. વિવિધ વૃક્ષોની શ્રેણીથી તે ઘણું સુશોભિત દેખાતું હતું. પક્ષીઓના મધુર શબ્દોથી જાણે તે મુસાફરોને આવકાર આપતું હોય તેવું

દેખાતું હતું. એક તરફ દ્રાક્ષામંડપ, એક તરફ કદલીગૃહ અને એક તરફ વાસંતી લતાનો મંડપ એમ જુદા જુદા પ્રદેશોએ તેની રમણીયતાને વિશેષ શોભા આપી હતી.

આ રમણીય ઉદ્યાનના પ્રાસુક પ્રદેશમાં એક જૈન મુનિ ઊતર્યા હતા. તેમની સાથે બીજા ઘણા મુનિઓનો પરિવાર હતો. સર્વ પરિવારના અગ્રસર મુનિ ઘણા તેજસ્વી હતા. તેમની સુંદર મૂર્ત્તિ મુનિલિંગને ધારણ કરતી, તથાપિ તેમનું સ્વાભાવિક સૌંદર્ય ઝળકી નીકળતું હતું. જાણે મૂર્ત્તિમાન્ મુનિધર્મ હોય, એવા એ મુનિ દેખાતા હતા. તેમના હૃદયમાં દ્વાદશાંગીએ નિવાસ કર્યો હતો.

આ વખતે એક તરૂણ પુરૂષ ઘોડેસ્વાર થઇ ત્યાં આવ્યો હતો. શ્રાંત થઇ ગયેલા અશ્વ ઉપરથી ઊતરી તેણે એક વૃક્ષ નીચે વિશ્રાંતિ લીધી. તે પુરૂષના શરીર ઊપર રાજતેજ પ્રકાશી રહ્યું હતું. તેની મુખમુદ્રા ઊપર પસીનાની કણીઓ જામી ગઇ હતી. ક્ષણવાર વિશ્રાંત થયા પછી તેની દૃષ્ટિ પેલા મુનિઓ ઊપર પડી. તરત તે બેઠો થયો, અશ્વને એક વૃક્ષની શાખા સાથે બાંધી અને શસ્ત્ર, ઉપાન વગેરેનો ત્યાગ કરી પોતે જ્યાં મુનિઓનો પરિવાર હતો, ત્યાં આવ્યો. મુનિઓના પરિવાર મધ્યે રહેલા તેજસ્વી મહા મુનિને જોઇ તારાઓના મંડલમાં રહેલા ચંદ્રનું તેને સ્મરણ થઇ આવ્યું. તે વિર પુરૂષ વિનયથી મુનિપતિને અને બીજા મુનિઓને વંદના કરી સન્મુખ બેઠો. અને મુનીશ્વરની શાંત અને તેજસ્વી મૂર્ત્તિ જોઇ હૃદયમાં પ્રસન્ન થતો એ તરૂણ પુરૂષ અનેક પ્ર[illegible] [illegible] [illegible] કરવા લાગ્યો.

વાંચનાર, તારા હૃદયમાં આ પ્રસંગની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ હશે. માટે તેનું સ્પષ્ટીકરણ ધ્યાન દઈને સાંભળજે. જે મનોહર ઉદ્યાન વર્ણવેલું છે, તે નાગદેવ નામનું ઉદ્યાન છે. તેની અંદર પરિવાર સાથે જે મહામુનિ આવ્યા છે, તે શ્રી ધર્મઘોષ મુનિ છે. એ મહામુનિ પરિવાર સાથે તે ઉદ્યાનમાં વિહાર કરતા આવી ચડ્યા છે. તે તેજસ્વી મુનિ દ્વાદશાંગને જાણનારા અને મુનિધર્મ પ્રમાણે વર્તનારા છે. જે ઘોડેસ્વાર તરૂણ પુરૂષ આવેલો છે, તે આપણા પ્રસ્તુત વિષયનો નાયક સિંહકુમાર છે. સિંહકુમાર કુસુમાવલી સાથે વિવાહિત થયેલો છે. કાંપાળે પોતાની પુત્રી કુસુમાવલીને ઘણી ધામધૂમથી સિંહકુમારની સાથે પરણાવી હતી. એ વિવાહોત્સવમાં સિંહકુમારને મોટી પહેરામણી કરવામાં આવી હતી. સિંહકુમાર કુસુમાવલી જેવી વિદુષી બાળાને પ્રાપ્ત કરી, ઘણો ખુશી થયો હતો. એ વિદ્વાન દંપતિ રાજમહેલમાં રહી સદા વિદ્યાવિનોદ કરતાં હતાં. ધાર્મિક અને નૈતિક પુસ્તકો વાંચવામાંજ પોતાનો સમય પસાર કરતાં હતાં. કુસુમાવલી કાવ્ય વિનોદથી પતિને આનંદ આપતી અને લેતી હતી. પ્રતિદિન નવીન રસિક કવિતાઓ બનાવી અને પરસ્પર વંચાવી તે યુવાન દંપતિ અતિ આનંદિત થતાં હતાં.

આ પ્રમાણે સિંહકુમાર અને કુસુમાવલીનો ગૃહાવાસ ઘણો આનંદથી ચાલતો હતો. મહારાજ પુરૂષોત્તમે પોતાના વિદ્વાન કુમારને યુવરાજપદ આપી રાજ્યકાર્યમાં પ્રવીણ બનાવ્યો હતો. એક વખતે કૌતુકી સિંહકુમાર ક્રીડા કર-

વાને એકલો વનમાં ગયો હતો. વનનાં ઘણાં પ્રદેશમાં અશ્વને ખેલાવી જ્યારે તે શ્રાંત થયો, ત્યારે આ નાગદેવ નામના ઉદ્યાનમાં વિશ્રાંતિ લેવાને આવ્યો હતો. જેવામાં અશ્વ ઉપરથી ઉતરી સિંહકુમાર વૃક્ષ નીચે બેઠો, તેવામાં તેની દૃષ્ટિ મુનિમંડળ ઉપર પડવાથી તે મહામુનિ ધર્મઘોષની પાસે આવી બેઠો હતો. જે વાત વાંચનારના સ્મરણમાં હશે.

સુંદર અને શાંત સ્વરૂપ મહામુનિને જોઈ સિંહકુમારે વિનયથી પૂછ્યું,—"મહાનુભાવ, આપની મનોહર મૂર્ત્તિ કોઈ ઉત્તમ રાજ વૈભવની અથવા ગૃહ વૈભવની ભોક્તા થઈ હોય તેમ દેખાય છે. આવા આપના સુખી શરીરે સંસારનો ત્યાગ શા માટે કર્યો છે ? આ સુખી સંસાર ઉપર આપને શા કારણથી નિર્વેદ થયો છે, એ જાણવાની મારી ઈચ્છા છે.

સિંહકુમારનો આ પ્રશ્ન સાંભળી ધર્મઘોષ મુનિ બોલ્યા "રાજકુમાર, આ સંસારમાં એવું શું છે ? કે જેથી નિર્વેદ ન થાય. સંસાર સંબંધી સર્વ નિર્વેદનુંજ કારણ છે. મને તો એક અવધિજ્ઞાનીનું ચરિત્રશ્રવણ વિશેષ કારણ થયું છે. તે સાવધાન થઇને સાંભળ—

હું આ વિજયોની અંદર આવેલા રાજપુર નગરમાં રહેતો હતો. સ્વભાવથીજ મારૂં ચિત્ત સંસાર તરફ ઉદ્વેગ પામેલું રહેતું હતું. એક વખતે જેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયેલું છે, એવા અમરગુપ્ત નામે કોઈ [illegible] સાધુઓના ઘણા પરિવાર સાથે ઉદ્યાનમાં આવી સમોસર્યા. [illegible] મુનિને આવેલા

[illegible]

કલ્પવૃક્ષ રૂપ એવો શ્રી સર્વજ્ઞભાષિત ધર્મ મને સંભળાવ્યો. એ ધર્મ સાંભળી કર્મના ક્ષયોપશમથી મને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું અને તત્કાલ આ સંસાર રૂપ કારાગૃહમાંથી મુક્ત થવા ઉદ્વેગ પામી હું સંવિગ્ન થઇ ગઇ અને શુદ્ધ હૃદયથી આર્હત ધર્મની ઉપાસના કરવા લાગી.

મારો પતિ રૂદ્રદેવ દુરાચારી હતો. તે મારી ધાર્મિક વૃત્તિ જોઇ નારાજ થયો. તેણે મને કહ્યું " હે મૂઢ સ્ત્રી, વિષયોમાં વિઘ્ન કરનારા આ ધર્મને છોડી દે. " સવિઘ્ન પતિના આવાં વચન સાંભળી મેં વિનયથી કહ્યું, " સ્વામી વિષય સુખ પરિણામે નઠારૂં છે તેથી તે સુખ ભોગવવું ન જોઇએ " મારાં આવાં વચન સાંભળી રૂદ્રદેવ રૂદ્ર રૂપ કરીને બોલ્યો. " અરે મૂર્ખ સ્ત્રી જે તું ધર્મથી અદૃષ્ટ સુખ મેળવવાની ઇચ્છા રાખે છે તેથી તું પ્રત્યક્ષ ઠગાય છે. જે પ્રત્યક્ષ સુખ હોય તેજ ભોગવવું જોઇએ. " રૂદ્રદેવનાં આવાં વચન સાંભળી મેં શાંતિથી જણાવ્યું " સ્વામી જે વિષય સુખ છે તે પશુક્રિયા છે અને દયામય ધર્મનું આચરણ તે માનુષી ક્રિયા છે. તેથી મનુષ્યે પશુક્રિયા કરવી ન જોઇએ " મારાં આવાં વચન સાંભળી મારા પતિ રૂદ્રદેવના હૃદયમાં ક્રોધ ઉત્પન્ન થઇ આવ્યો. તેણે ક્રોધથી તરત મારો ત્યાગ કરી દીધો અને તેણે ફરીવાર [illegible] અને નાગદેવ સાર્થવાહની પુત્રી [illegible] શ્રીની [illegible] સાથે [illegible] રૂદ્રદેવ [illegible] તેણે મારી [illegible] રૂદ્રદેવની [illegible] રૂદ્રદેવ મને [illegible]

મારવાનો ઉપાય ચિંતવવા લાગ્યો. એક વખતે કોઈ ઘડામાં સર્પને પૂરી મને કહ્યું કે, તે કુંભમાં પુષ્પમાળા છે, તે લાવ. મેં તેની આજ્ઞાથી તે ઘડામાં પુષ્પમાળા લેવાને હાથ નાંખ્યો, એટલે સર્પે મને દંશ માર્યો. મેં તે વાત રૂદ્રદેવને કહી એટલે તે ખોટા આડંબરથી પોકાર કરવા લાગ્યો, સર્પનું વિષ ચડવાથી મેં પ્રાણનો ત્યાગ કર્યો. મેં પવિત્ર વૃત્તિથી સમકિત પાળ્યું હતું, તેથી મૃત્યુ પામીને હું પલ્યોપમની આયુષ્યવાળો દેવતા થઈ, પહેલા દેવલોકમાં લીલાવસંત નામના વિમાનમાં ઉત્પન્ન થયો હતો.

અહિં રૂદ્રદેવ મારા મરણ પછી નાગદેવ સાર્થવાહની પુત્રી નાગશ્રીને પરણ્યો. તેણીની સાથે વિષયસુખ ભોગવી છેવટે મૃત્યુ પામી એક પલ્યોપમની આયુષ્યવાળો નારકી થયો. હું આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકમાંથી ચ્યવી સુંસુમાર પર્વતમાં ગજેંદ્ર થઈ અવતર્યો. પેલો રૂદ્રદેવ નરકમાંથી નીકળી તેજ સુંસુમાર પર્વતમાં શુકપક્ષી થયો. તે પક્ષીએ મને હાથિણીઓની સાથે ક્રીડા કરતા જોયો, એટલે તેને મારી તરફ દ્વેષ ઉત્પન્ન થઇ આવ્યો. આ દ્વેષ થવાનું કારણ વિચારતાં તેને જાતિસ્મરણ થયું. તત્કાલ તેણે વિચાર્યું કે, " આ ગજેંદ્રને ભોગમાંથી કેવી રીતે છેતરવો ? " આવો વિચાર કરતો તે ત્યાં રહ્યો હતો તેવામાં લીલારતિ નામનો કોઇ વિદ્યાધર મૃગાંકસેન વિદ્યાધરની પુત્રી ચંદ્રરેખાને હરીને તે સ્થળે આવ્યો. તેણે તે શુકપક્ષીને કહ્યું, "શુકરાજ, હું આ લતાગૃહમાં રહેવાનો છું. જો કોઇ બીજો વિદ્યાધર અહિં આવે તો ' હું અહિં છું ' એ વાત તેને કહીશ

નહી, હું તારો ઉપકાર માનીશ.” આ પ્રમાણે તે વિદ્યાધર તે હરિ લાવેલી ચંદ્રરેખાની સાથે તે કુંજમાં સંતાઇ રહ્યો હતો. અને શુકપક્ષી એક નારંગીના વૃક્ષ ઉપર બેઠો હતો. જે વખતે પેલો વિદ્યાધર આવીને ચાલ્યો ગયો, તે વખતે હું હાથિણીઓની સાથે ત્યાં ક્રીડા કરતો આવતો હતો. મને જોઇ તે શુકપક્ષીએ વિચાર્યું કે, “આ મનોરથ પૂરવાનો બરાબર સમય છે.” પછી તે શુકપક્ષી મારી પાસે આવી પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો, “ હે પ્રિયા, મારા ગુરૂ વસિષ્ટ પાસેથી મેં સાંભળ્યું છે કે, આ મહા પર્વતમાં સર્વ કામનાને પૂર્ણ કરનારૂં એક પતન સ્થાન છે. તે સ્થાને આવીને ભ્રગુપાત કરવામાં આવે તો તે વખતે જે ધારણા કરે તે પ્રાપ્ત થાય છે. મેં વસિષ્ટગુરૂને પૂછ્યું કે, એવું સ્થાન ક્યાં છે ? ત્યારે તેમણે જણાવ્યું કે “આ પર્વતની ડાબી પડખે છે.” માટે હે પ્રિયા, આપણે તે સ્થાને ભ્રગુપાત કરીએ, જેથી આ તિર્યંચપણામાંથી મુક્ત થઈ શકીશું. પછી તે શુકપક્ષી વિદ્યાધરપણાની ઇચ્છા કરી પ્રિયાની સાથે તે ઉપરથી પડયો. ત્યાં સંતાઇ રહેલા પેલા લીલારતિ વિદ્યાધરને મળી તેણે વાત કરી કે, જે વિદ્યાધર તમારી પાછળ આવવાનો હતો, તે આકાશમાર્ગે ચાલ્યો ગયો છે. પછી તે વિદ્યાધર પેલી હરેલી સ્ત્રી સાથે બાહેર નીકળ્યો. તે જોઇ મારા મનમાં વિચાર થયો કે, “ શુકપક્ષી અને તેની સ્ત્રી આ વિદ્યાધર દંપતી થઈને નીકળ્યા છે, તેથી આ તીર્થનો અદ્ભુત પ્રભાવ લાગે છે.” આવું ધારી મેં તે સ્થાને ભ્રગુપાત કર્યો, મારા ભારે શરીરને લઇને મારા ગાત્રો ભાંગી ગયાં અને તેથી ઘણી પીડા થઇ પડી. તે શુકપક્ષનું જોડું

ક્યાં ઊડી ગયું, તે મારા લક્ષમાં આવ્યું નહિ. હું અકામ નિર્જરાના યોગથી મૃત્યુ પામીને વ્યંતર દેવતા તરીકે ઉત્પન્ન થયો અને તે શુકપક્ષી નારકી થયું. હું ત્યાંથી આવીને આજ વિજયમાં ચક્રવાળા નામના નગરમાં અપ્રતિહતચક્ર નામના સાર્થવાહની સુમંગળા નામની સ્ત્રીના ઉદરથી ચક્રદેવ નામે પુત્રરૂપે ઉત્પન્ન થયો. અને પેલો શુકપક્ષી નરકમાંથી નીકળી સોમશર્મા નામના રાજાના પુરોહિતની નંદિવર્દ્ધની નામની સ્ત્રીના ઉદરથી યજ્ઞદેવ નામે ઉત્પન્ન થયો. મારે તેની મૈત્રી થઈ અને તે મારી સાથે કપટ ભાવથી મૈત્રી રાખતો હતો. તે દ્વેષથી મારામાં કાંઇ પણ છિદ્ર જોયા કરતો પણ કોઇ છિદ્ર તેને જોવામાં આવતું નહિ.

એક વખતે તે ચંદન નામના સાર્થવાહનું દ્રવ્ય હરી મારી પાસે આવ્યો અને તેણે મને કહ્યું કે, " આ દ્રવ્ય તારા ઘરમાં યત્નથી છુપી રીતે રાખ." તે અકાલે દ્રવ્ય લઈ મારે ઘેર આવ્યો, એથી મને મનમાં શંકા આવી હતી તો પણ દાક્ષિણ્ય-તાને લઇને તે દ્રવ્ય મેં મારા ઘરમાં રાખ્યું. બીજે દિવસે પ્રાતઃ-કાલે મેં તેને પૂછ્યું કે, " તું આ દ્રવ્ય ક્યાંથી લાવ્યો ? " તેણે મને કહ્યું કે " મારા પિતાના ભયથી મેં તારે ઘેર ગોપવી રાખ્યું છે. તું કોઈ જાતની શંકા રાખીશ નહીં." તેના આવા વચન સાંભળી હું નિઃશંક થઇ ગયો. થોડા દિવસ પછી તે દ્રવ્યના સ્વામી ચંદને પોતાના ઘરમાંથી ચોરાએલા દ્રવ્યને માટે રાજાને જાહેર કર્યું. તે ઉપરથી રાજાએ શહેરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે " જેના ઘરમાં ચંદનનું દ્રવ્ય હોય તેણે આવી

જાહેર કરવું. જો તેમ નહીં થાય અને રાજાના જાણુવામાં આવશે તો પછી રાજા ઉગ્ર થઇ તેનો ભારે દંડ કરશે " આ જાહેર ઉદ્ઘોષણા થયા પછી પાંચ દિવસે વિશ્વાસીને ઠગનારો યજ્ઞસેન રાજાની આગળ આવીને બોલ્યો " દેવ પોતાના મિત્રના દોષ પ્રકાશ કરવા એ પુરૂષને યોગ્ય નથી. પણ જેમાં રાજાનું અહિત હોય તેની ઉપેક્ષા કરવી ન જોઇએ એવું ધારીને હું આપની આગળ પ્રકાશ કરૂં છું " " એવું શું છે ? " રાજાએ ઇંતેજારીથી પૂછ્યું. યજ્ઞદેવ બોલ્યો—" રાજા મેં પરિજન પાસેથી જાણ્યું છે કે ચંદનના ઘરમાં ચક્રદેવે ચોરી કરી છે." રાજા બોલ્યો " એવા કુલીન માણસમાં એ વાત ઘટતી નથી. તે વાત ખોટી હશે." યજ્ઞદેવે ભાર દઈને કહ્યું, "મહારાજ એમ ન જાણવું, પુષ્પોની અંદર પણ કીડા પડે છે. જે વાત હું કહું છું તે સાચી છે. કોઇ પણ ઉપાયે તેના ઘરની તપાસ કરો " પછી રાજાએ પોતાના અધિકારીઓને સૂચના કરી તેની તપાસ કરવાને મોકલ્યા. તે અધિકારીઓએ નાશ પામેલા દ્રવ્યની નોંધવાળું પત્રક સાથે આવી મને પૂછ્યું કે " આ નોંધમાં જે ચીજો લખેલી છે, તે માંહેલી કોઇ ચીજ તારા ઘરમાં છે ? " તે વખતે મેં નિઃશંકપણે ના કહી તો પણ તેઓ તપાસ કરવાને મારા ઘરમાં દાખલ થયા. ત્યાં યત્નથી ગોપવી રાખેલ ચંદનના દ્રવ્યનું એક પાત્ર તેમના જોવામાં આવ્યું તેની ઉપર ચંદનનું નામ જોઇ તેઓએ મને પુછ્યું કે આ પાત્ર તારા ઘરમાં ક્યાંથી ? મેં કહ્યું " એ પાત્ર મારું છે, પરંતુ આ નામમાં કાંઇ ફેરફાર થઇ ગયેલ છે " " આ પાત્રની શી કીમત છે ? "

તેમણે પુછયું " તું જાણુતો નથી " મેં બેદરકારીથી જણાવ્યું. પછી તેમણે પોતાની નોંધમાં જોયું ત્યાં તેની દશ હજાર સોનામહોરની કીંમત જોવામાં આવી એટલે તેઓ બોલ્યા કે, " આ નોંધની સાથે આ પત્રની કીંમત મળે છે તેનું શું કારણુ ? જવાબ દે " મેં કહ્યું " એ કાંઇ મારા જાણુવામાં નથી " આથી તે રાજ્યાધિકારીઓ મારી ઉપર ગુસ્સે થઇ ગયા અને મને રાજાની પાસે લઇ ગયા. અને એ બનેલો સર્વ વૃત્તાંત પ્રચંડશાસન રાજાની આગળ કહી સંભળાવ્યો. તે સાંભળી રાજા જો કે પ્રચંડ શાસનવાળો હતો, પણુ મારી સાથે શાંત વચનથી બોલ્યો—"હે સાર્થવાહના પુત્ર, તું આલોક તથા પરલોક બંનેના માર્ગ જાણે છે. આ વાત તારે માટે અસંભવિત લાગે છે, તથાપી જે સત્ય હોય તે કહી દે." રાજાના આ વચન સાંભળી મિત્રના સ્નેહથી મોહ પામેલો હું કાંઇ પણુ બોલ્યો નહિ. નેત્રમાં આંસુ લાવી ફક્ત મૌન ધરીને ઉભો રહ્યો. મારી આવી સ્થીતિ જોઇ રાજાના મનમાં શંકા આવી. તેથી મારા પિતાના બહુ માનને લઇને રાજાએ મને વિરૂપ કર્યો નહિં. પણુ ફક્ત પોતાના દેશની હદપાર થવાની આજ્ઞા કરી. પછી રાજાના પુરૂષો મને પુરની બાહેર નગરદેવીના વનની નજીક મૂકી નગર તરફ ચાલ્યા ગયા. તે વખતે મેં વિચાર્યું કે, " જ્યારે મારા માનનો ભંગ થયો તો પછી જીવીને શું કરવું છે ? તેથી આ વડના વૃક્ષ નીચે ગળે ફાંસો ખાઈ હું મરી જાઉં " આવું ચિંતવી હું વડની પાસે જવા તૈયાર થયો, તેવામાં નગરદેવીએ અવધિજ્ઞાનથી જાણી મારી પર દયા કરીને રાજાની માતામાં આવિષ્ટ

ગઈ,જે યથાર્થ વાત હતી તે જાણી. તેણે રાજાને તે વાત કહી તે ઉપરથી રાજાએ તેને કહ્યું કે, "તું જઈ તેને મૃત્યુથી અટકાવ અને તેને સન્માન પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ." આ પ્રમાણે કહી યજ્ઞદેવને બાંધી લાવવા માટે સુભટોને તેણે આજ્ઞા કરી. પછી રાજા પોતે વાયુવેગી અશ્વ ઉપર ચઢી જંગલમાં ત્યાં આવ્યો, અને ગળે ફાંસો નાંખતો જોઈ ઉંચા સ્વરે હર્ષથી કહ્યું કે, "સાર્થવાહ પુત્ર, સાહસ કર નહિ." એમ કહી તેના ગળાનો ફાંસો છેદી નાંખ્યો. અને તેને વાહન ઉપર બેસાર્યો. અને બહુ માન કરી કહ્યું કે, "શ્રેષ્ઠિ પુત્ર, તેં મને કાંઈ પણ કહ્યું નહિ, તથાપિ દેવીએ મારી માતાના શરમાં આવી બધી વાત જણાવી છે. હવે મારા જાણવામાં આવ્યું છે કે, સહદેવ નિર્દોષ છે અને યજ્ઞદેવ દોષિત છે. મેં અહીં આવતાં પહેલાં સુભટને તૈયાર થવાની આજ્ઞા કરી તેની હકીકત કરેલ." રાજાનો આ વૃત્તાંત જાણી મેં શાંત સ્વરે કહ્યું, "મહારાજ, તમે ન્યાયની રીતે વિચાર કર્યો છે. તેમાં તમારો દોષ નથી, હવે તમારે તે અજ્ઞાની ઉપર દયા કરવી જોઈએ." રાજાએ જણાવ્યું "શ્રેષ્ઠિ પુત્ર, જે યજ્ઞદેવને માટે તું અહીં બોલે છે, તે પણ દેવીદ્વારા મારા જાણવામાં આવ્યો છે. [illegible] છે." આ પ્રમાણે રાજા બોલતો હતો, તેવામાં રાજાના સુભટો તે યજ્ઞદેવને બાંધીને ત્યાં લાવ્યા. તેને જોઈને રાજાએ આજ્ઞા કરી કે, "એ દુષ્ટ [illegible]." આ આજ્ઞા [illegible] તે વખતે મેં રાજાને

પગમાં પડીને નિવેદન કર્યું કે, "મહારાજ, આ અપરાધીને છોડી મુકો. આપની પાસે મારી એજ માગણી છે." રાજાએ આવેશથી કહ્યું, "ભદ્ર, આ અપરાધીને છોડવો યુક્ત નથી. તારી બીજી માગણીને હું માન્ય કરીશ." પછી મેં અતિ આગ્રહથી રાજાને પ્રાર્થના કરી, ત્યારે રાજાએ તે યજ્ઞદેવને છોડી મુકયો હતો. પછી અતિ સન્માન કરી મને ઘેર મોકલ્યો. યજ્ઞદેવનો દુઃસહ લોકાપવાદ સાંભળી મને આ સંસાર તરફ વૈરાગ્યભાવ ઉત્પન્ન થઇ આવ્યો. મારા હૃદયમાં સંસાર ઉપર એટલો બધો અભાવ થયો કે, એ સંસારનો ત્યાગ કરવાનો મેં તત્કાળ નિશ્ચય કર્યો હતો.

આ વખતે નગરના ઉદ્યાનમાં અગ્નિભૂતિ નામે કોઇ મુનીશ્વર આવી ચડ્યા. તેઓ દુષ્કર્મરૂપ ઘાસમાં દાવાનળ સમાન અને ક્ષમાથી મનોહર હતા. તેમને આવેલા સાંભળી હું નગરની બાહેર આવ્યો, અને તેમને વંદના કરી તેમની સન્મુખ બેઠો. ક્ષણવાર પછી તે મહાનુભાવને મેં ધર્મ વિષે પ્રશ્ન કર્યો. તેમણે મને ક્ષાંતિ વગેરે દશ પ્રકારના ધર્મનું વિવેચન કરી બતાવ્યું, તે ઉપરથી મારા હૃદયમાં શુભ પરિણામ ઉદિત થયાં અને મેં તેમની પાસે મહાવ્રત અંગીકાર કર્યા. વિધિથી તે વ્રતનું પાલન કરી મૃત્યુ પામી નવસાગરોપમની આયુષ્યે બ્રહ્મલોકમાં હું દેવતા થયો.

પેલો યજ્ઞદત્ત બ્રાહ્મણ નરકની ત્રીજી પૃથ્વીમાં જઇ શ્વાન થઇ અવતર્યો, પછી પાછો નરકમાં જઇ ... ... ક્રમે અનેકવાર તિર્યંચ થઇ અવતર્યો હતો.

હું દેવલોકમાંથી ચ્યવી હાવીદેહ ક્ષેત્રમાં રત્નપુર નામના નગરમાં ગંધિલાવતી વિજયની અંદર રત્નસાર નામના સાર્થવાહને ઘેર શ્રીમતીના ઉદરથી ચંદ્રસાર નામે પુત્ર થયો.

પેલો યજ્ઞદેવ અનેક ભવમાં ભમતો ભમતો નર્મદા નામની મારા ઘરની દાસીમાં આનહુક નામે પુત્ર થયો. પૂર્વભવના અભ્યાસથી તે સદા મને છેતરવાના પરિણામ ધારણ કરતો હતો. મારો વિવાહ કોઈ એક ગૃહસ્થ ચંદ્રકાંતા નામની પુત્રીની સાથે થયો હતો.

એક વખતે વિજયવર્ધન નામના કોઈ સૂરિ આવી ચડ્યા. તેમના ચરણમાં જઈ મેં વંદના કરી અને તેમની પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો હતો. એક વખતે તે નગરનો રાજા કોઈ લાંબી યાત્રાએ જતાં અમે પણ કોઈ બીજે ગામ ગયા હતા. તેવામાં વિંધ્યકેતુ નામના કોઈ પલ્લીપતિએ આવી તે નગરને વિનષ્ટ કરી દીધું. અને કેટલાએક નગરજનોને કેદ કર્યા. આ વાત અમારા સાંભળવામાં આવી, એટલે અમે તે નગર પ્રત્યે આવ્યા, તેવામાં તે નગર શ્મશાનના જેવું શૂન્ય જોવામાં આવ્યું. કેટલાએક મનુષ્યોની શોધ કરતાં જાણવામાં આવ્યું કે, મારી સ્ત્રી ચંદ્રકાંતાને ભીલ્લ લોકો હરી ગયા છે. આ સાંભળી મને મારા હૃદયમાં અતિશય શોક થવા લાગ્યો. આ વખતે દેવશર્મા નામનો કોઈ વૃદ્ધ બ્રાહ્મણ ત્યાં આવી ચડ્યો, તેણે મને કહ્યું, “ સાર્થવાહ પુત્ર, વૃથા ખેદ કરીશ નહિં. પૂર્વે આ દેશમાં ભિલ્લ લોકો શ્રીસ્થલ ગામમાંથી ઘણાં લોકોને હરી ગયા હતા. પણ છેવટે ઘણું દ્રવ્ય લઈ તેમને છોડી મુકયા હતા.

તેમણે કોઇના ચારિત્રને ખંડિત કર્યું ન હતું." તે વૃદ્ધ બ્રાહ્મણના આવા વચન સાંભળી હું મારા આનહક અનુચરને સાથે લઇ ચાલ્યો હતો. રસ્તામાં ખાવાને માટે મેં ઘણું ભાતું સાથે લીધું હતું. તેમ પુષ્કળ દ્રવ્ય પણ પાસે રાખ્યું હતું. આ પ્રમાણે તૈયાર થઇ ચંદ્રકાંતાની શોધ કરવાને હું ઉત્સુક થઇને ચાલ્યો. હું અને આનહક બંને દ્રવ્ય અને ભાતું લઇને રસ્તે જતા હતા, તેવામાં આનહકને મને છેતરવાના પરિણામ થયા. થોડે દૂર જતાં સંધ્યાકાલ થયો. તે વખતે આનહકના હાથમાં દ્રવ્ય હતું. અને મારા હાથમાં ભાતું હતું. રસ્તામાં એક નજીક કુવો આવ્યો. તે કુવા ઉપર હું ઉભો રહ્યો, તે વખતે કપટી આનહકે મને ધક્કો મારી તેની અંદર પાડી નાંખ્યો. કુવામાં પડતાં તેના એક ભાગમાં કોઇ મનુષ્ય મારી સાથે અથડાયું. મેં તેની તરફ લક્ષ પૂર્વક જોયું, ત્યાં મારી સ્ત્રી ચંદ્રકાંતા મારા ઓળખવામાં આવી. તેને જોતાંજ હું ખુશી ખુશી થઇ ગયો. તે સ્ત્રી પ્રથમ મારાથી ભય પામી, એટલે મેં તેણીને કહ્યું કે, "જે માણસ જૈન શાસનમાં રહ્યો હોય, તેને ભયજ નથી" મારા આ શબ્દો ઉપરથી તેણીએ મને ઓળખ્યો, એટલે તે રોવા લાગી. મેં તેને આશ્વાસન આપી વૃત્તાંત પૂછ્યો, એટલે તેણીએ કહ્યું કે, "આર્ય પુત્ર, શીલનો ભંગ થવાના ભયથી હું આ કુવામાં પડી છું." પછી તેણીએ મારો વૃત્તાંત પૂછ્યો, એટલે આનહકે મારી સાથે જે કર્યું, તે બધો વૃત્તાંત મેં તેણીને કહી સંભળાવ્યો. અને વિશેષમાં જણાવ્યું કે મારા સેવક આનહકે જે કર્યું, તે સારૂં કર્યું. એ ઉપકારી મહાભાગે મને તારો મેળાપ કરાવ્યો. પછી અમે

ત્યાં અલ્પ નિદ્રાથી રાત્રિ નિર્ગમન કરી. પ્રાતઃકાલે સૂર્ય ઉગ્યો એટલે મેં તેણીને મારી પાસે રહેલું ભાતું આપ્યું. તેણીને તેમાં ઘણા ઉપવાસો થયેલા પણ તે સતીએ જણાવ્યું કે, તમે જમશો તો પછી હું જમીશ. પછી હું અકાલે તે ભાતું જમ્યો. પછી " સંસારની જેમ આ કુવામાંથી આપણો શી રીતે ઉદ્ધાર થશે ?" એમ બંને ચિંતવવા લાગ્યા. કેટલાક દિવસોએ મારૂં ભાતું ખુટી ગયું. પછી અમારી જીવવાની આશા નાશ પામી. તે વખતે મને ચિંતા થઇ કે, " મને જૈન મતની પ્રાપ્તિ થઇ, તે છતાં હું મત ગ્રહણ કર્યા વગર મૃત્યુ પામીશ." આ પ્રમાણે ચિંતવતાં મારૂં જમણું નેત્ર ફરક્યું, અને તે સ્ત્રીનું ડાબું નેત્ર ફરક્યું. અમો બંનેને એથી જરા હૃદયમાં ધીરજ આવી. એવી રીતે ત્યાં અમને અનેક અહોરાત્ર વીતી ગયા. તેવામાં નંદિવર્ધન નામના સાર્થવાહનો કોઇ સાર્થ રત્નપુર તરફ જવાને ત્યાં થઇને પસાર થયો. તે સાર્થ માંહેલા કેટલાએક સેવકો અમારા કુવામાં પાણી ભરવાને આવ્યા, એટલે અમોએ અંદરથી તે લોકોને જણાવ્યું, તે ઉપરથી તેમણે સાર્થવાહ નંદિવર્ધનને વાત કરી; એટલે તેણે આવી અંદર માંચી ઉતારી અમોને બાહેર કાઢ્યા. મેં તે વાણીયાને [illegible] મારો બધો સવિસ્તર વૃત્તાંત જણાવ્યો, તે ઉપરથી સાર્થવાહે તે વાત સત્ય માની. પછી તેણે મને સ્ત્રી સાથે પોતાના સાર્થમાં લીધો. અને સાર્થની સાથે ચાલતાં પંચ દિવસ વીતી ગયા; તેટલામાં સાર્થ [illegible] [illegible] એક [illegible] [illegible] [illegible] આવ્યું. તેણે [illegible]

મેં તેને ઓળખી લીધો. તે પાપી અનહકને સિંહે મારી નાંખેલો પૃથ્વીપર પડયો હતો. પછી મેં તેની પાસેથી દ્રવ્યની કોથળી લઈ લીધી. હૃદયમાં સંવેગ પામતો હું રત્નસાર નગરમાં આવ્યો. ત્યાં જઈ તે દ્રવ્યને મેં સાત ક્ષેત્રોમાં વાપરી દીધું. તેવામાં રત્નપુર નગરમાં વિજયવર્દ્ધન નામે મુનિ આવી ચડયા. મેં તેમની પાસે દીક્ષા લીધી. અનુક્રમે કાળધર્મ પામી મહાશુક્લ વિમાનમાં સોળ સાગરોપમની આયુષ્યવાળો હું દેવતા થયો અને પેલો અનહક ત્રીજી નરકે સાત સાગરોપમની આયુષ્યવાળો નારકી થયો. હું તે દેવલોકમાંથી ચ્યવી આ જંબુદ્વીપના ભારત ક્ષેત્રમાં રથવીરપુર નામના નગરમાં નંદિવર્દ્ધન નામના ગૃહસ્થની સુંદરી નામની સ્ત્રીના ઉદરથી પુત્ર રૂપે ઉત્પન્ન થયો. માતા પિતાએ મારૂં નામ અનંગદેવ પાડયું.

અનહક નરકમાંથી નીકળી સિંહ થયો. ત્યાંથી પાછો દુર્ગતિમાં જઈ વિવિધ પ્રકારની તીર્યંચ યોનિઓમાં ભમી તેજ નગરમાં સોમ નામના સાર્થવાહની નંદિમતી સ્ત્રીમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. તેનું નામ ધનદેવ પાડવામાં આવ્યું. પૂર્વની જેમ મારે મૈત્રી થઇ. હું બાળક હતો તોપણ દેવસેન નામના કોઇ ગુરૂ પાસેથી મને ધર્મ પ્રાપ્ત થયો હતો. અમે બંને વિષય રૂપ વૃક્ષોના વનના જેવા તારૂણ્યને પ્રાપ્ત થયા. એક વખતે અમે બંનેએ અભિમાનથી વિચાર કર્યો કે " તારૂણ્ય વયમાં પિતાના દ્રવ્યનો ઉપભોગ કરવો એ ઘણીજ શરમની વાત છે. " આવું વિચારી અમે બંને રત્નદ્વીપમાં ગયા. ત્યાંથી લાખો રત્નો

મેળવી દેશમાં આવવાને નીકળ્યા. પૂર્વના દુષ્કર્મના દોષથી મને છેતરવા ઇચ્છા રાખનારા ધનદેવે મારી પાસેથી સર્વ દ્રવ્ય લેવાની ઇચ્છાએ કુબુદ્ધિ ધારણ કરી. રસ્તામાં ચાલતા સ્વસ્તિમતી નામે નગરી આવી. તે સ્થળે તે ધનદેવે ભાતાને માટે બે મોટા લાડુ કરાવ્યા. તેમાં એકની અંદર વિષ નાંખ્યું. જ્યારે અમે તે મોદક જમવા બેઠા તે વખતે ધનદેવ ભુલથી તે ઝેરી મોદક ખાઇ ગયો અને સારો મોદક મારા ખાવામાં આવ્યો. ક્ષણવારે ધનદેવ વિષથી મૂર્છિત થઇ પૃથ્વી પર પડી ગયો અને તરત મૃત્યુ પામી ગયો. તેના વૃત્તાંતથી અજ્ઞાન એવો હું તેથી અતિ શોકાતુર થઇ ગયો. પછી હું મારા નગરમાં આવ્યો અને બધા લોકોની આગળ તે વાત જણાવી. પછી તે મારૂં અને તેનું બધું દ્રવ્ય મેં શુભ કાર્યમાં ખર્ચી નાંખ્યું. તેવામાં દેવસેન નામે કોઇ મુનિ આવી ચડ્યા. તેમની પાસે મેં સર્વ ભોગનો ત્યાગ કરી દઇ શુદ્ધ બુદ્ધિએ તે દીક્ષા પાળવા માંડી. પછી કાળધર્મને પામી હું પ્રાણત નામના દેવલોકમાં એકવીશ સાગરોપમની આયુષ્યવાળો દેવતા થયો. મારો સેવક અનહદ ચોથી નરકીમાંથી નીકળી સર્પ થયો. પછી તિર્યંચની કેટલીએક યોનિમાં ભમવા લાગ્યો. હું દેવલોકમાંથી ચ્યવી પેહેલા દ્વીપના ઐરવત ક્ષેત્રમાં હસ્તિનાપુરની અંદર હરિનંદી નામના ગૃહસ્થની સ્ત્રી લક્ષ્મીવતીના ઉદરથી વીરદેવ નામે પુત્ર થયો અને અનહક પણ તેજ નગરમાં ઇંદ્રનાગ શ્રેણીની ઇંદ્રમતી સ્ત્રીમાં દ્રાગુક નામે પુત્ર થયો. અમે બન્ને સાથે કલાચાર્યની પાસે અભ્યાસ કરવા લાગ્યા. ત્યાં પૂર્વના સંબંધથી અમારી બન્નેની મૈત્રી થઇ. બાદ કલાઓના

અભ્યાસ કર્યો પછી આનંદસંગ નામના ગુરૂ પાસે મેં ભાવથી ધર્મ અંગીકાર કર્યો અને દ્રોણુકે દ્રવ્યથી ધર્મ અંગીકાર કર્યો સ્થિર પ્રીતિવાળા એવા મેં ધર્મમાં ઘણું દ્રવ્ય અર્પણ કર્યું અને દ્રોણુકે ઉદ્યમ કરી ઘણું દ્રવ્ય એકઠું કરવા માંડ્યું. પૂર્વ કર્મના દોષથી તે દ્રોણુકે મને છેતરી મારી નાંખવાનો ઉપાય ચિંતવ્યો. તેણે એક નવો મહેલ બનાવી તેમાં એક પડી જાય તેવો ગોખ રચાવ્યો. એક વખતે તેણે મને ભોજન કરાવવાને નિમંત્રણ આપ્યું. અમો બંને ભોજન કર્યા પછી તે ગોખ ઉપર આવ્યા. તે વખતે દ્રોણુક ભુલથી બનાવટી ગોખ ઉપર ઉભો રહ્યો, તેવામાં તે ગોખ તુટી પડ્યો અને જમીનપર પડીને મરી ગયો. તે દેખાવ જોઈ મારા મનમાં વૈરાગ્ય થઇ આવ્યો. પછી તેની ઉત્તરક્રિયા કરી આનંદસંગ ગુરૂની પાસે દીક્ષા લઈ હું ચાલી નીકળ્યો. અનુક્રમે કાલધર્મ પામી ત્રીજા ગ્રૈવેયક વિમાનમાં પચીશ સાગરોપમની આયુષ્યવાળો હું દેવતા થયો. દ્રોણુક રૌદ્રધ્યાનથી મૃત્યુ પામી ધુમ્રપ્રભા નારકીમાં બાર સાગરોપમની આયુષ્યવાળો નારકી થયો. હું દેવલોકમાંથી ચ્યવી આ ચંપાવાસ નગરમાં મણિભદ્ર શેઠની ધારિણી નામની સ્ત્રીનો પુર્ણભદ્ર નામે પુત્ર થયો. જ્યારે હું બોલવા શિખ્યો ત્યારે પ્રથમ અમર એવો શબ્દ બોલ્યો. તે ઉપરથી હું અમરગુરૂ એવા નામથી પ્રખ્યાત થયો. હું શ્રાવક કુલમાં ઉત્પન્ન થવાથી મારામાં બાલ્યવયથીજ સર્વજ્ઞ પ્રભુના ધર્મ ઉપર આસ્તા થઇ હતી.

પેલો દ્રોણુક રત્નપ્રભાનું સાગરોપમ. ભો... મત્સ્ય થઇ

પછી ધુમ્રપ્રભા નરકમાં ગયો. પછી કેટલાએક પશુ જન્મ ભમી તેજ નગરમાં નંદાવર્ત્ત અને શ્રીનંદા થકી નંદયંતી નામે પુત્રી થયો. જ્યારે તે યૌવનવતી થઇ એટલે મારા પિતાએ તેણીની સાથે મારો વિવાહ કર્યો. મેં નંદયંતી સાથે વિષયસુખ ભોગવતાં કેટલાએક દિવસો નિર્ગમન કર્યા. કર્મના દોષથી નંદયંતી મારી સાથે કપટ ભાવથી વર્ત્તતી હતી. એક વખતે તેણીએ પોતાના બે કુંડલ પોતે ચોરીલઇ આંખમાં આંસુ લાવી મને કહ્યું કે. “ મારા બે કુંડલ ચોરાયાં ” તે વખતે તેણીના સ્નેહમાં આસક્ત એવા મેં તેણીને જણાવ્યું કે, “ સુંદરી, શામાટે શોક કરે છે ? હું તને તેવા બીજા કુંડલ કરાવી આપીશ.” આ પ્રમાણે તેણીનું સાંત્વન કરી પછી મેં તેવાજ બીજા બે કુંડલો કરાવી આપ્યા. એક વખતે સ્નાન કરતી વેળાયે મેં તેણીને ક્ષણવાર રાખવાને મારી મુદ્રિકા આપી. તેણીએ તે મુદ્રિકા પોતાના આભૂષણના દાબડામાં ગોપવી દીધી. મેં સ્નાન કરી જમી તાંબુલ લીધું પછી તેના આભૂષણના દાબડામાથી નિઃશંકપણે મારી મુદ્રિકા લેવા માંડી, તેવામાં પેલા ચોરાએલા બે કુંડલો ત્યાં મારા જોવામાં આવ્યાં. તે જોઇ હું વિચારમાં પડ્યો ત્યાંતો તે મારી પાસે આવી અને મને તેમ કરતો જોઇને શરમાઇ ગઇ. હું તેણીનો ભાવ જાણી કાંઇ બોલ્યા વગર ઘરની બાહેર ગયો. પછવાડે તેણીએ ચિંતવ્યું કે “ આ મારી વાત જાહેર થશે, માટે આ પુરૂષને મારી નાખવો જોઇએ. આવું ચિંતવી મને મારવાને તેણીએ ઔષધ મેળવ્યું. પછી તેને


ઘરના ખુણામાં મુકવા જતી હતી તેવામાં તેણીને કોઇ ભયંકર સર્પે ડરથી. બાહેર ગયેલા મને આ ખબર રૂદ્રદેવ નામના પુરોહિતે કહી એટલે હું ઉતાવળો ઘેર આવ્યો અને સર્પનું વિષ ઉતારવાને મેં માંત્રિકોને બોલાવ્યા. માંત્રિકોએ કહ્યું કે "આ સ્ત્રીને કાળે ડસી છે માટે તે બચી શકશે નહિં." તે સાંભળી હું આક્રંદ કરવા લાગ્યો; મારા જોતાં તે સ્ત્રી મૃત્યુ પામી ગઇ. ઘણી વારે મારો શોક શમી ગયો. પછી મેં તેણીની ઉત્તરક્રિયા કરી. આ બનાવથી મારા હૃદયમાં વૈરાગ્યભાવ પ્રગટ થઇ આવ્યો અને આ સંસારની અસારતા મારા હૃદયમાં વિચારવા લાગ્યો અને મેં તરત મહાવ્રતો અંગીકાર કર્યા ને મારી સ્ત્રી કર્મ યોગે છઠ્ઠી નારકીમાં ગઇ છે.

હે સિંહકુમાર આ પ્રમાણે મને વૈરાગ્ય થવાનું કારણું મોટું છે. રાજાએ અમરગુપ્તને તે મારી સ્ત્રીની મુક્તિ વિષે પુછયું હતું, એટલે તેમણે અનંત ભવે તેણીની મુક્તિ અને આ ભવે મારી મુક્તિ જણાવી હતી. એ વાત પણ મને મારા વૈરાગ્યમાં વિશેષ પુષ્ટિદાયક થઇ પડી છે."

મુનિના મુખથી આવો ચમત્કારીક વૃત્તાંત સાંભળી સિંહકુમાર સાનંદાશ્ચર્ય થઇ બોલ્યો "ભગવન્ આપને વૈરાગ્ય થવાનું કારણ સર્વ રીતે ઘટિત છે. તે સાંભળી મારા મનમાં ધર્મભાવના પૂર્ણ રીતે પ્રગટ થઇ છે. સિંહકુમારની આવી પવિત્ર વૃત્તિ જોઇ ધર્મઘોષ મુનિએ તેને કેટલાએક ઉત્તમ ઉપદેશ આપ્યો હતો. જે ઉપદેશ સાંભળી રાજકુમાર હૃદયમાં પવિત્ર ભાવના ભાવતો પોતાના રાજમંદિરમાં આવ્યો હતો.

પ્રિય વાંચનાર, તમે આ મહાનુભાવ ધર્મઘોષ સૂરિના ચમત્કારી જીવનવૃત્તાંતનો વિચાર કરજો. આ ચતુર્વિધ સંસારમાં પ્રાણીને કેવી કેવી વિટંબના ભોગવવી પડે છે, અને કેવી કેવી રીતે સંસારના વમળમાંથી પસાર થવું પડે છે, તેનો વિચાર કરજો. પૂર્વ કર્મના દોષ, પરંપરાએ ક્યાં સુધી પહોંચે છે અને તેને લઈને કેવી કેવી વિચિત્ર સ્થિતિમાં આવી પડાય છે ? તેનું પૂર્ણ દર્શન ધર્મઘોષ મુનિના જીવન વૃત્તાંતમાંથી મેળવી શકાય છે. દરેક ભવિ આત્માઓએ આ વિષયનું મનન કરવાનું છે. આવા વિવિધ પ્રસંગો માનવ જીવનને પૂરેપૂરા બોધક થઈ પડે છે. મહાનુભાવ ધર્મઘોષ સૂરિના જીવન ચરિત્રથી સિંહકુમાર પ્રતિબોધ પામ્યો હતો અને તેના જીવનને સુધારણા કરવાને ઉત્તમ માર્ગ તેથીજ તેને પ્રાપ્ત થયો હતો, જે માર્ગે તેના જીવનને ઉચ્ચ સ્થિતિનું દર્શન કરાવ્યું હતું. દરેક ભવ્ય જીવે પણ એ માર્ગને અનુસરવા માટે આ પ્રસંગ મનન પૂર્વક વાંચવો જોઈએ અને તેમાથી ઉત્તમ બોધ ગ્રહણ કરવો જોઈએ.

પ્રિય વાંચનાર, આ વાત લક્ષમાં રાખી તું તારા આત્માને એ ઉત્તમ માર્ગ દર્શાવજે, અને તારા અલ્પ જીવનમા સિંહ કુમારના જીવનનું પ્રતિબિંબ પાડવા પ્રયત્ન કરજે. એમ કરીશ તોજ તું તારા જીવનનું સાફલ્ય કરી શકીશ.



પ્રકરણ ૩ જું.

ઉપદેશની અસર.

એક વિશાળ મંદિરમાં યુવાન પુરૂષ આડે પડખે-પડયો હતો. તેના હૃદયમાં ચિંતા થતી હતી, પણ તે ચિંતા નિરૂપાધિક હતી. હૃદયને દહન કરનારી નઠારી ચિંતા ન હતી. આ ચિંતા તેના આનંદનું કારણ હતી. તે પુરૂષ ક્ષણે ક્ષણે ચિંતા કરતાં કાંઈક અસ્ફુટ શબ્દો બોલતો હતો. વળી ક્ષણવારે ગગન તરફ દૃષ્ટિ રાખી અવલોકતો અને જાણે કાંઈક વિચિત્ર વસ્તુ તેના દૃષ્ટિમાર્ગમાં આવી હોય, તેમ તે દૃષ્ટિને સ્થિર રાખી રહેતો હતો. ક્ષણવારે પાછો આસન પરથી બેઠો થઈ મેહેલના મધ્ય ભાગમાં ફેરા ખાતો હતો. અને પાછો વિશ્રાંત થઈ તે આસન ઉપર આડે પડખે પડતો હતો.

આ વખતે એક સુંદર બાળા તેની પાસે આવી ઉભી રહી. તે તરૂણની આવી ચેષ્ટા જોઈ તે હૃદયમાં વિચાર કરવા લાગી. તેણી ઘણીવાર તેની પાસેજ ઉભી હતી, પણ તે તરૂણની દૃષ્ટિ તેણીને જોઇ શકી નહિં. તે ઉભી ઉભી તેની ચેષ્ટાઓ જોતી હતી.

વાંચનારના હૃદયમાં આ પ્રસંગ તરતજ સમજવામાં આવે એવો છે, તથાપિ તેમના બોધને માટે સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા છે. જે તરૂણ પુરૂષ વિવિધ જાતની ચેષ્ટા

[illegible] આઠે વર્ષે પરણ્યો છે, તે પુરુષદત્ત-રાજાનો
પુત્ર સિંહકુમાર છે. મુનિરાજ ધર્મઘોષની ઉપદેશ વાણી સાંભ-
ળવા પછી તેના હૃદયમાં વૈરાગ્ય પ્રગટ થઈ આવ્યો છે. તે આ
સંસારને અસાર અને ક્ષણિક રૂપે જુવે છે. આથી તેનો પિતા
રાજા પુરુષદત્ત [illegible] આવેલા ગુરુની પાસે ધર્મ
સાંભળી વિરક્ત થઈ પોતાની રાણી શ્રી કાંતાની
સાથે દિક્ષા લઈ સિંહકુમારને રાજ્ય સોંપી ચાલ્યો
ગયો છે. રાજા પુરુષદત્તની વૈરાગ્ય ભાવના જોઈ રાજ્યના
સામંતો અને મંત્રીઓ પણ તેની સાથે દીક્ષિત થઈ ચાલી ની-
કળ્યા છે. પિતૃભક્ત સિંહકુમારે પોતાની આજ્ઞાથી રાજ્યભાર
સ્વીકાર્યો છે, પણ તેના વિરક્ત હ્રદયને એ વાત રૂચીકર થઈ નથી.
આથી સિંહકુમાર આ વખતે વિવિધ વિચાર કરતો પોતાના મ-
હેલમાં બેઠા છે. તે દરેક પદાર્થોનો વિચાર કરી પોતાના સંવેગને
પુષ્ટી કરે છે. મહેલમાં ગોઠવેલા સર્વ પદાર્થો તેને કેવળ પુદ્ગ-
ળમય ભાસે છે. અને તેથી તે તરફ તે ઉપેક્ષાની દ્રષ્ટિએ જુવે
છે. ભૂમિ અને અંતરીક્ષના કુદરતી ભાવ તરફ સૂક્ષ્મ રીતે અવ-
લોકે છે. અને તેમાંથી વૈરાગ્યનું મહાશિક્ષણ સંપાદન કરે છે.
એ સમયે જે સુંદર બાળા તેન[illegible] છે, તે તેની

શું કરોછો ? તમારા હૃદયની સ્થિતિ ક્યાં છે ? મને દેખતાંજ આનંદ પામનારા અને સંભ્રમથી મારો સત્કાર કરનારા તમે આમ કેમ થઇ ગયા છો ? એ પ્રેમાવેશ, એ ઊભરાતો આનંદ અને તે શૃંગારરસનો પ્રભાવ કેમ દેખાતો નથી ? તમારા ચતુર હૃદયને કઇ મનોરમાએ હરી લીધું છે? કઇ કાંતાએ મારા પ્રેમરસનો ભાગ પડાવ્યો છે? કઇ સુંદરી મને ધક્કો મારી તમારા હૃદયમાં પેશી ગઇ છે ?

કુસુમાવળીનાં આ વચનો સુણતાંજ સિંહકુમાર સંભ્રાંત થઇ ગયો. પોતાની સમીપ રહેલી પ્રિયાની ઉપર તેની દૃષ્ટી પડી, તરત તે સ્વસ્થ થઇ ગયો. તેણે પોતાની પ્રિયાને પૂછ્યું, "પ્રિયા શી ઇચ્છાથી અહિં આવ્યાં છો ? હું વિચારમાં પડયો હતો, તેથી તમારી તરફ મારી મનોવૃત્તિ આકર્ષાઇ ન હતી, તેને માટે ક્ષમા આપશો " રાજકુમારના આ વચન સાંભળી કુસુમાવળી બોલી. પ્રાણેશ, હું વહેલી આવી છું. તમારી મનોવૃત્તિ મારી તરફ હમણાંજ થઇ છે. કોઇપણ સુંદરીએ તમારા ચિત્તને આકર્ષ્યું હોય તેમ લાગે છે. કોઇવાર તમારી આવી સ્થિતિ મારા જોવામાં આવી નથી, આજે કાંઇ વિલક્ષણ ભાવ બન્યો છે. " સિંહકુમારે વિનીત ભાવથી કહ્યું ' પ્રિયા, તમારા હૃદયમાં જે શંકા ઉત્પન્ન થઇ છે, તે શંકા તદ્દન ખોટી છે. મારા આ વખતની સ્થિતિ તમારા વિષયી કલ્પનાના એક અંશમાં પણ આવે તેમ નથી. મારી વૃત્તિને આકર્ષણ કરનાર વૈરાગ્ય વૃત્તિ છે, એક મહાત્માના ઉપદેશની અસરથી હું સાંસારિક ભાવ ઉપર વિરકત થઇ ગયો છું!

કરતા મેહેલમાં આડે પડખે પડયો છે, તે પુરૂષદત્ત રાજાનો પુત્ર સિંહકુમાર છે. મુનિરાજ ધર્મઘોષની ઉપદેશ વાણી સાંભળ્યા પછી તેના હૃદયમાં વૈરાગ પ્રગટ થઇ આવ્યો છે. તે આ સંસારને અસાર અને ક્ષણિક રૂપે જુવે છે. આજે તેનો પિતા રાજા પુરૂષદત્ત અમિતતેજ નામના ગુરૂની પાસે ધર્મ સાંભળી વિરકત થઇ પોતાની રાણી શ્રી કાંતાની સાથે દિક્ષા લઈ સિંહકુમારને રાજ્ય સોંપી ચાલ્યો ગયો છે. રાજા પુરૂષદત્તની વૈરાગ્ય ભાવના જોઇ રાજ્યના સામંતો અને મંત્રીઓ પણ તેની સાથે દીક્ષિત થઇ ચાલી નીકળ્યા છે. પિતૃભક્ત સિંહકુમારે પોતાની આજ્ઞાથી રાજ્યભાર સ્વીકાર્યો છે, પણ તેના વિરકત હૃદયને એ વાત રૂચીકર થઇ નથી. આથી સિંહકુમાર આ વખતે વિવિધ વિચાર કરતો પોતાના મહેલમાં બેઠો છે. તે દરેક પદાર્થોનો વિચાર કરી પોતાના સંવેગને પુષ્ટી કરે છે. મેહેલમાં ગોઠવેલા સર્વ પદાર્થો તેને કેવળ પુદ્ગળમય ભાસે છે. અને તેથી તે તરફ તે ઉપેક્ષાની દૃષ્ટિએ જુવે છે. ભૂમિ અને અંતરીક્ષના કુદ્રતી ભાવ તરફ સૂક્ષ્મ રીતે અવલોકે છે. અને તેમાંથી વૈરાગ્યનું મહાશિક્ષણ સંપાદન કરે છે.

તે સમયે જે સુંદર બાળા તેના મેહેલમા આવી છે, તે તેની પ્રિયા કુસુમાવળી છે. પોતાના પતિની આવી વિચિત્ર ચેષ્ટાઓ જોઈ તે બાળા આશ્ચર્ય પામી ગઇ છે.

જ્યારે પોતાના પતિની સ્થિર દૃષ્ટિ પોતાને ઓાળખી શકી નહિં, એટલે કુસુમાવળી મધુર સ્વરથી બોલી "પ્રાણનાથ, આ

શું કરોછો ? તમારા હૃદયની સ્થિતિ ક્યાં છે ? મને દેખતાંજ આનંદ પામનારા અને સંભ્રમથી મારો સત્કાર કરનારા તમે આમ કેમ થઈ ગયા છો ? એ પ્રેમાવેશ, એ ઉભરાતો આનંદ અને તે શ્રંગારરસનો પ્રભાવ કેમ દેખાતો નથી ? તમારા ચતુર હૃદયને કઈ મનોરમાએ હરી લીધું છે? કંઇ કાંતાએ મારા પ્રેમરસનો ભાગ પડાવ્યો છે? કઇ સુંદરી મને ધક્કો મારી તમારા હૃદયમાં પેશી ગઇ છે ?

કુસુમાવળીનાં આ વચનો સુણતાંજ સિંહકુમાર સંભ્રાંત થઇ ગયો. પોતાની સમીપ રહેલી પ્રિયાની ઉપર તેની દ્રષ્ટી પડી, તરત તે સ્વસ્થ થઇ ગયો. તેણે પોતાની પ્રિયાને પૂછ્યું, "પ્રિયા શી ઇચ્છાથી અહિં આવ્યાં છો ? હું વિચારમાં પડયો હતો, તેથી તમારી તરફ મારી મનોવૃત્તિ આકર્ષાઇ ન હતી, તેને માટે ક્ષમા આપશો." રાજકુમારના આ વચન સાંભળી કુસુમાવળી બોલી. પ્રાણેશ, હું વહેલી આવી છું. તમારી મનોવૃત્તિ મારી તરફ હમણાંજ થઇ છે. કોઈપણ સુંદરીએ તમારા ચિત્તને આકર્ષ્યું હોય તેમ લાગે છે. કોઈવાર તમારી આવી સ્થિતિ મારા જોવામાં આવી નથી. આજે કાંઈ વિલક્ષણ ભાવ બન્યો છે. " સિંહકુમારે વિનીત ભાવથી કહ્યું ' પ્રિયા, તમારા હૃદયમાં જે શંકા ઉત્પન્ન થઇ છે, તે શંકા તદન ખોટી છે. મારા આ વખતની સ્થિતિ તમારા વિષયી કલ્પનાના એક અંશમાં પણ આવે તેમ નથી. મારી વૃત્તિને આકર્ષણ કરનાર વૈરાગ્ય વૃત્તિ છે, એક મહાત્માના ઉપદેશની અસરથી હું સાંસારિક ભાવ ઉપર વિરક્ત થઇ ગયો છું.'

પતિના આ વચન સાંભળી કુસુમાવળી વિનયથી બોલી. " સ્વામિનાથ આપની મનોવૃત્તિને આમ અતિ આકર્ષણ કરનાર કેવો ઉપદેશ છે ? તે સાંભળવાની મારી ઇચ્છા છે. " પ્રિયાના આ પ્રશ્ન ઉપરથી રાજકુમાર બોલ્યો " સુંદરી હું અશ્વક્રીડા કરવાને બાહેર ફરવા ગયો હતો, ત્યાં એક મહામુનિ મારા જોવામાં આવ્યા; મેં તે મહાનુભાવને વંદના કરી તેમના વૈરાગ્યનું કારણ પૂછ્યું. એટલે તેમણે દયા કરી પોતાનો રમુજી વૃત્તાંત મને કહી સંભળાવ્યો, જે સાંભળી મારા હૃદય ઉપર વૈરાગ્ય ભાવના પ્રસરી ગઇ હતી. પછી આત્માનો ઉદ્ધાર કરવાની ઇચ્છા કરી મેં તે મહાનુભાવને પ્રશ્ન કર્યો કે, "ભગવાન્, આ સંસારની કેટલી ગતિઓ છે ? કયા કયા દુઃખો છે, અને એ સંસાર રૂપ કારાગૃહમાંથી કેવી રીતે મુક્ત થવાય છે! મારા આ પ્રશ્નો સાંભળી તે મહાનુભાવે મને ઉત્તર આપ્યો. " રાજપુત્ર, નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિવાળો આ સંસાર છે. તે સંસારમાં રાગ દ્વેષને વશ થયેલા પ્રાણીઓને જન્મ, જરા અને મૃત્યુ એ ત્રણ પ્રકારના દુઃખ છે. " આ પ્રમાણે કહી તેમણે મને પ્રસન્નતાથી જણાવ્યું કે, હે વત્સ, આ વિષયને સ્પષ્ટ કરનારૂં એક રસિક આખ્યાન છે, જો તારે સાંભળવાની ઇચ્છા હોયતો હું તને સંભળાવું. મુનિવરના એ વચન સાંભળી તે આખ્યાન સાંભળવાની મેં ઇચ્છા દર્શાવી, એટલે એ મહામુનિએ મને તે બોધક આખ્યાન કહી સંભળાવ્યું હતું.

કોઇ દારિદ્રના દુઃખથી પીડિત થયેલા પુરૂષ પોતાનો દેશ

છોડીને બીજા દેશમાં જવા તૈયાર થયો, રસ્તામાં જતાં તે માર્ગ ભુલી ગયો અને એક ભયંકર અટવીમાં આવી ચડયો. તે અટવીમાં શીકારી પ્રાણીઓના ત્રાસદાયક ધ્વનિથી તે ભય પામી ગયો. ભયને લઇને તેના ચરણ ભાંગી પડ્યાં અને હવે કયાં જવું એમ વિચાર કરતો તે ભયભીત થઇ ગયો. તેવામાં એક ઉગ્ર ગર્જના કરતો ગજેંદ્ર તેની સામો મળ્યો, તેની પાછળ હાથમાં ખડગ લઇને એક ભયંકર રાક્ષસી આવતી હતી. તે જોઇ તે મુસાફર કંપવા લાગ્યો. અને તે ભયમાંથી પોતાનો બચાવ કરવાને આમ તેમ જોવા લાગ્યો. તે માર્ગે એક વડનું ઊંચું વૃક્ષ તેના જોવામાં આવ્યું. તેને જોતાંજ પોતાની રક્ષા કરવાને તે પુરૂષે તેમની ઊપર ચડવા માંડયું, પણ તે ચડી શકયો નહિં. જ્યારે તે હાથી નજીક આવ્યો એટલે ' કયાં જવું ' એમ ચિંતવતા તે પુરૂષને તે વૃક્ષ નીચે ઘાસથી આચ્છાદિત થયેલો એક કૂવો જોવામાં આવ્યો. પછી તે ઊંચા વડને છોડીદઇ ત્યાં રહેલા એક નીચેના વડનો તેણે આશ્રય કરવા માંડયો, પણ તેમ કરતાં તે ખસી પડયો. પડતાં પડતાં તે કુવાની દીવાલ ઊપર આવેલા શરકટના સોથાનો ટેકો લઇ લટકી રહ્યો. તે ચારસ કૂવાની નીચે જોયું. ત્યાં પોતાની ઊપર પડવાના પ્રતિઘાતથી તેને કરડવાને તૈયાર થયેલા ચારે ખુણે ચાર સર્પને જોયા અને તેમની વચ્ચે રહેલા પાયમા એક જંગી અજગરને જોયો. જે શરકતના સોથાનો આશ્રય લઇ તે લટકતો હતો, તેની નીચે તેને કરડીને છેદી નાંખતા કૃષ્ણ અને શ્વેત બે ઉંદરો તેના જોવામાં આવ્યા. તે જોતા તેને નિશ્ચય થયો કે, આ શરકતનું સોથું છેદાતાં સુધીનો તેનો આયુષ્ય છે. પછી

પેલો મદોન્મત્ત કે જે તે પુરૂષ પ્રાપ્ત નહિં થવાથી કોપ પામ્યો હતો. તેણે વડના વૃક્ષને દાંતોથી કંપાવ્યું, એટલે તે પર રહેલ એક મધપુડામાંથી મધનાં ટીપાં તે જીર્ણ કૂપમાં પડવા લાગ્યાં, અને તેની ઉપર રહેલી ભમરીઓ ઉડીને તે પુરૂષને વળગી દંશ મારવા લાગી. અને તેથી તેને ભારે પીડા થવા લાગી. પેલા મધપુડામાંથી જે મધના ટીપાં પડેલા તે દુઃખી પુરૂષના મસ્તક, લલાટ, ભ્રકુટી અને નાસિકા ઉપર અનુક્રમે પડતાં પડતાં તેના મુખમાં આવ્યા, તે વખતે આવી સ્થિતિમાં પણ તેના સ્વાદમાં તે આસકત થઇ ગયો. હાથી, રાક્ષસી, ચાર સર્પ, અજગર, બે ઊંદર અને ભમરીઓના ભયનો વિચાર તેના હૃદયમાંથી ચાલ્યો ગયો, મધના સ્વાદમાં લપટાઇ ગયો. રાજકુમાર આ કથા ઉપરથી શો ઉપનય લેવાનો છે ? તે ધ્યાન દઇને સાંભળો. જે દુઃખી પુરૂષ તે જીવ સમજવો. અટવી તે સંસારની ચાર ગતિ સમજવી. જે ઉન્મત્ત હાથી, તે મૃત્યુ જાણવું. તેની પાછળ જે રાક્ષસી તે જરાવસ્થા સમજવી. જે ઉંચું વડ વૃક્ષ તે વિષયી મનુષ્યોને દુર્લભ એવો મોક્ષ સમજવો. જો તેની ઉપર આરૂઢ થઇ જવાય તો પછી મૃત્યુ તથા જરાનો ભય રહેતો નથી. જે જીર્ણ કૂવો તે મનુષ્ય ભવ અને ચાર સર્પો તે ક્રોધાદિક ચાર કષાય સમજવા. એ કષાયોથી ડશેલો મનુષ્ય કાર્યાકાર્યમાં અચેતન થઇ જાય છે. જીર્ણ કૂવામાં જે અજગર હતો તે નરક પ્રદેશ સમજવો. જે શરકંટનું ભોથું તે મનુષ્યનું આયુષ્ય સમજવું. જે કૃષ્ણ અને શ્વેત બે ઊંદરો તે શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ સમજવા. જે ભમરીઓ તે રોગો અને મધના બિંદુઓ તે વિષયો જાણવા. જે વિષયોના

સ્વાદથી મનુષ્ય પોતાની પાછવાડેનો વિચાર કરતો નથી. પોતાની સ્થિતિ તદન ભુલી જાય છે. આ પ્રમાણે વિષયભોગ ભય કર પરિણામવાળાં છે. જીવિત ચંચલ છે, અને યૌવન નિઃસાર છે, તેથી પ્રાજ્ઞ જીવોને ધર્મ આચરવો યુક્ત છે.

રાજકુમાર, આ વાત લક્ષમાં રાખી તમારે પણ ધર્મારાધન કરવું જોઇએ. ધર્મારાધન વિના આ મનુષ્ય જન્મ નિષ્ફળ થાય છે."

હે પ્રિયા, એ આખ્યાન અને તેનો ઉપનય સાંભળી મારા હૃદયમાં ઘણી અસર થઇ ગઇ. મને આ સંસાર તરફ વૈરાગ્ય ભાવ પ્રગટ થઇ આવ્યો. પછી મેં અંજલિ જોડી એ મહાનુભાવને પ્રશ્ન કર્યો, "મુનીંદ્ર, આપે જે ધર્મને આચરવાનું કહ્યું, તે ધર્મ કેવો છે? તે મને સંક્ષેપમાં સમજાવો." મારા આ પ્રશ્નના ઉત્તરમાં એ મુનિવરે જણાવ્યું કેઃ—"રાજકુમાર, એ ધર્મ ક્ષમા વગેરે દશ પ્રકારનો છે. ક્રોધને જય કરવો. એ ક્ષમા કહેવાય છે. માન ન રાખવું, એ માર્દવ કહેવાય છે, કપટનો ત્યાગ કરવો, એ આર્જવ; અને લોભ ન રાખવો, એ મુક્તિ કહેવાય છે. બાર પ્રકારનું તપ છે. સત્તર પ્રકારનો સંયમ છે. નિર્દોષ વચન બોલવું તે સત્ય કહેવાય છે. ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, એ શૌચ કહેવાય છે. નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ એ અકિંચનપણું છે. અને અઢાર પ્રકારે અબ્રહ્મને વર્જવું, તે બ્રહ્મચર્ય કહેવાય છે."

પ્રિયા, આ પ્રમાણે જ્યારે તેમણે ટુંકામાં મને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, ત્યારે હું વિનયથી બોલ્યો—"ભગવાન, એવા

સુંદર યતિધર્મ મારાથી થઇ શકશે નહિં; માટે મારાથી જે ધર્મ આચરી શકાય, તે મને બતાવો. પછી તેમણે મને સમ્યક્ત્વ મૂલ એવો શ્રાવક ધર્મ બતાવ્યો. તે મેં દ્રવ્ય અને ભાવથી ગ્રહણ કર્યો છે. પછી મારા આત્માને કૃતાર્થ માનતો અને વૈરાગ્ય ભાવનાથી આ સંસારના પદાર્થોને અવલોકતો હું દરબારમાં આવ્યો છું. તે મહાનુભાવની પરોપકારવૃત્તિનું મને વારંવાર સ્મરણ થાય છે; પોતાના જીવનને પરોપકારમાંજ અર્પણ કરનારા એ મહાનુભાવને ધન્ય છે. પ્રિયા, આ મેહેલમાં અત્યારે હું એજ વિચાર કરતો હતો. મારા એ સુવિચારોને તમે કુવિચાર રૂપે કલ્પ્યા છે.”

સિંહકુમારના આ વચન સાંભળી કુસુમાવળીના હૃદયમાં પણ તેની અસર થઇ ગઇ. તેણીએ પોતાના કુતર્કની ક્ષમા માગી અને પ્રાર્થના કરી કે, “સ્વામી, મને પણ એ ધર્મ પ્રાપ્ત કરાવો.” “પત્નીની એ પ્રાર્થનાથી સિંહકુમારે કુસુમાવળીને શ્રાવિકા ધર્મ અંગીકાર કરાવ્યો, બંને તરૂણ દંપતી આર્હત ધર્મના ઉપાસક બન્યાં હતાં, વાંચનાર, આ પ્રસંગ ઉપરથી તમારા હૃદયને પ્રબુદ્ધ કરજો. અને મહાત્માઓનો ઉપદેશ કેવો અસર કરે છે? તેનો વિચાર કરજો. મહાનુભાવ ધર્મઘોષમુનિએ આપેલું મધુ-બિંદુનું દૃષ્ટાંત ખરેખર મનન કરવા જેવું છે. જો તેને એ [illegible]ના ઉપનયનું સારી રીતે મનન કરશો તો તમારી મનોવૃત્તિ [illegible] [illegible]

અદ્યાપિ પણ આપે છે. પૂર્વે ઘણાં ભવ્ય જીવોને એ દૃષ્ટાંતનો ઉપદેશ આ સંસારરૂપ કાંટાવાળા વૃક્ષને છેદવાને કુઠારરૂપ થઈ પડયો છે.

પ્રકરણ ૪ થું.

કુસ્વપ્ન દર્શન.

પ્રાતઃકાલનો સમય હતો. નિદ્રાના પ્રમાદથી મુક્ત થઈ ઉદ્યોગી પ્રજા પ્રવૃત્તિ માર્ગમાં પડવાને તત્પર થતી હતી. આસ્તિકો ધર્મોપાસના કરવાને સજ્જ થતા હતા. પ્રમાદીઓ રાત્રિના પશ્ચિમ ભાગની મીઠી નિદ્રાનો ત્યાગ કરી શકતા નહતા. શારદાના ઉપાસકો પોતાની સ્મરણશક્તિને ખીલવવા અભ્યાસપાઠ પઢતા હતા. સૂર્યોદય પહેલા જાગ્રત થનારા અપ્રમાદી મનુષ્યો ધર્મસાધન પૂર્ણ કરી પોતાની દિનચર્યાને ક્રમમાં ગોઠવતા હતા. સુશિક્ષિત સ્ત્રીઓ વિવિધ પ્રકારના ગૃહકાર્યોમાં પ્રવર્ત્તી હતી.

આ વખતે કુસુમાવળી પોતાના શાંત મહેલમાં જાગ્રત થઈ બેઠી બેઠી ચિંતા કરતી હતી. તેના હૃદયમાં અનેક વિચારો પ્રફુલવતા હતા. જેમ જેમ તે નવા નવા વિચારો કરતી હતી, તેમ તેમ તેની ચિંતામાં વધારો થતો હતો. આ વખતે મદનરેખા દાસી તેણીની પાસે આવી. એ વિશ્વાસુ દાસી તેણીની અંતરંગ વિશ્વાસુ સખી હતી. રાણીને ચિંતાતુર જોઇ તેણીના

મનમાં ચિંતા ઉત્પન્ન થઇ હતી પણ પોતાની આઇને ખુશી કરવાને તે નમ્રતાથી બોલી —" બા સાહેબ આજે કાંઇ ચિંતામાં દેખાઓ છો, પણ મને લાગે છે કે તમારી ચિંતા આનંદની છે. કારણકે થોડા સમય પહેલાં તમે ઋતુસ્નાન થયેલા છો એથી વખતે સગર્ભાવસ્થામાં આવ્યા હશો. જો એ વાત સત્ય હોય તો મહારાજાને વધામણી કહેવા મને મોકલજો. "

સખી મદનરેખાનાં આ ઉપહાસ્ય વચન કુસુમાવલીને રૂચિકર લાગ્યાં નહીં. તે ક્ષણવારે નિઃશ્વાસ નાંખીને બોલી—" સખી તારા ઉપહાસ્ય વચનો આ વખતે મને પ્રીતિકારક લાગતા નથી. આ વખતે મારૂં હૃદય ચિંતાતુર થયેલું છે. મારી મનોવૃત્તિ શોકસાગરમાં મગ્ન થઇ ગઇ છે " મદનરેખાએ સંભ્રાત થઇને પૂછ્યું, ' રાણી સાહેબ, એવી ચિંતા આપને શા માટે થઇ છે? ગઇ રાત્રે મહારાજાએ આપનું અપમાન તો નથી કર્યું ? શું કોઇ પરિજન આપના અપરાધમાં તો નથી આવ્યો ? આપને ચિંતા થવાનું શું કારણ છે ? " કુસુમાવળી મંદ સ્વરે બોલી— " સખી, મારી ચિંતાનું કારણ કોઇ બીજાને કહી શકાય તેવું નથી. તું મારી ખરેખર વિશ્વાસભૂમિ છે, માટે હું તારી આગળ ખરેખરૂં કારણ જણાવું છું. મને ખાત્રી છે કે તું મારા વિશ્વાસનો ભંગ કદી પણ કરીશ નહીં. આજે સ્વપ્નમાં મારા ઉદરમાં એક સર્પે પ્રવેશ કર્યો પછી તે સર્પે મારા સ્વામીને સિંહાસન ઉપરથી પાડી નાંખ્યા પછી તરત હું જાગ્રત થઇ ગઇ. આ અમંગળ સ્વપ્ન મેં મારા સ્વામીને પણ કહ્યું નથી. આ વાત

તું પણ કોઈને જણાવીશ નહીં. શાસનદેવતા મારા ગર્ભની અને સ્વામીની રક્ષા કરો.

મદનરેખાએ સચિંત વદને જણાવ્યું, "ભગીની, ચિંતા કરશો નહિ. જૈન શાસનના પ્રભાવીક દેવતા તમારૂં કલ્યાણ કરશે. દેવી, તમારા હૃદયમાં રહેલી ધર્મભાવનાને સદા જાગૃત રાખજે. મન, વચન અને કાયાથી શુદ્ધિનું પોષણ કરજે. સમ્યક્ત્વનો જે પ્રભાવ તમે જાણો છો તે પ્રભાવનો ઉપયોગ કરવા પ્રયત્ન કરજે. હૃદયની મલીનતાને વધારનારા કુકર્મો તરફ તીરસ્કાર રાખજે, સદ્બુદ્ધિને સારૂં પોષણ મળે, સદ્વિચારોની સારી જાગ્રતિ થાય અને અંતરની શુદ્ધ ભાવનાને બળ મળે એવી રીતનું પ્રવર્તન કરજે. તમારા જેવી સુજ્ઞરાજ શ્રાવીકાને મારા જેવી અલ્પ મતિ દાસી વધારે ઉપદેશ આપવાને યોગ્ય નથી. "

સખી મદનરેખાનાં આવાં વચન સાંભળી કુસુમાવળીને જરા શાંતિ થઈ, પણ તેણીના હૃદયમાંથી ચિંતાનો તદ્દન નાશ થયો નહીં, સ્વપ્નમાં જોએલો ભયંકર દેખાવ તેની દૃષ્ટિ આગળ દૃશ્યમાન થવા લાગ્યો. તેનું સ્મરણ કરતી કુસુમાવળી પુનઃ બોલી—" સખી, તારા મધુર વચનોએ મને થોડી ઘણી શાંતિ આપી છે, તથાપિ હું એ કુસ્વપ્નના ભયંકર દેખાવનું વિસ્મરણ કરી શકતી નથી. વિષને ધારણ કરનાર ભયંકર નાગ મારાં ઉદરમાં પેઠો અને તેણે મારા સ્વામીને આસન ઉપરથી પાડી નાખ્યા. આ બનાવ મારી દૃષ્ટિ આગળ તર્યા કરે છે. મારા ઉદરમાં કેવા ગર્ભે પ્રવેશ કર્યો હશે? આ ગર્ભથી મારૂં શું અનિષ્ટ થવાનું હશે,

"

એવી ચિંતા રૂપ મહા જ્વાલાથી હું દહન થયા કરૂં છું. સર્પના જેવો ભયંકર જીવ મારા ગર્ભમાં આવ્યો હશે કે, જે મારા પતિને સિંહાસન ઉપરથી પાડવાને સમર્થ થવાનો હશે.

" સ્વપ્નનું શુભાશુભ ફળ પણ કર્મને આધીન છે. કર્મની પ્રબલ સત્તા આગળ બીજા કોઇનું બળ ચાલી શકતું નથી. કર્મની મહાન્ શક્તિ અપ્રતિહત અને અસ્ખલિત છે. એ શક્તિનો દિવ્ય પ્રભાવ અચિંત્ય અને અગોચર છે, તેથી કર્મ ઉપર આધાર રાખી સર્વ પ્રકારની ચિંતાનો ત્યાગ કરવો જોઇએ." મદનરેખાએ રાણીને આશ્વાસન આપવાને કહ્યું.

સખીના આ વચન સાંભળી કુસુમાવળીને આશ્વાસન મળ્યું હતું. તથાપી કોઇવાર તેણીના હૃદયમાં એ ચિંતા જાગ્રત થઇ આવતી હતી. જ્યારે તે ચિંતાતુર થતી, ત્યારે મદનરેખા ઉત્તમ બોધ આપી તેણીના મનને શાંત કરતી હતી.

કુસુમાવળીના શરીર ઉપર અનુક્રમે ગર્ભના ચિન્હો પ્રગટ થવા લાગ્યાં. ગર્ભના યોગથી તેણીના અવયવોમાં મોટો ફેરફાર થઇ ગયો હતો. રાજસિંહ પણ પોતાની પ્રિયાને સગર્ભા જાણી હૃદયમાં આનંદને અનુભવતો હતો.



પ્રકરણ ૫ મું.

દુષ્ટ દોહદનું ફળ.

એક સુંદર મહેલમાં સિંહરાજા બેઠા બેઠા ચિંતા કરે છે. તેની મનોવૃત્તિ પર ઉપરા ઉપર ચિંતાના વિચારો ઉછળ્યા કરે છે. એવી રીતે ઘણી વાર ચિંતા કર્યા પછી તેણે પોતાના એક વિશ્વાસુ નોકરને બોલાવ્યો. સેવક રાજાની આજ્ઞાથી તરત દોડી રાજાની હજુરમાં હાજર થયો. સેવક 'શી આજ્ઞા છે ?' એમ કહી પ્રણામ કરી ઉભો રહ્યો. રાજાએ સેવકની સામે દષ્ટિ કરી મંદ સ્વરથી કહ્યું કે, "મદનરેખાને બોલાવી લાવો." રાજાની આજ્ઞા થતાંજ સેવક ઉતાવળો ચાલી અંતઃપુરમાંથી મદનરેખાને બોલાવી લાવ્યો. રાણી કુસુમાવળીની રજા લઈ મદનરેખા મહારાજાની પાસે દોડી આવી. વિનયવદની મદનરેખા રાજાને નમન કરી સન્મુખ ઉભી રહી. પોતાના મહારાજાના મુખચંદ્ર ઉપર ચિંતા જોઇ ચતુર મદનરેખા હૃદયમાં ચિંતવન કરવા લાગી. "અહા ! પ્રેમની શુદ્ધતા કેવી ઉત્તમ છે ? દાંપત્ય ધર્મની મહત્તા ખરેખર અવર્ણનીય છે. એક તરફ પ્રિયા ચિંતાતુર છે, ત્યારે બીજી તરફ પ્રિય પણ ચિંતાતુર છે. પ્રિય અને પ્રિયાના હૃદયનું ઐક્ય આવુંજ હોવું જોઈએ." આ પ્રમાણે મદનરેખા ચિંતવતી હતી, તેવામાં સિંહ રાજાએ પૂછ્યું,—"મદનરેખા, મહારાણી કુસુમાવળીનું શરીર કૃશ કેમ દેખાય છે? તેના મુખ ઉપર પૂર્વે જે લાવણ્ય હતું તે અત્યારે અસ્તપ્રાય થઇ

ગયેલું દેખાય છે. તેણીના મુખનો પ્રકાશ, તેણીના વાયુનો વિકાસ અને સૌંદર્યની શોભાનો ઉત્કર્ષ ચિંતાની ભયંકર જ્વાળામાં દગ્ધ થયેલો હોય, તેમ જણાય છે. મહારાણીના શરીરમાં આટલો બધો ફેરફાર કેમ થઇ ગયો છે ? તેનું કારણ જો તારા જાણવામાં હોય તો મારી આગળ નિવેદન કર. ”

સિંહરાજાનો આ પ્રશ્ન સાંભળી મદનરેખા વિચાર કરીને બોલી–“ મહારાજા, આપ અન્નદાતાની આગળ મારે સત્ય કહેવું જોઇએ. તથાપિ આ વાત મહારાણીને કહેશો નહિં. કારણકે, એ વાર્તા આપનાથી છુપી રાખવાની તેમની ઇચ્છા છે. થોડા સમય પહેલાં મહારાણીને એક નઠારૂં સ્વપ્ન આવ્યું હતું, જાણે તેમનાં ઉદરમાં સર્પે પ્રવેશ કર્યો અને પછી તે સર્પ ઉદરમાંથી બાહેર નીકળી આપને સિંહાસન ઉપરથી પાડી નાંખ્યા, આ અનિષ્ટ સ્વપ્નના દર્શનથી મહારાણી ઘણાં જ ચિંતાતુર થઇ ગયાં. તે પછી તેમનાં ઉદરમાં ગર્ભનો પ્રાદુર્ભાવ થયો. જે વાત આપના જાણવામાં હશે. અનુક્રમે ગર્ભની વૃદ્ધિ થતાં તેમના હૃદયમાં નવનવા દોહદ ઉત્પન્ન થવા લાગ્યા. આજે આપના શરીરના આંતરડાંનું ભક્ષણ કરવાનો નઠારો દોહદ તેમના હૃદયમાં ઉત્પન્ન થયો છે. અને આપની ઉપર દ્વેષબુદ્ધિ પ્રગટ થઇ છે. આવો વિપરિત દોહદ જ્યારે તેમને ઉત્પન્ન થયો, ત્યારે તેમના હૃદયને દગ્ધ કરનારી મહાચિંતા ઉત્પન્ન થઇ આવી. તેમને ચિંતાતુર જોઇ મેં તેનું કારણ પૂછ્યું, એટલે મહારાણીએ મને કહ્યું કે, “ સખી, આ મારો ગર્ભ કોઇ દુષ્ટ જીવ છે. તેના યોગથી મને આવો વિપરીત દોહદ ઉત્પન્ન થયો છે. માટે આ દૂષિત ગર્ભને

પાડી દૂર કરવાની મારી ઇચ્છા થાય છે." મહારાણીની આ ઇચ્છાને અટકાવવાને અમે સમર્થ થઇ શકયા નહિ. પછી તેમણે અનેક ઔષધોના ઉપચારથી તે ગર્ભનો પાત કરવા પ્રયત્ન કરવા માંડયો, પણ નિકાચિત કર્મને લઇને તે ગર્ભનો પાત થયો નહિં. ગર્ભનો પાત કરનારા ઔષધોના પાનથી અને પોતાના દુષ્ટ દોહદના નહિ પૂરાવાથી મહારાણી શરીરે કૃશ અને નિસ્તેજ થઇ ગયાં છે. તે મહા ચિંતાએ તેમના રાજતેજને અને મનોહર લાવણ્યને અસ્તપ્રાય કરી દીધાં છે."

મદનરેખાની આ વાર્ત્તા સાંભળી સિંહરાજ હૃદયમાં આશ્ચર્ય પામી ગયો. ગર્ભનો આવો વિપરિત દોહદ જાણીને તેના હૃદયમાં ભય ઉત્પન્ન થઇ આવ્યો. તેણે પોતાના હૃદયમાં ચિંતવ્યું—" અરે આ દુષ્ટ દોહદ પૂર્ણ કરવામાં મને મોટી હાનિ છે; પરંતુ જો તે દોહદ પૂર્ણ નહિં કરૂં તો કુસુમાવળીના નઠારા હાલ થઇ જશે. એ પ્રેમી પ્રિયા પોતાના અમુલ્ય જીવનને ગુમાવી દેશે. ગમે તે યુક્તિ કરીને પણ તેણીનો એ દોહદ પૂર્ણ કરવો જોઇએ." આવું ચિંતવી તેણે પોતાના મતિસાગર નામના ચતુર મંત્રીને બોલાવ્યો અને તેને દેવીના તે દુષ્ટ દોહદની વાર્ત્તા કહી સંભળાવી. કળાકુશળ મંત્રીએ વિચાર કરીને રાજાને જણાવ્યું—" મહારાજા, હું બનાવટી આંતરડાં બનાવી તમારા ઉદર સાથે યુક્તિથી ગોઠવીશ. પછી તે કાઢી કાઢી દેવીને આપીશ એટલે મહારાણીના દોહદ પૂર્ણ થશે " મંત્રીની આ યુક્તિ સાંભળી સિંહરાજા ખુશી થઇ ગયો અને તેણે પોતાના ચતુર

મંત્રીને સાણાશી આપી. પછી ચતુર મંત્રીએ સસલાનાં આંતરડાં મંગાવી રાજાના ઉદરની સાથે ગોઠવ્યાં પછી કુસુમાવળીને બોલાવી તેને તે આંતરડાં યુક્તિથી કાઢીને રાણીને નિવેદન કર્યાં. કુસુમાવળી તેનાથી હૃદયમાં સંતુષ્ઠ થઇ અને પોતાનો દોહદ પૂર્ણ થયેલો જાણી તેણીના આતુર હૃદયને શાંતિ મળી. પોતે આંતરડાંનું ભક્ષણ કર્યું અને પોતાનો પતિ સજીવન રહ્યા, એ જોઇ તે વિશેષ હર્ષિત થઇ ગઇ.

જ્યારે પ્રસવનો સમય થયો, એટલે ' આ ગર્ભ મારા પતિને હાનિ કરશે ' એવી શંકા રાખતી કુસુમાવળીએ ચતુર મંત્રી મતિસાગરને પોતાની પાસે બોલાવ્યો અને સૂચના કરી કે, જ્યારે મારા ઉદરમાંથી આ ગર્ભનો પ્રસવ થાય, ત્યારે તમે એ ગર્ભને કોઇ બીજે સ્થાને પહોંચાડજો. અને મહારાજાને જણાવજો કે, એ ગર્ભ આવીને મૃત્યુ પામી ગયો. જો આ યુક્તિ નહીં કરો તો આ ગર્ભ મહારાજાને અનિષ્ટકર્તા થઇ પડશે." મંત્રીએ પોતાના અન્નદાતાનું શુભ ઇચ્છીને એ વાત અંગીકાર કરી.

જ્યારે બાળકનો જન્મ થયો એટલે ત્યાં હાજર રહેલા મંત્રીએ તે બાળકને લઇ લીધો અને માધવી નામની એક દાસીને આપી દીધો. માધવી તે બાળકને સારી રીતે જાળવતી હતી. [illegible] તેણીને [illegible]. [illegible] તેણીને [illegible] પૂછ્યું કે, ' આ શું [illegible] છે ? ' માધવીએ કહ્યું, " [illegible] નથી [illegible] તેવામાં [illegible] તેણીની

પાપિણી બાળકને લઈ લીધો અને આપણીની ઉપર તેને ફરસંદ માટી મારી. રાજસિંહે ધાવના આવેશથી કહ્યું, " અરે પાપિણી! ને ડાળથી પણ અધિક આવું પાપકર્મ કેમ કરે છે ? આ બાળક કોનું છે અને તેને દુઃખી રીતે કરી શાં કાજ છે ? " રાજાના કહેવાથી દાસી અમલીન થઈ ગઈ અને તેણીએ રાજાની આગળ સર્વ સાચી હકીકત નિવેદન કરી. દાસીને ત્યારે સત્ય વાત જણાવી, એટલે રાજાએ તેને છોડી મુકી. પછી તે બાળક બીજી ધાત્રીઓને ઉછેરવાને સોંપી દીધો. અને જણાવ્યું કે, " જો તમારા પ્રમાદથી આ બાળકને કાંઈ પણ થશે તો તેની ચિંતામાં તમને ઉપજ્ઞારૂપ કરવામાં આવશે. " પછી રાજાએ પોતાના મંત્રીસાગરને અને રાણી કુસુમાવળીને પ્રત્યક્ષ ઠપકો આપ્યો. ત્યારબાદ તેણે એ પુત્રનો ખુશી રીતે જન્મોત્સવ કરાવ્યો. રાજા તે પુત્રના જન્મથી આનંદ પામ્યો હતો, તેથી તેણે તે કુમારનું નામ આનંદ પાડ્યું.

આનંદ કુમાર જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ તે કળાના જ્ઞાનમાં વધતો ગયો. આનંદની જ્ઞાનકળામાં વૃદ્ધિ જોઈ સિંહરાજા હૃદયમાં અતિ આનંદ પામવા લાગ્યો. રાજસિંહની આનંદકુમાર ઉપર જેવી પ્રીતિ હતી, તેવી દેવી કુસુમાવળીની તેનીપર પ્રીતિ ન હતી. કુસુમાવળી તે અનિષ્ટકારી કુમાર તરફ અભાવ રાખતી હતી. આનંદ કુમાર પણ તેણીની તરફ પૂજ્ય બુદ્ધિથી જોતો ન હતો. દુષ્ટ સ્વપ્ન અને નઠારા દોહદથી ઉત્પન્ન થયેલો આનંદકુમાર પોતાના મનમાં કુવિચારો લાવ્યા કરતો હતો. પોતાનો પિતા સિંહ રાજા તેનો અતિ ઉપકારી હતો,

તથાપિ તે રાજકુમાર તેના ઉપકારનું વિસ્મરણ કરી તેની ઉપર દ્વેષ બુદ્ધિ રાખતો હતો.

આ જગતમાં જન્મ પામતા સંતાનોના જન્મ પામતાં સમયનું અવલોકન પણ સારી રીતે કરવાનું છે. જે પુત્ર વા પુત્રી ગર્ભમાં આવતાં તેનાં માતા પિતાને શુભ ચિન્હો પ્રગટ થાય તો તેઓ ઉત્તમ પ્રકારના થાય છે અને અશુભ ચિન્હોથી તેઓ નઠારા થાય છે. આ વાત આર્ય પ્રજા પ્રથમથીજ માનતી આવી છે. અને તે માનવાને પણ સબળ કારણો હોય છે. મહાન્ પુણ્યશાળી આત્મા જ્યારથી માતાના ગર્ભમાં આવે છે, ત્યારથીજ તેમનાં પુણ્યનો પ્રભાવ કોઈ પણ જણાઇ આવે છે, તેને માટે આપણી આર્ય જ્યોતિર્વિદ્યા અતિશય પ્રમાણભૂત છે. શુભદેશ અને શુભકાળ સર્વ ભૌતિક પદાર્થોમાં ઉન્નતિ સૂચક છે. એ વાત શાસ્ત્રસિદ્ધ છે અને તેથીજ નૈમિત્તિક શાસ્ત્રો આર્ય પ્રજામાં માનનીય ગણાય છે.



પ્રકરણ ૬ ઠું.

પિતૃઘાતી આનંદ.

એક વિશાળ મેદાનમાં મોટા સૈન્યનો પડાવ થયેલો છે. વિવિધ પ્રકારના પ્રદેશોમાં શ્રેણીબંધ તંબુઓ નાંખેલા છે. એક તરફ ઘોડાઓ હર્ષારવ કરી રહ્યા છે. બીજી તરફ ગજેંદ્રોના ગર્જારવ થઇ રહ્યા છે. ઊંટો, ખચ્ચરો અને પાડાઓના ટોળે ટોળાં

છાવણીની આસપાસ ભમ્યા કરે છે. યુદ્ધના રંગમાં ઉત્સાહિત થયેલા યોદ્ધાઓ એકઠા મળી વિજયની વાર્ત્તા કરે છે. રણભૂમિમાં પોતપોતાનું કૌશલ દર્શાવવાને વિચારો બાંધે છે અને તેને માટે કરવા યોગ્ય તૈયારીઓની ગોઠવણ કરે છે.

આ વખતે તે સૈન્યનો અધિપતિ મહારાજા પોતાના તંબૂમાં બેઠો છે. તેના ઉત્સાહી હૃદયમાં વિજયની વાર્ત્તાને બદલે વૈરાગ્યની વાર્ત્તા પ્રગટ થઇ છે. આ સંસારની અસારતા તેના વિરક્ત હૃદયમાં વ્યાપી ગઈ છે. મહારાજા નીચે પ્રમાણે ચિંતવતો હતો.

"અહા! આ સંસારમાં વિષયિ જનની કેવી સ્થિતિ છે? જીવવાની ઈચ્છા રાખતો મૂર્ખ જેમ કાલકુટ ઝેરનું સેવન કરે, તેમ વિષયીજન સુખની ઈચ્છા રાખી વિષયોને સેવે છે. સુજ્ઞ જીવને, "દુઃખ એ પાપનું ફળ છે, અને સુખ છે, તે ધર્મનું ફળ છે" એમ માની દુઃખી જને દુઃખનો નાશ કરવાને ધર્મ આચરવો જોઇએ. માનથી ભરેલા આ રાજ્યની મારે જરૂર નથી. જેમ પાતાળ ગમે તેટલી પુરણી કરે તો પણ પુરાતું નથી, તેમ આ રાજ્ય ગમે તેટલી આવક થાય, તો પણ પુરાતું નથી. ખલ પુરૂષની મૈત્રીથી જેમ નઠારા પરિણામવાળું, રાફડાની જેમ ભુજંગવાળું અને વેશ્યાના ચિત્તની જેમ અર્થથી ઇષ્ટ એવા આ રાજ્યને મારે સર્પની જેમ છોડી દેવું જોઇએ. આ મોટો આડંબર કરી હું યુદ્ધ કરવા નીકળ્યો છું, તે શા માટે? રાજ્યના લોભની વૃદ્ધિને માટેજ આવી અધમ પ્રવૃત્તિ કરાવનારા રાજ્યથી મારે દૂર રહેવું જોઇએ"

આ પ્રમાણે ચિંતવતો તે મહારાજા પોતાના તંબુમાં બેઠો તેવામાં તેના મંત્રીઓનું મંડળ તેની પાસે આવ્યું. તે મંડળ વિનયથી મહારાજાને નમન કરી તેની સન્મુખ બેઠું. પોતાના સ્વામિના મુખ ઉપર ચિંતાનો આભાસ જોઇ મંત્રીમંડળ વિચારમાં પડી ગયું. તેઓમાંથી એક પ્રધાનમંત્રી વિનીત થઇને બોલ્યો "સ્વામિ, અત્યારે આપના મુખ ઉપર શેની ચિંતા પ્રગટ થઇ છે ? જેની ઉપર આપણે ચડાઇ કરી જઈએ છીએ, તે માણસ સંબંધી કાંઇ વિચાર તો નથી આવ્યો ? મને ખાત્રી છે કે આપના જેવા શૂરવીર નરને તેવો કાયર વિચાર આવે નહિ." રાજાએ સચિંત થઇ જણાવ્યું— "મંત્રીવર, મારા હૃદયમાં તે સંબંધી કાંઇ વિચાર આવ્યો નથી. આ સંસારના અસાર સ્વરૂપને માટે મારૂં હૃદય ચિંતાતુર થયેલું છે. મારા હૃદયના સર્વ પ્રદેશમાં સંવેગનો રંગ વ્યાપી ગયો છે. આ ચડાઇ, આ સેનાનો આડંબર, આ છાવણી, અને આ રાજ્ય—એ બધું મને ઉપાધી રૂપ લાગે છે."

મહારાજાના આ વચન સાંભળી મંત્રીએ પ્રણામ પૂર્વક પ્રશ્ન કર્યો—"મહારાજ ગઇ કાલ સુધીમાં આપના હૃદયમાં જુદો જ ઉત્સાહ હતો. આપના અંગ ઉપર યુદ્ધોત્સાહ અને વિજયરંગ વ્યાપી ગયો હતો. આજે આ અચાનક શું થયું ? આ પ્રમાણે અકસ્માત્ આપની મનોવૃત્તિમાં વિચારનો વિનિમય થયો, તેનું કારણ છે ?"

મહારાજાએ ઉત્તર આપ્યો. "મંત્રીવર, ગઈ કાલે આપણી સેના સમુદ્રતીરે કુચ કરતી હતી. તે વખતે એક માણસ

'અહોકષ્ટ, અહોકષ્ટ' એમ બોલતો મારા જોવામાં આવ્યો. મેં તેની પાસે જઈને જોયું ત્યાં એક દેડકાને સર્પે ગળેલો, તે સર્પને ટીટોડે ગળેલો અને તે ટીટોડાને અજગરે ગળેલો એવો દેખાવ મારા જોવામાં આવ્યો. સત્પુરૂષોને વૈરાગ્ય ઉત્પન્ન થાય તેવો આ દેખાવ જોઈ મારા હૃદયમાં અતિશય ખેદ ઉત્પન્ન થયો. મેં વિચાર્યું કે, આ દેડકો, સર્પ અને ટીટોડાને હું ફરી ઉગારું તો પણ તેઓ જીવવાના નથી. માટે પ્રતિકાર કરવાનો આવો પ્રયત્ન શા માટે કરવો જોઈએ? આવું ચિંતવી હું છાવણીમાં આવ્યો હતો. પછી સવી [illegible] મારા હૃદયમાં તેજ વિચાર આવ્યા કરતાં મને વૈરાગ્યબોધ ઉત્પન્ન થઈ આવ્યો. રાત્રે સુતાં સુતાં મારા મનમાં થયું કે આ લોકરૂપી દેડકાને સર્પના જેવા અધિકારીઓ ગળે છે, અને તે અધિકારીઓને રાજારૂપી ટીટોડો ગળે છે; અને તે રાજાને કાળરૂપી અજગર ગળે છે. તેથી આ સંસાર અસાર છે. એવા સંસારને ધારણ કરનારા રાજ્યની મારે શી જરૂર છે? આ પ્રમાણે વિચાર કરતાં મને આખી રાત નિદ્રા આવી નથી, અત્યારે પણ હું તેજ વિચાર ચિંતવું છું, પોતાના રાજાના આવા વચન સાંભળી તે મંત્રીઓ પણ હૃદયમાં [illegible] પામી ગયા હતા. [illegible] [illegible]

[illegible]

આથી રાજા સિંહે તેનો પરાભવ કરવાને એક મોટું સૈન્ય મોકલ્યું હતું. દુર્મતિએ તે સૈન્યને ક્ષણમાં હરાવી દીધું હતું. પછી રાજાએ ફરીવાર તેની પર સૈન્ય મોકલ્યું તે પણ પરાભવ પામી ગયું, એમ ત્રણ વખત રાજાના સૈનિકોએ મોટી હાર ખાધી એટલે રાજા સિંહ પોતે સૈન્ય લઈ તેની પર ચડી આવ્યો છે. રાજા સિંહ સમુદ્રના તીર ઉપર પોતાની છાવણી નાંખી પડ્યો છે. અને ત્યાં તેણે જોયેલા પેલા દેખાવથી તેના હૃદયમાં વૈરાગ્ય ભાવના જાગ્રત થઈ આવી છે. જે વૃત્તાંત વાંચનારના જાણવામાં આવેલું છે.

એક વખતે મહારાજાસિંહ આ પ્રમાણે ચિંતવી પ્રાતઃકાલે વહેલો ઉઠી પોતાના તંબુમાં બેઠો હતો, તેના મંત્રીઓ આવી તેની આસપાસ બેઠા, તેવામાં વિજયપતિ નામે મંત્રીએ આવી મહારાજાને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી " રાજેંદ્ર ઉગ્ર શાસનવાળા આપ નામદારની ચડાઈના ખબર સાંભળી રાજા દુર્મતિ પોતે કંઠ ઉપર કુહાડો રાખી કેટલાએક માણસોની સાથે દ્વારભૂમિ ઉપર આવ્યો છે. તે આપને મળવાની ઇચ્છા રાખે છે. હવે આપની જેવી આજ્ઞા. "

મંત્રીના આ વચન સાંભળી રાજાએ પોતાના મંત્રિવર્ગ મંત્રિમંડળની સામે જોયું. એટલે ચતુર મંત્રીએ કહ્યું " મહારાજ [illegible] "

[illegible]

ઊપર રહેલા દુર્મતિને અંદર પ્રવેશ કરાવ્યો. દુર્મતિ " આ મારો કંઠ અને આ કુવાડો આપને યોગ્ય લાગે તે કરો." એમ કહી સિંહ રાજાને નમી પડયો. દયાળુ સિંહ રાજાએ તેને અભયદાન આપી સંસ્કાર કર્યો. પછી તેને તે રાજ્યમાં મોકલી પોતે પોતાના જયપુર નગરમાં આવ્યો. જેના હૃદયમાં પેલા દેખાવથી વૈરાગ્ય ભાવના પ્રગટ થઇ આવી છે, એવા સિંહ રાજાએ પોતાના મંત્રિઓને એકઠા કરી કહ્યું કે, " આ રાજ્યનો ત્યાગ કરી વ્રત લેવાને મારી ઇચ્છા છે, " પછી તેણે જોષીને બોલાવી પોતાના આનંદ કુમારને રાજ્યાભિષેક કરવાનો શુભ મુહુર્ત્તનો દિવસ પૂછયો. જોષીએ તે દિવસથી પાંચમે દિવસે રાજ્યાભિષેકનું મુહુર્ત્ત આપ્યું. પછી મૃત્તિકાના પિંડ, દહીં, સર્ષપ, ચામર, ગોરોચન, સિંહનું ચર્મ, શ્વેતછત્ર, પુષ્પ અને ભદ્રાસન વગેરે અભિષેકની માંગલ્ય વસ્તુઓ મંગાવવામાં આવી. સર્વ પ્રકારની તૈયારી કર્યા પછી નીતિમાન રાજાએ હૃદયમાં ચિંતવ્યું કે, આનંદ કુમારને રાજ્ય ઊપર બેસાડી હું ધર્મઘોષ ગુરૂની પાસે જઇશ. આ પ્રમાણે મુમુક્ષુની જેમ નિસ્પૃહ થઇ રાજ્યાભિષેકના શુભ દિવસની રાહ જોવા લાગ્યો.

યુવરાજ આનંદકુમાર પૂર્વના દુષ્ટકર્મના દોષથી હૃદયમાં અવળા વિચાર કરવા લાગ્યો. તે પેલા દુર્મતિની સાથે મળી ગયો, કોઇ પણ યુક્તિથી રાજાને મારી નાંખવો; આ પ્રમાણે તે બંનેએ વિચાર કર્યો. રાજા સિંહ પોતાને રાજ્ય આપનાર છે, એ વાત તેના મનમાં આવી નહિં. રાજ્યાભિષેકની વાત તેના જાણવામાં આવી હતી, તથાપિ તેને તે

વાત વિપરીત ભાસી. તેણે પેલા દુર્મતિની સાથે વિચાર કરી રાજાને છળથી મારવાનો નિશ્ચય કર્યો. તે દુરાચારીએ પોતાના હૃદયમાં વિચાર્યું કે, “ જો રાજાને મારી રાજ્ય પ્રાપ્ત કરૂં તો વધારે સારૂં. રાજાનો વિનાશ કર્યા વિના રાજ્યની પ્રાપ્તિ થવી અશક્ય છે. ” આ પ્રમાણે વિચારી અનાચારી આનંદ હૃદયમાં આનંદ પામવા લાગ્યો.

પોતાના પુત્રની ઉપર પવિત્ર પ્રેમ ધારણ કરનાર સિંહ રાજાએ આનંદ કુમારને બોલાવવાને એક દૂત મોકલ્યો. અધમ વૃત્તિવાળો આનંદ પોતાના પિતાએ બોલાવ્યો તો પણ આવ્યો નહિં. તે દુર્મતિની સાથે દુષ્ટ વિચાર કરતો રાજાનું અનિષ્ટ ચિંતવવા લાગ્યો. જ્યારે દુરાચારી આનંદ આવ્યો નહિં એટલે સિંહ રાજા પોતે પ્રતિહારને સાથે લઈ કુમારની પાસે આવ્યો. રાજાને પોતાની પાસે આવેલો જાણીને દુર્મતિ કુમારે ચિંતવ્યું કે, “ આજ વખતે આ રાજા સાધ્ય થાય તેમ છે. ” આવું વિચારી તેણે અચાનક ખડ્ગનો ઘા કરી પ્રતિહારને મારી નાંખ્યો. પછી રાજાને ગાઢ પ્રહાર કરી અસમર્થ કરી નાંખ્યો. અને તેના સર્વ અંગ શિથિલ કરી નાંખ્યાં. આ વાત નગરમાં જાહેર થઈ ગઈ અને લોકોમાં મહાન્ કલકલ ધ્વનિ પ્રવર્ત્યો. રાજાના પક્ષના માણસો આનંદ કુમારની સામે યુદ્ધ કરવાને તત્પર થયા. તે વખતે રાજાએ આજ્ઞા કરી તેઓને અટકાવ્યા અને કહ્યું કે, “ હું મરાયેલ છું, માટે એ કુમારને મારશો નહિં. હવે એજ તમારો રાજા છે અને તેનો મારા રાજ્ય ઉપર અભિષેક કરો. ” રાજાના આ વચન સાંભળી તે લોકો પાછા ફર્યા,

પછી દુષ્ટ આનંદે પોતાના મિત્ર દુર્મતિને આજ્ઞા કરી કે, "મારા પ્રહારથી શિથિલ થયેલા આ રાજાને દૃઢ બંધનથી બાંધીને કારાગૃહમાં પૂરો." આનંદની આવી આજ્ઞા થતાં, દુષ્ટ દુર્મતિએ રાજા સિંહને બાંધીને કારાગૃહમાં પૂરી દીધો. પછી આનંદ કુમાર પોતાના પિતાના પક્ષના કેટલાએક લોકોને મારી અને કેટલાએકને પદભ્રષ્ટ કરી પોતે રાજ્યાસન ઉપર બેઠો, અને તેણે રાજ્યના સામંતોને તથા મંત્રીઓને પોતાને તાબે કરી લીધા. રાજા સિંહને જે કારાગૃહમાં પૂરવામાં આવ્યો હતો; તે કારાગૃહ ઘણું જ નઠારું હતું. તેની અંદર મૂત્રની અપવિત્ર દુર્ગંધ પ્રસરતી હતી, તેની ભીંતોની અંદર ચરપોળીઆ રહેતા હતા. ચારે બાજુ પરોસીઓ ફરતી હતી, મચ્છર અને ગાંધીઓ તેમાં ગણગણતી હતી. ઉગ્ર સર્પોની કાંચલીઓ લટકતી હતી. અને ચો તરફ કરોળીઆના પડ બાઝેલા હતા. આથી તે દુઃખમહાળનું આવાસમંદિર હોય તેવું દેખાતું હતું. અધર્મની લીલાભૂમિનો જાણે સેધો હોય, સર્વ દુઃખોની વાસભૂમિ હોય અને મૃત્યુનો વિશ્રામ મંડપ હોય તેવું તે દેખાતું હતું.

આવા ભયંકર કારાગૃહમાં સિંહ રાજાને બેડીઓ નાંખી પુરેલા સાંભળી કુસુમાવળી વગેરે અંતઃપુરની રાણીઓ આક્રંદ કરતી ત્યાં આવી. લોઢાની બેડીઓથી બાંધેલા રાજાને જોઇ તેમણે પોકાર કરી રૂદન કરવા માંડ્યું. આ વખતે સુજ્ઞ મહારાજાએ તેમને જણાવ્યું—"ભદ્રે તમે શા માટે રૂદન કરો છો? આ વખતે શોક કરવાની કાંઈ જરૂર નથી. જે વિષયમાં માનુષી શક્તિ ચાલતી નથી, તે વિષયે શોક કરવો તે વૃથા છે. આ

સંસાર વિચિત્રરૂપ છે. સર્વ પ્રાણીઓ એ સંસારના ખેલાડી છે. કર્મોની શક્તિ દુર્વાચ્ય છે. સમૃદ્ધિઓ ચપલ છે અને સ્નેહ સ્વપ્નના જેવો છે, તેથી વિલાપ કરવો નકામો છે. હે રાણીઓ, તમોએ ભગવંતના દુર્લભ પ્રવચનને પ્રાપ્ત કરેલું છે, તેથી એ પ્રવચનને અનુસરી સર્વ દુઃખોના ક્ષયનો ઉપાય આચરો." મહારાજાના આ વચનો સાંભળી ગંધર્વદત્તા નામની એક સાધ્વી પાસે વ્રત ગ્રહણ કરી તે ચાલી નીકળી હતી.

કારાગૃહમાં પૂરાએલા સિંહરાજાને દુષ્ટ આનંદ અનેક પ્રકારની પીડા આપવા લાગ્યો. અને અનેક રીતે તેને રીબાવવા લાગ્યો. જ્યારે દુર્બુદ્ધિ આનંદ તેનાપર અતિશય જુલમ કરવા માંડયો, ત્યારે રાજા સિંહ તેથી કંટાળી ગયો. છેવટે તેણે પોતાના જીવનનો અંત લાવવાને અનશનવ્રત અંગીકાર કર્યું. રાજા અનશન લઈ પોતાના જીવનનો અંત લાવવા ઈચ્છે છે, એ વાત આનંદના જાણવામાં આવતાં, તે અત્યંત કોપ પામ્યો. તેણે દેવશર્મા નામના એક પુરૂષને રાજાને બળાત્કારે ખવરાવવાને મોકલ્યો. તે દેવશર્મા સુજ્ઞ અને સજ્જન હતો. આનંદની આજ્ઞા પ્રમાણે તેણે રાજાની ઉપર જુલમ કરી બળાત્કાર કર્યો નહિ. તેણે નમ્રતાથી રાજાને કહ્યું–" મહારાજા, આ જગતમાં મનુષ્યોને દૈવયોગે કાર્યની ગતિ વિષમ થાય છે. દૈવ એવો વિપરીત છે કે, તે ગુણોને વશ થતો નથી અને વિનયથી આરાધવા યોગ્ય થતો નથી. એ મૂર્તિમાન અનર્થ છે, અને સમયને નહિ જાણનારો છે. તે મદોન્મત્ત હાથીની જેમ સ્વચ્છંદી

અને નદીના પ્રવાહની જેમ કુટિલ છે. એ દૈવનું રૂપ કર્મ છે. એ કર્મરૂપ દૈવ પુરુષાર્થથીજ સાધ્ય છે. જો માણસ હલતાથી પુરુષાર્થ કરે તો તે દૈવ પ્રાપ્ય થઇ શકે છે. માટે, આપ મહારાજ અનશન છોડી ભોજન કરો. જો માણસ જીવતો હોય તો તે વિપત્તિને ઉલંઘન કરી પુનઃ સંપત્તિને પામે છે."

દેવશર્માના આવા વચન સાંભળી સિંહરાજ મંદ અને શાંતસ્વરથી બોલ્યો—"ભદ્ર, તમારૂં કહેવું યથાર્થ છે. સન્માર્ગના શરણને યોગ્ય એવો પુરુષાર્થ મેં છોડ્યો નથી. મેં જે અનશનવ્રત ગ્રહણ કર્યું છે, તે ભાવથી ગ્રહણ કર્યું છે. અને તેને હું એક પુરુષાર્થરૂપે માનું છું. વળી મારે સંપત્તિની ઇચ્છા નથી. મેં યોગ્યતા વિચારીનેજ અનશનવ્રત ગ્રહણ કર્યું છે." રાજાના આવા પ્રતિવચન સાંભળી દેવશર્મા બોલ્યો—"રાજેંદ્ર, તમે આવો આગ્રહ છોડી દો. જો તમે જમશો નહિ તો રાજા આનંદ વધારે ગુસ્સે થશે. તેનો ગુસ્સો કારણ વગરનો છે." આ પ્રમાણે દેવશર્મા રાજાને સમજાવતો હતો, તેવામાં 'દેવશર્માને વિલંબ થવાનું શું કારણ હશે?' એમ વિચારી ક્રોધાતુર થયેલો આનંદ હાથમાં ઉઘાડી તરવાર લઇ કારાગૃહમાં આવ્યો. તેણે તરવાર ઉગામી રાજાને કહ્યું, "જો તું આહારને ગ્રહણ નહિ કરે તો આ તીક્ષ્ણ તરવારથી તારૂં મસ્તક છેદી નાંખીશ," દુરાચારી આનંદનું આ વચન સાભળી સિંહરાજ બોલ્યા. "પુત્ર આ જીવીત મરણાંત છે. માટે મને મરણનો ભય લાગતો નથી. જ્યારથી પ્રાણી ગર્ભમાંથી

બહાર આવે છે, ત્યારથી ક્ષણે ક્ષણ તેનીપર મૃત્યુ રહેલુ છે, તેને લોકો જીવે છે એમ જે કહે છે, તે મૃષાવચન છે. કદી કોઇ સાર્થના ટોળામાંથી આગળ ચાલ્યો જાય તો તેને શો ભય છે ? કસાઇવાડામાં રહેલા પશુની જેમ પ્રાણીને જીવવાની આશા રાખવી ફોગટ છે. વિધિ (કર્મ) રૂપી શીકારી, મનુષ્ય રૂપી મૃગોના ટોળાને વીંધવાની બુદ્ધિથી વૃદ્ધત્વરૂપ ધનુષ્ય લઇ વ્યાધિરૂપ બાણોને ફેંકતો પાસે આવે છે. તે પ્રત્યવાયરૂપી ઉ પાપને ગણતો નથી. તે સ્વેચ્છાથી મનુષ્યરૂપ હરિણોનો શીકાર કરે છે. આવું સમજનારા પુરૂષો આ સંસારને નાશ કરનારૂં દુશ્ચર તપ આચરે છે, તેઓ જન્મ અને મૃત્યુથી કંટાળી તપશ્ચર્યા કરવામાં તત્પર રહે છે. આનંદકુમાર, હું પણ એવા વિચારવાળો છું અને તેથીજ મેં અનશનવ્રત લીધું છે. મેં જીન ભગવંતના વચનરૂપ અમૃતનું પાન કર્યું છે. તેથી હું હવે મરણથી બ્હીતો નથી. જેમાં સ્વર્ગ અથવા મોક્ષ હોય ત્યાં મૃત્યુ થાય તેને હું મહોત્સવરૂપ ગણું છું. યુદ્ધ કે પલાયન કરવાથી યમરાજરૂપ હાથી પાસેથી મોક્ષ થતો નથી. તે યમરાજરૂપ હાથીને સોંઢ હોતી નથી, પણ તે જેને પકડે છે, તેને તે છોડતો નથી. જેમ ખેડુત વખત આવ્યે પાકેલા ધાન્ય લણી નાંખે છે, તેમ યમરાજ જન્મેલા પ્રાણીઓને આયુષ્યના અંત વખતે મારી નાંખે છે. જેમ મનુષ્યો જરા રહિત–યુવાન છે, તેમની ઉપર પણ મૃત્યુના પાસ પડે છે. તો જે જરાગ્રસ્ત છે તેને માટે શું કહેવું ? તેવા મનુષ્ય તો મૃત્યુના પ્રમાદથીજ જીવે છે. હે કુમાર મેં તો અનશનવ્રત

બહાર આવે છે, ત્યારથી ક્ષણે ક્ષણ તેનીપર મૃત્યુ રહેલું છે; તેને લોકો જીવે છે એમ જે કહે છે, તે મૃષાવચન છે. કદી કોઇ સાર્થના ટોળામાંથી આગળ ચાલ્યો જાય તો તેને શો ભય છે? કસાઇવાડામાં રહેલા પશુની જેમ પ્રાણીને જીવવાની આશા રાખવી ફોગટ છે. વિધિ (કર્મ) રૂપી શીકારી, મનુષ્યરૂપી મૃગોના ટોળાને વીંધવાની બુદ્ધિથી વૃદ્ધત્વરૂપ ધનુષ્ય લઇ વ્યાધિરૂપ બાણોને ફેંકતો પાસે આવે છે. તે પ્રત્યવાયરૂપી ઊપાપને ગણતો નથી. તે સ્વેચ્છાથી મનુષ્યરૂપ હરિણોનો શીકાર કરે છે. આવું સમજનારા પુરૂષો આ સંસારને નાશ કરનારૂં ઈશ્વર તપ આચરે છે, તેઓ જન્મ અને મૃત્યુથી કંટાળી તપશ્ચર્યા કરવામાં તત્પર રહે છે. આનંદકુમાર, હું પણ એવા વિચારવાળો છું અને તેથીજ મેં અનશનવ્રત લીધું છે. મેં જીન ભગવંતના વચનરૂપ અમૃતનું પાન કર્યું છે. તેથી હું હવે મરણથી બ્હીતો નથી. જેમાં સ્વર્ગ અથવા મોક્ષ હોય ત્યાં મૃત્યુ થાય તેને હું મહોત્સવરૂપ ગણું છું. યુદ્ધ કે પલાયન કરવાથી યમરાજરૂપ હાથી પાસેથી મોક્ષ થતો નથી. તે યમરાજરૂપ હાથીને સોંઢ હોતી નથી, પણ તે જેને પકડે છે, તેને છોડતો નથી. જેમ ખેડુત વખત આવ્યે પાકેલા ધાન્ય લણી નાંખે છે, તેમ યમરાજ જન્મેલા પ્રાણીઓને આયુષ્યના અંત વખતે મારી નાંખે છે. જેમ મનુષ્યો જરા રહિત–યુવાન છે, તેમની ઉપર પણ મૃત્યુના પાસ પડે છે. તો જે જરાગ્રસ્ત છે તેને માટે શું કહેવું? તેવા મનુષ્ય તો મૃત્યુના પ્રમાદથીજ જીવે છે. હે કુમાર મેં તો અનશનવ્રત

થઇ મૃત્યુને આદર આપ્યો છે. તેથી મને તારા ખડ્ગનો ભય લાગતો નથી. જો તું મને મારી નાંખીશ તો તને મારવાનું માત્ર કલંકજ અવશેષ રહેશે. કારણ કે હું તો મરેલોજ છું."

સિંહરાજાના આ વચનોએ દુષ્ટ આનંદના હૃદય ઉપર કાંઇ પણ અસર કરી નહીં, પણ ઉલટો તે વધારે ક્રોધાતુર થયો. તેણે ક્રોધના આવેશમાં તરવારનો ઘા કરી પોતાના નિર્દોષ પિતાને મારી નાંખ્યો. તેનો ધર્મી પિતા "नमो जिनेंद्रेभ्यः" એ વાક્ય ઉચ્ચારતો મૃત્યુને શરણ થઇ ગયો. દુષ્ટ આનંદ પિતૃઘાતી થયો, અને પિતૃહત્યાના મહા પાપથી તે કલંકિત બન્યો હતો. પિતૃઘાતી આનંદના આવા દુષ્ટ કર્મથી સર્વ પ્રજા તેની ઉપર નારાજ થઇ હતી, પણ સિંહરાજાની પૂર્વની આજ્ઞાથી તે પ્રજા શાંત બેસી રહી હતી, તથાપિ તેમના હૃદયમાં પિતૃઘાતી આનંદ રાજા તરફ અત્યંત અભાવ ઉત્પન્ન થયો હતો, સર્વ પ્રજાજન મન, વચન અને કાયાથી આનંદ રાજા તરફ પોતાનો અણગમો બતાવતા હતા.

પ્રકરણ ૭ મું.

કર્મ પરિણામ.

આનંદ રાજા પિતૃઘાતી થયો, ત્યારથી પ્રજા તેની ઉપર વિરક્ત થઇ ગઇ હતી તથાપિ સિંહરાજાની આજ્ઞાથી તે ઉપેક્ષાથી તેની સાથે [illegible] આનંદ [illegible] દુરાત્મા

પુત્રના હાથે નિર્દોષ પિતાનો ઘાત



સાધન કર્મની શક્તિ છે. માનવ જીવનની પ્રવૃત્તિ કર્મની શક્તિને અનુસરીને ચાલે છે. સિંહ રાજાનો આત્મા પ્રથમથીજ સન્માર્ગનો અનુયાયી થયો છે. તેની મનોવૃત્તિમાં ઉત્તમ પ્રકારની ભાવનાએ વાસ કર્યો છે. તેના પ્રથમ ભવનો આરંભ કેવી ઉત્તમતામાં થાય છે, એ ભાવ તેના પ્રથમના ગુણસેનના અવતારમાં સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. તેણે આદ્ય ભવમાંથીજ પોતાની ઉત્તમ વૃત્તિ પ્રગટ કરેલી હતી અને તેથી તે ઉત્તરોત્તર ઉત્તમ અધિકારી બનતો જાય છે. અગ્નિશર્માની પ્રવૃત્તિ આદ્ય ભવથીજ અધમ છે. તેની મનોવૃત્તિમાં વિવિધ પ્રકારની કુવાસનાઓ પ્રગટ થતી આવે છે, તે વાસનાના પ્રભાવથી અગ્નિશર્મા બીજા ભવમાં આનંદકુમાર થઈ અધમ વૃત્તિની અધમતાથી તે નરકાવાસની યોગ્યતાનો પાત્ર બન્યો છે.

વાંચનારે આ બંને પાત્રોના ચરિત્ર ઉપરથી ઘણું શીખવાનું છે. ભદ્રક આત્મા કેવી ભાવના બાંધે છે અને પાપી આત્મા કેવી પ્રવૃત્તિમાં પડે છે ? એ શિક્ષણ આ ઉભય ચરિત્ર ઉપરથી પ્રાપ્ત કરી શકાય તેમ છે. ગુણસેન અને અગ્નિશર્માનું ચરિત્ર સદ્વૃત્તિનું પોષક છે અને અગ્નિશર્મા અને આનંદકુમારનું ચરિત્ર કુવૃત્તિનું પોષક છે. આ ઉભય ચરિત્રમાં પુણ્યનો પ્રભાવ શેમાં પ્રગટ છે ? અને ઉત્તમ મનોવૃત્તિનો વિકાશ શાથી થાય છે ? એ વિચાર સુજ્ઞ વાંચકોએ અવશ્ય કરવાનો છે અને તે ઉપરથી માર્ગાનુસારી થવાના અધિકારનો બોધ ગ્રહણ કરવાનો છે.

—ooo—

આ વખતે એક તેજસ્વી યુવાન પુરૂષ આવી તે મહાત્માને વંદના કરી આગળ બેઠો. તે તરૂણ પુરૂષની મુખમુદ્રા ઉપર ધર્મની પ્રભા પ્રસરી રહી હતી. તે મહાત્માના દર્શનથી તેનું હૃદય અતિ આનંદિત થયું હતું, તે મહાત્માની ભવ્ય મૂર્ત્તિ જોઇ તે તરૂણના હૃદયમાં અનેક પ્રકારના સંકલ્પો વિકલ્પો થવા લાગ્યા. અને તેની મનોવૃત્તિમાં અતિ આશ્ચર્ય થઇ આવ્યું.

વાંચનાર, આ તરૂણ પુરૂષને ઓળખવાને આતુર થયા હશો, એ તરૂણ પુરૂષ આ વાર્તાના પ્રસંગનો નાયક છે. માટે તેને ઓળખવાની અહિં જરૂર છે.

જંબુદ્વિપના અપર વિદેહ ક્ષેત્રમાં કોશ નામનું એક નગર છે. તે નગરમાં દશ દિશાઓને જિતનાર અજિતસેન નામે રાજા છે. તે રાજાને ઇંદ્રશર્મા નામે એક લોકપ્રિય મંત્રી છે. મંત્રી ઇંદ્રશર્માને શુભંકરા નામની સ્ત્રી થકી જાલિની નામે એક પુત્રી થઇ હતી, તે જાલિની જ્યારે યોગ્ય વયની થઈ, ત્યારે તેના પિતા ઇંદ્રશર્માએ તે રાજાના બુદ્ધિસાગર નામના બીજા મંત્રીના પુત્ર બ્રહ્મદત્તની સાથે તેનો વિવાહ કર્યો હતો. બ્રહ્મદત્ત અને જાલિનીનો સંસાર સુખે ચાલ્યા પછી જાલિની સગર્ભા થઇ. ગર્ભ ધારણ થતી વખતે જાલિનીને સ્વપ્નમાં પોતાના ઉદરમાં સુવર્ણના પૂર્ણ કુંભનું દર્શન થયું, જાણે તેણીએ તે કુંભને પોતાના હાથે બાહેર કાડવા માંડ્યો ત્યાં તે ભગ્ન થઇ ગયો. આવું સ્વપ્નું જોતાંજ તે ભયભીત થઇ જાગી ગઇ. આ સ્વપ્નાની વાર્ત્તા તેણીએ પોતાના પતિ બ્રહ્મદત્તને જણાવી નહીં. જ્યારે અનુક્રમે ગર્ભ-

વૃદ્ધિ પામ્યો, ત્યારે તેણીને અંગમાં અનેક જાતની વ્યથા ઉત્પન્ન થઇ. આથી હૃદયમાં કંટાળી તેણીએ તે ગર્ભને પાડવાના અનેક ઉપાયો કરવા માંડ્યા, તથાપિ પૂર્વ કર્મના વિપાકથી તે ગર્ભ પડ્યો નહીં. જાલિની પોતાના ગર્ભને પાડવાની ઇચ્છા રાખે છે, આ વાત તેના પતિ બ્રહ્મદત્તના જાણવામાં આવી, એટલે તેણે પોતાના વિશ્વાસુ પરિજનને સૂચવ્યું કે, "તમારે પ્રસુતિ વખતે એ ગર્ભનો નાશ ન થાય, તેમ પ્રયત્ન કરવો. અને તેણીના હૃદયને છેતરી મને તે ગર્ભ સોંપી દેવો." બ્રહ્મદત્તના આ વચન સાંભળી પરિજન તેમ કરવાને કબુલ થયો. અનુક્રમે જાલિનીને પ્રાણીનો અદ્રોહ, દેવપૂજા, ગુરૂસેવા અને ધર્મને સાંભળવાનો દોહદ ઉત્પન્ન થયો. બ્રહ્મદત્તે તેણીનો એ પવિત્ર દોહદ પૂર્ણ કર્યો. ગર્ભના પ્રભાવથી તે જાલિની લોકોના હૃદયને પરમ આનંદદાયિની થઇ પડી હતી. જ્યારે પ્રસવનો સમય થયો એટલે તેણીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. બાલપુત્રને જોતાંજ તેના હૃદયમાં એવો કુવિચાર ઉત્પન્ન થયો કે, કોઇ પણ ઉપાયથી આ બાળકને મારવો જોઇએ. પણ આટલા પરિજનની દૃષ્ટિ આગળ તેને કેવી રીતે મારવો? જાલિનીનો આ કુવિચાર બંધુળા નામની તેની બાલસખીના જાણવામાં આવ્યો. બંધુળાને બ્રહ્મદત્તે ગર્ભની રક્ષા કરવા માટે ભલામણ કરી હતી, તેથી તેણીએ પોતાની સખી જાલિનીને કહ્યું, "સખી, આ ગર્ભ પાપી છે, તેના ગર્ભના રક્ષણની ઉપાધિ તારે શા માટે કરવી જોઇએ? તેથી જો તારી ઇચ્છા હોય તો હું તેને એક[illegible] નાખી દઉં" બંધુ-

છવાનો આ વિચાર જાણી જાલિનીએ કહ્યું કે, "મારી ઇચ્છા એવી છે કે, તેને એકાંતે લઇ જઇ મારી નાંખવો." બંધુ-જીવાએ એ વાત માન્ય કરી. પછી જાલિનીએ એ બાળપુત્ર બંધુજીવાને આપ્યો. સ્વામીભક્તિવાળી બંધુજીવાએ તે બાળક બ્રહ્મદત્તને સોંપી દીધો. દયાળુ અને પુત્રપ્રેમી બ્રહ્મદત્તે તે બાલને સારી સ્થિતિમાં રાખી લોકોમાં જાહેર કરાવ્યું કે, "જાલિનીને મરેલો ગર્ભ અવતર્યો હતો."

જાલિનીનો તેજસ્વી પુત્ર ધાત્રીમાતાના રક્ષણ નીચે ઉછેરવામાં આવ્યો. પુત્રવત્સલ બ્રહ્મદત્તે તેનું શિખી એવું નામ પાડયું. શિખી યોગ્ય વયનો થયો, એટલે તેને પાઠશાળામાં બેસાર્યો. અલ્પ સમયમાં તે સર્વ કળાઓને શીખી ગયો. જ્યારે તે પ્રૌઢ થયો એટલે બ્રહ્મદત્તે તેને દત્તક તરીકે ગ્રહણ કર્યો. આમ કરવાથી લોકોમાં શિખી તેનો ઔરસ પુત્ર છે, એ વાત છુપી રહી.

એક વખતે જાલિનીના જાણવામાં આવ્યું કે, શિખી એ તેણીનો પુત્ર છે, અને પોતાના પિતાએ તેને છુપી રીતે રાખી ઉછેર્યો છે. એ કાર્યમાં પોતાની સખી બંધુજીવા સામેલ છે. આ વૃત્તાંત જાણી જાલિની ક્રોધથી પ્રજ્વલિત થઇ ગઇ. તેણીની મનોવૃત્તિમાં ભારે રોષ ઉત્પન્ન થઇ આવ્યો. પછી તરત તે ગૃહકાર્યને છોડી દઇ પોતાના પતિ પાસે આવી અને તેણીએ બ્રહ્મદત્તને કહ્યું, "રાજા, એક મ્યાનમાં બે તરવાર રહે નહીં, કાંતો તમારા ઘરમાં આ શિખી રહે અથવા હું રહું. જો આ શિખીને

વૃદ્ધિ પામ્યો, ત્યારે તેણીને અંગમાં અનેક જાતની વ્યથા ઉત્પન્ન થઇ. આથી હૃદયમાં કંટાળી તેણીએ તે ગર્ભને પાડવાના અનેક ઉપાયો કરવા માંડ્યા, તથાપિ પૂર્વ કર્મના વિપાકથી તે ગર્ભ પડ્યો નહીં. જાલિની પોતાના ગર્ભને પાડવાની ઇચ્છા રાખે છે, આ વાત તેના પતિ બ્રહ્મદત્તના જાણવામાં આવી, એટલે તેણે પોતાના વિશ્વાસુ પરિજનને સૂચવ્યું કે, "તમારે પ્રસુતિ વખતે એ ગર્ભનો નાશ ન થાય, તેમ પ્રયત્ન કરવો. અને તેણીના હૃદયને છેતરી મને તે ગર્ભ સોંપી દેવો." બ્રહ્મદત્તના આ વચન સાંભળી પરિજન તેમ કરવાને કબુલ થયો. અનુક્રમે જાલિનીને પ્રાણીનો અદ્રોહ, દેવપૂજા, ગુરૂસેવા અને ધર્મને સાંભળવાનો દોહદ ઉત્પન્ન થયો. બ્રહ્મદત્તે તેણીનો એ પવિત્ર દોહદ પૂર્ણ કર્યો. ગર્ભના પ્રભાવથી તે જાલિની લોકોના હૃદયને પરમ આનંદદાયિની થઇ પડી હતી. જ્યારે પ્રસવનો સમય થયો એટલે તેણીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. બાલપુત્રને જોતાંજ તેના હૃદયમાં એવો કુવિચાર ઉત્પન્ન થયો કે, કોઇ પણ ઉપાયથી આ બાળકને મારવો જોઇએ. પણ આટલા પરિજનની દૃષ્ટિ આગળ તેને કેવી રીતે મારવો? જાલિનીનો આ કુવિચાર બંધુજીવા નામની તેની બાલસખીના જાણવામાં આવ્યો. બંધુજીવાને બ્રહ્મદત્તે ગર્ભની રક્ષા કરવા માટે ભલામણ કરી હતી, તેથી તેણીએ પોતાની સખી જાલિનીને કહ્યું, "સખી, આ ગર્ભ પાપી છે, તેવા ગર્ભના રક્ષણની ઉપાધિ તારે શામાટે કરવી જોઇએ? તેથી જો તારી ઇચ્છા હોય તો હું તેને એકાં નાંખી દઉં." બંધુ-

છવાનો આ વિચાર જાણી જાલિનીએ કહ્યું કે, " મારી ઇચ્છા એવી છે કે, તેને એકાંતે લઈ જઇ મારી નાંખવો. " બંધુછવાએ એ વાત માન્ય કરી. પછી જાલિનીએ એ બાળપુત્ર બંધુછવાને આપ્યો. સ્વામીભક્તિવાળી બંધુછવાએ તે બાળક બ્રહ્મદત્તને સોંપી દીધો. દયાળુ અને પુત્રપ્રેમી બ્રહ્મદત્તે તે બાલને સારી સ્થિતિમાં રાખી લોકોમાં જાહેર કરાવ્યું કે, " જાલિનીને મરેલો ગર્ભ અવતર્યો હતો."

જાલિનીનો તેજસ્વી પુત્ર ધાત્રીમાતાના રક્ષણ નીચે ઉછેરવામાં આવ્યો. પુત્રવત્સલ બ્રહ્મદત્તે તેનું શિખી એવું નામ પાડ્યું. શિખી યોગ્ય વયનો થયો, એટલે તેને પાઠશાળામાં બેસાર્યો. અલ્પ સમયમાં તે સર્વ કળાઓને શીખી ગયો. જ્યારે તે પ્રૌઢ થયો એટલે બ્રહ્મદત્તે તેને દત્તક તરીકે ગ્રહણ કર્યો. આમ કરવાથી લોકોમાં શિખી તેનો ઔરસ પુત્ર છે, એ વાત છુપી રહી.

એક વખતે જાલિનીના જાણવામાં આવ્યું કે, શિખી એ તેણીનો પુત્ર છે, અને પોતાના પિતાએ તેને છુપી રીતે રાખી ઉછેર્યો છે. એ કાર્યમાં પોતાની સખી બંધુછવા સામેલ છે. આ વૃત્તાંત જાણી જાલિની ક્રોધથી પ્રજ્વલિત થઇ ગઇ. તેણીની મનોવૃત્તિમાં ભારે રોષ ઉત્પન્ન થઇ આવ્યો. પછી તરત તે ગૃહકાર્યને છોડી દઇ પોતાના પતિ પાસે આવી અને તેણીએ બ્રહ્મદત્તને કહ્યું, "રાજા, એક મ્યાનમાં બે તરવાર રહે નહીં, કાંતો તમારા ઘરમાં આ શિખી રહે અથવા હું રહું. જો આ શિખીને

અશોકવૃક્ષ ત્યાં સ્થાપિત કરવામાં આવ્યું. પછી પાદપીઠ સહિત રત્નમય સિંહાસન ઉપર પ્રભુ બિરાજમાન થયા એટલે સર્વ દેવતાઓ, મનુષ્યો, અને તિર્યંચો, આવી તે ભૂમિમાં યથાયોગ્ય આસને વિરાજીત થયા. પર્ષદા પરિપૂર્ણ ભરાયા પછી પ્રભુએ યોજનગામિની વાણીથી દેશના આપી. જે દેશનામાં પ્રભુએ આ સંસારની અસારતા, મનુષ્ય જન્મની દુર્લભતા સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરી હતી.

વિજયસિંહસૂરિના મુખથી આટલો વૃત્તાંત સાંભળી બ્રહ્મદત્તનો પુત્ર શિખી હૃદયમાં આનંદ પામી ગયો. તેની મનોવૃત્તિ ઉપર ભગવદ્ વાણીનો પ્રભાવ પ્રસરી ગયો. તેનું અંતરંગ ભક્તિમય બની ગયું, પછી તેના હૃદયમાં તે વિષેની પ્રબલ જિજ્ઞાસા પ્રગટ થઇ આવી.

—o◦o—

પ્રકરણ ૨ જું.

મોહની કર્મનો પ્રભાવ.

[illegible]ની પુત્ર શિખીએ વિનયથી સૂરિવરને કહ્યું—" મ-
[illegible]હાનુભાવ પછી અજિતદેવ પ્રભુએ આપને ધર્મદેશના આપી,
[illegible] પછી શુ થયું, તે કૃપા કરી જણાવો." પ્રભુના પવિત્ર
વચનને સાંભળવાની પ્રબળ ઉત્કંઠા મારામાં પ્રગટ થઇ છે.

વિજયસિંહસૂરિ શાંત સ્વરથી બોલ્યા—ભદ્ર આગળ તેણી
[illegible] સમાપ્ત થયા પછી મેં નમ્રતાથી પ્રશ્ન કર્યો—" ભગવન્

આ નાળીએરીના વૃક્ષ નીચે દ્રવ્ય છે કે નહિ ? અને દ્રવ્ય હોય તો તે કેટલું છે ? અને કોણે નાંખ્યું છે ? તે કૃપા કરી જણાવો."

ત્યારે આ પ્રશ્ન સાંભળી પ્રભુ પ્રસન્ન થઈને બોલ્યા—"આ નાળીએરીનો પાયો લોભના દોષથી ઉદીર્ણ થયો છે. તેની નીચે સાતલાખ સોનામ્હોર જેટલું દ્રવ્ય છે. શુભ વિપાકને આપનારૂં તે દ્રવ્ય તેં અને આ નાળીએરીના જીવે નાંખેલું છે."

પ્રભુના આ વચન સાંભળી મેં કહ્યું, "સ્વામી તે મેં અને આ નાળીએરીના જીવે એ દ્રવ્ય નાંખ્યું હોય તો હું આવો કેમ અને આ જીવ આવો કેમ થયો ?" ત્યારે આ પ્રશ્ન સાંભળી પ્રભુ મધુર સ્વરથી બોલ્યા ભદ્ર તે વૃત્તાંત સાવધાન થઈને સાંભળ—પૂર્વે આ વિજયની અંદર આવેલા અમરપુર નામના નગરમાં અમરદેવ નામે એક ધનાઢ્ય ગૃહપતિ હતો. તેને સુંદરી નામે સ્ત્રી હતી. તું અને આ નાળીએરીનો જીવ બંને તેના પુત્રો હતા. ગુણચંદ્ર અને બાલચંદ્ર એવાં તમારા નામ હતાં. અનુક્રમે તમે બંને યુવાવસ્થાને પ્રાપ્ત થયા. એક વખતે ઘણાં વસ્ત્રાદિક લઈ તમે બંને વ્યાપાર કરવાને બાહેર નિકળ્યા. ફરતા ફરતા આ સ્થાને આવી પહોંચ્યા. તમોને તે વસ્ત્રાદિકનો વિક્રય કરવાથી ઘણો લાભ પ્રાપ્ત થયો હતો. તે વખતે આ લક્ષ્મી પર્વતનો રાજા સુરેન્દ્ર હતો. વિજયવર્મ નામના કોઈ રાજાએ તેની પર ચઢાઈ કરી. પછી તે રાજા પોતાનો દેશ [illegible] નાખી [illegible] આ લક્ષ્મી પર્વતનો [illegible]

તમે બંને સર્વ સારરૂપ દ્રવ્ય લઇ આ લક્ષ્મી પર્વ ઉપર આરૂઢ થયા. તમોએ દીર્ઘ વિચાર કરી તે દ્રવ્યને આ સ્થળે દાટી રાખ્યું. દૈવયોગે ગુણચંદ્રના મનમાં વિકાર ઉત્પન્ન થયો. તેણે વિચાર્યું કે, "આ બાલચંદ્ર મારો ભાગીદાર છે, તે જો ન હોય તો બધા દ્રવ્યનો સ્વામી હું થાઉ" આવું વિચારી તેણે તને વિષ દઈ મારી નાંખ્યો. તું સરલ હૃદયનો હતો તેથી આ સ્થળે વ્યંતર થયો. તે પછી ગુણચંદ્રને સર્પ કરડ્યો એટલે તે પણ આજ સ્થળે મૃત્યુ પામી ગયો. દ્રવ્યતો તેમજ રહ્યું અને તમે બંને મૃત્યુ પામી ગયા. ગુણચંદ્ર પાપ કર્મના યોગથી મરીને રત્નપ્રભા ભુમિમાં નારકી થયો. એક દેશે ન્યુન એવી પલ્યોપમની આયુષ્ય ભોગવી તું મૃત્યુ પામ્યો અને તે પછી ઢંકનગરના રહેવાશી હરિનંદી નામના સાર્થવાહની સ્ત્રી વસુમતીના ઉદરથી દેવદત્ત નામે પુત્ર થયો. તારો ભાઈ ગુણચંદ્ર નારકીમાંથી નીકળી આ સ્થલે સર્પ થયો અને તે તમે દાટેલા દ્રવ્યની ઉપર સ્થાન કરીને રહ્યો. એક વખતે તું યુવાન થઇ ફરતો ફરતો અહિં લક્ષ્મીદેવીની યાત્રા અર્થે આવી ચડ્યો. તેં ભક્તિથી તે લક્ષ્મીદેવીની પૂજા કરી, દીન તથા ગરીબોને દાન આપ્યાં અને ભોજન કરાવ્યું. પછી તું આ સ્થળે ભમતો હતો ત્યાં પેલા સર્પે તને અવલોકયો અને તને તે દ્વેષથી કરડ્યો. તેના ઉગ્ર વિષથી તું પૃથ્વી ઉપર પડીને મરી ગયો. પછી તારા સેવકોએ તે સર્પને મારી નાંખ્યો. તે સર્પ પુનઃ સિંહ થઇને આ સ્થળે ઉત્પન્ન થયો. તે પછી તું અ. વિજયની અંદર કૃતાર્ગલા નામની નગરીમાં શિવદેવ

તથા યશોધરા નામના કોઇ ગૃહસ્થ દંપતીને ઘેર પુત્ર રૂપે ઉત્પન્ન થયો. તારૂં નામ ઇન્દ્રદેવ પાડયું હતું; આ સ્થલે રહેલા દ્રવ્ય ઉપર શુભચંદ્ર સિંહ થઇને રહ્યો હતો. જ્યારે તું યુવાન થયો ત્યારે વીરદેવ નામના રાજાએ તે નગરના સ્વામી માનભંગની પાસે તને મોકલ્યો. તારી સાથે કેટલાક માણસો હતાં. આવતાં આવતાં તું આ સ્થલે વિશ્રાંત થયો તે વખતે સિંહ થઇને અવતરેલા શુભચંદ્રે તને જોયો, તત્કાલ પૂર્વના દ્વેષથી તેણે તને મારી નાંખ્યો. તે પછી શ્રી સ્થલનગરમાં યક્ષદાસ નામના એક ચંડાલની ભાગ્યલક્ષ્મી નામની સ્ત્રીના ઉદરથી તમો બંને જોડલા થઇ અવતર્યા. તેમાં તું કાલસેન નામે વિખ્યાત થયો અને તારો ભાઇ ચંડસેન નામે વિખ્યાત થયો. તમો બંને ભાઇ મૃગયા રમવાને આ પર્વત ઉપર આવ્યા. તમોએ સાથે રહી આ સ્થલે એક વરાહનો શીકાર કર્યો. પછી આ દ્રવ્યના સ્થલ ઉપર આવી તે વરાહના માંસને પકાવીને તેનું ભોજન કર્યું. પછી તારા ભાઇ ચંડસેને પોતાના શસ્ત્રથી પૃથ્વી ખોદી, ત્યાં તે દ્રવ્યના નિધિનો કાંઠો તેના જોવામાં આવ્યો. તેણે યુક્તિથી તે છુપાવવા માડ્યો, પણ તારા જોવામાં તે આવી ગયો. પછી તે સમગ્ર દ્રવ્ય પોતાને લેવાની ઇચ્છાથી તને વિશ્વાસ પમાડી મારી નાંખ્યો પછી તું મૃત્યુ પામીને ત્રીજી નારકે પાંચ સાગરોપમની આયુષ્યે ઉત્પન્ન થયો. તારો ભાઇ ચંડસેન તે દ્રવ્ય લેવા ત્યાં રહ્યો, તેવામાં કોઇ શત્રુએ આવી તેને આ સ્થળે મારી નાંખ્યો. તે મર્યા પછી અઢાર સાગરોપમની આયુ-

ચ્યે છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થયો. તું ત્રીજી નરકમાંથી નીકળી શ્રીમતી નગરીના નિવાસી **શાલિભદ્રની નંદિની** નામની સ્ત્રીના ઉદરથી **બાલસુંદર** નામે પુત્ર થયો. જ્યારે તું યોવન વયમાં આવ્યો, ત્યારે **શીલદેવ** નામના કોઇ મુનિનો તારે યોગ થઇ આવ્યો. તે મુનિ પાસેથી તું શ્રાવક ધર્મને પ્રાપ્ત થયો, શ્રાવક ધર્મના આચરણથી તું મૃત્યુ પામી લોકાંત દેવલોકમાં તેર સાગરોપમની આયુષે દેવતા થયો. ત્યાંથી ચ્યવીને હસ્તિનાપુરમાં રહેતા **સુહસ્તી** શ્રેષ્ટીની સ્ત્રી **કીર્ત્તિમતી** નામની સ્ત્રીથી પુત્રરૂપે ઉત્પન્ન થયો. તારૂં નામ **સમુદ્રદત્ત** પાડવામાં આવ્યું હતું. તારો ભાઇ નરકમાંથી નીકળી તારા પિતાની **સોમિલા** નામની દાસીમાં **મંગલક** નામે ઉત્પન્ન થયો. તમો બંને જ્યારે યુવાન થયા, ત્યારે **અનંગદેવ** નામના મુનિ પાસેથી શ્રાવક ધર્મને પ્રાપ્ત થયા. આ લક્ષ્મી પર્વતના નિવાસી **બલ** નામના સાર્થવાહને **જિનમતી** નામે એક શ્રાવિકા પુત્રી હતી. તેણીની સાથે તારો વિવાહ થયો. એક વખતે તું મંગલકની સ્ત્રી **જિનમતી**ને જોવા આવતાં આ દ્રવ્યના નિધિ પાસે વિશ્રાંત્તિ લેવા બેઠો, તેવામાં એક પાયો તારા જોવામાં આવ્યો. તે ઉપરથી તેં કહ્યું કે, આ સ્થાને દ્રવ્ય છે. તે સાંભળી દાસીપુત્ર મંગલક તે સ્થાને ખોદવા લાગ્યો. ક્ષણવારે એક નિધિનો કાંઠો જોવામા આવ્યો. એ વખતે દાસીપુત્ર મનમાં ચિંતવ્યુ કે, આ સ્વામી સમુદ્રદત્તને છેતરી આ અમૂલ્ય દ્રવ્યનિધિ હું પોતેજ [illegible] કરી લઉં, એ વખતે એ નિધાનનો કાંઠો [illegible] [illegible] આવ્યો. ત્યારે તેં કહ્યું

કે, 'અત્યારે એની શી જરૂર છે? ચાલો આપણે નગરની અંદર જઇએ, દ્રવ્યના ભંડારને મેળવી હર્ષ પામેલા દાસીપુત્રને જોઇ તેં કહ્યું, કે તારે આ વૃત્તાંત કોઇની આગળ કહેવો નહિ, હું કહીશ નહિ, એમ કહી તેણે પોતાના હૃદયમાં ચિંતવ્યું કે " આ સ્વામી મને ઉતરવાનો વિચાર કરે છે, પણ તે પહેલાં હું તેને મારી આ ભંડાર હાથ કરી લઉં " પછી તમે અહિંથી આગલ ચાલ્યા. નગરની બાહેર આવેલા બગીચામાં વિશ્રાંતિ લઇ તેં તે દાસીપુત્રને કહ્યું કે ' તું નગરમાં જઇ મારા સાસરાના ઘરની તપાસ કરી આવ, તારી આજ્ઞાથી તે સેવક ચાલ્યો, પણ રસ્તામાં જતાં તેણે વિચાર કર્યો કે, " જો તે તેને સાસરાને ઘેર પહોંચશે તો પછી સત્વર આવીને તે દ્રવ્યનો ભંડાર કબજે કરી લેશે, માટે કોઇ એવી યુક્તિ કરૂં કે, તેના સસરાના ઘરમાં પ્રવેશ જ થાય નહિં " આવું ચિંતવી તે નગરમાં આમ તેમ ફરી પાછો ફર્યો ને તેણે નિસ્તેજ વદને આવીને તને જણાવ્યું કે "ભાઇ, તમારી સ્ત્રીએ લોક વિરૂદ્ધ કામ કર્યું છે, ને આપણા આવવાની વાત સાંભળી તે કોઇ ઠેકાણે નાશી ગઇ છે. હવે તેના પિતાના ઘરમાં પ્રવેશ કરવો તે ઘટિત નથી. " મંગલકના આવા વચન સાંભળી તેં તારા હૃદયમાં ચિંતવ્યું કે, " અરે સ્ત્રી જાતને ધિક્કાર છે; તે સ્ત્રી જૈન શાસ્ત્રથી વાસિત અને કુલીન હતી, તે છતાં મોહને વશ થઇ તેણીએ આવું કામ કર્યું. હવે એવા અનુચિત ગૃહાવાસમાં રહેવું યોગ્ય નથી. હવે તો કામદેવનો સંગ છોડી અનંગદેવ મુનિની પાસે વ્રત ગ્રહણ કરવું યોગ્ય છે ' આવું ચિંતવી તે મંગલકને કહ્યું કે, " ભાઇ, તું પિતા

પાસે ચાલ્યો જા, હું તારી સાથે આવવાનો નથી." તારા આવા વચન સાંભળી મંગલકે હૃદયમાં વિચાર્યું કે "આ સમુદ્રદત્ત મને છેતરીને આ દ્રવ્યનો નિધિ લેવાની ઇચ્છા રાખે છે. માટે તેને અહિં મારી નાંખવો યોગ્ય છે." આવું ચિંતવી મંગલક મધુર વાણીથી બોલ્યો "બન્ધુ, આવા સ્થાનમાં તમને એકલા મુકી મારા પગ કેમ ઊપડે ?" તેના આવા વચન સાંભળી તેં કહ્યું, "ભાઇ મંગલક, જો તારે એવો આગ્રહ હોયતો આપણે કોઈ સાધુને પૂછવા ચાલો અનંગદેવ મુનિ પાસે જઇએ" આ પ્રમાણે વિચાર કરી તમે બંને તે માર્ગે ચાલ્યા. આગળ ચાલતાં કોઇ વિષમ જંગલ આવ્યું, એટલે તે દુર્બુદ્ધિ મંગલકે પોતાની પાસે રહેલી છરી વડે તને ઘાયલ કર્યો, તેવામાં અનંગદેવ મુનિના શિષ્યો આગળ ચાલતા હતા, તેમણે તને જોયો, એટલે મંગલક છરી છોડીને ત્યાંથી નાશી ગયો. એ છરીને જોઇ અને ઓળખી તારા જાણવામાં આવ્યું કે, "મંગલકે પેલા દ્રવ્યના નિધાનના લોભથી આ કામ કર્યું હશે. તેમ વળી મારી શ્રાવિકા સ્ત્રી જિનમતીનો વૃત્તાંત પણ તેણે ખોટો કહ્યો હશે. કારણ કે, તે કુલીન શ્રાવક બાળા કદિ પણ લોક વિરૂદ્ધ કામ કરેજ નહિ," આ પ્રમાણે તું વિચારતો હતો તેવામાં અનંગદેવ મુનિ સાધુઓની સાથે ત્યાં આવી પહોંચ્યા. તેમણે તને જોઇ અને ઓળખ્યો. જ્યારે તને તે વિષે પૂછ્યું એટલે તેં તેમની પાસે યથાર્થ વાત કહી બતાવી. પછી તેમની સાથે તું સ્થાનેશ્વર નગરમાં ગયો અને ત્યાં એક માસકલ્પ સાથે રહેતાં તને લાગેલો છરીનો ઘા રૂઝાઇ ગયો. તે પછી તારી સ્ત્રી જિનમતીનો સત્ય વૃત્તાંત તારા

જાણવામાં આવ્યો તે વખતે તારા હૃદયમાં ઉત્તમ પ્રકારની ભાવના પ્રગટ થઈ આવી. તેં ચિંતવ્યું કે, " અહો ! મોહની વિચિત્રતા કેવી છે? આ સંસાર કેવો નઠારો છે? મંગલકે દ્રવ્યની કામનાથી જિનમતી જેવી પવિત્ર સ્ત્રીને કલંક આપ્યું અને મારા શરીર ઉપર છરીનો ઘા કર્યો. જો કે જિનમતી અખંડ શીલવતી છે, તથાપી હવે મારે એ સ્ત્રીની પણ જરૂર નથી. આ સંસારજ દુઃખરૂપ છે. જો હું વ્રત ગ્રહણ કરીશ તો તત્ત્વને જાણનારી જિનમતિ પણ મારી પાછળ વ્રત ગ્રહણ કરશે. એટલે એ પવિત્ર સ્ત્રી પણ આ સંસારસાગરને ઉતરી જશે. " આવું ચિંતવી તેં અનંગદેવ મુનિની પાસે વ્રત ગ્રહણ કર્યું. કેટલેક દિવસે તારા વ્રત ગ્રહણની વાર્ત્તા જિનમતીના સાંભળવામાં આવી, એટલે જિનમતીનું હૃદય સંવિગ્ન થઈ ગયું. પછી તેણીએ તારી પાસે આવી તારી સ્તુતિ કરી હર્ષથી દીક્ષા અંગીકાર કરી, ગુરૂએ ઇર્ષ્યા વગેરે સ્ત્રીનો સ્વાભાવિક દોષ જાણી તેણીને સુમતિ નામની ગુરૂણીને શિષ્યા તરિકે અર્પણ કરી.

તે પછી અનુક્રમે નિરતિચાર સાધુપણું વિધિથી પાળી તું મૃત્યુ પામી ગયો. મૃત્યુ પામીને પચ્ચીશ સાગરોપમની આયુષ્યે ગ્રૈવેયક વિમાનમાં દેવતા થયો. તારો ભાઈ મંગલક તે દ્રવ્યના નિધાનને મોટી શિલાઓથી આચ્છાદિત કરી તેના મોહથી ત્યાં વાસ કરી રહ્યો અને ત્યાં સ્ત્રી માંસનો આહાર કરવા લાગ્યો. કેટલેક દિવસે તે મૃત્યુ પામી બાવીશ સાગરોપમની આયુષ્યે છઠ્ઠી નરક ભૂમિમાં નારકીપણે ઉત્પન્ન થયો.

ત્યાંથી નીકળી આ (વિજય) માં આવેલા રાષ્ઠવર્દ્ધન નગરમાં **વેલ્લીયક** નામના ચાંડાળને ઘેર બકરા રૂપે ઉત્પન્ન થયો. તે બકરો જ્યારે યૌવન વયમાં આવ્યો, ત્યારે તે બકરીઓના ટોળામાં રહી વિષય સુખ ભોગવવા લાગ્યો. એક વખતે ઘણી બકરીઓના ટોળા સાથે તે આ દ્રવ્યને સ્થળે આવી ચડ્યો, તેવામાં આ સ્થળને જોતાંજ તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઇ આવ્યું, તે જ્ઞાનના યોગથી તે લોભાંધ થઇ ત્યાંજ અડીને ઉભો રહ્યો, તેના ધણી વલ્લીયકે બળાત્કારે હાંકવા માંડયો, તો પણ તે ચાલ્યો નહિ. એટલે ગુસ્સામાં આવેલા વલ્લીયકે તેને જીવથી મારી નાંખ્યો. ત્યારપછી તે તે સ્થળે ઉંદર થઇને અવતર્યો. ને તેણે પૂર્વની જેમ તે દ્રવ્યના સ્થાનનો આશ્રય કર્યો.

એક વખતે **સોમચંદ્ર** નામનો કોઇ જુગારી આ સ્થળે આવ્યો. તેણે પોતાની આગળ ભમતા તે ઉંદરને મારી નાંખ્યો. તે પછી નાક તથા કાન વીના તેનીજ સ્ત્રીમાં તે પુત્ર રૂપે ઉત્પન્ન થયો. તેનું રૂદ્રચંડ એવું નામ પાડવામાં આવ્યું. તેને ખાતર પાડતાં શુલી ઉપર ચડાવવામાં આવ્યો. તે પછી તે નારકી થયો. તેમાં ત્રણ સાગરોપમની આયુષ્ય પૂર્ણ થતાં તે આ વિજયમાં અને આજ નગરમાં **અશોકદત્ત** નામના શ્રેષ્ઠીની શુભંકરા નામની પત્નિમાં શ્રી નામે પુત્રી થઇ. જ્યારે શ્રી યૌવનવતી થઇ, ત્યારે **સાગર** શ્રેષ્ઠીનો પુત્ર સમુદ્રદત્ત તેણીને પરણ્યો. તે શ્રી અને સમુદ્રદત્ત વિષયભોગ ભોગવતાં શ્રીના ઉદરમાં ગ્રૈવેયક વિમાનથી ચ્યવીને તું પુત્રરૂપે અવતર્યો. તારૂં નામ સાગરદત્ત

પાડ્યું હતું. જ્યારે સાગરદત્ત યૌવનવયમાં આવ્યો, ત્યારે દેવશર્મા નામના ગુરૂ પાસેથી તેણે આર્હતધર્મને પ્રાપ્ત કર્યો. તે પછી ઇશ્વરસ્કંદ નામના શ્રાવકની નંદિની નામની પુત્રીની સાથે સાગરદત્તનો વિવાહ થયો. તેની સાથે ભોગ ભોગવતાં તારે એક પુત્ર ઉત્પન્ન થયો. તેનો જન્મોત્સવ કરવાને તું આ સ્થળે આવ્યો. અહિં આવી તે પુત્રના પારણાને માટે એક સ્થંભ લેવાને તેં આ સ્થળે ખાડો કર્યો, તેવામાં તે દ્રવ્યના ભંડારનો કોઠો તારા જોવામાં આવ્યો. પછી તેને પૂરી દઇ બીજે સ્થળે ખાડો કરી ભુખ્યા લોકોને ભોજન કરાવી પોતે ભોજન લઇ સ્વજન વર્ગની સાથે નગરમાં આવ્યો. તું માતૃભક્ત હતો તેથી તેં તારી માતાને તે દ્રવ્યના નિધાન વિષે પૂછ્યું, એટલે તેણીએ કહ્યું કે, "તે નિધિ જોયા પછી હું તને યોગ્ય લાગશે તે કહીશ" માતાનાં આ વચન સાંભળી તું માતાને તે નિધિના સ્થાનમાં લઇ ગયો. તે નિધિને નજરે જોઇ તારી માતાએ લોભથી, અજ્ઞાનથી અથવા પૂર્વના અભ્યાસથી હૃદયમાં વિચાર્યું કે, "આ પુત્રને મારી હું એકલી એ દ્રવ્ય લઉં" આવું ચિંતવી માતા બોલી "વત્સ, આ નિધાનનું દ્રવ્ય ઘણું છે, માટે જો આપણે તે ઘેર લઇ જઇશું તો તે વાત રાજાના જાણુવામાં આવ્યા વગર રહેશે નહિ, જો રાજા જાણશે તો પછી તે તેની સાથે આપણું પરનું દ્રવ્ય પણ લઇ લેશે, માટે આ દ્રવ્ય કોઇ સમયે લેવુ હમણા તો તેને પૂરી દેવુ" માતાના આ વચન સાંભળી તે માતાને કહ્યું કે, "માતા, તમારી જેવી આજ્ઞા હોય તેમ કરીશ." પછી તમે બંને માતા અને પુત્ર નગરમાં આવ્યા

કેટલાએક દિવસો સુખમાં ચાલ્યા ગયા. પૂર્વ ભવના અભ્યાસથી લોભના ક્ષોભવાળી તારી માતા તે દ્રવ્ય લેવાને તારો વધ ચિંતવવા લાગી. એક વખતે તેં પૌષધવ્રત ગ્રહણ કરેલ તેના પારણાને દિવસે તને વિષ આપ્યું. દ્રવ્યના લોભથી લુબ્ધ થયેલી માતાએ પુત્રનો ઘાત કર્યો. જ્યારે તને મુર્છા આવી ત્યારે તારી માતા નંદિનીએ લોકોની આગળ શુદ્ધ રહેવાને મહાન કોળાહલ કરવા માંડ્યો. તેનો કોળાહલ સાંભળી સ્વજન વર્ગ એકઠો થયો. તેવામાં કોઈ એક સિદ્ધ પુરૂષ તારે ઘેર આવી ચડ્યો. તને પોતાનો સાધર્મી જાણી મંત્રના પ્રભાવથી વિષ રહિત કરી દીધો. તે પછી આયુષ્યની ક્ષણિકતા જાણી તારામાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ આવ્યો. વૈરાગ્યના પ્રભાવથી તેં હેમશર્મા ગુરૂની પાસે સત્વર વ્રત ગ્રહણ કર્યું. તે વ્રતને નિરતિચારપણે પાળી અનુક્રમે કાળધર્મ પામી ત્રીશ સાગરોપમની આયુષ્યે તું ગ્રૈવેયકમાં દેવતા થયો. તારી માતા તે દ્રવ્યના નિધિ ઉપર મોહ કરી ત્યાંજ મૃત્યુ પામી, પન્નર સાગરોપમની આયુષ્યે પાંચમી નરકે ઉત્પન્ન થઈ. તે પછી નરકમાંથી નીકળી વિવિધ પ્રકારની તિર્યંચ યોનિમાં ભ્રમણ કરી લોભના દોષથી આ જાતીમેદી રૂપે ઉત્પન્ન થયેલી છે. તું ગ્રૈવેયક વિમાનથી ચ્યવી સાગરદત્ત શેઠની સ્ત્રી શ્રીમતીના ઉદરમાં આ પુત્રરૂપે ઉત્પન્ન થયેલો છે. આ પ્રમાણે આ દ્રવ્ય સંબંધી તમારો બન્નેનો વૃત્તાંત છે."

હે શ્રીમતી, આ પ્રમાણે તે મહામુનિના મુખથી મારો પૂર્વ વૃત્તાંત સાંભળી મને હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ આવ્યો. હું

પ્રકરણ ૩ જું.

શિખીનો સદ્બોધ.

સૂરિવર વિજયસિંહની વાણી સાંભળ્યા પછી બ્રહ્મદત્તના પુત્ર શિખીના હૃદય ઉપર સારી અસર થઈ હતી. શિખી પ્રભુના મુખથી પ્રરૂપેલા ધર્મને સાંભળવાને ઉત્સુક થયો હતો. સદ્બુદ્ધિ શિખીએ વિનયથી સૂરિવરને કહ્યું, " મહાનુભાવ, શ્રી જિનભગવંતે ધર્મને કેવી રીતે પ્રરૂપેલો છે ? તે મને કૃપા કરી સંભળાવો. "

શિખીની આ પ્રાર્થના ધ્યાનમાં લઈ સૂરિવર વિજયસિંહ બોલ્યા " ભદ્ર, ધર્મ વિષેનો તારો પ્રશ્ન સાંભળી મારા હૃદયમાં અતિ આનંદ ઉત્પન્ન થાય છે. પરોપકારી પ્રભુએ ધર્મની પ્રરૂપણા કેવી રીતે કરેલી છે તે તું સાવધાન થઈને સાંભળ— " દાન, શીળ, તપ અને ભાવ—એ ચાર પ્રકારનો મુખ્ય ધર્મ છે. તેમાં પ્રથમ દાનધર્મ અભયદાન જ્ઞાનદાન અને ધર્મોપષ્ટંભદાન—એવા ત્રણ પ્રકારના છે. સર્વ પ્રાણીમાત્ર ની રક્ષા કરવી એ અભયદાન કહેવાય છે. રાજા અને રંકને જીવવાની ઇચ્છા સરખી છે. રાજા જીવવાના લોભથી રાજ્યનો પણ ત્યાગ કરવા તૈયાર થાય છે. જે પ્રાણી એવું ઉત્તમ અભય દાન આપે છે, તે પ્રાણી રૂપવાન, નિરોગી, દીર્ઘાયુ અને શ્રેષ્ટ જીવનવાળો થાય છે.

બીજું જ્ઞાનદાન ઘણુંજ ઉપયોગી છે. જ્ઞાનના દાનને

પ્રાપ્ત થયેલો પ્રાણી બંધ તથા મોક્ષનો કલ્યાણકારી ઉપાય જાણે છે. જે માત્ર જ્ઞાનદાન કરવાથી સુર અસુર અને મનુષ્યની લક્ષ્મીઓનું દાન કરેલું કહેવાય છે, તેવા જ્ઞાનદાનની સમાન બીજું દાન કયું છે ? જ્ઞાનદાનથી મનુષ્ય આત્મા સર્વજ્ઞપણાનો અધિકારી થાય છે અને અનુક્રમે કર્મનો ક્ષય કરી તે પરમ પદને પ્રાપ્ત કરે છે.

ત્રીજું ધર્મોપષ્ટંભદાન સાધુઓને ઉદ્દેશીને અપાય છે. નવકોટીથી શુદ્ધ એવું એ દાન સર્વદાનોમાં ઉત્તમ છે. પવિત્ર ચારિત્રધારી મુનિને અન્ન પાન વસ્ત્ર પાત્ર શયન ઔષધ અને આસન આપવું તે ધર્મોપષ્ટંભદાન કહેવાય છે. દાતા, ગ્રાહક, કાળ અને ભાવ એવા ભેદથી શુદ્ધ એવું તે દાન ચાર પ્રકારનું છે. કીર્ત્તિ તથા અહંકારથી વર્જિત એવો દાતાર શ્રદ્ધાથી, જે ન્યાયોપાર્જિત દ્રવ્ય આપે તે પેહેલું દાતૃશુદ્ધ દાન કહેવાય છે. દશ પ્રકારના ધર્મના પાત્ર, ત્રણ ગુપ્તિવાળા અને નિયમધારી મુનિને જે દાન આપવામાં આવે, તે બીજું ગ્રાહકશુદ્ધ દાન કહેવાય છે. માત્ર શરીરના નિર્વાહને માટે યોગ્યકાળે આહાર લેવાની ઇચ્છા રાખનારા સાધુઓને હિતકારી અને માપવાળું જે દાન આપવામાં આવે તે ત્રીજું કાળશુદ્ધ દાન કહેવાય છે. જેમ કાળને અનુસરીને કરેલું ખેતીનું કામ સફળ થાય છે, તેમ કાળને અનુસરીને આપેલું દાન સફળ થાય છે. જેમાં દાતાર છળ-કપટ રહિત થઇ શાંત ચિત્તે અને રોમાંચિત શરીરે ભક્તિથી દાન આપે તે ચોથું ભાવશુદ્ધ દાન કહેવાય છે. મોક્ષના હેતુના નિદાનમાં એ પુરાતન વિધિ કહેલો છે. જિન ભગવંતે

કદિ પણ દયા દાનનો નિષેધ કર્યો નથી. આ પ્રમાણે પેહેલા દાન ધર્મને માટે જૈનાગમમાં પ્રરૂપેલું છે.

પાંચ પ્રકારના આશ્રવનો ત્યાગ, કષાયોનો નિષેધ અને ચિત્તમાં સંવેગની સ્થિરતા એ બીજો શીળ ધર્મ કહેવાય છે. એ શીળ ધર્મનો પ્રભાવ દિવ્ય અને ચમત્કારી છે. તેના પ્રભાવનું વર્ણન આર્હત શાસ્ત્રમાં સારી રીતે કરેલું છે.

ત્રીજો તપોધર્મ છે. છ પ્રકારનું બાહ્ય તપ અને છ પ્રકારનું અંતર તપ—એમ બાર પ્રકારનું તપ એજ તપોધર્મ કહેવાય છે. કર્મની નિર્જરાને કરનારો એ ધર્મ, કર્મોને નિર્મૂળ કરવામાં સમર્થ થાય છે.

ચોથો ભાવધર્મ છે. એ ધર્મની અંદર અનિત્યતા વગેરે તથા મૈત્રી વગેરે સોળ ભાવના ચિંતવવાની છે. તે સાથે આત્મનિંદા અને આત્મગર્હા પણ તેમાંજ ધ્યાવા યોગ્ય છે. એવો ભાવનામય ધર્મ આત્મસ્વરૂપને પ્રગટ કરાવનારો અને પરમ તત્ત્વનો સંપાદક છે.

આ પ્રમાણે ચાર પ્રકારનો ધર્મ શ્રી જિન ભગવંતે પ્રરૂપેલો છે. ચતુર્વિધને યથાર્થપણે પાળીને અનંત આત્માઓ આ સંસારથી મુક્ત થઇ પરમ સુખરૂપ મોક્ષને પ્રાપ્ત થયેલા છે." ભદ્રશિષ્યી, 'તું આ ચતુર્વિધના સ્વરૂપનું સદા મનન કરજે. એ પવિત્ર ધર્મના મનનથી તારો આત્મા નિરૂપાધી થઇ મોક્ષમાર્ગનો પૂર્ણ અધિકારી થશે."

સૂરિવરના આ ઉપદેશ વચન સાંભળી શિષ્યી આનંદમગ્ન

બની ગયો. તે વખતે તેના હૃદયમાં એક શંકા ઉત્પન્ન થઇ આવી. પોતાની શંકા દૂર કરવાને શિખીએ પ્રશ્ન કર્યો—" મહાનુભાવ, આપે કહેલ ધર્મનું સ્વરૂપ યથાર્થ છે, પરંતુ તેની અંદર મારા હૃદયમાં એક શંકા ઉત્પન્ન થાય છે. તે દૂર કરવાને હું આપને નિવેદન કરૂં છું. આપે જે ચાર પ્રકારનો ધર્મ કહ્યો તેમાં દાન ધર્મ સિવાય બાકીના શીળ, તપ અને ભાવ—એ ત્રણ પ્રકારનો ધર્મ આચરવાને ગૃહસ્થ સમર્થ થઇ શકતો નથી. તેથી કેવો માણસ સાધુપણાને યોગ્ય થઇ શકે ? તે મને યથાર્થ રીતે સમજાવો. " શિખીનો આ પ્રશ્ન સાંભળી સૂરિવર બોલ્યા—"ભદ્ર, સંસાર તરફ ઉદ્વેગ પામનારો, કુળવાન, શુદ્ધ બુદ્ધિવાળો, કૃતજ્ઞ, વિનયી, શ્રદ્ધાળુ, લોકસંમત, સ્થિર અને સમુપપન્ન-ક્રિયાક એવો પુરૂષ સાધુપણાને યોગ્ય છે. " સૂરિના આ વચન સાંભળી શિખી બોલ્યો " ભગવાન, હું પોતે સમુપપન્ન છું અને તેને આપ પોતેજ પ્રમાણરૂપ છો. " શિખીની આ વાણી સાંભળી સૂરિ વિચારમાં પડ્યા કે, " આ પુરૂષ સૂક્ષ્મ પ્રશ્નોમાં ચતુર, શાંત, કુલીન અને સંસાર ઉપર વિરાગી લાગે છે; માટે તેને સંગ્રહ કરવો યોગ્ય છે. " આવું ચિંતવી સૂરિવર બોલ્યા—"ભદ્ર, તેં કહ્યું તે યથાર્થ છે, પરંતુ સાધુપણું પાળવું, તે અતિ દુષ્કર છે. શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત થયેલા મુનિએ સર્વત્ર સમતા રાખવી, પંચ મહાવ્રત ધારણ કરવા, રાત્રે આહાર કરવો નહિં, દિવસે પણ શુદ્ધ આહાર કરવો. પાંચ પ્રકારના દોષોને છોડી આહાર કરવો, શાસ્ત્રનું નિરંતર ચિંતવન કરવું સદા પ્રતિમા ધારણ કરવી, પચીશ પ્રકારની ઉત્તમ ભાવના ભાવવી,

દ્રવ્યાદિકનો અભિગ્રહ લેવો, પૃથ્વીપર શયન કરવું, સ્નાનનો ત્યાગ કરવો, કેશનો લોચ કરવો, પ્રતિકર્મ કરવા નહિં, ગુરૂની આજ્ઞા માનવી, પરીસહો તથા ઉપસર્ગો સહન કરવા અને અઢાર હજાર શીલાંગ રાખવા. આ પ્રમાણે યતિધર્મ પાળવો ઘણો અશકય છે. શુદ્ધ ચારિત્રને પાળવું, તે વસ્ત્રથી પવન ધરવા જેવું છે, સામે પૂરે નદી ઊતરવા જેવું છે. એકલાએ સૈન્યને જીતવા જેવું છે, ત્રાજવામાં મેરૂને તોળવા જેવું છે. અને આ ત્રણ જગતનો જયધ્વજ ગ્રહણ કરવા જેવું છે.”

સૂરિશ્વરના આ વચન સાંભળી શિખી બોલ્યો “પ્રભુ, એ વાત સત્ય છે, પરંતુ જે મનુષ્ય આ સંસાર ઉપરથી ઉદ્વેગ પામ્યો છે, તેને કાંઇપણ દુષ્કર નથી.” સૂરિવરે શાંતતાથી કહ્યું, “ ભદ્ર, આ લોક તથા પરલોકના હિતની ઇચ્છા રાખનારા મનુષ્યે સર્વ અનર્થનું કારણ રૂપ એવા મહા મોહને હણવો જોઇએ.” શિખીએ ઉત્તર આપ્યો. “ ભગવન, તેને હણવાનો ઉપાય ચારિત્ર છે, માટે આપ અનુગ્રહ કરી મને તે ચારિત્રનું દાન કરો.” ગુરૂ બોલ્યા—“ ભદ્ર, મેં તારી ઉપર અનુગ્રહ કરેલો જ છે. કાંઇ પણ શાસ્ત્રાર્થનો પ્રતિબોધ આપી દીક્ષા આપવી એ મારી મર્યાદા છે. તે મર્યાદા સાચવવા માટેજ મેં તને પ્રબોધ આપેલો છે.” શિખી વિનયથી બોલ્યો “મહાનુભાવ દીક્ષિત પુરૂષે પણ શાસ્ત્રની મર્યાદા રાખવી જોઇએ.”

આ પ્રમાણે વિજયસિંહસૂરિ અને શિખી વાર્તાલાપ કરતા હતા, તેવામાં શિખીનો પિતા બ્રહ્મદત્ત અનેક લોકોના

પરિવાર સાથે ત્યાં આવ્યો. તેણે આવી ગુરૂને વંદના કરી એટલે ગુરૂએ તેને ધર્મલાભ આશીષ આપી. બ્રહ્મદત્ત આશન ઉપર બેઠો એટલે શિખી પિતાને પ્રણામ કરી બોલ્યો— " પૂજ્ય પિતા મારી એક માગણી છે. તે આપવા કૃપા કરો. " બ્રહ્મદત્ત પુત્ર ઉપર પ્રેમ લાવી બોલ્યો " વત્સ, મારો પ્રાણ પણ તારે આધીન છે. જે તારી ઇચ્છા હોય તે માગી લે " પિતાના આવા ઉદાર વચન સાંભળી શિખી શાંત સ્વરે બોલ્યો " પુજ્ય પિતા, કેટલીએક ઘરની હકીકત જાણ્યા પછી હું સંસાર વાસથી કંટાળી ગયો છું. આ લોકમાં મનુષ્યજન્મ દુર્લભ છે, પ્રિય સમાગમ અનિત્ય છે, સમૃદ્ધિઓ ચંચલ છે, યૌવન વય પુષ્પના જેવું છે, કામદેવ પરલોકનો શત્રુ છે, વિષયોનો સમૂહ ભયંકર છે અને મૃત્યુ અનિવાર્ય છે, માટે કૃપા કરી મને મહાવ્રત અપાવો. "

શિખીના આવા વિરક્ત વચન સાંભળી બ્રહ્મદત્ત ગદ્ગદ્ થઇ ગયો. પુત્રસ્નેહને લઇને તેનું હૃદય આર્દ્ર થઇ ગયું. તે ક્ષણવાર વિચાર કરીને બોલ્યો " પુત્ર, યતિધર્મ ગ્રહણ કરવાનો આ તારે સમય નથી, હજુ તું યૌવન વયના સુખનો અધિકારિ છે. સંસારનો અનુભવ કર્યા પછી ચારિત્રધર્મના મહામાર્ગનો પથિક બનવાને તું યોગ્ય છે, તારી મનોવૃત્તિ વિરક્ત થયેલી છે, તથાપિ તારી વાસના નિર્મૂળ થવી અશક્ય છે, તેમ છતાં કદિ તું સંસારનો ત્યાગ કરવાને ઉત્સુક થયો છે તો પણ તારાથી દુષ્કર યતિધર્મનું સેવન થઇ શકશે નહિ. [illegible] ચારિત્ર ધર્મને આચરવાનો અધિકાર [illegible] ત્યારે

એ મહાવ્રત સાધવાનો અવસર તને પ્રાપ્ત થશે, ત્યારે હું તને પ્રસન્ન થઇને આજ્ઞા આપીશ. વળી હું તારા વિયોગે રહેવાને અસમર્થ છું. આ સંસારવાસમાં તારી સાથે રહેવાની મારી પ્રબળ ઈચ્છા છે, તેને તું પૂર્ણ કર.” પિતાના આવા મોહક વચન સાંભળી શિખી શાંત વદને બોલ્યો, “પૂજ્ય પિતા! જ્યારે હૃદયમાં સંવેગનો દિવ્ય રંગ પ્રગટ થાય, ત્યારે ચારિત્ર ગ્રહણ કરવું સર્વ રીતે સુલભ છે. જે સમયે ચારિત્ર લેવું હોય તે સમય યોગ્યજ છે. કારણ કે મૃત્યુ કાળ કોઇની રાહ જોતો નથી.”

શિખીના આ વચન સાંભળી બ્રહ્મદત્ત હૃદયમાં સંતુષ્ટ થયો હતો. તેના હૃદયમાં પુત્રનો મોહ પ્રબળ હતો, તથાપિ પુત્રના આવા વિરક્ત વચન સાંભળી તે અંતરમાં અતિ આનંદ પામ્યો હતો. પોતાના પ્રિય પુત્રને દીક્ષા લેવાની આજ્ઞા આપવી એ તેને રૂચિકર લાગ્યું નહિ, તથાપિ પુત્રનો પ્રબળ વૈરાગ્ય જોઇ તે દીર્ઘ વિચારમાં પડી ગયો હતો. બ્રહ્મદત્તની મનોવૃત્તિમાં અનેક જાતના સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા.

પિતાને દીર્ઘ વિચારમાં મગ્ન થયેલા જોઇ શિખી પણ પોતાના હૃદયમાં વિચારમાળા પ્રગટ કરવા લાગ્યો. તે ચતુર તરૂણે અનુમાનથી જાણ્યું કે “ પિતા મને આજ્ઞા આપી શકતા નથી, તેમ મારા વિચારનો તદ્દન નિષેધ કરી શકતા નથી. આ વખતે પિતાની વૃત્તિ તટસ્થ રહી છે.” આવું અનુમાન કરી શિખી ક્ષણવાર કાંઇ પણ બોલ્યો નહિ, તે પિતાના પ્રતિવચનની રાહ જોઇ મૌન ધરી રહ્યો.

પ્રકરણ ૪ થું.

દ્વેષવતી જાલિની.

જાલિની પોતાનાં પુત્ર શિખી ઉપર દ્વેષ ધારણ કરતી હતી. પુત્રનાં દ્વેષને લઇને તે પોતાના પતિ બ્રહ્મદત્તને પણ દુઃખ આપતી હતી. તેણીની મનોવૃત્તિ એટલી બધી મલિન હતી કે, તે સદા શિખીને માટે નઠારા વિચારો બાંધતી હતી. બ્રહ્મદત્ત તેણીને ઘણું સમજાવતો હતો, તો પણ તેણીના મલિન હૃદયમાં એ વાત રુચિકર લાગતી નહિં. જાલિનીના આવા કુસ્વભાવથી બ્રહ્મદત્ત કંટાળી ગયો હતો. તેને સંસાર વિષમય બની ગયો હતો. પોતે ગૃહાવાસને કારાગૃહના વાસ જેવો માનતો હતો.

શિખી જ્યારે પોતાના પિતાના ઘરનો ત્યાગ કરી ચાલી નીકળ્યો, ત્યારે બ્રહ્મદત્તના હૃદયમાં ભારે ખેદ ઉત્પન્ન થયો હતો. માતાના દ્વેષને લઇને પોતાના પુત્રે ગૃહત્યાગ કર્યો, એ બનાવનો વારંવાર વિચાર કરતાં બ્રહ્મદત્ત હૃદયમાં દગ્ધ થઇ જતો હતો. છેવટે તે જાલિનીના દુશ્ચરિત્રથી કંટાળી પુત્રની શોધ કરવાને ઘરની બાહેર નીકળી પડયો હતો. બ્રહ્મદત્ત પોતાના પુત્રને સૂરિ વિજયસિંહની સમક્ષ મળ્યો એ વાત વાંચનારના સ્મરણમાં છે. પિતા અને પુત્રનો આ સમાગમ આનંદદાયક બન્યો છે. પવિત્ર હૃદયમાં પિતા પુત્રને સ્નેહ અતિ પ્રસન્ન થયો હતો.

જાલિની કુલધારિણી થઇ. એકલી ઘરમાં રહી હતી. તે

હંમેશાં શિખીનું અશુભ ચિંતવતી હતી. "પોતાના પુત્રને ઔરસ પુત્રનું અશુભ ચિંતવનારી આર્ય માતા ભારતમાં કોઈ હતી નહિ, આર્ય માતાના હૃદયમાં પુત્રવત્સલ્ય સ્વભાવિક રીતેજ હોય છે. પુત્ર ગમે તેવો દુર્ગુણી, મૂર્ખ અને અવિનીત હોય તો પણ માયાળુ માતા પુત્રદ્વેષણી થતી નથી. પવિત્ર અને પૂજ્ય માતા પોતાના અપરાધી અને અજ્ઞાની પુત્રના અપરાધને માફ કરવા તત્પર થાય છે. જાલિની તેવી માતા ન હતી, પૂર્વ કર્મના યોગથી આર્ય માતાનું લક્ષણ પણ તેણીનામાં હતું નહિ, તે સર્વ રીતે અનાર્ય હતી. શિખી પોતાનો ઔરસ પુત્ર હતો, તો પણ તે તેને સાપત્ન પુત્રના જેવો ગણતી હતી. શિખી ગૃહનો ત્યાગ કરી બાહેર ચાલ્યો ગયો હતો, તથાપિ એ કુટિલ માતાના હૃદયમાંથી તેની તરફનો દ્વેષ જરા પણ ન્યૂન થયો ન હતો. તે પુત્ર નગરમાં, ગામમાં, અરણ્યમાં, કે માર્ગમાં ગમે ત્યાં હોય તો પણ તેનું અશુભ થાઓ; તે સર્વ રીતે દુઃખી થાઓ" એમ પાપી જાલિની પોતાના હૃદયમાં ચિંતવતી હતી.

વાંચનાર, તને આ પુત્ર દ્વેષિણી જાલિનીના દુશ્ચરિત્ર ઉપરથી સારો પ્રતિબોધ પ્રાપ્ત થશે. [illegible] એ દુષ્ટ જાલિની તેના અનાચારનું [illegible] ત્યારે તારા હૃદયમાં નિર્વેદ થશે કે, અહો! [illegible] નઠારી ગતિ થયા વિના રહેતી નથી. [illegible] જીવનને તેવા કાર્યથી દૂર [illegible] તો તને એ [illegible]

પ્રકરણ ૫ મું.

નાસ્તિકતાનો નિરાસ.

પિંગલક નામે એક પુરૂષ બ્રહ્મદત્તનો આશ્રિત હતો. તે ઘણોજ નાસ્તિક હતો. પુણ્ય, પાપ, જીવ, અજીવ, આત્મા વગેરે પદાર્થોને તે માનતો ન હતો. તેની બુદ્ધિમાં મલિનતાની છાયા પ્રસરી ગઇ હતી. ધર્મ એવું નામ સાંભળતાંજ તેના હૃદયમાં તિરસ્કાર છુટતો હતો.

આ પિંગલક બ્રહ્મદત્તની સાથે વિજયસિંહસૂરિની પાસે આવ્યો હતો. પિંગલકના નાસ્તિક વિચાર તરફ બ્રહ્મદત્તને અભાવ હતો, તથાપિ તે તેને પોતાની સાથે રાખતો તેનું કારણ તેની સેવાવૃત્તિ હતી. પિંગલકનામાં સેવાવૃત્તિનો ભારે ગુણ હતો, તેથી તે બ્રહ્મદત્ત પિંગલકને અહનિશ ચાહતો હતો.

શિખીએ જ્યારે દીક્ષા લેવાની પવિત્ર ઇચ્છા દર્શાવી અને તેના પિતા બ્રહ્મદત્તે તેને અટકાવવા કેટલાએક વચનો કહ્યાં, ત્યારે નાસ્તિક પિંગલક પોતાના વિચાર પ્રગટ કરવાને તત્પર થયો. પિંગલક નાસ્તિક હતો, તથાપિ તે ઘણો બુદ્ધિમાન હતો. પોતાની નાસ્તિકતા સિદ્ધ કરવાને સારી રીતે સમર્થ હતો. જો કોઈ આસ્તિક વિદ્વાન તેની સામે પ્રત્યુત્તર આપવાને સમર્થ ન હોય તો પિંગલક પોતાનો પક્ષ સિદ્ધ કરવાને સમર્થ થઇ શકે તેવો હતો.

સૂરિવર વિજયસિંહ અને બ્રહ્મદત્ત સાંભળતા પિંગલક ઉંચે સ્વરે બોલ્યો " શિખીકુમાર, તારા આવા વિચાર જાણી હું ઘણો દિલગીર થાઉં છું, કોઈ આડંબરી મુનિએ તને છેતર્યો છે, આ શરીરમાં પંચભૂત શિવાય બીજો કોઈ પરલોકગામી જીવ છેજ નહિ. પંચભૂતોનો મળેલો સમવાયજ જીવ કહેવાય છે. જ્યારે તે પંચભૂત આ શરીરથી જુદા થાય છે, ત્યારે પ્રાણી મરેલો કહેવાય છે. ઘડાની ચટકની જેમ દેહથી જુદો આત્મા છેજ નહિ. પરલોકમાં મિથ્યા અભિનિવેશ રાખી તું ભોગ સુખનો ત્યાગ કરીશ નહિ. તેં કહ્યું કે, "મનુષ્યપણું પ્રાપ્ત થવું દુર્લભ છે." પણ તે વાત અસંગત છે. પંચભૂતના સંઘાતથી બનેલા મનુષ્યપણામાં સત્પુરૂષોએ શા માટે આકુલ વ્યાકુલ થવું જોઇએ ? વળી તેં કહ્યું કે, ' આ સંસારમાં પ્રિય સંયોગ અનિત્ય છે ' એ પણ ઘટતું નથી. કારણકે, તું કદી સાધુપણું લઈશ, તેથી પણ એ પ્રિય સંયોગ નિત્ય થવાના નથી. તેમ વળી તારા કહેવા પ્રમાણે ચંચલ એવી સમૃદ્ધિઓ કાંઈ સાધુપણાથી સ્થિર થવાની નથી. દક્ષ મનુષ્યો જો ઉપાય કરી શકે તો તે સમૃદ્ધિઓને સ્થિર કરી શકે છે. તેં કહ્યું કે, " યૌવન પુષ્પના જેવું છે, કામદેવ પરલોકનો શત્રુ છે અને વિષયો દારૂણ છે," એ વાત તદ્દન અસંભવિત છે. યૌવન પુષ્પના જેવું હોય તો તે કાંઈ સાધુપણાથી સ્થિર થવાનું નથી. કામદેવ પરલોકનો શત્રુ છે એ વાત કોઈએ પરલોકમાંથી આવી જણાવી નથી. વિષયો દારૂણ છે, એમ કહેવું યોગ્ય નથી. કારણકે, તેવી રીતે કોઈવાર અન્ન પણ દારૂણ હોય છે તો તેથી શું આહાર ન કરવો ?

હરિણોના ઉપદ્રવથી ભય માની શું જવ વાવવા નહીં? ઉપાયને જાણનારા પુરૂષની આગળ કોઈ પણ વસ્તુ દારૂણ છેજ નહિ. તેં કહ્યું કે, 'મૃત્યુ અનિવાર્ય છે' એ તો તદ્દન બાલભાષિત છે. કારણકે સાધુને પણ આયુષ્ય પૂર્ણ થતાં મરવાનું તો છેજ.' મરવાનું નથી, એમ ધારીને પણ તે સ્મશાનવાસ કરતો નથી. કદી પરલોક છે, એમ માનીએ તો પણ દુઃખ સેવવાથી સુખ નથી. સદા અભ્યાસ કરેલાનોજ ઉત્કર્ષ જોવામાં આવે છે. એ સિવાય આવતો નથી. "શકશિખી, તેથી તું આ સાધુપણું લેવાના વ્યવસાયથી વિરામ પામ. સાધુપણું લેવામાં કાંઈ પણ સાર નથી. માત્ર કાયાને કષ્ટ આપવાનુંજ છે."

નાસ્તિક પિંગલકના આવા વચન સાંભળી આસ્તિક શિરોમણી શિખી ઉંચે સ્વરે બોલ્યો—"અરે મૂર્ખ પિંગલક, તારા બધા વચનો અનુચિત છે. આ પૂજ્ય ગુરૂની સમક્ષ મારે કહેવું યોગ્ય ન કહેવાય. એ ગુરૂ પોતેજ તને યુક્તિથી સમજાવશે."

શિખીનાં આ વચન સાંભળી ગુરૂ ગંભીર વાણીથી બોલ્યા:—મહાવિપ્ર, તારા કહેવાનો ઉત્તર આપું તે એક ચિત્તે સાંભળજે. આ શિખીને તેં કહ્યું કે, 'તને કોઈએ છેતર્યો છે,' તે પવિત્ર શિખી કોઈનાથી છેતરાયો નથી. જૈન શાસ્ત્રના શ્રવણથી ઉત્પન્ન થયેલ ક્ષયોપશમ ભાવથી આ સંસારનું સ્વરૂપ જાણી પોતે પોતાની મેળેજ વિરક્ત થયેલો છે. તે કોઈનાથી છેતરાયો નથી.

તેં કહ્યું કે, 'પાંચભૂતોથી જુદો કોઈ જીવ છેજ નહિ'

એ તારું કહેવું તદન અસંભવિત છે. અચેતન એવા ભૂતોથી ચેતના શી રીતે ઉત્પન્ન થાય છે? જે દરેક ભૂતમાં નથી, તે તેના સમવાયમાં ક્યાંથી આવે? ઘણી રેતી પીલો તો પણ તેમાંથી તેલ ઉત્પન્ન થતું નથી. કદિ તું એમ માનતો હો કે, દરેક ભૂતની અંદર ચેતન રહેલ છે, તો માણુસ ઘણા ચેતનનો સમવાય છે એમ સિદ્ધ થયું. તે સાથે એકેંદ્રિય પદાર્થો તથા ઘડા વગેરેમાં પણ ચેતના છે, એમ માનવું પડે. પણ ઘડો એકેંદ્રિય છતાં પણ ચૈતન્ય રહેલું ક્યાંઇ પણ જોવામાં આવતું નથી તે ઉપરથી સાબીત થાય છે કે, પંચભૂતોથી જુદો કોઈ પરલોકગામી ચેતન છે. હે દુરાગ્રહી દ્વિજ, તેં કહ્યું કે, 'જ્યારે પંચભૂત શરીરથી જુદા પડે છે, ત્યારે માણુસ મરેલો કહેવાય છે.' આ તારૂં કહેવું તદ્દન વિરૂદ્ધ છે. જીવ પંચભૂતથી જુદો થાય છે, એ કહેવા માત્ર છે. પ્રત્યક્ષ જણાતું ચૈતન્ય કોનાથી નિષેધ કરી શકાય તેમ છે? વળી તેં કહ્યું કે, 'ઘડાની ચટકની જેમ દેહથી આત્મા બીજો દેખાતો નથી,' તે વાતતો પંચભૂતથી ચેતન જુદો છે, એમ કહેવામાંજ ઉડી ગઇ.

હે વિપ્ર, તેં કહ્યું કે "પરલોકનો અભાવ છે, તેથી મિથ્યા અભિમાન રાખી ભોગ સુખનો ત્યાગ કરીશ નહિં, અથવા જો આત્મા સત્ય હોય તો તેને બતાવ." તે વિષે મારે એટલુંજ કહેવાનું કે, ચૈતન્યની સિદ્ધિ માનવામાં પરભવ છે એમ સાબીત થાય છે. પરભાવની સિદ્ધિ થઇ તો પછી બુદ્ધિમાન પુરૂષને મિથ્યા અભિનિવેશ શામાટે હોય? કલ્યાણના યત્ન રૂપ

એવા વિષયો કે જે પશુઓને તુલ્ય છે અને ક્લેશ તથા પ્રયાસથી ભરપૂર છે તેમને સેવવામાં શું સુખ થાય ? આ આત્મા કે જે સૂક્ષ્મ અને ઇંદ્રિય રહિત છે, તેથી તે શરીરથી ભિન્ન જોવામાં આવતો નથી. સિદ્ધ તથા કેવળજ્ઞાનીઓજ તેને નિશ્ચે જોઇ શકે છે."

સૂરિવરનાં આવાં યુક્તિવાળાં અને સત્ય વચન સાંભળી પિંગલક હસીને બોલ્યો—મુનિ, તમારા સર્વ વચનો અનુચિત છે. જો પંચભૂત અચેતન હોય તો તેની અંદર ગતિ વગેરે કેમ જોવામાં આવે છે. જેમ અદૃશ્ય એવા પરમાણુઓથી ઘડા વિગેરે જોવામાં આવે છે, અને શીગડામાંથી બાણુ જોવામાં આવે છે, તેમ જેમાં જે ન હોય, તેમાંથી તે થાય છે. તમે કહ્યું કે "પ્રત્યેક ભૂતમાં ચેતન ગુણ લઇએ તો માણસ ઘણાં ચેતનવાળો થાય અને એકેંદ્રિય જીવ તથા ઘડા વગેરેમાં ચેતના જોવામાં આવે." એ તમારી વાત તદન અસંગત છે. કારણ કે દરેક ભૂતોની અંદર ચેતના રહેલી છે. ને તેવી જાતના પરિમાણુને લઇને તેનું બાહુલ્યપણું દેખાતું નથી અને અમુક પરિણામને લઇને ઘડા વગેરેમાં ચેતના જોવામાં આવતી નથી.

પિંગલકના આવા અનુચિત વચન સાંભળી ગુરૂ બોલ્યા, મહા વિપ્ર, તેં કહ્યું કે 'જેમ શીંગડામાંથી બાણુ થાય છે' તે ઉપર મારે એટલુંજ કહેવાનું છે કે, તે બાણુ તેના કારણ પ્રમાણે થાય છે. કેમકે, તેની અંદર જે સૂક્ષ્મપણું અને કોમળપણું આવે છે, તેની અંદર તેના ધર્મના સંક્રમ થાય છે, તું એમ

માને છે કે, તે બાણુની અંદર કાંઇ વિશેષ જોવામાં આવતો નથી પણ તે તારૂં માનવું ખોટું છે, કારણ કે જેવો તેની અંદર પ્રયત્ન કરવામાં આવે તેવો વિશેષ થાય છે. અંધ માણસ જોઈ શકે નહિં, તેમાં કાંઇ સૂર્યનો અપરાધ નથી. વળી તેં કહ્યું કે, 'ઘટાદિ દૃશ્ય છે,' પણ તે અદૃશ્ય પરમાણુઓથી દૃશ્ય નથી. કારણ કે, પરમાણુઓ યોગિયોની દૃષ્ટિના વિષયમાં આવે છે. વળી તું ધર્મનો સંક્રમ સત્તાથી માને છે, તે યોગ્ય નથી, કારણ કે, સત્તા સર્વને સાધારણપણાથી નિયામક થાય તે પણ યોગ્ય છે. વળી તારૂં કહેવું એવું છે કે, 'પરિણામ વિના ઘટાદિકમાં ચેતના નથી તેને માટે કોઈ પ્રમાણ નથી.' તે વિષે હું કહું તે સાંભળ, તું પંચભૂતના સમૂહથી જુદા પરિણામનો આદર કહે છે, જો તેમ બને તો પછી બીજા નામથી જીવનો અંગીકાર થઇ ચુકયો.

સૂરિના આવા પ્રતિવચન સાંભળી પિંગલક જરા પાછો પડ્યો. તથાપિ તે મંદસ્વરે બોલ્યો "ભગવન્, જો ઇંદ્રિય-ગુણ વગરનો જીવ શરીરથી જુદો છે, તો મધુપિંગ નામે મારો પિતામહ પાપી હતો, તે તમારા મત પ્રમાણે નરકમાં પડ્યો હશે, તો તે આવીને મને બોધ કેમ કરતો નથી. સૂરિ બોલ્યા-મહાશય, જેમ ગુન્હેગાર માણસ કારાગૃહમાં બંધાયો હોય, તે પોતાના માણસને જોવાને અને શાસન કરવાને શકિત-માન્ થતો નથી, તેમ કર્મવડે બંધાએલો નારકી નરકમાં રહી તેમાંથી નીકળવાને અને પોતાના પુત્રને શિક્ષા આપવાને સમર્થ થઈ શકતો નથી.

પિંગલક—મહારાજ, કદિ નારકી જીવ તેમ કરવાને શક્તિવાન ન થાય, પણ મારો સોમપિંગ નામે પિતા ધાર્મિક હતો, તે દેવલોકમાં વસતો હશે, તે આવીને મને શા માટે બોધ ન કરી શકે?

સૂરિ—ભાઈ પિંગલક, જેમ કોઈ નઠારી સ્થિતિનો માણસ દેશાંતર ગયો હોય, ત્યાં તેને રાજ્ય મળ્યું હોય; પછી પોતાના વંશના ઉત્કર્ષ કરે તેવા કંગાળ પુત્રને સંભારે નહિં, તેમ દિવ્ય સમૃદ્ધિને પ્રાપ્ત થયેલો અને સુખસાગરમાં મગ્ન રહેનારો દિવ્ય આત્મા આ દુર્ગંધી પૃથ્વીમાં આવવાને પણ ઇચ્છતો નથી, તો શિક્ષા આપવાને કેમ આવે?

પિંગલક—ભગવન્, જો આત્મા-જીવ દેહથી જુદો હોય, તો મરેલા ચોરને છિદ્ર વગરની કુંભમાં નાખ્યો હતો, તો પણ તે જોવામાં કેમ ન આવ્યો?

સૂરિ—કોઈ શંખ વગાડનારો માણસ રાજાના દ્વાર આગળ ઉભો રહી શંખ વગાડવા લાગ્યો; તે શંખના ધ્વનિને રાજાએ બંધ કરેલા દ્વારમાં પણ સાંભળ્યો. એટલે રાજાએ પૂછ્યું કે, આ શંખને તું ક્યાં વગાડે છે? એટલે તેણે સત્યભાવ જણાવી. પછી રાજાએ તેને કુંભીમાં પૂરી તે કુંભીને લાખથી બંધ કરી કહ્યું કે, 'હવે શંખ વગાડ' ત્યારે તેણે શંખ વગાડયો, તે ઉપરથી સમજવાનું કે, જેમ છિદ્ર વગરની કુંભીમાંથી મૂર્તિમાન શબ્દ પ્રગટ થયો, તેમ જ અમૂર્ત એવો જીવ તેવી રીતે નીકળે છે

પિંગલક—ભગવાન્ પૂર્વે કોઇ ચોરને શ્વાસ લેતાં જીવતાં તોળ્યો હતો. પછી જ્યારે તેનો શ્વાસ ઉડી ગયો ને પછી તેને તોળ્યો, તો પણ તેટલામાં તેટલોજ થયો હતો તેનું શું કારણ ? જો જીવ ઉડીને ઓછો થાય તો જીવ છે, એમ માનવું જોઇએ તે શિવાય કેવી રીતે મનાય ?

સૂરિ—મહા વિપ્ર, તે ઉપર એક દૃષ્ટાંત કહું તે સાંભળ. કોઇ ગોવાળે પોતાની ધમણને પવનથી પૂરીને તોળી હતી તે વખતે જે વજન થયું હતું તેટલુંજ વજન પવન ઉડી ગયા પછી પણ થયું હતું, તેવી રીતે જીવ ગયા પછી શરીરનું વજન તેટલુંજ રહે છે.

પિંગલક—મહારાજ, કોઇ મરેલા ચોરના શરીરના તલે તલ કટકા કર્યા, તો પણ કોઇ ઠેકાણે જીવ જોવામાં આવ્યો નહિ.

સૂરિ—વિપ્ર, અરણિના કાષ્ઠના લાકડાના કટકા કરી જુવો તો પણ તેની અંદર અગ્નિ જોવામાં આવતો નથી, તેવી રીતે કટકા કરેલા શરીરમાં જીવ જોવામાં આવતો નથી.

આ પ્રમાણે વિજયસિંહસૂરિના ઉત્તર સાંભળી અલ્પમતિ પિંગલક લજ્જાથી બોલી શક્યો નહિં. તે મૌનધરી રહ્યો એટલે સૂરિવર પ્રસન્ન થઇને બોલ્યા, "ભાઇ પિંગલક, જેમ શાખાના કંપથી વાયુ મનાય છે, તેવી રીતે અંગની ચેષ્ટાથી જીવ મનાય છે. સ્પર્શઇંદ્રિયથી જેમ કાંઇ ગ્રહણ કરાય છે, તેમ ચિત્ત, તથા ચેતન ધર્મના અનુભવથી જીવ ગ્રહણ કરાય છે. ચિત્ત, ચૈતન્ય, સંજ્ઞા, વિજ્ઞાન, ધારણા, ઇચ્છા, બુદ્ધિ અને વિતર્ક એ

જીવના લક્ષણો છે. એ ઉપરથી જીવ એ વસ્તુ છે અને પરલોકમાં જવાને તે ઉદ્યુક્ત છે. પંચભૂતોના પરિણામથી કાંઈ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી શકાતું નથી. તેમ વળી પ્રિય સંયોગ અનિત્ય છે. અને વ્રત ધારણ કરનાર સાધુના હૃદયમાં પ્રિયનો વિકલ્પ પણ થતો નથી, માટે વ્રતની અંદર એ વાત ઘટતી નથી. લક્ષ્મી, વૈભવ વગેરે કોઈપણ વસ્તુ ઉપાયથી રક્ષણ થતી નથી. ધર્મ વિના બીજો ઉપાય છેજ નહીં. પુષ્પના યૌવનમાં રસાયન ઉપયોગી થતું નથી. કારણ કે ધર્મ સિવાય બીજું રસાયન છેજ નહીં. જાતિસ્મરણ થવા વગેરેથી પરલોક સિદ્ધ થાય છે, તે ઉપરથી કામદેવ પરલોકનો શત્રુ છે. એ વાત પણ સાબિત થાય છે. ' વિષયો દારૂણ છે, એથી આહાર પણ ત્યાગ કરવા યોગ્ય છે, ' એમ કહેવું યુક્ત નથી. કારણ કે, બંધુઓનો ત્યાગ કરવાથી તે વિષયોનું દારૂણપણું જણાતું નથી. વ્રત લેવામાં કાંઇ મૃત્યુ છોડતું નથી, એ વાત તેં જણાવી તે ઉપર કહેવાનું કે, વ્રત ગ્રહણ કરતાં સંસારનો ક્ષય થાય છે, પછી મૃત્યુ સમર્થ થઇ શકતું નથી. આ લોકમાં સર્વ સંગનો ત્યાગ કરનાર મુનિને જે સુખ પ્રાપ્ત થાય છે, તે સુખ ચક્રવર્ત્તી અને ઇંદ્રને પણ મળતું નથી. ''

સૂરિવરના આ ઉપદેશ વચન સાંભળી પિંગલક તો કાંઇ પણ બોલી શકયો નહીં.

પવિત્ર હૃદયવાળા બ્રહ્મદત્તના હૃદયમાં સારી અસર થઇ ગઇ. તેની દૃષ્ટિ આનંદાશ્રુથી પુરાઈ ગઇ. રોમે રોમ આનંદની

કોશપુરથી આવ્યો છું. તમારી પુત્રવત્સલ થયેલ માતા જાલિની એ મને તમારી ખબર લેવાને મોકલ્યો છે. તેમના મનમાં ભારે પરિતાપ થાય છે. અને તે તમારા પવિત્ર દર્શન કરવાની ઇચ્છા રાખે છે. ”

શિખીએ આશ્ચર્યથી પૂછ્યું “ભાઈ મારી માતાને શામાટે પરિતાપ થયો છે ? ” સોમદેવે વિનયથી કહ્યું—“ મહારાજ તમે આ સંસાર છોડી દીક્ષા ગ્રહણ કરી, તેથી તમારી માતાને પરિતાપ થયો છે.” સોમદેવના આ વચન સાંભળી શિખીએ પોતાના હૃદયમાં ચિંતવ્યું કે—“ માતાનું માયાળુ હૃદય સ્નેહાધીન હોય છે, તેથી તે પરમાર્થનું પ્રેક્ષક હોતું નથી અને વળી માતા પિતાના મનનું સમાધાન કરવું ઘણું અશક્ય છે. ” આવું ચિંતવી શિખીએ કહ્યું, “ ભદ્ર, હું કાંઈ મારા માતાથી કંટાળીને વ્રતધારી થયો નથી, પણ આ સંસારથી કંટાળીને વ્રતધારી થયો છું, મારી જાલિની માતા વૃથા પરિતાપ શા માટે કરે છે ? ” સોમદેવ બોલ્યો—“ મહાશય, તમારૂં કહેવું યથાર્થ છે, તથાપિ તમારી માતાના હૃદયમાં પરિતાપ થયા કરે છે. તેમણે કહેવરાવ્યું છે કે, “ સ્ત્રી જાતિ ચંચલ, મત્સરી, તુચ્છ હૃદયવાળી, અવિવેકી, પશ્ચાત્તાપ કરનારી, અસત્યવાદી અને અવિચારી હોય છે અને પુરૂષ જાતિ વિચારીને કામ કરનાર, ગંભીર, કૃતજ્ઞ, વિનયી, સ્થિર, દૃઢ અનુરાગી અને દીર્ઘદર્શી હોય છે. તેં મારૂં હૃદય સમજ્યા વિના આ કામ કર્યું છે. તું સમતા સહિત છે, તથાપિ એકવાર મને જોવાને આવજે અને મેં મોકલેલું રત્નકંબલ

ારે અવશ્ય ધારણ કરવું." માતાનો આવો સંદેશો સાંભળી શિખીએ કહ્યું, "સોમદેવ, મારી માતા જાલિની વૃથા પરિતાપ ા માટે કરે છે? તેનો મોકલેલો રત્નકંબલ મારે અવશ્ય ગ્રહણ કરવો જોઇએ, પણ હું હજી ગુરૂને આધીન છું. ગુરૂની આજ્ઞા વિના મારાથી કાંઈ પણ વસ્તુ ગ્રહણ કરી શકાય નહિં. માટે તું આ સર્વ વૃત્તાંત મારા ગુરૂને નિવેદન કર."

પછી શિખી મુનિના કહેવાથી સોમદેવ, ગુરૂ વિજયસિંહ સૂરિની પાસે આવ્યો. અને તેણે સર્વ વૃત્તાંત ગુરૂની પાસે નિવેદન કર્યો. તે વૃત્તાંત સાંભળી ગુરૂએ શિખીના માનની ખાતર સોમદેવ પાસેથી રત્નકંબલ ગ્રહણ કરી જણાવ્યું કે, "શિખી મુનિને હાલ શાસ્ત્રનું અધ્યયન ચાલે છે, તે શાસ્ત્ર સમાસ થયા પછી હું તેને કોશ નગરમાં તેની માતા પાસે મોકલીશ." ગુરૂના આ વચન સાંભળી સોમદેવે કહ્યું કે, "આપે શિખી મુનિની માતાનો ખરેખરો અનુગ્રહ કર્યો છે." આ પ્રમાણે કહી અને સૂરિનો ઉપકાર માની સોમદેવ કોશ નગરમાં પાછો ફર્યો.

કેટલાએક દિવસો ગયા પછી ગુરૂની આજ્ઞા લઈ શિખી મુનિ કોશપુર નગરમાં માતાને મળવા આવવાને તૈયાર થયા, તેવામાં તેના સાંભળવામાં આવ્યું કે, તેના પિતા બ્રહ્મદત્તે સ્વર્ગવાસ કર્યો. આ સાંભળી ગુરૂએ કેટલાએક વૃદ્ધ મુનિઓની સાથે શિખીને તેની માતાને મળવા વિહાર કરવાની આજ્ઞા કરી. ગુરૂની આજ્ઞાથી શિખીએ વૃદ્ધ મુનિઓના પરિવાર સાથે વિહાર કર્યો. કેટલેક દિવસે કોશ નગરની બાહેર આવેલા મેઘવન

નામના ઉદ્યાનમાં તે આવી પહોંચ્યો. રાજા અને નગરજનો શિખી મુનિના આગમનનાં ખબર સાંભળી તેને વંદના કરવાને આવ્યા. તે મહાનુભાવે આક્ષેપણી વગેરે કથા કહી તે સર્વ જનોને વશ કરી લીધા. બીજે દિવસે શિખી ત્યાંથી નગરમાં આવી પોતાની માતા જાલિનીને ઘેર આવ્યો. બ્રહ્મદત્તના મરણથી વૈભવ વગરની અને દીન હૃદયવાળી થઇ ગયેલી માતા મુનિના જોવામાં આવી. મુનિ પોતાની માતાને ઓળખી શકયા નહિ, પણ માતાએ મુનિને ઓળખી લીધા. શિખીને જોતાં જ કપટી માતા રૂદન કરવા લાગી, એટલે દયાળુ શિખીએ તેને આશ્વાસન આપ્યું. અને પછી આ પ્રમાણે પ્રતિબોધ આપ્યો “ માતા ! દેવતા તથા અસુરો પણ દ્રવ્ય, પરાક્રમ, સૈન્ય અને સ્વજનથી મૃત્યુને પકડી શકતા નથી, વ્યાધિ તથા જરારૂપ દાઢાવાળો અને દુઃખરૂપી નખવાળો મૃત્યુરૂપી કેશરી જીવરૂપ મૃગલાઓને મારતો કોનાથી રક્ષણ કરી શકાય તેમ છે ? એ નિર્દય મૃત્યુ દૃઢ પ્રેમવાળા પ્રાણીઓને જુદા કરી દે છે. તે અનાર્ય મૃત્યુ મતની જેમ કાર્યના પરિણામને જોતો નથી. તે મૃત્યુએ પકડેલા જીવોને આ ત્રણ જગતમાં ધર્મરૂપ અમૃત સિવાય બીજું ઉત્કૃષ્ટ રક્ષણ નથી. માટે હે જનની, મોહરૂપી મોહા વિષને છોડી અત્યંત સુખનું કારણ રૂપ એવું ધર્મરૂપી અમૃતનું પાન કરવું યોગ્ય છે.” મુનિ રૂપ શિખી પુત્રના આવા ઉપદેશ વચનો સાંભળી તે કપટી માતાએ પ્રાર્થના પૂર્વક કહ્યું, “ વત્સ, હું યતિધર્મને ધારણ કરવાને સમર્થ નથી, માટે મને ગૃહસ્થને યોગ્ય એવો ધર્મ આપો. ”

માતાની આ માગણી સાંભળી તે સરલ મુનિએ તેણીને સમ્યકત્વ મૂળ પાંચ અણુવ્રત વિસ્તારથી કહી સંભળાવ્યા. કપટી જાલિનીએ તે મુનિને મારવાના ઇરાદાથી વિશ્વાસની ખાતર તે પાંચ અણુવ્રત ગ્રહણ કર્યા. માતાને વ્રત આપી નિષ્કપટ મુનિએ ત્યાંથી ચાલવા માંડયું, એટલે નિર્દય માતાએ શાંતતાથી કહ્યું "વત્સ, આજે તમારે અહિં જ જમવાનું છે." મુનિ વિનયથી બોલ્યા—'માતા એવો આહાર અમારે કલ્પે નહીં.' પછી શિખી મુનિ હમેશાં આવી માતાને ધર્મોપદેશ આપતા અને માતા તેનો વધ કરવાનું ચિંતવન કરતી હતી. પ્રાણીઓની ચિત્તવૃત્તિઓ કેવી વિચિત્ર છે ?

એમ કરતાં ચતુર્દશીનો દિવસ આવ્યો. માતા જાલિનીએ વિચાર્યું કે "જો આજે શિખીને નહિં મારૂં તો પછી કાલે માસકલ્પ પૂરો થવાથી તે વિહાર કરી ચાલ્યો જશે. તેમ વળી આજે ચતુર્દશી હોવાથી સાધુઓ ઉપવાસી હશે. માટે પ્રાતઃકાળે વહેલા જઈ શિખીને યુક્તિથી પારણામાં વિષ આપવું. આવો વિચાર કરી જાલિનીએ પ્રાતઃકાળે વેહેલા ઉઠી કંસાર કર્યો અને એક ઝેરનો લાડુ બનાવ્યો. તે લઇ જાલિની મુનિઓના આવાસમાં આવી. તેણીએ મુનિઓને તે નિવેદન કર્યું. એટલે શિખી બોલ્યા "માતા આ અકલ્પ્ય લઇને કેમ આવ્યાં ?" જાલિનીએ ભક્તિ જણાવીને કહ્યું, "વત્સ હું પુણ્યની ઇચ્છાવાળી છું. તમારે માટે ભોજન લઇને આવી છું." શિખીએ કહ્યું "માતા એ અનુચિત છે. આધાકર્મી આહાર લેવો એ સાધુનો અનાચાર છે." જાલિની બોલી "વત્સ જો

તમે આ આહાર નહીં લ્યો તો મારા ચિત્તને સુખ થશે નહીં, તમે ભોજન ન સ્વીકારો તો મારૂં આગમન વૃથા થાય, તમારે સત્વર ભોજન કરવું પડશે." આ પ્રમાણે કહી જાલિની શિખીના ચરણમાં નમી પડી. સરલ હૃદયના શિખીએ તે જોઇ વિચાર કર્યો કે, "અહા ! માતાની ધર્મશ્રદ્ધા અને સ્નેહ કેવો છે ? આવી ધર્મશ્રદ્ધા અને આવા સ્નેહમાં ભંગ કરવો ન જોઇએ." આવું વિચારી તેણે જાલિનીને કહ્યું "માતા ફરીવાર આવો આરંભ કરશો નહિં," "વત્સ હવે હું કદિ પણ તેમ નહિં કરૂં." માતાએ કપટભાવે ઉત્તર આપ્યો. ત્યારે આ મુનિના હાથમાં ભોજન આપો." શિખીએ માતૃભક્તિને વશ થઇને જણાવ્યું 'જો મારે હાથે તમને ભોજન કરાવું તોજ મને સુખ થાય.' માતાએ કૃત્રિમ ભાવ દર્શાવી કહ્યું. શિખીએ કહ્યું "પ્રત્યાખ્યાનની વેળા છે માટે તેને પૂર્ણ કરો." પછી તેણીએ બીજા સાધુઓને કંસાર અને શિખીને વિષનો મોદક વહોરાવ્યો. પછી જાલિની પોતાના ઘર તરફ ત્વરાથી ચાલી આવી.

મલિન હૃદયની માતાએ નિર્દોષ શિખીના નાશનો ઉપાય કર્યો. ક્ષણવાર પછી શિખી મૂર્છિત થઇ પડયો. બીજા મુનિઓને સ્વસ્થ જોઇ શિખીએ પોતાના વિષનો આવેશ કોઇને જણાવ્યો નહીં. જ્યારે વિષાકુળ થયેલો શિખી પૃથ્વી ઉપર આળોટવા લાગ્યો, ત્યારે સર્વ સાધુઓ આકુળવ્યાકુળ થઇ ગયા. તેમણે વિચાર કરીને કહ્યું કે અરે ધિક્કાર છે, આ અકાર્ય શિખી મુનિની માતાએ કર્યું હોય તેમ લાગે છે. લોકો દુઃખના વખતમાં દેવતાની જેમ માતાનું સ્મરણ કરે છે. તે માતાથીજ જ્યારે

માતાના હાથે નિયાણું કરતા



પુત્રને આવું દુઃખ થાય, તો પછી તેની વેદના ક્યાં જઈને કહેવી ? વિષથી મૂર્છિત પડેલા શિખીમુનિએ અનશન લઈ હૃદયમાં ચિંતવ્યું કે, "અરે ! મેં મારી માતાને તારી નહીં પણ ઉલટી ડુબાડી. લોકો તેનામાં નહિં છતાં તેણીનું અપયશ કહેશે. તથાપિ જૈનધર્મને પ્રાપ્ત થયેલી એ મારી માતાનો શોક કરવો યોગ્ય નથી. આ વખતે મારે આવી ચિંતા શા માટે કરવી ? હવે તો પંચપરમેષ્ટી નમસ્કારના મહામંત્રનું ધ્યાન કરૂં." આવું ચિંતવન કરી મહામુનિ શિખીએ પોતાના પ્રાણનો ત્યાગ કરી દીધો. પવિત્ર શુભધ્યાનના ધ્યાતા એ મહામુનિ શિખી મૃત્યુ પામી પાંચમા દેવલોકની અંદર લક્ષ્મી નામના વિમાનમાં નવ સાગરોપમની આયુષ્યે ઇંદ્ર સામાનિક દેવતા થયા.

પાપી હૃદયા જાલિની પુત્રરૂપ ઋષિહત્યાના મહાપાપથી ત્રણ સાગરોપમની આયુષ્યે બીજી નરક ભૂમિમાં નારકીપણે ઉત્પન્ન થઈ. વાંચનાર, મહામુનિ શિખી અને તેની માતા જાલિનીના ચરિત્રનું મનન કરજો. શિખી મુનિનો આત્મા જેવો ઉત્તમ હતો, તેવો જાલિનીનો આત્મા અધમ હતો. શિખીએ યાવજ્જીવ સુધી પોતાની ઉત્તમતા છોડી નહીં, ત્યારે જાલિનીએ યાવજ્જીવિત પોતાની અધમતાનો ત્યાગ કર્યો નહિં. છેવટે દુષ્ટ હૃદયા જાલિનીએ પોતાના પવિત્ર અને નિરપરાધી પુત્રના પ્રાણનો નાશ કર્યો. સરલ હૃદયના શિખીએ પ્રાણાંતકાળે પોતાની ઘાતક માતાને માટે પણ કેવો વિચાર કર્યો હતો. પુણ્યવાન આત્માનો પ્રભાવ અલૌકિક છે.

ધર્મબંધુ વાંચક વર્ગ, આ ઉભય ચરિત્ર ઉપરથી તમારે

ત્રીજા ભવમાં જાલિની અને શિખી નામે માતા પુત્ર થઇ અવતર્યા હતા. ગુણસેનનો આત્મા પુણ્યનો પ્રભાવી છે અને અગ્નિશર્માનો આત્મા પાપનો પ્રભાવી છે. ગુણસેન, સિંહ અને શિખી રૂપે અવતરેલો આત્મા પુણ્યની વાસના બાંધી આત્મસાધન કરે છે. અને તેથી તે દેવભૂમિનો વારંવાર અધિકારી થાય છે અને અગ્નિશર્મા, આનંદ અને જાલિનીનો આત્મા પાપની વાસના બાંધી આત્માની અધમ ગતિ સાધે છે અને વારંવાર નરક ભૂમિના નિવાસનો અધિકારી થાય છે, આ ઉપરથી વાંચનારે જાણવું જોઇએ કે, આ સંસારમાં જીવને પુણ્ય અને પાપનો બદલો મળ્યા વિના રહેતો નથી. મલિન હૃદયા જાલિનીએ પૂર્વના વૈરના અનુબંધથી પોતાના પુત્ર શિખી ઉપર દ્વેષબુદ્ધિ ધારણ કરી હતી અને આખરે તેણીએ ઋષિહત્યા કરી પોતાના પાપકર્મમાં ભારે વધારો કર્યો હતો, તેથી તે બીજી નારકીમાં ત્રણ સાગરોપમની આયુષ્યે નારકી થઇ અવતરી હતી. પવિત્ર હૃદયવાલો શિખી પોતાની પવિત્રતાના પ્રભાવથી સર્વને પવિત્ર જાણતો હતો. તેણે પોતાની દ્વેષવતી જાલિની માતાને પણ જાણી નહિં. છેવટે અનગાર અવસ્થામાં પણ ભોળાભાવે માતાની સંભાળ લેવા તે ગયો હતો અને કપટી માતાએ વિષ આપ્યું. તો પણ તેણીને તિરસ્કાર કરવાની બુદ્ધિ [illegible] ન હતી. આવી ઉત્તમ વૃત્તિને લઇને શિખી પોતાના મુનિધર્મ [illegible] છેવટે સહસ્રાર વિમાનમાં ઇંદ્ર સામાનિક દેવ થયો હતો. પુણ્ય [illegible] તે વિમાનમાં નવ સાગરોપમનો [illegible] સુખ અનુભવશે.

ચતુર્થ ખંડ.

પ્રકરણ ૧ લું.

અપૂર્ણ પ્રેમ.

એક ગૃહસ્થના ઘરમાં આનંદ ઉત્સવ થતો હતો, તે ઉત્સવ તેના કુટુંબને ઉદ્દેશીનેજ હતો. કુટુંબીજન નવરંગિત વસ્ત્રાભરણ ધારણ કરી ગૃહોદ્યાનમાં ફરતા હતા. સર્વના મુખ ઉપર આનંદના અંકુરો સ્ફુરી રહ્યા હતા. પરસ્પર હળીમળી તેઓ હૃદયાનંદ મેળવતા હતા. વિવિધ પ્રકારની ગોષ્ઠીઓ અને ગમ્મતો ઉડતી હતી.

આ વખતે એક સુંદર બાળા ગૃહોદ્યાનમાંથી નીકળી બાહેર ફરવા જતી હતી. તેની વય મુગ્ધાવસ્થાથી મુક્ત થઇ તારૂણ્યના દ્વાર સુધી આવી પહોંચી હતી. મુખચંદ્ર ઉપર યૌવનવયની ઝાંખી ઝાંખી પ્રભા પડતી હતી, નેત્રોએ ચપલાનું પૂર્ણ શિક્ષણ મેળવી લીધું હતું. અંગના બીજા અવયવો વિકાસ પામવાને ઉન્મુખ થઇ રહ્યાં હતાં.

આ સુંદર બાળા એક તરૂણ પુરૂષની દ્રષ્ટિએ આવી. તેણીનું

મનોહર સોંદર્ય જોઇ તે તરૂણ સ્તબ્ધ થઈ ઉભો રહ્યો. તેના હૃદયમાં મોહની કળા ઉદિત થઇ આવી. એ મનોહર મહિલાએ તેના હૃદયને વશ કરી લીધું, તે બાળાને પ્રાપ્ત કરવાને તે અતિ ઉત્સુક થઇ ગયો. તે વારંવાર તેણીને નીરખતો ઉભો રહ્યો.

ક્ષણવારે તે સુંદરીએ તરૂણની સામે જોયું, તે તરૂણને જોતાંજ તેણીના હૃદયમાં તેની તરફ અભાવ ઉત્પન્ન થઈ આવ્યો. તેણીનું હૃદય દ્વેશથી ભરપુર થઈ ગયું, પેલો તરૂણ તે સુંદરીને સ્નેહથી નિરખતો હતો, ત્યારે તે સુંદરી તેને દ્વેષ દૃષ્ટિથી અવલોકતી હતી. ઉભયની વચ્ચે નિરીક્ષણ થયું હતું, પણ તે નિરીક્ષણમાં મોટો ભેદ રહેલો હતો.

વાંચનારને આ અપૂર્ણ પ્રેમની જિજ્ઞાસા ઉત્પન્ન થઇ હશે. એક શુદ્ધ પ્રેમી છે, ત્યારે બીજાને પ્રેમને બદલે દ્વેષ ઉત્પન્ન થયો છે. જે પુરૂષ પવિત્ર પ્રેમથી જોનારો છે, તે સુશર્મ નામના નગરના નિવાસી વૈશ્રમણ નામના સાર્થવાહનો ધન નામે પુત્ર છે. સુશર્મ જંબુદ્વીપના ભરતક્ષેત્રની અંદર આવેલું છે. તે નગરમાં શત્રુઓ રૂપ હસ્તીઓને મથન કરવામાં સિંહ સમાન સુધનુ નામે રાજા છે. રાજા સુધનુના દરબારમાં વૈશ્રવણ સાર્થવાહનું સારૂં માન હતું તે સાર્થવાહને શ્રી દેવી નામે સ્ત્રી હતી, સદ્ગુણી શ્રીદેવી અને વૈશ્રમણનો સંસાર સંપૂર્ણ સુખવાળો હતો. તે પવિત્ર દંપતિ પરસ્પર પવિત્ર પ્રેમ ધારણ કરી વિષય સુખ ભોગવતાં હતાં. તે દંપતિને ઘણો કાલ સુધી કાંઇપણ સંતતિ થઇ ન હતી, જ્યારે તેમણે ધનદેવ નામના કોઇ યક્ષની માનતા કરી ત્યારે તેમને ઘેર એ ધનનો જન્મ થયો હતો.

ધનનો જીવ જ્યારે શ્રી દેવીના ગર્ભમાં આવ્યો, ત્યારે શ્રીદેવીએ સ્વપ્નમાં પોતાને ઉદરે મુખ માર્ગથી પ્રવેશ કરતા એક સુંદર હાથીને જોયો હતો, તે હાથી અતિ ઉંચો, તેજસ્વી, મંદગામી મદવાળો, ભ્રમરાઓના વૃંદને ધારણ કરનારો, ચાર દાંતથી પ્રકાશિત, રાતા તાળવાવાળો, સુવર્ણની સાંકળ સાથે બાંધેલ ઘંટાઓની માળાને ધારણ કરનારો અને કુંભસ્થળ ઉપર અંકુશવાળો હતો. આવા સુંદર હાથીને સ્વપ્નમાં જોયા પછી જાગ્રત થયેલી શ્રીદેવીએ તે વાત પોતાના પતિ વૈશ્રવણને કહી. તે ઉપરથી તે પ્રેમી પતિએ કહ્યું કે, "પ્રિયા, આ સ્વપ્નાના પ્રભાવથી તારે વણિક વર્ગનો નાયક પુત્ર થશે." પતિના આ વચન સાંભળી શ્રીદેવી ખુશી થઇ હતી. સમય થતાં શ્રીદેવીએ પુત્રને જન્મ આપ્યો હતો. ધન યક્ષના નામ ઉપરથી તે પુત્રનું નામ ધન પાડેલું છે. તે ધન અનુક્રમે મોટો થયો અને આજે પેલી સુંદર બાળાને અવલોકતો ઉભો છે.

જે સુંદર બાળા તે ધનની દ્રષ્ટિએ પડી છે, તે તેજ નગરના પુર્ણચંદ્ર નામના શ્રેષ્ઠીની ગોમતી નામની સ્ત્રીના ઉદરથી જન્મેલી ધનશ્રી નામે પુત્રી છે. ધનશ્રી આજે યૌવનવતી થઇ છે. તેના પિતા પૂર્ણચંદ્રને ઘેર આજે અષ્ટમીચંદ્રનો મહોત્સવ છે. તે ઉત્સવ પ્રસંગે ધનશ્રી શ્રૃંગાર ધારણ કરી ગૃહોદ્યાનમાંથી ફરવા નીકળી છે. તેને જોતાજ ધન મોહિત થયો છે. ધન શુદ્ધ પ્રેમથી તેને અવલોકે છે, ત્યારે ધનશ્રી તેની તરફ અભાવથી જુવે છે. નાયકનો પ્રેમ છે, પણ નાયિકા તેની પર પ્રેમવતી નથી. ઉ-

ભયમાં પૂર્ણ પ્રેમ ન હોવાથી તે અપુર્ણ પ્રેમ કહેવાય છે. એવા અપુર્ણ પ્રેમ સંસારના શુદ્ધ સ્વરૂપનો વિરોધક છે. એવા વિરોધક પ્રેમથી સંસાર સુખરૂપ બનતો નથી, એટલુંજ નહીં પણ તેવા પ્રેમની અંદર દાંપત્યભાવ પુર્ણ રીતે પ્રકાશી શકતો નથી.



પ્રકરણ ૨ જું.

ધનનો ધનાભિલાષ.

કાર્તિક માસની પુર્ણીમાનો મહોત્સવ હતો. તે સમયે શરદ્‌ઋતુની સંપૂર્ણ શોભા વનભૂમિમાં પ્રસરી રહી હતી. મેઘના મિત્ર મયૂરપક્ષીઓ પક્ષ રહિત થઇ ગયા હતા. વનભૂમિમાં ઊગેલા કાશડાના કુસુમોથી જાણે શરદ્‌ઋતુ હાસ્ય કરતી હોય તેમ દેખાતી હતી. જેની અંદર કમળો વિકાશ પામેલ છે એવા સ્વચ્છ જળવાળા સરોવરની અંદર હંસપક્ષીઓ આવતાં હતાં. તેમને ભ્રમરાઓ પોતાના ગુંજારવથી સ્વાગત કહેતા હતા અને સરોવરો પોતાના તરંગરૂપ હસ્તોને પ્રસારી તેમને અભિવંદન આપતા હતા. આકાશમાં વાદળાંઓ શુભ્ર કાંતીને ધારણ કરતાં હતાં. વનની અંદર સપ્તચ્છદના વૃક્ષો નવપલ્લવિત થઇ શરદ્‌ને સંપૂર્ણ રીતે શોભાવતા હતા.

આ વખતે એક તરૂણ કુમાર પોતાની ભુજશક્તિથી મેળવેલા દ્રવ્યવડે ગરીબ અને અનાથ લોકોને દાન આપતો હતો. હજારો યાચકો તેની આસપાસ વીંટાઇ વળ્યા હતા. મનોવાંછિત

દાન લઈ ખુશી થતા ગરીબો ગર્જના કરી તે દાનવીરને ધન્યવાદ આપતા હતા. ચારે તરફ તે તરૂણના દાનના પ્રભાવથી ભારે પ્રશંસા થતી હતી.

તે પુરૂષની આ દાનશ્રેણી જોઈ એક પુરૂષ હૃદયમાં અપશોષ કરતો એક તરફ ઊભો હતો. તેણે પોતાના હૃદયમાં ચિંતવવા માંડયું-" અહા ! આ મહાનુભાવ દાનવીર પુરૂષને ધન્ય છે. આવા દાતારનું જીવન ખરેખર સર્વોત્તમ ગણાય છે. હું આ પુરૂષના જેવો દાનવીર ક્યારે થાઉં ? વિશેષ ખુશીની વાત એ છે કે, આ તરૂણ દાતાર પોતે ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યથી દાન આપે છે. સ્વોપાર્જિત દ્રવ્યથી વૈભવ ભોગવવો. અને પરોપકાર કરવો—એના જેવું બીજું મહત્ કાર્ય શું છે ? ધન્ય છે આ મહોપકાર પુરૂષના જીવનને ! ". આ પ્રમાણે ચિંતવન કરી તે પુરૂષ દીર્ઘનિઃશ્વાસ મુકતો હતો.

વાંચનાર, આ અવાંતર પ્રસંગની જિજ્ઞાસાથી આતુર થયા હશો. તેથી તેનું સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા છે.

વૈશ્રવણ સાર્થવાહનો પુત્ર ધન પૂર્ણભદ્ર શેઠની પુત્રી ધનશ્રીના મોહમાં પડ્યો હતો. ધનશ્રી તે ધનના પ્રેમને ચાહતી ન હતી. તેણીનો તેની તરફ પૂર્ણ અભાવ હતો. તથાપિ ધનનો મોહ તેણીની તરફ તેવોને તેવો રહ્યો હતો. સોમદેવ નામે એક પુરોહિતનો પુત્ર ધનનો મિત્ર હતો. તેણે ધનનો આશય જાણી તેના પિતા વૈશ્રવણને જણાવ્યો, જે ઉપરથી વૈશ્રવણે પુર્ણભદ્રની પાસે ધનશ્રીની માગણી કરી હતી. પુર્ણભદ્ર વૈશ્રવણની માગણી ઉપરથી પોતાની પુત્રી ધનશ્રીને ધનની સાથે

પરણાવી હતી. ધનશ્રી ધનને ચાહતી ન હતી. તેથી ધનનો સંસાર અનેક જાતની વિટંબનાથી યુક્ત થયો હતો.

જે પુરૂષ પોતે ઉપાર્જન કરેલા દ્રવ્યથી યાચકોને દાન આપતો હતો તે નગરનો નિવાસી સમૃદ્ધદત્ત નામે સાર્થવાહનો પુત્ર છે. તે દાનવીર પોતે ઉપાર્જન કરેલા દ્રવ્યથી ગરીબ તથા નિરાશ્રિતોને અગણિત દાન આપે છે. તે વખતે એક તરફ ઊભો રહી જે પુરૂષ તેનું દાન જોઈ ચિંતા કરે છે, તે ધન છે. ધન પોતે સ્વતંત્રપણે મેળવેલા ધનથી રહિત હતો; તેથી આ દાનવિરને દાન આપતો જોઇ પોતાને તેવી સ્થિતિ પ્રાપ્ત થઇ નથી, તેને માટે હૃદયમાં તે અપશોષ કરતો હતો. વળી પોતે ધનશ્રીના ગૃહવાસમાં દુઃખી થતો હોવાથી તેનાં શોકમાં વધારો થયો હતો.

દુશ્ચારિણી ધનશ્રીએ ધનની સાથે પ્રેમબંધન કર્યું ન હતું. તે હંમેશા તેની તરફ દ્વેષભાવથી વર્ત્તતી હતી. ધનના ઘરમાં નંદક નામનો એક નોકર હતો. દુષ્ટ ધનશ્રી તે નોકરની સાથે અયોગ્ય વ્યવહાર ચલાવતી હતી. સરલ હૃદયનો ધન એ દુરાચારથી તદન અજ્ઞાન હતો. પ્રથમના અગ્નિશર્માના ભવમાં તે નંદક સંગમ નામે તેણીનો મિત્ર હતો. પુર્વ સંબંધના યોગથી તે નંદક રૂપે આજે તેણીનો જારપતિ થયો હતો.

જ્યારે ધને સમૃદ્ધદત્તને દાન કરતો જોયો હતો, અને તેથી તે અફસોસ કરતો હતો, તે વખતે નંદક તેની પાસે રહેલો હતો. ધનનો શોકાતુર ચેહેરો જોઇ નંદક બોલ્યો—"સાર્થેશ પુત્ર, આ ઉદાર પુરૂષને દાન કરતાં જોઇ તમે શોકાતુર કેમ જણાઓ છો? જો તમારી પણ એવી ઇચ્છા હોયતો તમે શા માટે દાન નથી

આપતા ? તમે ધનાઢ્યના પુત્ર છો. અને તમારી કૃપાથી આ પુણ્યનો કરેલો વધારે દ્રવ્ય છે."

નંદકનાં આવાં વચન સાંભળી મન ખિન્ન થઈને બોલ્યો- "નંદક, તારૂં કહેવું યથાર્થ છે. પણ મારી પાસે જે દ્રવ્ય છે, તે વડિલોપાર્જિત દ્રવ્ય છે. વડિલોપાર્જિત દ્રવ્યથી મારે દાન આપવું, તે યોગ્ય નથી. જે પુરૂષ સ્વોપાર્જિત દ્રવ્યનું દાન આપે છે, તે પુરૂષ *શ્લાઘા કરવા યોગ્ય છે. નંદક, તું મને કોઈ ઉત્તમ પ્રકારનો વ્યાપાર બતાવ કે જેથી હું આત્મશક્તિથી અનુ-કિત દ્રવ્ય ઉપાર્જન કરૂં. મારે હાલ દ્રવ્ય ઉપાર્જન કરવાનો સમય છે, યૌવન વયમાં જેવું દ્રવ્યોપાર્જન થાય છે, તેવું પાછલી વયમાં થતું નથી. વળી તું મારા પિતાને સમજાવ કે, જેથી તેઓ દ્રવ્યોપાર્જન કરવાને મને બાહેરગામ મોકલે."

ધનના આવા વચન સાંભળી નંદકે તેના પિતા વૈશ્રવણને તે વાત જણાવી. પુત્રવત્સલ વૈશ્રવણે નંદકને કહ્યું કે તું ધનને કહે કે, આપણું વડિલોપાર્જિત દ્રવ્ય ઘણું છે, નહીં ગ.રે [illegible] કમાવાની કશી જરૂર [illegible] ધનની પછી [illegible] આપેલો કે [illegible] કેટલો પ્રબળ છે [illegible] ઘણો અસંતોષ [illegible] નંદકનો આવો ઉત્તર સાંભળી [illegible] આજ્ઞા આપી, કેટલી આ [illegible]

જ છે, પરંતુ તેને હવે મને છોડી [illegible] તો હું [illegible] આપને છોડી દઈશ." આ પ્રમાણે [illegible]

[illegible]

કુશળ એવા ધને ત્યાં વ્યાપાર કરવા માંડયો. વ્યાપારમાં મનની ધારણા પ્રમાણે લાભ મળ્યો નહિં, એટલે ધનલુબ્ધ ધને પોતાના હ્રદયમાં વિચાર કર્યો—આ સ્થળે વ્યાપાર કરવામાં જોઈએ તેવો લાભ મળ્યો નહિં, જ્યાં સુધી મનની કામના પૂર્ણ ન થાય ત્યાં સુધી મારે ઘેર જવું યોગ્ય નથી. હવે સમુદ્રની અંદર સફર કરી મનોવાંછિત દ્રવ્ય સંપાદન કરૂં, તોજ મારો પ્રવાસ સાર્થક થાય. આવું વિચારી ધને પોતાનો તે વિચાર ધનશ્રી અને નંદકને પણ જણાવ્યો. તે કપટી સ્ત્રી પુરૂષે દુષ્ટ ઇરાદાથી તે વિચારને અનુમોદન આપ્યું. સરલ હ્રદયનો ધન તરત સમુદ્ર તરવાને તૈયાર થયો. ધનના લોભે લલચાએલો ધન શૂન્ય હ્રદયનો થઇ તે કાર્યમાં પ્રવર્ત્યો.

પ્રિય વાંચનાર, ધનલુબ્ધ અને સ્ત્રીનો વિશ્વાસ કરનાર પુરૂષની શી દશા થાય છે, એ વાત આ ધનના ચરિત્ર ઉપ થી તમારા જોવામાં સ્પષ્ટ રીતે આવી શકશે. ધન ધર્મમાં સદા તત્પર હતો, તેની મનોવૃત્તિમાં સદા પવિત્ર વિચારો પ્રગટ થતા હતા.તથાપિ અતિ ધન મેળવવાની ઈચ્છાથી અને પોતાની સ્ત્રી ધનશ્રી ઉપર રાખેલા વિશ્વાસથી તેને કેટલું શોષવું પડશે ? એ હવે પછી જણાઇ આવશે. મનુષ્ય ધર્મી અને સુશીલ હોય, પણ જો નીતિવ્યવહારમાંથી વિપરીત રીતે વર્ત્તનારો હોય અથવા અવિચારી હોય તો તે અનેક રીતે દુ:ખી થાય છે. નીતિ વ્યવહારથી વિપરીત રીતે વર્ત્તવાનું અને અવિચારીપણાનું કડુ ફળ તેને ચાખવું પડે છે. તે માટેજ નીતિકાર લખે છે કે "યદ્યપિ શુદ્ધ હોય તો પણ નીતિ વિરૂદ્ધ કે લોક વિરૂદ્ધ હોય તે આચરવું નહિં."

પ્રકરણ ૯ મું.

સુહૃદનો ઉદ્ધાર.

ધનની અભિલાષા ધારણ કરતો ધન પોતાના હૃદયમાં અનેક વિચાર કરતો હતો. તેના હૃદયમાં ધનની વૃદ્ધિ કરવાનાજ વિચારો ઉપરા ઉપર આવ્યા કરતા હતા. આ વખતે એક તરૂણ પુરૂષ દોડતો દોડતો ધનની પાસે આવ્યો. તે પુરૂપે છણું વસ્રો પેહેર્યાં હતાં. તેના હાથના નખ ઘસાઇ ગયા હતા. ઓષ્ટ ઉપર તાંબૂલના રંગની રેખા પડી રહી હતી. કંઠમાં કરમાઇ ગયેલા પુષ્પોની માળા હતી. તે ત્રાસ પામી વારંવાર પાછું વાળી વાળી જોતો હતો. તેની મુખમુદ્રા ઉપર ભયની છાયા પ્રસરેલી હતી. તે પુરૂષે આવી ધનને કહ્યું, " મહાશય, મારી રક્ષા કરો. મારી પાછળ જુગારીઓનું મોટું ટોળું આવે છે. " તે પુરૂષના આવા વચન સાંભળી ધન દયા લાવી બોલ્યો—" ભાઇ, તું કોણ છે? અને તારી પાછળ જુગારીઓનું ટોળું શામાટે આવે છે?" " મહાશય, મારાથી મારૂં અધમ વૃત્તાંત કહી શકાય તેમ નથી." તેણે જરા આશ્વાસન પામી જણાવ્યું. 'આ કોઇ કુળવાન પુરૂષ લાગે છે ' એવું વિચારી ધન શાંતતાથી બોલ્યો—" ભદ્ર, જે વાત બની હોય તે યથાર્થ કહે. આ સંસારમાં કોણ સ્ખલના નથી પામતું?" ધનના આવા શાંત વચનો સાંભળી તે તરૂણ બોલ્યો—" મહાશય, ઉભયલોકની વિરૂદ્ધ કરનારો હું અધમ વણિક છું. મારૂં નામ મહેશ્વરદત્ત છે. હું કુલાંગાર

રૂદ્રદેવના કુલમાં ઉત્પન્ન થયો છું. પેહેલા હું પુષ્પપુરમાં રહેતો હતો. કોઇ નઠારા કર્મના યોગે મારામાં જુગારનું દુર્વ્યસન દાખલ થયું. વિશ્વમાં નિંદવા યોગ્ય એવા એ જુગારના વ્યસનને લીધે મારા સ્વજનોએ મારો બહિષ્કાર કર્યો." તે મહેશ્વરદત્તના આવા વચન સાંભળી દયાળુ ધને પોતાના હૃદયમાં વિચાર્યું કે "જરૂર આ કોઈ પુરૂષ મોટા મનવાળો લાગે છે. કારણ કે તે પોતાનું દુષ્કૃત જાણે છે, અને તેને લઇને હૃદયમાં પશ્ચાત્તાપ કરે છે." આ પ્રમાણે વિચારી ધને કહ્યું, "ભદ્ર, આ વખતે હું તારે માટે શું કરૂં, તે જણાવ" ધને આ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે તે જુગારી કાંઇપણ બોલી શકયો નહિં. તે નીચું મુખ કરી ઉભો રહ્યો. જ્યારે તેના તરફથી કાંઇપણ ઉત્તર મળ્યો નહિં, એટલે ધને તેની પાછળ આવતા જુગારીઓને પૂછવાને નંદકને મોકલ્યો—નંદકે તેઓને જઇને પૂછ્યું; એટલે તેઓએ કહ્યું કે, આ મહેશ્વરદત્ત જુગારમાં હારી ગયો છે, તેની પાસે અમે સોળ સોના મહોરો માગીએ છીએ. નંદકે તે વાત ધનને જાણાવી એટલે ધને તેની વતી સોળ સોનામ્હોરો તે જુગારીઓને આપી તેને મુક્ત કર્યો. પછી મહેશ્વરદત્તને સ્નાન કરાવી સારા વસ્ત્રો પહેરાવ્યા. અને ભોજન કરાવ્યું. સર્વ રીતે તેને સ્વસ્થ કર્યા પછી ધને કહ્યું, ભાઇ, હવે જુગાર રમીશ નહિં. હું તારે જોઇએ તેટલું દ્રવ્ય આપીશ, તે વડે વ્યાપાર કર. ઉભય લોકમાં વિરૂદ્ધ એવા જુગાર રમવાની શી જરૂર છે?"

ધનના આવા વચન સાંભળી મહેશ્વરદત્તના હૃદય ઉપર

આપતા ? તમે ધનાઢયના પુત્ર છો. અને તમારી પાસે આ પુરૂષો કરતાં વધારે દ્રવ્ય છે. ”

નંદકનાં આવાં વચન સાંભળી ધન ખિન્ન વદને બોલ્યો– “નંદક, તારૂં કહેવું યથાર્થ છે. પણ મારી પાસે જે દ્રવ્ય છે, તે વડિલોપાર્જિત દ્રવ્ય છે. વડિલોપાર્જિત દ્રવ્યથી મારે દાન આપવું, તે યોગ્ય નથી. જે પુરૂષ સ્વોપાર્જિત દ્રવ્યનું દાન આપે છે, તે પુરૂષ શ્લાઘા કરવા યોગ્ય છે. નંદક, તું મને કોઇ ઉત્તમ પ્રકારનો વ્યાપાર બતાવ્ય કે જેથી હું આત્મશક્તિથી અતુલિત દ્રવ્ય ઉપાર્જન કરૂં. મારે હાલ દ્રવ્ય ઉપાર્જન કરવાનો સમય છે. યૌવન વયમાં જેવું દ્રવ્યોપાર્જન થાય છે, તેવું પછીની વયમાં થતું નથી. વળી તું મારા પિતાને સમજાવ કે, જેથી તેઓ દ્રવ્યોપાર્જન કરવાને મને બાહેરગામ મોકલે.”

ધનના આવા વચન સાંભળી નંદકે તેના પિતા વૈશ્રવણને તે વાત જણાવી. પુત્રવત્સલ વૈશ્રવણે નંદકને કહ્યું કે તું ધનને કહે કે, આપણે વડિલોપાર્જિત દ્રવ્ય ઘણું છે, માટે તારે કમાવાની કાંઇ જરૂર નથી. નંદકે ધનની વતી આવો ઉત્તર આપ્યો કે “ તમારા પુત્ર ધનની વ્યાપારને માટે બાહેર જવાની ઇચ્છા પ્રબળ છે. જો તમે તેને અટકાવશો તો તેના હૃદયમાં ઘણો અસંતોષ થશે અને તેથી તે ઘણો પરિતાપ પામશે ” નંદકના આવા ઉત્તર સાંભળી વૈશ્રવણે પુત્ર ધનને બાહેર જવાની આજ્ઞા આપી, પિતાની આજ્ઞા સાંભળી [illegible] ખુશી થયો. નંદકે

આવી તે વાત ધનને જણાવી. ધન મેળવવાની ઇચ્છાવાળા ધનના હૃદયમાં તેથી ઘણો ઉત્સાહ પ્રગટ થઇ આવ્યો. તત્કાલ ધને નીચે પ્રમાણે નગરમાં જાહેર ઘોષણા કરાવી.

" સુશર્મ નગરના સર્વ લોકોને ખબર આપવામાં આવે છે કે વૈશ્રમણ શેઠનો પુત્ર ધન આવતી કાલે વ્યાપાર કરવાને માટે તામ્રલિપ્તિ નગરિમાં જવાના છે, માટે જે કોઇને સાથે આવવાની ઇચ્છા હોય, તેણે તૈયાર થઇ જવું. જેને ભાતું વગેરે મુસાફરીની વસ્તુઓ નહિં હોય તેને તે પૂરી પાડશે. "

આ જાહેર ઘોષણા સાંભળી કેટલાએક પુરવાસી વ્યાપારીઓ તેની સાથે જવાને તૈયાર થયા હતા. ધને મુસાફરીને માટે વાહન તથા વ્યાપારની સામગ્રી વગેરે તૈયાર કરી લીધી અને પ્રયાણ કરવાનો સમય નિશ્ચિત કર્યો.

આ વખતે મલિનમતિ ધનશ્રીએ પોતાના હૃદયમાં વિચાર્યું કે આ પ્રવાસની વાત બહુ સારી બની, પણ પ્રવાસની અંદર મારો યાર નંદક સાથે જાય છે તે વાત સાંભળી મને ચિંતા થાય છે, માટે કોઇ પણ પ્રકારે મારે પણ સાથે જાવાનું થાય તો વધારે સારૂં. આ પ્રમાણે વિચારી કપટી ધનશ્રી નેત્રમાં કૃત્રિમ આંસુ લાવી ધન પ્રત્યે બોલી " આર્યપુત્ર, તમે હવે મુસાફરી જવા તૈયાર થયા, તો પછવાડે મારે શું કરવું ? " " તારે વડિલ જનની સેવા કરવી. અને તેમની આજ્ઞામાં વર્તવું " ધને શુદ્ધ હૃદયથી જણાવ્યું. પતિના આવા વચન સાંભળી કપટી ધનશ્રી બોલી—" સ્વામી આપનું કહેવું સત્ય છે. વડિલ જનતો મારા હૃદયમાં

જ છે, પરંતુ જો તમે મને છોડી ચાલ્યા જશો, તો હું મારા આયુને છોડી દઈશ." આ પ્રમાણે કહીને તે ધનશ્રી ઉંચે સ્વરે રૂદન કરવા લાગી. તેવામાં ધનની માતા શ્રીદેવી ત્યાં આવી. માતાના આવવાથી ધનશ્રી ઘરની બાહેર નીકળી. ધનશ્રીની પ્રેરણા પામી શ્રીદેવીએ તેઓની સાથે [illegible] જવાની ધનને આજ્ઞા કરી. પછી માતાએ પુત્રને શિક્ષા આપતાં કહ્યું, "વત્સ, તારે તીર્થ દેશાંતરમાં જવાનું છે, તે દેશમાંથી આવી પુનઃ [illegible] દુર્લભ છે, ત્યાં રહી દ્રવ્ય ઉપાર્જન કરવું, [illegible] તું કોઈ રીતે [illegible] નહિ. [illegible] માટે [illegible] વ્યાપારમાં તત્પર રહેજે. અને [illegible] ખબર આપતો રહેજે. અને [illegible]." માતાની આ શિક્ષા ધને નમ્રતાથી અંગીકાર કરી. પછી શ્રીદેવીએ ધનશ્રીની માતાને કહ્યું કે "તમારી પુત્રીને [illegible] માટે [illegible] આજ્ઞા આપો." માતા [illegible] પોતાની પુત્રી [illegible] આજ્ઞા આપી. અને [illegible] સિદ્ધ થઈ ધનશ્રી [illegible] થઈ.

[illegible]

રૂદ્રદેવના કુલમાં ઉત્પન્ન થયો છું. પેહેલા હું પુષ્પપુરમાં રહેતો હતો. કોઇ નઠારા કર્મના યોગે મારામાં જુગારનું દુર્વ્યસન દાખલ થયું. વિશ્વમાં નિંદવા યોગ્ય એવા એ જુગારના વ્યસનને લીધે મારા સ્વજનોએ મારો બહિષ્કાર કર્યો." તે મહેશ્વરદત્તના આવા વચન સાંભળી દયાળુ ધને પોતાના હૃદયમાં વિચાર્યું કે "જરૂર આ કોઇ પુરૂષ મોટા મનવાળો લાગે છે. કારણ કે તે પોતાનું દુષ્કૃત જાણે છે, અને તેને લઇને હૃદયમાં પશ્ચાત્તાપ કરે છે." આ પ્રમાણે વિચારી ધને કહ્યું, "ભદ્ર, આ વખતે હું તારે માટે શું કરૂં, તે જણાવ" ધને આ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે તે જુગારી કાંઇપણ બોલી શકયો નહિં. તે નીચું મુખ કરી ઉભો રહ્યો. જ્યારે તેના તરફથી કાંઇપણ ઉત્તર મળ્યો નહિં, એટલે ધને તેની પાછળ આવતા જુગારીઓને પૂછવાને નંદકને મોકલ્યો—નંદકે તેઓને જઇને પૂછ્યું; એટલે તેઓએ કહ્યું કે, આ મહેશ્વરદત્ત જુગારમાં હારી ગયો છે, તેની પાસે અમે સોળ સોના મહોરો માગીએ છીએ. નંદકે તે વાત ધનને જણાવી એટલે ધને તેની વતી સોળ સોનામ્હોરો તે જુગારીઓને આપી તેને મુક્ત કર્યો. પછી મહેશ્વરદત્તને સ્નાન કરાવી સારા વસ્ત્રો પહેરાવ્યા. અને ભોજન કરાવ્યું. સર્વ રીતે તેને સ્વસ્થ કર્યા પછી ધને કહ્યું, ભાઇ, હવે જુગાર રમીશ નહિં. હું તને જોઇએ તેવું પડશે તે દ્રવ્ય આપીશ, તે વડે વ્યાપાર કર. ઉભય લોકમાં વિરુદ્ધ એવો તે જુગાર રમવાની શી જરૂર છે?"

[illegible] તેનું વચન સાંભળી મહેશ્વરદત્તના હૃદય ઉપર

સારી અસર થઇ. તેણે પોતાના હૃદયમાં વિચાર કરવા માંડયો— "અરે! હું કેવો અધન્ય અને નાલાયક છું. આ ધનશેઠ મારા પિતા કૃદદેવની સમાન મારી તરફ કેવું વાત્સલ્ય રાખે છે? આ લોકમાં પરોપકારી પુરૂષોને ધન્ય છે. તેમણે મારી ઉપર કેવો ઉપકાર કર્યો! હવે મારે પુરૂષાર્થ કરી મારા પિતાના કુળને ઘટે તેવું કામ કરવું જોઇએ અને આ ઉપકારી પુરૂષને યોગ્ય ઉત્તર આપવો જોઇએ." આવું વિચારી મહેશ્વરદત્ત વિનયથી બોલ્યો—"મહાશય, આજે તમારા દર્શન થયા તેને માટે હું ધન્ય છું. આજથી મેં જુગારનું દુર્વ્યસન છોડી દીધું છે અને પુરૂષવ્રત ગ્રહણ કર્યું છે. મારા આ અપવિત્ર ચરિત્રથી મને શરમ આવે છે. આપની પાસે વધારે શું કહેવું? પણ આપે મારે માટે જે પરિશ્રમ લીધો છે, તેને હું સફળ કરીશ." આ પ્રમાણે કહી અને ધનને પ્રણામ કરી મહેશ્વરદત્ત તે નગરીની બાહેર નીકળી ગયો. તેણે મનમાં નિશ્ચય કર્યો કે, 'આ લોકમાં એક ધર્મજ સ્થિર છે.' આવા નિશ્ચયથી પોતાના પિતાના પૂર્વમિત્ર યોગિશ્વર નામના એક મહાવ્રતધારી મુનિની પાસે તેણે દીક્ષા ગ્રહણ કરી. અને પોતાના મલિન જીવનને સર્વોત્કૃષ્ટ પણે ઉજ્વલ બનાવી દીધું.

વાંચનાર, પરોપકારી ધનનું આ ચારિત્ર ધ્યાનમાં લેજો. તેણે કાંઇપણ હેતુ વગર મહેશ્વરદત્ત જુગારીનો ઉદ્ધાર કર્યો હતો. તેના મલિન આત્માને સન્માર્ગે ચડાવ્યો. દયા અને પરોપકારથી યુક્ત એવા પુરૂષોનો એ સ્વભાવજ છે. તેઓના હૃદયમાં બીજાના શુભનું ચિંતવન થયાં કરે છે. તેઓ પ્રત્યુપકાર તથા

કીર્ત્તિની ઈચ્છા રાખતા નથી. માત્ર સ્વધર્મ અથવા સ્વકર્ત્તવ્ય જાણીનેજ તેવા કાર્યો કરે છે. ધન્યાંવતાર ધને જો મહેશ્વરદત્તને આલંબન આપ્યું ન હોત તો તે જુગારના દુર્વ્યસનમાં વિનષ્ટ થઇ જાત. પણ પરોપકારી ધને તેને એ દુર્વ્યસનરૂપ મહા જ્વાલામાં દગ્ધ થતો બચાવ્યો છે ને તેના જીવનને ઉત્કૃષ્ટ સ્થિતિમાં મૂકયું છે.

પ્રિય વાંચકવૃંદ, તમે પણ આવી પરોપકારવૃત્તિ ધારણ કરવાને સદા ઉત્સુક રહેજો. મહેશ્વરદત્ત જેવા પતિત આત્માનો ઉદ્ધાર કરવાને સદા તત્પર રહેજો, બીજાને સહાય આપી દુઃખમાંથી ઉદ્ધાર કરવો તેના જેવું પુણ્યાનુબંધી કાર્ય એકે નથી. પવિત્ર માનવ જીવનનો ઉપયોગ તેવાજ કાર્યમાં છે. ખરેખરી પરોપકારવૃત્તિ પણ તેજ ગણાય છે. મનુષ્ય જીવનની મહત્તા પણ તેમાંજ છે.

પ્રકરણ ૪ થું.

વિશ્વાસઘાતિ વનિતા.

[illegible] સમુદ્ર કિનારે ઊભો ઊભો હૃદયમાં [illegible] સમુદ્ર પોતાના તરંગો ઉછાળી [illegible] આવતો [illegible] તેમ દેખાય છે. જલ[illegible] વિવિધ જાતના જંતુઓ વિચરી [illegible] એક [illegible] પુરુષ [illegible] હૃદયમાં સાગરનો મહાન ઉપકાર માને

છે. ક્ષણ વાર વિશ્રાંતિ લીધા પછી તેણે સમુદ્રને ઉદ્દેશીને કહ્યું "હે ગંભીર જળનિધિ તેં મારાપર મહાન્ ઉપકાર કર્યો છે. સાત રાત્રિ દિવસ સુધી મારા શરીરની તેં પૂર્ણ રક્ષા કરી છે. તારામાં વાસ કરી રહેલા મોટા જંતુઓ પણ તારી આજ્ઞાને વશ થઇ મને ભક્ષણ કરી શકયા નથી. તારા ક્ષારજલની સાત દિવસ સેવા કરવાથી હું તદ્દન નીરોગી થઇ ગયો છું. હે મહાનુભાવ મહાસાગર, તેં મને સાત દિવસ શરણ આપ્યું હતું, તેને માટે હું તારો યાવજ્જીવિત આભારી છું. વળી તું એક જળમય અને મોટા ક્રૂર પ્રાંણીઓને આશ્રય આપનાર છે તે છતાં તેં મારા સ્વજનથી પણ વધારે કાર્ય કર્યું છે. જે માણસ મારી સાથે પવિત્રતાથી જોડાએલ છે, જેનું પે.પણ કરવાને હું યાવજ્જીવિત બંધાયો છું અને જેને સુખી કરવાને હું વિદેશમાં વ્યાપાર કરવાને નીકળ્યો છું, તે માણસે મારા વિશ્વાસનો ઘાત કરી મને આ સ્થિતિએ પહોંચાડયો છે. મને વિશ્વાસઘાત કરી દુઃખી કરનાર માણસ કોણ છે ? તે જાણવાની તારી ઇચ્છા થઇ હશે માટે હું તે માણસને તારી સમક્ષ ઓળખાવું છું. તે વિશ્વાસઘાતી વનિતા મારી પોતાનીજ સ્ત્રી છે એ દુરાચારી દારાએ મને તારા અગાધ જળમાં નાંખી દઇ આ સ્થિતિએ પહોંચાડયો છે. પણ તારી કૃપાથી અને મારા આયુષ્યના બળથી મને એક પાટીયું હાથ આવ્યું અને તે વડે સાત દિવસ સુધી તરીને હું અહીંઆ તીર ઉપર વિશ્રાંત થયો છું હે જળનિધિ સ્ત્રીજાતી કેવી ક્રૂર અને ઘાતકી છે, તે આજે મેં પ્રત્યક્ષ જોયું છે. તેણીએ મારી ઉપર નિષ્કારણ વૈર રાખી આવું દુષ્ટ કામ કર્યું છે. આ

સંસારમાં સ્ત્રી અસત્ય, છળ, અપાય, દોષ અને સાહસનું મંદિર છે. કલ્યાણના દ્વારની અર્ગલા છે અને નરકના માર્ગની નીઃસરણી છે." આ પ્રમાણે સમુદ્રને ઉદ્દેશીને બોલતો તે પુરૂષ સમુદ્રના તીર ઉપર વિશ્રાંત થઇ બેઠો હતો.

વાંચનાર, તમે આ દુઃખી પુરૂષને ઓળખવાને આતુર થયા હશો; તેથી તેનું સ્પષ્ટીકરણ કરવાની અહીં આવશ્યક્તા છે.

પેલા મહેશ્વરદત્ત જુગારીનો ઉદ્ધાર કરી ધન હૃદયમાં ખુશી થઇ રહ્યો હતો. આ વખતે તેની દુષ્ટ સ્ત્રી ધનશ્રી અને તેનો જાર નંદક એકઠા મળ્યા હતા. તે વખતે દુરાચારી ધનશ્રીએ વિચાર કર્યો કે "જ્યારે ધન અહીંથી વાહાણમાં બેસી વિદાય થાય, ત્યારે આપણે તેનો સમુદ્રમાર્ગે ઘાત કરવો. તેનો ઘાત કર્યા પછી આ સર્વ દ્રવ્ય લઇ આપણે બીજે સ્થળે ચાલ્યા જઈશું." ધનશ્રીના આ વિચારને નંદકે તે વખતે અનુમોદન આપ્યું નહીં. સ્વપ્નામાં પણ સ્વામીનો દ્રોહ ન કરવો જોઇએ એમ નંદકે ધનશ્રીને જણાવ્યું. તથાપિ પતિ દ્રોહણી ધનશ્રીએ તે વાત અંગીકાર કરી નહિં. કુટીલ હૃદયની ધનશ્રીએ નાગદત્તા નામની એક પ્રવ્રાજિકાની પાસે કોઇ પીડાકારી યોગ પોતાને હાથ કરી લીધો હતો.

ધનશ્રીના કહેવાથી ધન સમુદ્રયાત્રા કરવાને તૈયાર થઇ ગયો. તેણે પ્રયાણ વખતે દીન તથા અનાથ લોકોને દ્રવ્યના દાન આપ્યાં હતાં. તે દાનવીર ધન સમુદ્રનું પૂજન કરી પરિવાર સાથે વાહાણ ઉપર આરૂઢ થયો. વાહાણ અનુકૂલ પવનના યોગથી સમુદ્રની સપાટી ઉપર વેગથી ચાલવા લાગ્યું. માર્ગમાં

ચાલતાં પેલી પરિવ્રાજિકાએ આપેલો યોગ ધનશ્રીએ પોતાના પતિ ઉપર અજમાવ્યો. તે યોગના પ્રભાવથી ધન તદ્દન નિર્બળ થઈ ગયો. તેના હાથ પગ સુકાઈ ગયા, પેટ વધી પડયું, મુખ ઉપર સોજા ચડ્યા, ક્ષુધા નાશ પામી અને તૃષા વધી પડી. શરીરની આવી સ્થિતિ થવાથી ધન કંટાળી ગયો. દુઃખી થઈ ગયેલા ધને પોતાના હૃદયમાં વિચાર્યું કે, મારાથી શરીરની પીડા સહન થતી નથી, તો આ સમુદ્રમાં પડી આત્મઘાત કરૂં તો વધારે સારૂં; પણ તેમ કરવાથી આ સેવક નંદક અને પ્રિયા ધનશ્રીને દુઃખ થશે. ચાલતી વખતે માતાએ મને શિખામણ આપી છે કે, કદિ કંટાળવું નહીં અને સદા હીંમત રાખવી. વળી જે બંદર ઉપર મારે જવાનું છે, તે બંદર હવે નજીક છે, આ પ્રમાણે ચિંતવી પ્રાજ્ઞ ધને આત્મઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો અને મનમાં એકજ નિશ્ચય કર્યો. નિશ્ચય કર્યા પછી તેણે નંદકને કહ્યું "ભાઇ નંદક, કર્મના પરિણામથી મારા શરીરની આવી સ્થિતિ થઇ છે. અને આ બંદર હવે નજીક આવે છે, માટે આ દ્રવ્યનો સ્વામી તું થા અને આ સમુદ્ર ઉતર્યા પછી તું તે દ્રવ્યનો યોગ્ય ઉપક્રમ કર. જો આ રોગ મારા શરીરમાંથી દૂર થશે તો સારી વાત છે, નહિંતો મારા પિતાના સંબંધથી તું મારે ભાવ સમાન છે. આ પતિભક્તા ધનશ્રીને મારા પિતાની પાસે પહોંચાડજે " આ પ્રમાણે નંદકને કહી તેણે ધનશ્રીને કહ્યું "પ્રિયા, હું તને આ નંદકને સોંપું છું, તેની સાથે પાપ વિના મારી જેમ વર્ત્તજે." પવિત્ર મનના આવા વચન સાંભળી નંદકે હૃદયથી રોવા માડયું તેને

રોતો જોઇ કપટી ધનશ્રીએ પણ રોવા માંડયું. નિષ્કપટી ધને તે બંનેને પ્રતિબોધ આપી સમજાવીને શાંત કર્યાં હતાં.

અનુક્રમે તેઓ મહાકટાહ નામના બેટ ઉપર આવી પહોંચ્યાં. ત્યાં નંદક તે દ્વીપના રાજાને મળ્યો. રાજાએ ઉતારો આપ્યો એટલે તેઓએ તેની અંદર આશ્રય લીધો. નંદક ધનશ્રીના જેવો ક્રૂર ન હતો. અંદરથી સ્વામીભક્ત હતો. તેણે વૈદ્યોને બોલાવી ,ધનના શરીરની ચિકિત્સા કરાવવા માંડી, કોઇ ઉપાય લાગુ થયો નહિં. પછી નંદક પોતાના નગર [illegible] વાને ઉત્સુક થયો. તે દ્વીપમાં બધો માલ વેચી નંદક ધ[illegible] નિરોગી કરવાની ઇચ્છાથી ઉતાવળો વાહાણમાં બેશી ત્યાં[illegible] ચાલી નીકળ્યો હતો.

દુષ્ટ હૃદયા ધનશ્રીએ પોતાના ક્રૂર હૃદયમાં વિચાર [illegible] કે " મારા કરેલા યોગથી આ શત્રુ મૃત્યુ પામ્યો નહિ. [illegible] જ્યારે તે દેહચિંતા માટે જાય, ત્યારે તેને વેગથી સમુદ્ર[illegible] ફેંકી દઉં. " આવી દુષ્ટ ધારણા કરી ધનશ્રી તે સમયની [illegible] જોઈ રહી, દૈવયોગે ધન વાહાણની અંદર પોતાની પ્રિયા ધનશ્રીની સાથે દેહચિંતા માટે ગયો. દુષ્ટ ધનશ્રીએ દેહચિં[illegible] માટે બેઠેલા ધનને ધક્કો મારી સમુદ્રમાં ફેંકી દીધો. તેમ ક[illegible] પછી તેણીએ કપટથી હાહાકાર કરવા માંડ્યો અને બોલી[illegible] [illegible] નંદક [illegible] [illegible] [illegible] વચન સાંભળતાં

નંદક પાછળ પડવાને તૈયાર થયો એટલે બીજા પરિજને તેને પકડી રાખ્યો. વહાણનું ઉભું રાખી તે સ્થળે આસપાસ તેની તપાસ કરાવી પણ ધનનું શરીર કોઇ ઠેકાણે જોવામાં આવ્યું નહીં, પછી નંદક હૃદયમાં દુઃખ પામતો સ્વદેશ તરફ રવાને થયો હતો.

સમુદ્રમાં પડેલા ધનને આયુષ્યના યોગથી એક ભાંગેલા વાહાણનું પાટીયું હાથ આવ્યું, અને તેના યોગથી તે તરતો તરતો તીર ઉપર આવ્યો.

જે આ પુરૂષ સમુદ્રના તીર ઉપર વિશ્રાંત થઇ સમુદ્રને ઉદ્દેશીને કહેતો હતો, તે સુશર્મનગરના વૈશ્રવણનો પુત્ર અને દુષ્ટ ધનશ્રીનો પતિ ધન છે. ધન સાત રાત્રી સુધી સાગરને તરતો તરતો અહીં આવી પડયો છે. પોતાની સ્ત્રી ધનશ્રીની દુષ્ટતાને માટે તે તેણીને હૃદયથી ધિક્કારે છે.

પોતાની સ્ત્રી ધનશ્રીના દુશ્ચરિત્રથી સંસાર ઉપર વિરક્ત થયેલો અને હૃદયની પવિત્ર ભાવનાને ભાવતો ધન સમુદ્રના તીર ઉપર ક્ષણવાર વિશ્રાંત થઇ ત્યાંથી આગળ ચાલ્યો. ત્યાં એક વસ્ત્રની ગાંઠ તેના જોવામાં આવી, તેણે ગાંઠ ઉખેળીને જોયું, ત્યાં તેમાંથી એક રત્નાવળી હાર નીકળ્યો. તેની ભારે કાંતિ જોઇ ધન હૃદયમાં વિસ્મય પામી ગયો. તેણે વિચાર્યું કે, આવો સુંદર હાર કોનો હશે. અને તે આ સ્થળે કયાંથી આવ્યો હશે ? આવું વિચારતો વારંવાર તે હારની શોભાને નિરખતો ધન પોતાના દેશની સન્મુખ જવાની ઇચ્છાથી હળવે હળવે આગળ ચાલ્યો.

થોડે દૂર જતાં પંચ મહાવ્રતને ધારણ કરનાર એક મહામુનિ તેની દૃષ્ટિએ પડ્યા. મુનિના દર્શનથી ધનનું હૃદય આનંદિત થઇ ગયું. મુનિની દૃષ્ટિ પણ ધનની ઉપર પડી, એટલે તેણે ધનને આવી કહ્યું, "ભદ્ર, તમે અહિં ક્યાંથી ? હું તમારો આભારી પેલો જુગારી છું. તમારા પ્રતિબોધથી મેં ચારિત્ર ગ્રહણ કરેલું છે. હે ઉપગારી પુરૂષ, તમારી આવી અવસ્થા કેમ થઇ છે ?" મુનિના કહેવાથી ધને તેને ઓળખી લીધો, પછી તે વિનયથી બોલ્યો. મહાનુભાવ, તમે ચારિત્ર લઇ તમારા જીવનનો ઉદ્ધાર કર્યો, તે બહુ ઉત્તમ કર્યું. હું આ સંસારમાં મગ્ન થઇ રહ્યો, તેથી અતિ દુઃખ પામું છું. મારી સ્ત્રી ધનશ્રીએ વિશ્વાસઘાત કરી મને આ સ્થીતિએ પહોંચાડયો છે, હવે મારી શી સ્થીતિ થશે ? તે કહી શકાતું નથી.

ધનના આવા દીન વચન સાંભળી મુનિ બોલ્યા—"ભદ્ર, આ સંસારનું સ્વરૂપ દુઃખરૂપ છે. પૂર્વ કર્મના યોગથી પ્રાણી સુખ દુઃખ પામ્યા કરે છે. દરેક સંસારી ઉદયાસ્તના ચક્રમાં આવ્યા કરે છે. તમે કોઇ જાતની ચિંતા કરશો નહિ. જેમ ક્ષીણ થયેલો ચંદ્ર પાછો પૂર્ણ થાય છે, તેમ તમે પાછા સારી સ્થિતિમાં આવી જશો. વિપત્તિ ઉપકારકારિણી સંપત્તિ થઇ જાય છે. જેમ અગ્નિ વિના અગુરૂ ચંદનના સુગંધનું માહાત્મ્ય જણાતું નથી, તેમ સાત્વીક પુરૂષનું માહાત્મ્ય આપત્તિ વિના જણાતું નથી તમે મારા ઉપકારી છો. મારે તમને સર્વ પ્રકારની સહાય કરવી જોઇયે, પણ અત્યારે હું મુનિની સ્થિતિમાં છું સર્વ પ્રકારનો સંગ મેં ત્યજી દીધો છે. મારાથી તમારો

કાંઇપણ ઉપકાર થઈ શકે તેમ નથી, તથાપિ મારી પાસે એક ગારૂડ મંત્ર છે. જે મંત્રને મેં અધ્યયન કરી સિદ્ધ કરેલો છે, તે મંત્ર હું તમને આપું છું, તે ગ્રહણ કરો. કોઇવાર તેનાથી તમારો ઉપકાર થશે." મુનિના આ વચન સાંભળી ધન પોતાના હૃદયમાં ઘણોજ સંતોષ પામ્યો. તે સંતુષ્ટ હૃદયથી બોલ્યો-" મુનિરાજ મેં હવે નિશ્ચય કર્યો છે કે, પુણ્યના ઉદય વિના સંપત્તિ કે સુખ પ્રાપ્ત થતાં નથી. જો મેં પૂર્વે પુણ્યના કર્મ કર્યા હશે, તો મારો સત્વર ઉદય થશે. નહિ તો હું આવી સ્થિતિમાં રહી પૂર્વના પાપકર્મનો ક્ષય કરૂં છું જે પરિણામે મને લાભકારી છે. આપે જે મને ગારૂડ મંત્ર ગ્રહણ કરવાને કહ્યું, તે વાત મને રૂચિકર લાગતી નથી, કારણકે એવા અપરિચિત મંત્રને સિદ્ધ કરવાની શી જરૂર છે ?"

ધનની આ વાણી સાંભળી તે મહામુનિએ તેને ધન્યવાદ આપ્યો અને અતિ આગ્રહ કરી તે ગારૂડમંત્ર આપ્યો. પછી ધનના ઉપકારનું સ્મરણ કરતા મુનિ ત્યાંથી વિહાર કરી બીજે સ્થળે ચાલ્યા ગયા.

ધાર્મિક મનોવૃત્તિને ધારણ કરનારો ધન તે મુનિને વંદના કરી પોતાના દેશ તરફ જવાની ઇચ્છાથી આગળ ચાલ્યો હતો. મુનિના સમાગમથી તેના પવિત્ર હૃદયમાં પૂર્ણ સંતોષ થયો હતો, તથાપિ ક્ષણે ક્ષણે પોતાની વિશ્વાસઘાતિની વનિતાનું તેને સ્મરણ થઇ આવતું અને તેથી તે હૃદયમાં પરિતાપ પામતો હતો.

વાંચનાર, આ પ્રસંગ તમે તમારા ચરિત્રમાં સદા સ્મરણમાં રાખજો. અલ્પમતિ અબળાનો કદિપણ વિશ્વાસ કરશો નહિં. દુરાચારી દારાઓ વિષયને વશ થઇ વિશ્વાસઘાતી થાય છે. કદિ સ્ત્રી કુલીન, વિદુષી અને વિનીત હોય, તથાપિ તેણીની ઉપર પૂર્ણ વિશ્વાસ ધારણ કરવો, એ વિષમ છે. વનિતાના વિશ્વાસમાં દરેક ગ્રહસ્થે દીર્ઘ વિચાર કરવાનો છે.

પ્રકરણ ૫ મું.

મંત્ર પ્રભાવ.

સ્મશાન ભૂમીમાં એક શાંત પુરૂષ દીન મુખ થઇ ઉભો છે. ચારે તરફ પ્રેતભૂમિનો ભયંકર દેખાવ થઇ રહ્યો છે, સ્મશાન અગ્નિની ભયંકર જ્વાળાઓ પ્રજ્વલિત થઇ રહી છે. વિશ્વને સંહાર કરનારો કાલ ઉપરા ઉપર શબની આહૂતિઓ આપ્યા કરે છે, ભસ્મીભુત થયેલા મૃત મનુષ્યોની રક્ષાના ઢગલા આજુબાજુ પડ્યા છે. તેમની ઉપર શ્રેણીબંધ સ્મશાનકુંભ આવેલા છે. પ્રેત ભોજનથી તૃપ્ત થનારા શ્વાનો ટોળે ટોળે ફર્યા કરે છે. સબ વાહનની સ્વારીને આવતી જોઇ આનંદમાં ઉછળતા શ્વાનો જાણે સામૈયું કરતા હોય, તેમ સામા જાય છે. કોઇ ઠેકાણે રૂદન ધ્વનિ, કોઇ ઠેકાણે હાય વોયના અવાજો અને કોઇ ઠેકાણે અરે રે ના પોકારો સ્મશાનભૂમિને ગજવી મુકે છે

આવી શૂન્ય ભૂમિમાં ઉભેલા તે શાંત પુરૂષની પાસે એક ચંડાળ હાથમાં ખડ્ગ લઇને ઉભો છે. જાણે કાળની પ્રતિમા હોય, તેવો તે ચંડાળ દેખાય છે.

ચંડાળે હાથમાં ખડ્ગ લઇને વિચાર કર્યો કે, "રાજાએ આ પુરૂષને વધ કરવાની મને આજ્ઞા કરી છે, પરંતુ આકૃતિ ઉપરથી જણાય છે કે, આ પુરૂષ વધ કરવા યોગ્ય નથી. પણ મારા જેવા સેવકને આ વિચાર શા માટે કરવો જોઇએ ? સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું, એજ મારો ધર્મ છે." આ પ્રમાણે હૃદયમાં ચિંતવી તે ચંડાળ બોલ્યો—"હે ભાઇ, રાજાની આજ્ઞાથી આ વખતે તારા જીવિતનો અંત લાવવાનો છે. તું આ જગત્‌ના જીવ લોકને ખમાવી લે. અને તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. હું જાતે ચંડાળ છું, પણ કેટલાએક શ્રાવકોની સાથે મારે પ્રસંગ છે, તેથી હું ચંડાળના જેવી દ્રષ્ટિવાળો નથી. આવું કામ કરવાની મારી ઇચ્છા નથી, પણ શું કરીએ, અમારે રાજાની આજ્ઞા માન્ય કરવી જોઇએ. જ્યારે રાજાએ મને વધ કરવાની આજ્ઞા કરી, ત્યારે અમોએ રાજાને વિનંતિ કરી હતી કે, વધ કરવા લાયક માણસ જો મુહૂર્ત વાર શુભ ભાવના ભાવે તો અમે ત્યાં સુધી તેને મારીએ નહીં તેમ કરવાને આજ્ઞા આપો. રાજાએ અમારી આ વિનંતિ ધ્યાનમાં લીધી હતી, માટે હું તને ઇષ્ટ સ્મરણ કરવાને કહું છું."

ચંડાળના આવા શુભ વચન સાંભળી તે પુરૂષે પોતાના હૃદયમાં વિચાર કર્યો કે "આ કોઇ જાતિ ચંડાળ લાગે છે,

કર્મ ચંડાળ નથી. આવું ચિંતવી તે બોલ્યો—" અરે ભાઇ, મારું શુભ ચિંતન થઇ ગયું છે. પુણ્ય રહિત જીવોને શું ચિંતન કરવાનું હોય ? તું રાજાની આજ્ઞા પ્રમાણે કર." તેના આવાં વચન સાંભળી ચંડાળે હૃદયમાં વિચાર્યું "અરે આવા સાધુ પુરૂષને મારે મારી નાંખવો એ કેવી વિપરીત વાત કહેવાય ? આ પ્રમાણે વિચારી ચંડાળ ગદ્ગદ્ કંઠે બોલ્યો " ભદ્ર ઇષ્ટદેવનું સ્મરણ કરી સ્વર્ગની સન્મુખ ઉભો રહે. ચંડાળના કહેવાથી તે વીર પુરૂષ સ્વર્ગ સન્મુખ ઉભો રહ્યો. પછી ચંડાળે ખડ્ગ ઉગામી ઊંચે સ્વરે કહ્યું, " લોકો સાંભળો. આ પુરૂષે રાજપુત્રીને છેતરી ત્રૈલોક્યસાર નામનો રત્નાવળી હાર હરી લીધો છે. એ અપરાધથી રાજા તેનો વધ કરાવે છે." આ પ્રમાણે કહી ચંડાળે ખડ્ગ ઉગામ્યું, પણ દયાને લઇને તે ખડ્ગનો ઘા કરી શક્યો નહીં. તત્કાળ ખડ્ગ છોડીને તે પૃથ્વી ઉપર પડી ગયો. આ વખત તે ગુન્હેગાર બોલ્યો—" ભાઇ શામાટે ડરે છે ? રાજાની આજ્ઞા પ્રમાણે કર." ચંડાળે દીનતાથી કહ્યું " ભદ્ર તારા જેવા પવિત્ર માણસ ઉપર મારો ઘા ચાલતો નથી."

આ પ્રમાણે ચંડાળ અને તે પુરૂષની વચ્ચે વાર્ત્તા થતી હતી, તેવામાં લોકોનું મોટું ટોળું ત્યા થઇને પ્રચાર થતું હતું. તે પુરૂષ અને ચંડાળ સ્મશાનમાંથી તેની પાસે આવ્યા. તેવામાં તે ટોળામાંથી આ પ્રમાણે પટહની ઉદ્દઘોષણા થઇ. "રાજાના પ્રથમ પુત્ર સુમંગળને સર્પ ડસ્યો છે. તે સર્પના ઝેરથી અચેતન થઇ પડયો છે, મંત્ર તથા ઔષધીના પ્રયોગ તેની

ઉપર ચાલતો નથી. હવે જે કોઈ એ સર્પના ડશેલા રાજપુત્રને જીવાડશે, તેને રાજા મનોવાંછિત વસ્તુ આપશે."

આ પ્રમાણે ઉદ્દઘોષણા સાંભળી તે અપરાધીએ ચંડાળને કહ્યું "ભાઈ જો તારી ઇચ્છા હોયતો હું આ રાજકુમારને જીવતો કરૂં. પછી તું રાજાની આજ્ઞા પ્રમાણે મને મારજે." ચંડાળે ખુશી થઈ પોતાની ઇચ્છા જણાવી, એટલે તે પુરૂષે આ ઉદ્દઘોષણાના પટહનો સ્પર્શ કર્યો. રાજાના માણસો તેને રાજાની પાસે લઈ ગયા અને તે સર્વ વૃત્તાંત રાજાને જણાવ્યો. પછી રાજાએ આજ્ઞા આપી એટલે તે પુરૂષે ગારૂડ મંત્રથી તે રાજપુત્રને સજીવન કર્યો. તે પ્રત્યક્ષ ચમત્કાર જોઇ રાજા ઘણોજ પ્રસન્ન થઈ ગયો. પછી રાજાએ અને રાણીઓએ તેની ઉપર આભૂષણોની વૃષ્ટિ કરી ત્યારે તે વીર પુરૂષે કહ્યું, "રાજન્ મારે દ્રવ્યની ઇચ્છા નથી. જો મારી ઇચ્છા પૂર્ણ કરવી હોય તો મને મારવા આવેલા જાતિથી ચંડાળ એવા ચંડાળની ઇચ્છા પૂરી કરો."

તેના આ વચન સાંભળી રાજા ખુશી થઈ ગયો. તેણે પોતાના હૃદયમાં વિચાર્યું કે, "આ કોઇ સત્યવાન પુરૂષ લાગે છે. તેનો અપકાર કરનાર ચંડાળ ઉપર તે શામાટે ઉપકાર કરતો હશે?" આવું વિચારી રાજાએ છડીદારને મોકલી તે ચંડાળને બોલાવ્યો. ચંડાળ પાસેથી તેનો કેટલોએક વૃત્તાંત સાંભળી રાજાએ ચંડાળના મનની ઇચ્છા પુર્ણ કરવાને કહ્યું, એટલે ચંડાળે વિનયથી જણાવ્યું કે "જો મારી ઇચ્છા પુર્ણ કરવી હોય તો વધ કરવાની આ મારી અપવિત્ર આજીવિકાથી મને મુક્ત

કરો." રાજાએ તત્કાળ ચંડાળને તે અધમ આજીવિકામાંથી મુક્ત કર્યો અને તેને કેટલુંએક દ્રવ્ય આપ્યું. તે ચંડાળ પોતાને દ્રવ્યનો લાભ થયો તેના કરતાં પેલા પુરૂષને જીવિતનો લાભ થયો તેથી વધારે ખુશી થયો હતો.

વાંચનાર, પ્રસ્તુત પ્રસંગને જાણવાને આતુર થયા હશે. તેમની આતુરતા દૂર કરવાને તેનું સ્પષ્ટિકરણ કરવાની આવશ્યક્તા છે.

મુનિ પાસેથી ગારૂડ મંત્ર લઈને ધન પોતાના દેશ તરફ રવાને થયો હતો. ભવિતવ્યતાથી આકર્ષાએલો ધન ત્યાંથી ચાલતો ચાલતો શ્રાવસ્તી નગરીમાં આવી પહોંચ્યો હતો. પૂર્વના પીડાકારી કર્મજાળથી ધન હજુ મુક્ત થયો ન હતો. તેના અધમ પ્રારબ્ધમાં હજુ કર્મપીડા ભોગવવાને લખ્યું હતું. શ્રાવસ્તી નગરીના રાજા વિચારધવળનો ખજાનો ચોર લોકોએ લુંટી લીધો હતો. તેની તપાસને માટે રાજપુરૂષો તે નગરીની બાહેર માર્ગમાં આવતા મુસાફરોને પકડતા હતા અને તેમનો ઝાડો લઈ જો તેઓ નિર્દોષ લાગે તો તેમને છોડી મુકતા હતા. દુઃખી ધન પૂર્વ કર્મની પ્રેરણાથી એજ માર્ગે ચડ્યો. રાજાના સુભટોએ તેને પકડ્યો અને પુછ્યું કે, " તું કોણ છે? અને ક્યાં જાય છે?" નિર્દોષ ધને જવાબ આપ્યો. " હું સમુદ્રના તીર ઉપરથી આવું છું અને સુશર્મ નગર તરફ જાઉં છું." ધનના આ ઉત્તર ઉપર તેમણે ધ્યાન આપ્યું નહીં અને તેઓ તેને પકડીને રાજાના મંત્રીની પાસે લઈ ગયા. મંત્રીએ

ધનને પૂછ્યું, " તારી પાસે ટાંકો છે કે નહિં ? " [illegible]
ટેબલના ટેબલથી પેન ઉપાડી [illegible] અને તેણે તેને કહ્યું કે, 'મારે
પાસે ટાંકો નથી'. પછી મંત્રીએ તેને [illegible]

[illegible]

આપેલા ગારૂડ મંત્રના પ્રભાવથી ધન શ્રાવસ્તી નગરીમાં વિજયવંત થયો હતો. કૃતજ્ઞ પુરૂષ કરેલા ઉપકારનો બદલો આપ્યા વિના રહેતો નથી "એ નિતિસૂમંત્રનું સ્મરણ કરતો ધન શ્રાવસ્તી નગરીના રાજાની આજ્ઞા લઇ ત્યાંથી આગળ ચાલ્યો હતો. શ્રાવસ્તીપતિએ તેની સાથે સહાયભૂત થવાને કેટલાએક માણસો મોકલ્યાં હતાં.

વાંચનાર, ધનના આ ચરિત્રનું મનન કરી વિચાર કરજો. કૃતજ્ઞ પુરૂષ ઉપર કરેલો ઉપકાર કદિ પણ નિષ્ફળ થતો નથી. પેલા જુગારીનો ઊપકાર ધનને આ પ્રસંગે પૂર્ણરીતે સહાયભૂત થયો હતો. ગરૂડી મંત્રના પ્રભાવથીજ ધનના જીવતનો અને યશનો બચાવ થયો હતો. જો તેની પાસે ચમત્કારી મંત્ર ન હોત તો ધનની શી સ્થિતિ થાત, તે વાંચનારના ખ્યાલમાં છે. આ પ્રસંગે પેલા દયાળુ ચંડાલના પ્રવર્ત્તન ઉપર પણ વિચાર કરવાનો છે. ચંડાળ જાતિમાં પણ એવા સજ્જનો પ્રગટ થાય છે અને તેઓ તેમના ગુણકર્મમાં પણ પોતાની સજ્જનતા પ્રગટ કર્યા વિના રહેતા નથી. ચંડાળ કહેવાથી ચંડાળ થતા નથી. ધનનો વધ કરવાને આવનારો ચંડાળ હતો, પણ તેનામાં કેવી સજ્જનતા હતી ? તે ધનની આકૃતિ જોઈ વિચારમાં પડયો હતો. ધનના વધ કરવાને માટેજ રાજાએ તેની યોજના કરી હતી, પણ દયાના પ્રભાવથી તે ધનના વધ કરવાને શક્તિમાન થયો નહોતા. આ પ્રસંગે ધન પણ તે ચંડાળ તરફ કેવા ભાવ રાખતો હતો. ચંડાળના મનવાંછિત પુરા કરવાની માગણી કરી હતી. જે

માગણીનો રાજાએ સ્વીકાર કર્યો હતો. અને તે ઉત્તમ ચંડા પોતાની નીચ વૃત્તિથી મુક્ત થયો હતો.

પ્રિય વાચકવૃંદ, આવા ઉત્તમ ચરિત્રોનું મનન કરી ત મારા જીવનની સુધારણા કરવા તત્પર થજો. અને પરોપકા વૃત્તિના મહાવ્રતને અંગીકાર કરી આ અમૂલ્ય માનવજીવનને સાર્થક કરજો. સજ્જનતાના આવા દૃષ્ટાંતો માનવજીવનની ઉચ્ચ તાને પોષણ કરનારા અને માર્ગાનુસારીના પવિત્ર ધર્મને પ્રતિ બોધ કરનારાં છે.

પ્રકરણ ૬ ઠું.

રત્નાવળીનો પુનર્લાભ.

શ્રાવસ્તી નગરીના રાજા વિચારધવળની પાસેથી પ્રતિષ્ઠા મેળવી અને રાજાએ આપેલા માણસોને સાથે લઈ ધન ત્યાંથી આગળ ચાલ્યો હતો. તેના હૃદયમાં સ્વદેશ તરફ જવાની અતિ ઉત્કંઠા હતી. ધન હવે દુઃખથી મુક્ત થઈ રાજપુરૂષોને સાથે લઈ ઉત્સાહ પૂર્વક સ્વદેશ તરફ જતો હતો, પણ તેના પૂર્વ કર્મોએ તેને હજુ તદન મુક્ત કર્યો ન હતો. હજુ તેની પર બીજી આપત્તિ ઉન્મુખ થઈને ઉભી હતી કે એ આપત્તિની વાત ધનને સ્વપ્નમાં પણ નહીં. પોતાની સાથે આવેલા તેના પરિવારથી તે તદન નિર્ભય હતો. પણ તેના પૂર્વ કર્મો ઉદયમાન થઈ તેને આપ[illegible] નિમાં નાખવાને તૈયાર થયા હતા. રાજપુરૂષોના પરિવાર સાથે

આપણી પ્રસ્તુત વાર્તાનો નાયક ધન ગિરિસ્થલ નામના એક નગરના સીમાડા ઉપર આવી પોહોંચ્યો હતો.

આ સમયે ગિરિસ્થલ નગરના રાજા ચંડસેનના ખજાનામાં મોટી ચોરી થઈ હતી. તે નગરના સીમાડા ઉપરના માર્ગમાં જે કોઈ મુસાફરો નીકળતા તેમને બાંધીને રાજાની પાસે લઈ જવામાં આવતા હતા.

ધન તેના પરિવાર સાથે એજ માર્ગે આવી ચડ્યો હતો. સપરિવાર ધનને જોતાંજ રાજાના પોલીસોએ તેમને પકડ્યા અને તેમની પાસે જે સામાન હતો, તે કબજે કરી લીધો. તેઓને બાંધી કોટવાળની પાસે લઈ જવામાં આવ્યા. કોટવાળે ગર્જના કરી પુછ્યું, " તમે કોણ છો ? કયાં જાઓ છો ? અને તમારી પાસે શું છે ? " તેમણે ઉત્તર આપ્યો—" શ્રાવસ્તી નગરીના રાજાના હુકમથી અમે સુશર્મનગર તરફ જઈએ છીએ. આ સાર્થવાહ ધનની પાસે રાજાએ આપેલું એક આભૂષણ છે, તે સિવાય બીજું કાંઈ નથી." કોટવાળે કહ્યું " તે આભૂષણ કેવું છે ? તે બતાવો." કોટવાળના કહેવાથી તેમણે તે આભૂષણ બતાવ્યું. આભૂષણને કોટવાળે ઓળખી લીધું. તે ઘણાં વખત પહેલાં ખોવાયું હતું. પછી તેમને પકડી રાજાની પાસે લાવવામાં આવ્યા. " મારા રાજ્યમાં જે જે ચોરી થાય છે, તે આ લોકોજ કરાવે છે," એવું ધારી રાજાએ તેમને કારાગૃહમાં પૂરી દીધા, અને તેમના પાસે મજુરીનું કામ લેવાની આજ્ઞા કરી

ધન વગેરે બધાઓ દુઃખી થઈ કારાગૃહમાં પડ્યા હતા.

આ વખતે રાત્રે પોલીસ લોકોએ પકડેલો એક સંન્યાસી રાજાના મંત્રીની પાસે બાંધીને લાવવામાં આવ્યો. તે સંન્યાસી ચોર હતો. તેની પાસે ચોરીનું દ્રવ્ય હતું. તેણે સંન્યાસીનો વેષ લઈ આ ચોરી કરી હતી. મંત્રીએ રાજાની આજ્ઞા લઈ તેને વધસ્થાનમાં મોકલી દીધો. પોલીસ લોકો, જ્યારે તેને વધસ્થાનમાં લઈ ગયા, ત્યારે તેના અંગ ઉપર મશીનો લેપ કરવામાં આવ્યો હતો, તેના કંઠમાં કટોરાનો હાર પહેરાવ્યો હતો, મસ્તક ઉપર કરવીરના પુષ્પોની માળા નાંખી હતી, માથાપર નઠારૂં છત્ર ધરાવ્યું હતું. તેને ગધેડા ઉપર બેસાર્યો હતો, અને તેની આગળ ડિંડિમ વાદ્ય વાગતું હતું. આ પ્રમાણેના સ્વરૂપથી તેને વધ્યસ્થાન ઉપર લાવવામાં આવ્યો હતો.

જ્યારે તે વધ્યસ્થાન ઉપર આવ્યો, ત્યારે તેણે નિસાસો નાંખી અને લોકોને જોઈને પોતાના હૃદયમાં વિચાર્યું કે, "મને પેલા મુનિએ જે કહ્યું હતું, તે અન્યથા થયું નહીં. હવે દ્રવ્યના સ્થાનો જે મારા જાણવામાં છે, તે આ લોકને કહી આપું."આવું વિચારી તે પોલીસ લોકો પ્રત્યે બોલ્યો—" સાંભળો, હું મારી સ્વ વાત જણાવું છું. આ નગરમાં બધી ચોરીઓ મેં કરેલી છે. તે દ્રવ્ય તે તે લોકોને સોંપી દઈ પછી મને મારી નાખો." ચોરના આ વચન પોલીસ લોકોએ મંત્રીને જણાવ્યાં. પછી મંત્રીએ તે વાત કબુલ કરી ને તે સ્થાનોમાં જઈ તપાસ કરી તો [illegible] બ દ્રવ્ય હાથ લાગ્યું પણ પેલું આભૂષણ જોવામાં આવ્યું ન[illegible] આવી રીતે ચોરના વચનની સત્યતા જોઈ મંત્રીએ તે -

સાંભળવાથી થયું, " આહાહા! તેનું અપૂર્વ [illegible] આવે છે
હું કેવું છું ? અને ત્યારમાં સંભળાયેલું [illegible] બોલાયું [illegible]
ઉત્પન્ન થિતિથી કેમ થયું છે ? "

તે ચાર ચોરોએ—અંગીકાર, [illegible] પૂછ્યું [illegible]
કહ્યું—" પૂર્વભવથી આરંભ પૂર્વભવનું સાંભળ [illegible]
તેમણે અવધિજ્ઞાનના બળથી કહેવાને માટે એક વાક્ય કહ્યું.
જેમ ભાગ્યવાનું ત્યારે તું પુત્ર છું. 'હિંસા કરવાથી સ્વર્ગ મળે
છે' એમ લોકોને પણ તું પ્રતિપાદન કરતો હતો. એક વખત
કોટવાળે પુરુષોને બાંધીને લઈ જવામાં આવતા હતા,
તેમને જોઈ તેં કહ્યું કે, 'આ ચોર છે. તેમને મારી નાખો.'
આ વખતે કોઈ અવધિજ્ઞાની મુનિ ત્યાં આવી ચડ્યા. તેઓ
નું વચન તેમના સાંભળવામાં આવ્યું. એટલે તેઓ બોલ્યા
" અહો! અજ્ઞાનતાનો વિલાસ કેવો પ્રસરેલો છે! આ પુરુષ
શાંત છતાં કેવું કઠોર વચન બોલે છે! " મુનિના આ વચન
સાંભળી તેં પ્રણામ કરીને તેમને પૂછ્યું " પ્રભો! મારામાં શી
અજ્ઞાનતા છે? " મુનિ શાંતતાથી બોલ્યા—" કહાસ્યથી અને
વિરુદ્ધ ઉપદેશથી આ લોકો ચોર નથી, તે છતાં તેમને તું ચોર
કહે છે અને તેમને મારવાની આજ્ઞા કરે છે. કદિ સત્ય હોય,
તો પણ જેનાથી જીવને પીડા થાય, તેવું વચન ન બોલવું
જોઈએ. વળી આ ચોર નથી, તેમને ચોર કહેવા, તે સર્વ રીતે
અસત્ય છે. તેમજ તું ' હિંસાથી સ્વર્ગ મળે છે ' એવો વિરુદ્ધ
ઉપદેશ આપે છે. કારણ કે 'પ્રાણી માત્રની હિંસા કરવી જોઈએ'
એવું સર્વ ધર્મમાં કહેલું છે. તેમ વળી પૂર્વે કરેલા કહાસ્ય-

તું આ બ્રાહ્મણનો પુત્ર થયેલ છે. તારો અનુભવ લેઈ હું આ સં-સારથી વિરક્ત થયો છું. મેં પુનઃ જ્ઞાનીને પૂછ્યું કે, "મારે અવશેષ ફળ કેવું ભોગવવાનું છે?" ત્યારે તેમણે કહ્યું કે, "તને જે બાકીની વિડંબના થવાની છે, તે થોડો પ્રકાશ મળો." તે જ્ઞા-નીના આવા વચન સાંભળી મેં ભવ ભાગી દીક્ષા ગ્રહણ કરી. મારા ગુરૂ સ્વર્ગવાસી થયા છે. તેમની પાસેથી વ્યાકરણાદિની અને ન્યા-યશાસ્ત્રની વિગેરે જે વિદ્યાઓ મેં પ્રાપ્ત કરી છે. તે વિદ્યા આપતી વખતે ગુરૂએ મને શિક્ષા આપી હતી કે, તારે કદિ [illegible] બોલવું નહિ. અને ત્યારથી [illegible] આ વિદ્યાના [illegible] એક [illegible] સ્ત્રીઓએ મને પૂછ્યું કે, [illegible] [illegible] મેં તે-મને હાસ્યપૂર્વક ઉત્તર આપ્યો કે" મારી વિદ્યાના વિવેકથી મેં આ દુષ્કર વ્રત લીધેલું છે." આ પ્રમાણે હું મિથ્યા વચન બોલ્યો અને મેં તે વ્રત ન કર્યો તેથી હું આજે [illegible] માત્ર [illegible] પકડાએલો છું. હે મંત્રી, મેં જે બન્યું છે, તે તમારી આગળ કહ્યું છે."

તેના આ [illegible] સાંભળી [illegible] કહ્યું "[illegible] તે [illegible] નથી?" [illegible] [illegible] [illegible]"

વળી ગયો અને ધન શાખા સાથે લટકી રહ્યો. જે ભાંજગડી પેલો રત્નાવળી હાર લઈ ઉડી ગયો હતો તેણે આ વડની ઉપર તે હાર મુક્યો, તે ધનના જોવામાં આવ્યો. ધને તે હાર ગ્રહણ કર્યો અને તે શ્રાવસ્તી નગરીના રાજાને આપવાને ઈચ્છા કરી. જ્યારે ગજેંદ્રોનું યૂથ ત્યાંથી પાછું ફરી ચાલ્યું ગયું, એટલે ધન વડના વૃક્ષ ઉપરથી ઉતરી ત્યાંથી આગળ ચાલ્યો ગયો.

આ તરફ શ્રાવસ્તી નગરીમાં છોડી મુકેલા પેલા રાજાના માણસો પાછા ફરી રાજાની પાસે આવ્યા. તેમણે જઈને ધનનો સર્વ વૃત્તાંત રાજાને નિવેદન કર્યો. તે સાંભળી રાજાએ ગુસ્સે થઈને કહ્યું—"અરે નીચ લોકો, તમે એવા નરરત્નને છોડી અહિં કેમ આવ્યા? હું તમારો એવો દંડ કરૂં છું કે જ્યાં સુધી તમે ધનને લાવશો નહિં, ત્યાં સુધી તમને આ નગરમાં પેસવા દેવામાં નહીં આવે." આ પ્રમાણે કહી રાજાએ તેમને પોતાના નગરની બાહેર કાઢી મુક્યા. તેઓ દરિદ્રીની જેમ માર્ગે ફરતાં ધનને ચારે તરફ શોધવા લાગ્યા, ઘણે દિવસે સુપ્રપાસ નામના નગરમાં તેઓ જઈ ચડ્યા, અને ત્યાં તેઓ ધનને જઈ મળ્યા હતા. ધનને સાથે લઈ તેઓ શ્રાવસ્તી નગરીમાં આવ્યા અને રાજાને મળ્યા. ધને રાજાની પાસે રત્નાવળી હાર મુકી પોતાનો બધો વૃત્તાંત નિવેદન કર્યો. તે વૃત્તાંત સાંભળી રાજા આશ્ચર્ય પામી ગયો અને તે પ્રસન્ન થઈને બોલ્યો—"નરરત્ન, તમારી સજ્જનતા જોઈ હું આશ્ચર્ય પામ્યો છું અને આ

પ્રકરણ ૭ મું.

યશોધર સૂરિ.

નવપલ્લવિત થયેલા અશોકવૃક્ષની નીચે એક મહામુનિ બેઠા હતા. તેમની આસપાસ અનેક મુનિઓ પરિવૃત થઇ રહેલા હતા, તેમનું દ્રવ્ય અને ભાવ બંને રૂપ નિર્મળ હતાં. ભાવરૂપ સ્વરૂપમાં મૂલ તથા ઉત્તર ગુણો પ્રકાશી રહ્યા હતા. તેમણે ચારિત્રના ચળકાટથી અમૃતના જેવું ઉજ્વલ યશ સંપાદન કર્યું હતું. તેમની આકૃતિ ઉપર સુંદર ભવ્યતા દેખાતિ હતી. મુખમુદ્રા પ્રસન્નતાથી પરિપૂર્ણ હતી. તેમની મનોવૃત્તિ જગતનાં સર્વ પ્રાણીઓના શુભને ચિંતવતી હતી. તે ચિંતવનથી લલાટ ઉપર પડેલી ત્રણ રેખાઓ મન, વચન અને કાયાની ત્રિપુટીની શુદ્ધિ સૂચવતી હતી. તેમનાં સર્વ અંગ ઉપર શાંતિની શાંત પ્રભા પ્રસરેલી જોવામાં આવી હતી.

આ મહાન આચાર્યની પાસે એક શાંત મૂર્ત્તિ પુરૂષ આવ્યો. તેણે તે મુનિશ્વરના ચરણકમળમાં વંદના કરી. અને તે વિનયથી તેમની સન્મુખ બેઠા. એ પવિત્ર પુરૂષની વૃત્તિની શુદ્ધતા જાણી સૂરિવર શાંત સ્વરથી બોલ્યા—“ ભદ્ર, તું કોણ છે? અને આ પ્રદેશમાં કયાંથી આવે છે ? ” મુનિવરના મુખથી આ પ્રશ્ન સાંભળી ને પવિત્ર પુરૂષ નમ્રતાથી બોલ્યો— “ મહાનુભાવ, હું આર્હત ધર્મનો ઉપાસક શ્રાવક છું, હું સુશર્મ નગરનો રહેવાસી છું. મારૂં નામ ધન છે. હું લાંબો મુસાફ-

રીમાં અનેક જાતના સુખ દુઃખનો અનુભવ કરી હમણાં ઘેર આવ્યો છું. હું ઘણા દિવસોએ ઘેર આવ્યો તેથી, મારા માતાપિતાએ મારે માટે મોટો આનંદોત્સવ કર્યો હતો. જૈન ચૈત્યોમાં મહા પૂજા ભણાવી હતી અને યાચકોને અગણિત દાન આપ્યાં હતાં. અમારા નગરના રાજાએ પણ મારો નગરપ્રવેશોત્સવ કરી ઘણી ખુશાલી દર્શાવી હતી. મારે ધનશ્રી નામે એક સ્ત્રી છે, તેણી મારી સાથે મુસાફરીમાં હતી. તેણીએ કુબુદ્ધિથી મને સમુદ્રમાં પાડી નાંખ્યો હતો. અને પોતે છટકીને મારે ઘેર નાશી આવી હતી. જ્યારે મારા માતાપિતાએ મને મારી બીની વાર્તા પૂછી ત્યારે મેં એકાંતે જે સત્ય વાત હતી, તે તેમની પાસે જણાવી હતી. મારી સ્ત્રી ધનશ્રીનો એ વૃત્તાંત સાંભળી મારા માતા પિતાએ મને કહ્યું કે, ' વત્સ, હવે એ અધમ સ્ત્રી તારે લાયક નથી, માટે કોઈ બીજી કુલીન કન્યાની સાથે તારા લગ્ન કરીશું. ' મારા માયાળુ માતા પિતાના આ વચન સાંભળી મેં કહ્યું, ' પુજ્ય માતા પિતા, હવે એ મારે માટે ચિંતા કરશો નહિં. આ સંસાર તેથી દુઃખરૂપ છે. ' આ પ્રમાણે કહી હું મારા મિત્રોની સાથે યક્ષને મંદિરે ગયો. ત્યાં યક્ષની પૂજા કરી મેં યાચકોને દાન આપ્યાં. તે પછી ભોજન કરી આ સિદ્ધાર્થ ઉદ્યાનમાં આવ્યો છું. અહીં આવતાં આ અશોકવૃક્ષ નીચે આપ મહાનુભાવના મારે દર્શન થયાં. "

વાંચનાર, તમોએ, આ ધનદનું અલૌકિક ચરિત્ર સાંભળ્યું છે હવે તમારાથી કાંઈપણ અજ્ઞાત રહ્યું નથી. [illegible] મુસાફરી કરી ધન [illegible]

અને ત્યાંથી તે અહીં સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં આવ્યો છે. ત્યાં તેને સૂરિવરનાં દર્શન થયાં છે. તે સૂરિવરનું નામ યશોધર સૂરિ છે. શાંત મૂર્તિ યશોધરસૂરિના દર્શનથી ધન ધન્યવાદનો પાત્ર થયો છે. આ યશોધરસૂરિ મૂળ રાજકુળમાં ઉત્પન્ન થયેલા છે. કોશલ દેશના રાજા વિનયધરના તેઓ પુત્ર છે. આ સંસારની વિચિત્રતા જોઈ તેઓ તે ઉપર વિરક્ત થઈ ગયા છે. તેમની મનોવૃત્તિ શાંતિસુધાના પ્રવાહમાં તરે છે. રાજ્યલક્ષ્મીની સ્થિતિને વિચારી તેઓ રાજ્યયોગી બન્યા છે. ધન્ય છે, એ મહાનુભાવને ! સૂરિ યશોધર મુનિ વ્રતધારી થયા હતા, પણ તેમના શરીરનું સ્વાભાવિક સૌંદર્ય દેદીપ્યમાન રહ્યું હતું. તેમની ભવ્ય આકૃતિઓથી રાજતેજની પ્રભા પ્રકાશતી હતી. નેત્રકર્ણ, નેત્રની ચંચળતા, મુખકમળની વિશાળતા, કંઠની મૃદુતા અને બાહુ યુગલની દીર્ઘતા—એ મહાનુભાવની રાજ્ય સ્થિતિને સૂચવતા હતા.

સૂરિવરની આવી સ્થિતિ જોઈ હૃદયમાં આશ્ચર્ય પામેલો મંત્રી વિનયથી બોલ્યો—"ભગવન્, આપની શારીરિક પ્રભાવ પ્રકૃતિથી મહાન શક્તિનો દર્શક છે; તે છતાં આપે આ સંસારનો ત્યાગ કરી એ શક્તિનું સંહરણ શા માટે કર્યું છે ? એવું કયું પ્રબળ કારણ હતું કે જેથી આપને આ સંસાર ઉપરથી વિરક્તભાવ ઉત્પન્ન થયો છે ? આપે વૈષયિક સુખનો ભોગ છોડી એવા કષ્ટ રૂપ મહાન હેતુ ધાર્યો હશે ?" સૂરિ શાંત સ્વરથી બોલ્યા—"ભદ્ર, આ સંસાર નિર્વેદ રૂપનું

મંદિર છે. ક્ષણે ક્ષણે દુઃખદાયક એવા સંસાર ઉપર વિરક્ત થવાય તેમાં શું પૂછવાનું છે ?”

ધન વિનયથી બોલ્યો—“ ભગવન્, એ વાત તો સર્વને સાધારણ છે. હવે આપના ચારિત્રમાં કાંઈ વિશેષ હોય તે જણાવવાની કૃપા કરો. ” શાંત અને કલ્યાણરૂપ આકૃતિવાળા ધનને જોઈ સૂરિ બોલ્યા—“ ભદ્ર, જો મારૂં ચરિત્ર સાંભળવાનીજ ઈચ્છા હોય તો સાંભળ–પૂર્વે વિશાલા નગરીમાં અમરદત્ત નામે રાજા હતો. સતીવ્રતના યશને ધારણ કરનારી યશોધરા નામે તેને સતી રાણી હતી. તે યશોધરાના ઉદરથી મારો જન્મ થયો છે. એ મારો નવમા ભવનો અવતાર હતો. માતાપિતાએ મારૂં નામ સુરેંદ્રદત્ત પાડયું હતું. તેઓને હું ઘણો પ્રિય હતો. પિતાએ કમળના જેવા નેત્રોવાળી નયનાવળી નામે એક સ્ત્રીની સાથે મારો વિવાહ કર્યો હતો. તે સુંદરી, રૂપ અને ગુણોથી મારા હૃદયનો મુક્તાવળી હાર બની હતી. જ્યારે હું યોગ્ય વયનો થયો, એટલે મારા પિતા અમરદત્તે મને રાજ્ય આપી દીક્ષા ગ્રહણ કરી હતી. સમ્યક્ત્વને ગ્રહણ કરી અને ગૃહસ્થધર્મને અનુસરી હું સારી રીતે રાજ્યનું પાલન કરવા લાગ્યો. અનુક્રમે હું યૌવનવયના અંત ઉપર આવી પહોંચ્યો. એક વખતે મારી સ્ત્રી નયનાવળીની મારસિકા નામની દાસીએ મારા કેશમાં આવેલું પળી બતાવ્યું અને મેં તેને ધર્મદૂત તરીકે અવલોક્યું. કેશ ઉપર પળી આવેલ જોઈ મારા હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ આવ્યો. હું ચિંતવવા

લાગ્યો—" અહો! આ સંસાર અસાર છે. મનુષ્ય જીવિત ક્ષણવારમાં નષ્ટ થઇ જાય છે. સર્વ જીવોના યૌવન અને આયુષ્ય દિવસ અને રાત્રિના મિષથી ખંડ ખંડ તુટ્યા કરે છે; તથાપિ મૂઢ જીવ જાણી શકતો નથી. સૂર્ય અને ચંદ્રરૂપી બળદો જીવોના આયુષ્યરૂપી જળ લઇ દિવસ અને રાત્રિરૂપ ઘટી (ઘડાઓ) ના સમૂહવડે કાળરૂપી રેંટને સદા ભમાવે છે. જ્યારે એ જીવિતરૂપી જળ ક્ષીણ થઇ જશે અને દેહરૂપી ધાન્ય સુકાઇ જશે, પછી તેનો કોઇપણ ઉપાય નથી. તે છતાં માણસ સુખી રહે છે; એ આશ્ચર્યની વાર્ત્તા છે. તેથી મારે પ્રમાદનો ત્યાગ કરી વ્રત ગ્રહણ કરવું યોગ્ય છે." આ પ્રમાણે ચિંતવી મેં મારો એ અભિપ્રાય મારી સ્ત્રી નયનાવલીને જણાવ્યો. તે ધર્મવતી સ્ત્રીએ વિનયથી કહ્યું, " પ્રાણનાથ, આ મારો આત્મા મેં આપને અર્પણ કર્યો છે, તમે જે વસ્તુ પ્રથમ પ્રાપ્ત કરશો, તે વસ્તુને હું પાછળ પ્રાપ્ત કરીશ. જો તમે વ્રતધારી થશો, તો હું પણ તમારી સાથે વ્રતધારિણી થઇશ." મારી આ નયનાવલીના આ વચન સાંભળી મારો અંતરાત્મા અતિ પ્રસન્ન થયો. મેં હૃદયમાં વિચાર્યું " અહા! આ સાધ્વીનો મારી ઉપર કેવો સ્નેહ છે? તેણી મારા ચિત્તને કેવી રીતે જાણી શકે છે? તેણીનો વિવેક અને સુખ દુઃખની સમાનતા અપૂર્વ છે " આ પ્રમાણે હું ચિંતવતો હતો, તેવામાં મારો એક બંદી બોલી ઉઠ્યો, " સૂર્ય ઉદય પામી, તપી, જગતને ઉદ્યોત આપી અસ્ત પામે છે." બંદીના આ વચનો મારા વિરક્ત ભાવને પોષણ કરનારા થઇ પડ્યાં. મેં વિચાર કર્યો કે, " આ જગતને

પ્રકાશ કરનાર સૂર્યને એકજ દિવસે આટલી અવસ્થા થાય છે, તો જીવ લોકની શી વાત કરવી ? એ જીવલોકને ધિક્કાર હો." આ પ્રમાણે કેટલોક વિચાર કરી હું પ્રદોષ વખતે મારા એકાંત ગૃહમાં ગયો. ત્યાં મારી સ્ત્રી નયનાવળી દીપકની શ્રેણીથી મંડિત એવા એ સ્થાનમાં રહેલી હતી. રતિની જેમ તેણીનું સુંદર રૂપ મારા આવાસને પ્રકાશિત કરતું હતું. નયનાવળી તે કાળે નિદ્રાધીન થઇ ગઇ હતી. મેં નયનાવળીને જોઇ વિચાર કર્યો કે, "જો હું, આ પ્રેમી પત્નીને છોડી ચાલ્યો જઇશ તો તે જરૂર પોતાના પ્રાણનો ત્યાગ કરશે." આવું ચિંતવી હું તેની પાસે પલંગ ઉપર સુઇ ગયો. મને નિદ્રા આવી ન હતી. હું મારા નેત્રો મીંચી તે નયનાવળીના પ્રેમનો વિચાર કરતો હતો. ક્ષણવારે તે સ્ત્રી પલંગ ઉપરથી ઊઠીને જમીન ઉપર સૂતી, પછી તેણીએ હળવે હળવે દ્વાર ઉઘાડયું અને તે બાહેર ગઇ. તેણીને બાહેર જતી જોઇ મારા મનમાં વિચાર થયો કે, "આ સ્ત્રી મારા વિયોગના ત્રાસથી વખતે પ્રાણનો ત્યાગ કરશે, માટે હું પલંગ ઉપરથી ઉઠી તેણીની પાછળ ગયો. મારા હાથમાં એક ખડ્ગ મેં ધારણ કરી રાખ્યું હતું. પ્રથમ તો હું એક તરફ ઉભો રહ્યો. નયનાવળી દ્વારની બાહેર નીકળી આગળ ગઇ, ત્યાં કોઇ કુબડો પહેરાગીર સુતો હતો, તેને તેણીએ જગાડયો. તે જોઇ હું તો આશ્ચર્ય પામી ગયો. તે કુબડો જાગીને બોલ્યો- "અરે શંખિણી, આજે આટલી મોડી કેમ આવી ?" તેણીએ કરગરીને કહ્યું " આજે રાજા મોડેથી સુવા આવ્યા હતા, તેથી મારે વિલંબ થયો છે." પછી તે કુબડો મારી સ્ત્રી નયનાવળી સાથે સંગત

થયો. એ દેખાવ જોઈ હું અતિ ક્રોધાતુર થઈ ગયો. રોષથી મારા હોઠ ફરકવા લાગ્યા. ખડ્ગ ખેંચી વિચાર્યું કે, " એ બન્ને પાપીઓને હું મારી નાંખું; પણ ક્ષણવારે પુનઃ મેં ચિંતવ્યું કે, આ પુરુષ શ્વાન જેવો છે અને આ સ્ત્રી શીલ રહિત છે. વળી મારે વ્રત લેવાની ઇચ્છા છે, જો હું આ બન્નેને મારી નાંખીશ તો મારા કુમારની લોકોમાં હીલના થશે." આવું ચિંતવી ખડ્ગને મ્યાનમાં નાંખી હું વાસગૃહમાં ગયો. વળી મેં વિચાર્યું કે, " આ જગત્‌માં સ્ત્રીઓ વ્યાધિ, વિષ, રોગ, મારી અને મૃત્યુ રૂપ છે, માટે એના સંગથી દૂર રહેવું યોગ્ય છે. આ વખતે જો મુનિધર્મ અંગીકાર કરું તો મારા માનવ જીવનની સાર્થકતા થાય." હું આ પ્રમાણે ચિંતવતો હતો ત્યાં મારી દુષ્ટ સ્ત્રી નયનાવળી આવીને અનેક જાતની ખુશામત કરવા લાગી. તે વખતે હું ગાઢ નિદ્રા કરી સુઈ ગયો અને તેણીની અવગણના કરી. એમ કરતાં પ્રાતઃકાળના વાજીંત્રો વાગવા લાગ્યાં. અને આકાશને રક્તવર્ણી કરતો અરુણોદય થયો. તે વખતે મંગળ પાઠક બંદી નીચે પ્રમાણે બોલ્યો—

विवर्णवदना मुक्ततमःकेशा विभावरी ।
परलोकस्थमर्कस्यांबु दातुमिव यात्यसौ ॥ १॥

" મુખનો વર્ણ બદલાવી અને અંધકાર રૂપી કેશ છુટા મૂકી રાત્રિ રૂપી નાયિકા પરલોકમાં રહેલા સૂર્યને જળ આપવા ને જતી હોય, તેવી દેખાય છે. "

બંદીના મુખની આ વાત સાંભળી હું મારા વાસગૃહની

બાહેર આવ્યો. પછી પ્રાતઃકાળનું નિત્ય કર્મ કરી હું સભામંડપમાં બેઠો અને ત્યાં મારા મંત્રીઓને બોલાવી તેમની સાથે કુમારને રાજ્ય આપવાની મસલત કરી. તે વખતે મારા મંત્રીઓએ વિચાર કરીને કહ્યું." રાજન્, આપના કુમાર ગુણધર હજુ બાળક છે, માટે ત્યાં સુધી આપને રાજ્ય છોડવું યોગ્ય નથી. પ્રજાપાલન કરવું, એ આપનો ધર્મ છે." મંત્રીઓનો વિચાર જાણી મેં કહ્યું." મંત્રીઓ, તમે કહો છો, તે યોગ્ય છે. પણ અમારા કુળની એવી મર્યાદા છે કે, જ્યારે યમરાજનો દૂત (પળીયા) આવે, ત્યારે રાજ્યાસન ઉપર અમારે રહેવું ન જોઇએ." મંત્રીઓએ કહ્યું," મહારાજ, એ સત્ય છે, પણ આપ બધું જાણો છો, માટે આપને અમારે કંઇ કહેવાની જરૂર નથી." પછી મેં તેજ વિચારમાં બધો દિવસ નિર્ગમન કર્યો. જ્યારે રાત્રિ પડી, એટલે હું મારી પૂર્વવત્ પત્નીનો અનાદર કરી સુઈ ગયો. રાત્રે હું અર્ધ જાગ્રત અને સુપ્ત અવસ્થામાં રહ્યો. ક્ષણવારે મને એક સ્વપ્ન આવ્યું." જાણે હું મેહેલના ઉપરના ભાગમાં બેઠો હતો. તેવામાં માતાએ મને સિંહાસન ઉપરથી પાડી નાંખ્યો. હું ગબડતો ગબડતો નીચે સાતમી ભૂમિકાએ જઇ પડ્યો. પછી માતાએ મને [illegible] ભાગથી [illegible] કર્યો અને પુનઃ મંદિરની ઉ- [illegible] હું જાગ્રત થયો [illegible] સ્વપ્ન [illegible] [illegible]

નમાં રહેલો હું જે થશે તે ભોગવવાને તૈયાર છું" આ પ્રમાણે ચિંતવન કરતાં તે રાત્રી પ્રસાર થઇ ગઇ. પ્રાતઃ કાળે હું મારા આરામ મંડપમાં આવી બેઠો હતો, તેવામાં મારી માતા પરિવાર સાથે ત્યાં આવ્યા. મેં આદરથી તેમને માન આપ્યું, તેમણે મારા શરીરનું આરોગ્ય પુછયું, એટલે મસ્તક નમાવી મેં તેમને આરોગ્ય નિવેદન કર્યું. તે પછી મારા મનમાં વિચાર થયો કે, " આ વખતે આ માતા અહિં આવ્યા તે યોગ્ય થયું. હું તેમને મારો અભિપ્રાય દર્શાવું. જો હું તેમને પ્રથમ દીક્ષા લેવાની વાર્ત્તા કહીશ, તો તેઓ મારા સ્નેહને લઇને તે વાતમાં વિઘ્ન ઉત્પન્ન કરશે, માટે પ્રથમ મારે તેમને પેલા ભયંકર સ્વપ્નાની વાત જણાવવી, એટલે તે દયાળુ માતા મને ચારિત્ર લેવાની આજ્ઞા આપશે. આવું ચિંતવી મેં તેમને મારા ભયંકર સ્વપ્નાની વાત કહી સંભળાવી, પછી જણાવ્યું કે, " હે માતા જો મને આજ્ઞા આપો તો હું કુમારને રાજ્ય આપી દીક્ષા ગ્રહણ કરૂં. કારણ કે, જો હું પ્રમાદમાં રહીશ તો સ્વપ્નામાં મેહેલ ઉપરથી પડવાનો જે પ્રસંગ જોવામાં આવ્યો છે, તે પ્રત્યક્ષ રીતે પ્રાપ્ત થશે." મારા આ વચન સાભળી પૃથ્વીપર પગ પછાડી માતાએ કહ્યું, " વત્સ, ચિરંજીવ રહે અને રાજ્ય કર. તારા અનિષ્ટનો નાશ થાઓ." આ પ્રમાણે બોલી તુર્ત ફરી પુત્રવત્સલ માતા બોલ્યા—" પુત્ર, એ દુઃસ્વપ્નનો નાશ કરવાને તું પુત્રને રાજ્ય આપ અને માત્ર થોડા દિવસને માટે સાધુનું લિંગ ધારણ કર." માતાની આ આજ્ઞા મેં પ્રમાણ કરી. ક્ષણવારે વિચાર કરી માતા ફરી બોલ્યા—" વત્સ, વેદના વાકયથી

જળચર, સ્થળચર અને ખેચર પ્રાણીઓ વડે કુળદેવીઓની પૂજા કરી શાંતિ કર્મ કર, એથી તારા કુસ્વપ્નનો દોષ દૂર થઇ જશે." માતાના આ વચનો સાંભળી મેં મારા કાન બંધ કર્યા અને પછી કહ્યું, "માતા, તમે આ શું બોલો છો ? જીવનો ઘાત કર્યે શાંતિ કર્મ થાય નહિં. અહિંસાથીજ ધર્મ થાય છે. મનથી પણ જો જીવહિંસા ધારી હોય તો અનેકવાર મૃત્યુ થાય છે. બીજાને આપેલું દુઃખ પોતાના આત્માને થયા વિના રહેતું નથી. જે માણસ સર્વ પ્રાણી માત્રને આત્મવત્ જુવે છે, તેનેજ ઉભય લોકમાં શાંતિ મળે છે." મારા આ વચન માતાને બરાબર રૂચ્યાં નહીં. તેમણે આક્ષેપથી કહ્યું, "પુત્ર, વેદમાં કહ્યું છે કે, પુણ્ય અને પાપ પરિણામને આધારે થાય છે. આ ચરાચર વિશ્વને હણે પણ જો તે હણનારની બુદ્ધિ તેમાં લિપ્ત ન હોય તો તે પાપથી લિપ્ત થતો નથી. કમળનો કોશ જળમાં રહ્યો છે, તોપણ તે જળથી લિપ્ત થતો નથી. બુદ્ધિમાન્ મનુષ્યે કારણને લઈને પાપ પણ કરવું જોઇએ. મૃત્યુને આપનારૂં ઝેર પણ કોઇવાર ઔષધ રૂપ થઇ જાય છે."

માતાના આ વચનનો મેં ઉત્તર આપ્યો—"જનની, તમારા આ મતથી હું જુદો પડું છું. મને નિશ્ચય થયો છે કે, પાપ કરવાથી કદિ પણ પુણ્યનું ફળ મળતું નથી. અમૃતની બુદ્ધિથી વિષ ખાનાર માણસ ક્યારે પણ જીવતો નથી. આ જગતમાં પ્રાણાતિપાત કરવાના જેવું બીજું કોઇ પણ મોટું પાપ નથી. હિંસા કરીને દેહનું આરોગ્ય કરવું, એ બુદ્ધિનો વિપર્યાસ

મારા આ વચનો માતાએ માન્ય કર્યા નહીં. તેણે કહ્યું,

[illegible] વત્સ તું કહું તેમ કર" એમ કહી તેણે મારા મસ્તક ઉપર હાથ મૂક્યો. ત્યારે મેં કહ્યું: હે માતા, તે સર્વ હું કરીશ. ... મારી અતિ ભક્તિ... [illegible] પક્ષીની માફક ભણ્યો છે અને [illegible] પણ [illegible] [illegible] [illegible] અતિ દારુણ છે." આવું વિચારી મેં માતાને જવાબ દીધો કે, "માતા, એ પાપકર્મી આપણે [illegible] નહીં. તેમ છતાં જો તમારે કુળદેવીની પૂજા કરવી હોય તો મારા મસ્તકે, [illegible] માંસથી કરો." આ પ્રમાણે કહી હું મારું મસ્તક કાપવા તૈયાર થયો, એટલે માતાએ મારો હાથ પકડી રાખ્યો, અને મને કહ્યું કે, "વત્સ, તારું માતૃવાત્સલ્ય ક્યાં ગયું? તારા વિના મારાથી શી રીતે રહેવાય? મારા કહ્યા પ્રમાણે જો તું કરીશ નહિં, તો તેં બીજે પ્રકારે માતાનો વધ કર્યો, એમ હું માનીશ." આ પ્રમાણે મારી માતા કહેતાં હતાં, તેવામાં કુકડાનો શબ્દ સાંભળવામાં આવ્યો. તે સાંભળી માતા બોલ્યાં "પુત્ર, જો તારે વિશેષ જીવહિંસા ન કરવી હોય તો ફક્ત આ એક કુકડાને મારી, દેવીને તેનું બલિદાન આપ" તે સાંભળી હું બોલ્યો "માતા તમે કહો તેમ કરીશ, તો પણ મારા સિવાય બીજા કોઈનો ઘાત હું કરવાનો નથી." મારો અતિ આગ્રહ જાણી માતા વિચાર કરીને બોલ્યાં "વત્સ, જો તારા મનમાં એક જીવની હિંસાને માટે પણ વાંધા હોય તો પિષ્ટનો કુકડો કરી તેની હિંસા કર. છેવટે તારા કલ્યાણને માટે મારું એ વચન અંગીકાર કર" આ પ્રમાણે કહેતી મારી માતા પુનઃ મારા ચરણમ

પછી, માતાનો આવો આગ્રહ જોઇ તેણીના મોહના પડદાથી મારૂં જ્ઞાનનેત્ર આચ્છાદિત થઇ ગયું. મેં તે વાત કબુલ કરી. પછી માતા પિષ્ટનો કુકડો બનાવી મને સાથે લઇ કુળદેવીના મંદિરમાં આવી. તેણે તે બલિદાન આગળ ધરી દેવીને કહ્યું— કે દેવી, આ મારા પુત્રને દુઃસ્વપ્ન આવેલ છે, તેના અશુભ ફળની નિવૃત્તિને માટે તમને આ કુકડાનું બલિદાન આપવામાં આવે છે." આ પ્રમાણે કહી મારા હાથમાં તરવાર આપી તેણીએ તે પિષ્ટના કુકડાનો ઘાત કરાવ્યો. પછી તેણે એક રસોઇઆને બોલાવીને કહ્યું "આજ, આ પિષ્ટ માંસને રાંધ, અને તેને રાંધી લેવું [illegible] મારા પુત્રને [illegible] તરીકે આપજે" માતાનાં આ વચનો [illegible] [illegible]

બીજે દિવસે મેં મારૂં રાજ્ય કુમારને સોંપી દીધું અને હું વ્રત લેવાને તૈયાર થયો, તે વખતે નયનાવળીએ આવી જણાવ્યું કે," પ્રાણનાથ, આવતી કાલે આપણ બંનેની સાથે દીક્ષા થાઓ" નયનાવળીના આ વચન સાંભળી મેં ચિંતવ્યું કે "સ્ત્રીનું આવું વિરૂદ્ધ ચેષ્ટિત કેમ છે ? એક તરફ તેણી દુરાચાર સેવે છે અને બીજી તરફ મારી સાથે દીક્ષા લેવા તૈયાર થાય છે, અથવા સ્ત્રીઓનું ચરિત્ર વિચિત્ર અને સર્પના ગમનની જેમ વાંકુ હોય છે" આવું ચિંતવી મેં નયનાવળીને કહ્યું," દેવી, હું તારા સ્નેહને ભાંગતો નથી. તારે મારી સાથે દીક્ષા લેવાની જરૂર નથી." મારાં આ વચનો સાંભળી તે સ્ત્રીએ વિચાર કર્યો કે "જો હું પતિની સાથે દીક્ષા નહિં લઉં તો લોકો મને અપવાદ આપશે માટે આ રાજાને વિષ આપી મારી નાંખવો એ સારૂં છે. જો હું તેની પાછળ મરવા તૈયાર થઈશ, તો બાળકુમારની રક્ષા માટે મંત્રીઓ મને મરણ કરતાં અટકાવશે. માટે સર્વની નજર ચુકવી આ રાજાને વિષ આપી દેવું."

કુલટા નયનાવળીએ આવો નિશ્ચય કર્યો. પછી ભોજનનો અવસર થયો, એટલે રસોઈઆઓ અનેક જાતના ભોજન પદાર્થો મારી પાસે લાવ્યા. તે વખતે નયનાવળી વિષ સહિત એક પાનચૂર્ણ લાવી. ભોજન સમાપ્ત થયા પછી આચમન કરતી વખતે તેણીએ મને ચુર્ણ આપ્યું. મેં તે ખાઈ જળપાન કર્યું. પછી હું પલંગ ઉપર જઈને બેઠો, તેવામાં ઝેર ચડવાથી હું નિશ્ચેષ્ટ થઈ પૃથ્વી ઉપર પડી ગયો. મારી આવી સ્થિતિ જોઈ પાસે રહેલો પ્રતિહાર જલ્દીથી દોડીને વિષવૈદને બોલાવા ગયો,

તેવામાં તો 'અરે ! વૈદ્ય બોલાવ્યો તે સારૂં નહિ' એમ વિચારી મારા ઉપર ઉત્તરીય વસ્ત્ર નાંખી નયનાવળી હાહાકાર કરી મિથ્યા રૂદન કરવા લાગી. અને મારા કંઠને વળગવાના બાનાથી તેણે પોતાની આંગળીથી મારૂં ગળું દાબી દીધું, અને હું તેથી પ્રાણ રહિત થઇ ગયો. તે પછી હું આર્ત્તધ્યાનથી મૃત્યુ પામીને હિમાલયની દક્ષિણમાં આવેલા સિલિંધ્ર પર્વત ઉપર મયૂર પક્ષી થઇને અવતર્યો. એક વખતે કોઇ શીકારી મારી માતા ઢેલને મારી, મને બાળકને લઇ ગયો. ને કોઇ નંદાપાટકના રહેવાસી કોટવાળને માત્ર બશેર સાથવો લઇ તેણે મને વેચી દીધો. જ્યારે મારે પાંખો આવી એટલે હું કીડાઓનું ભક્ષણ કરતો અને તૃષા, ટાઢ અને તડકાની વેદનાને સહન કરતો હતો. અનુક્રમે મને પીંછીઓનો કલાપ ઉત્પન્ન થયો, એટલે તે કોટવાળે વિશાળા નગરીમાં જે મારો પુત્ર રાજ્ય કરતો હતો, તેને મને ભેટ તરીકે આપ્યો. તે નગરમાં યશોધરા નામે મારી માતા હતી.તે અતિસારના રોગથી મૃત્યુ પામી ગઇ. તે કરહાટ નામના દેશમાં ધાન્યપૂરક ગામની અંદર કુતરો થઇ અવતરી. તેના ધણીએ પણ તેના સ્વામી ગુણધર રાજાને તેને ભેટ કર્યો. એક વખતે અમો બંનેને વિશાલા નગરીમાં રાજાની સભામાં લાવવામાં આવ્યા. અમને જોઇ રાજાની અમારા પર ઘણી પ્રીતિ થઇ. પછી રાજાએ શ્વાનપોષક લોકોના અકાલમૃત્યુ નામના ઉપરીને તે કુતરાને સોંપ્યો અને પક્ષિપોષક લોકોના નીલકંઠ નામના ઉપરીને મને સોંપી દીધો. અને રાજાએ કહ્યું કે, " મૃગયા અને શુકન જોવામાં ઉપયોગી એવા આ બંને પ્રાણીઓની

પત્નથી રક્ષા કરજો." આ પ્રમાણે કહી રાજાએ અમોને તેમને સોંપી દીધા પછી, રાજા અમારા બંનેનું લાલન પાલન કરવા લાગ્યો.

એક વખતે રાજાના નીલમણિમય મહેલ ઉપર હું ચડયો હતો, તેવામાં કોઇ વારાંગનાના ગાયનની સાથે મૃદંગનો ધ્વનિ મારા સાંભળવામાં આવ્યો. તે સાંભળી મને મેઘધ્વનિનો ભ્રમ થયો, એટલે હું નાચવા લાગ્યો. હું નૃત્ય કર્યા પછી ચિરકાલ તે ઠેકાણે બેઠો હતો, તેવામાં પેલા કુબડાની સાથે ગોખ ઉપર બેઠેલી નયનાવલી મારા જોવામાં આવી. જાણે તેની વિવાહિત વધૂ હોય તેમ તેણી તેના ઉત્સંગમાં બેઠી હતી. તેણીને જોતાંજ મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી હું કોપાતુર થઇ ઉઠીને તેણીની પાસે ગયો અને નખ તથા ચંચૂથી તેણીને પ્રહાર કરવા લાગ્યો. મારા પ્રહારથી કોપાતુર થયેલી નયનાવલીએ તે કુબડા પાસેથી લોઢાનો મુદ્ગર લઇ મારી ઉપર પ્રહાર કર્યો. એથી હું શિથિલ થઇ દાદર ઉપર ગબડી પડ્યો. નીચે ગયો ત્યાં રાજા સોગઠાબાજીએ રમતો હતો, તેણે મને પડતો જોયો, તેવામાં મારી પાછળ દેવીનો પરિવાર 'પકડો પકડો' એમ કહેતો આવી પહોંચ્યો. આ બધો કોલાહલ સાંભળી મારા પૂર્વજન્મની માતા જે શ્વાન થઇને ત્યાં રહેલ, તે શ્વાન મારી પાસે દોડી આવ્યો અને તેણે મને ગળે પકડ્યો. તે જોઇ રાજાએ તે શ્વાન ઉપર ઘા કર્યો કે જેથી તેણે મને મુખમાંથી છોડી દીધો અને સાથે રૂધિરનું વમન કરી પ્રાણ છોડી દીધા. તેની સાથે મારા

અને તે બોલ્યો—"માતા, આ મત્સ્યનું મોઢું પુંછડું છેદી લેને. પછી સ્વર્ગ પામેલા માતા પિતાના શ્રેયને માટે બ્રાહ્મણોને દાન કરજો અને તેના ઉપરનો ભાગ મારા અને તમારા માટે રાખજો." રાજાના આ વચન સાંભળતાંજ મને જાતિસ્મરણ જ્ઞાન થઇ આવ્યું. તે પછી તેણીએ મારા પુંછને કાપી રસોડામાં મોકલાવ્યું. બાકીનું મારૂં ગાત્ર છેદી પકાવી મારા પુત્રે ભક્ષિત કર્યું હતું.

પછી શિશુમાર સર્પ મરણ પામીને બકરી થયો અને હું તેણીના ઉદરથી બકરો થયો, એટલે તે માતા ઉપર વિષય કરવા તૈયાર થયો, તેવામાં કોઇ મોટા યૂથપતિ બકરાએ આવી મને મારી નાંખ્યો, હું તેનાજ વીર્યથી તેજ વખતે પાછો તેજ માતાના ગર્ભમાં આવ્યો. મારા પૂર્વ જન્મનો પુત્ર રાજા મૃગયા કરવાને આવેલ, તેણે બાણથી મારી સગર્ભા માતા બકરીને મારી નાંખી. તેણીને સગર્ભા જાણી રાજાએ તેણીનું પેટ ચીર્યું, તેમાંથી હું જીવતો નીકળ્યો. મને એક અજપાલને સોંપવામાં આવ્યો. જ્યારે હું જુવાન થયો, ત્યારે મારા પુત્ર રાજાએ કુળદેવીના બલિદાનમાં બીજા પનર પાડાઓને માર્યા અને તેમનું માંસ બ્રાહ્મણોને ખવરાવા માટે સંસ્કારિત કર્યું. બકરાનું મુખ પવિત્ર છે, એમ લોકોની માન્યતા છે, તે ઉપરથી મને રસોડાના દ્વાર ઉપર બાંધવામાં આવ્યો. કાક અને શ્વાનને ઉચ્છિષ્ટ કરેલા રાંધેલા પકવાનની શુદ્ધિને માટે મેં તે પકવાનને સુંઘ્યું, એટલે પછી બ્રાહ્મણો તેને ખાઇ ગયા. તે વખતે રાજા શુભંકર અંતઃપુરસહિત ત્યાં આવ્યો. રાજાને જોતાજ મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઇ

આવ્યું. અને તેથી મને બધો વૃત્તાંત સાંભરી આવ્યો. પ[illegible] રાજાએ બ્રાહ્મણોની પંક્તિઓ કરી તેમને કહ્યું કે, આ તમાર[illegible] પંક્તિઓ મારા પિતાઓની, માતાઓની અને કુલદેવીઓન[illegible] પંક્તિઓ હો. બ્રાહ્મણોએ તે અંગીકાર કર્યું. તે વખતે મેં ચિં[illegible] તવ્યું કે, મારો પુત્ર ધર્મને માટે આવા પ્રકારે યત્ન કરતાં પ[illegible] હું કર્મથી દુઃખી થાઉં છું. પછી રાજા સર્વ રાણીઓની સા[illegible] ભોજન કરવા બેઠો. તે રાણીઓમાં નયનાવળી મારા જોવામ[illegible] આવી નહીં, એટલે મેં વિચાર્યું કે, 'નયનાવળી ક્યાં હશે?' તે[illegible] વખતે એક દાસીએ બીજી દાસીને પૂછ્યું કે, " સુંદરી, કોને[illegible] આજે જે પાડાઓ મારવામાં આવ્યા છે, તેની આ દુર્ગંધ આવે છે. " ત્યારે તે દાસીએ જવાબ આપ્યો " બહેન, આ પાડાની ગંધ નથી પણ નયનાવળી રાણીના શરીરની દુર્ગંધ છે. તેણીએ રસલંપટપણાથી મત્સ્ય ભક્ષણ કરતાં કોઢનો રોગ થયો તેથી આ નઠારી વાસ આવે છે." ત્યારે બીજીએ કહ્યું " મત્સ્ય ભક્ષણ અને કોઢ બંનેની આ વાસ નથી, પણ તેણીએ વિચારી રાજા[illegible] ઝેર આપી મારી નાંખતાં તેના પાપની દુર્ગંધ છે. ચાલો આ[illegible] પણે અહીંથી બીજે ચાલ્યા જઈએ" આ પ્રમાણે કહી તે દાસીઓ ચાલી ગઈ. પછી મેં તપાસ કરી નયનાવળીને ધ્યાન આપીને અવલોકી તો [illegible] તે નઠારી સ્થિતિમાં પડી હતી. તેની આસપાસ [illegible] માખીઓ બણબણતી હતી તેણીના રાતા નેત્રોમાં ટીપાં પાડે[illegible] [illegible] જોતાંજ મારા પૂર્વની પ્રિયા તરીકે [illegible] થયો. મને વિચાર થયો કે, " અહો આ [illegible] કેવું ભયંકર થયું છે? [illegible]

ચરણે ચંદ્ર, કમળ અને કળશને જીતી લીધા હતા, તે અંગોની આજે કેવી દશા છે? તે સુંદર શરિરમાં અત્યારે સેંકડો કીડા ખદબદે છે, જે સુંદર કેશ, અધર અને નેત્રોથી મુનિઓના મનને પણ હરી લેતી હતી, તે આજે કામીઓને જોતાં કંટાળો ઉપજાવે છે," આ પ્રમાણે હું ચિંતવતો હતો, તેવામાં રાજાએ રસોઇઆને આજ્ઞા કરી કે, "આ પાડાનું માંસ મને રૂચતું નથી, માટે બીજું માંસ લાવ્ય." રાજા પ્રચંડ આજ્ઞાવાળો હતો. તેથી ભય પામી રસોઈઆએ તત્કાળ બીજું માંસ હાજર ન હોવાથી મારા શરિરનો એક ભાગ કાપી નાંખ્યો અને તત્કાળ તેને પકાવી રાજા પાસે તે માંસ હાજર કર્યું. રાજાએ કહ્યું "આ મારા માતા પિતા રૂપે પંક્તિએ બેઠેલા બ્રાહ્મણોને આપ." પછી રસોયાએ તેમ કર્યું. અને તેમનું અવશિષ્ટ માંસ રાજાએ ખાધું અને તે તૃપ્ત થયો.

આ અરસામાં મારી માતાનો જીવ કલિંગ દેશમાં પાડો થઇ અવતર્યો હતો. તે કરીયાણાનો બોજો ઉપાડતો ઉપાડતો અહિં વિશાળા નગરીમાં આવી ચડયો. તે સિપ્રા નદિને કાંઠે આવ્યો, તેવામાં રાજાનો એક ઉંચી જાતનો વછેરો ત્યાં ન્હવરાવવા અને પાણી પાવા લાવવામાં આવ્યો. ત્યા રહેલા પાડાએ લડાઇ કરી તે રાજાના કીંમતી વછેરાને મારી નાખ્યો. આ ખબર રાજાના જાણવામાં આવતા તે ગુસ્સે ભરાયો અને તે પાડાને રીબાવી મારી નાખવાનો હુકમ કર્યો. રાજાના હુકમથી સેવકોએ તે પાડાને કોડાની સ..ળી જપી તેના શરીરમાં લોઢાના તીક્ષ્ણ ખીલા ઠોકયા અને મરચાં, હીંગ અને લીંડાના પાણીથી ભરેલી

કડાહું પછી ઉની કરી અને તેની આગળ ખેરના સળગેલા કાષ્ટો મુકવામાં આવ્યા. આથી પાડાના તાળુ, હોઠ અને કંઠ સુકાવા લાગ્યા, એટલે તે પેલા કડાહના ઉના જળને પીવા લાગ્યો, તે ક્ષારવાળા ઉના પાણીથી અંદર બળી ગયો, એટલે તેના શરિરના એક ભાગમાંથી રૂધીર માંસ નીકળી પડયાં. પછી રાજાની આજ્ઞાથી તે માંસને પકવવામાં આવ્યું અને રાજાને તે પીરસવામાં આવ્યું. તે વખતે રાજાએ રસોઇઆને કહ્યું કે, "અરે મૂઢ, આ એકજ જાતનું માંસ છે, માટે તેની સાથે બીજી જાતનું માંસ લાવ," રાજાની આજ્ઞાથી જેનો અર્ધ ભાગ પહેલાં કપાયો હતો અને જેના પ્રાણ કંઠે આવી ગયા હતા, એવો હું ત્યાં પડેલો હતો. તે મારા બાકીના શરીરનો ભાગ રસોઇઆએ પકાવી દીધો અને હું તત્કાળ મૃત્યુ પામી ગયો. પેલા પાડાનો જીવ અને મારો જીવ બંને તે વિશાળા નગરીના ચંડાળોના પાડામાં એક કુકડીના ગર્ભમાં ઉત્પન્ન થયા. અમારા જન્મ વખતે અમારી માતા કુકડીને એક બીલાડે મારી નાખી અને તેણીને તે ખાઈ ગયો. અમે બંને ત્યાં ઇંડા રૂપે પડયાં હતાં, તેને કોઇ ચાંડાળીએ પુંજામાં ઢાંકી દીધાં. તે પુંજાની ગરમીથી અને કર્મ યોગથી અમે સેવાયાં અને જીવતાં રહ્યાં. જ્યારે તે ઇંડા કુટ્યાં એટલે હું કુકડો થયો અને પેલા પાડાનો જીવ તે કુકડી થઈ. અમને ઉત્પન્ન થયેલા જોઇ કોઇ ચંડાળના પુત્રે અમોને જોયાં અને પછી અમો બંનેને જીવાડ્યાં. અમો બંનેને ચંદ્રિકા જેવી શુભ્ર પીંછાની શ્રેણી પ્રગટ થઇ. મારા મસ્તક ઉપર સુંદર કીલગી ઉત્પન્ન થઇ. એક વખતે કોઇ મદારી અ-

મારી પાસે આવી ચડયો. તેણે અમોને જોઇ વિચાર કર્યો કે, 'રાજાની આગળ ખેલ કરવાને માટે આ જાનવરની જોડ ઘણીજ યોગ્ય છે.' આવું વિચારી તેણે સુવર્ણના દ્રવ્યથી અમોને ખરીદ કર્યા. પછી રાજા ગુણધરને તેણે અમોને ભેટ આપ્યા. અમારી ચાલાકી જોઇ રાજા ખુશી થયો અને તેણે આજ્ઞા કરી કે, "જ્યાં જ્યાં હું જાઉં, ત્યાં ત્યાં આ પક્ષીઓને સાથે લાવવાં." એક વખતે વસંતઋતુ આવવાથી રાજા, અંતઃપુર સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. તે વખતે અમોને સાથે લીધાં. ઉદ્યાનની અંદર આવેલી અશોકવાટિકામાં રાજાએ પ્રવેશ કર્યો, તેવામાં ચંદ્રના જેવી કાંતિવાળા અને સાધુઓના પરિવાર સાથે રહેલા એક સૂરિવર તેના જેવામાં આવ્યા. રાજા દેખાવની ખોટી વંદના કરી તેમની પાસે બેઠો. સૂરિવરની શાંત મૂર્ત્તિ જોઇ રાજા શાંતતાથી બોલ્યો—"મહારાજ આપનો ધર્મ કેવો છે?" સૂરિવર બોલ્યા—"રાજા, ધર્મ તો એકજ હોય છે. જે મૂઢ પુરૂષ હોય તેજ ધર્મના ભેદ કરે છે, તે ધર્મને હું સંક્ષેપથી કહું છું" "કોઇ બીજાને પીડા ન કરવી, અસત્ય બોલવું નહિ, અદત્ત પરવસ્તુ લેવી નહી, બ્રહ્મચર્ય રાખવું, સુવર્ણ વગેરેના પરિગ્રહનો ત્યાગ કરવો, રાત્રિભોજન અને બેંતાળીશ દોષવાળું ભોજન છોડી દેવું."

આ ઉપદેશ સાંભળી તેણે કહ્યું "આ યતિધર્મ કહ્યો, પણ હવે ગૃહસ્થધર્મ કહો." પછી ગુરૂએ અણુવ્રતાદિ ધર્મ કહ્યો, એટલે તે બોલ્યો કે, "આ ધર્મને હું વેદોક્ત વિધિથી આચ-

એવું કાર્ય મેં કર્યું છે' અર્હદાસે કહ્યું. "નરસિંહ, તમે અશ્વ ઉપરથી ઊતરો અને આ ભગવાન સુદત્ત મુનિને વંદના કરો. આ મહામુનિ કલિંગદેશના રાજાના અમરદત્ત નામે કુમાર હતા. તેઓ યૌવનવયમાં રાજ્ય પામ્યા હતા. એક વખતે આરક્ષક કોઈ ચોરને પકડીને તેની પાસે લાવ્યો અને તેણે કહ્યું કે, 'દેવ, આ માણસે કોઈના ઘરમાં પ્રવેશ કરીને ગૃહપતિને મારી ચોરી કરી છે. તેવામાં મેં તેને પકડ્યો છે, હવે આપ કહો તેમ કરીએ.' તે વખતે તે કુમારે ધર્મશાસ્ત્રના જ્ઞાતાઓને બોલાવી પૂછ્યું કે, 'આ માણસને કેવી શિક્ષા કરવી?' તેઓ વિચારીને બોલ્યા કે, 'આ માણસ પરદ્રવ્યનો હરનાર અને ખુન કરનાર છે, માટે તેને ચૌટામાં અને શેરીએ શેરીએ ફેરવી શૂળીની સમક્ષ તેનો મસ્તકછેદ કરો.' તેઓના આવા વચન સાંભળી રાજા અમરદત્તના હૃદયમાં વૈરાગ્ય ભાવના પ્રગટ થઈ આવી. તેણે વિચાર કર્યો કે, "જો રાજ્યમાં આવી શિક્ષાઓ કરવી પડે, તો રાજ્ય શા કામનું? તેવા વિપાક દેનારૂં રાજ્ય સુખની માટે શી જરૂર છે?" આ પ્રમાણે વિચાર કરી તે મહારાજા અમરદત્તે પોતાના આનંદ નામના બંધુને રાજ્ય આપી દીધું અને પોતે [illegible]

ધરના હૃદયમાં ભારે પશ્ચાત્તાપ ઉત્પન્ન થયો. તે ચિંતવવા લાગ્યો કે," ઋષિઘાતક એવા મને ધિક્કાર છે. મારે મસ્તકનો છેદ કર્યા સિવાયનું બીજું પ્રાયશ્ચિત ઘટિત નથી. માટે હવે મારે આ મારા જીવનનો અંત લાવવો યોગ્ય છે." આ પ્રમાણે રાજા ચિંતવતો હતો, તે વાત તે જ્ઞાની મુનિવરના જાણવામાં આવી ગઇ, તેમણે શાંતતાથી કહ્યું—" રાજન્ આત્મઘાત કરવાનું પ્રાયશ્ચિત પ્રશંસનીય નથી. 'પોતાને અને બીજાને પીડા ન કરવી' એવું અર્હદ્ વાક્ય છે; માટે આત્માશુદ્ધિને કરનારૂં શ્રી સર્વજ્ઞનું શાસન તને સંપાદન કરાવું; કે જેથી તારી સર્વ પ્રકારની શુદ્ધિ થઇ જશે. રાજાએ ઈંતેજારીથી પૂછ્યું, " મહાનુભાવ, ગમે તે પણ મને પ્રાયશ્ચિત્ત બતાવો." ગુરૂ શાંત સ્વરે બોલ્યા—"જે જે રીતે વિપક્ષ વિરૂદ્ધ હોય તેને સેવવું નહિ, તે મોટામાં મોટું પ્રાયશ્ચિત છે. તેવું પ્રાયશ્ચિત નિદાન (નિયાણું) ન કરવાથી બની શકે છે. જે મિથ્યાત્વયુક્ત અજ્ઞાન તે નિદાન–નિયાણું કહેવાય છે. અથવા બીજી રીતે રહેલા ભાવમાં બીજી રીતે પ્રવૃત્તિ કરવી, તે નિદાન–નિયાણું કહેવાય છે. રાજા તેં મને પ્રથમ અપશુકન રૂપે ધાર્યો હતો. " સ્નાન વગરનો, માથે મુંડાવાળો, અને પાખંડ વેષને ધારણ કરનારો આ ભિક્ષુક છે" એવું ધારી તેં જે મારી અવજ્ઞા કરી હતી, તે જ તારી અજ્ઞતા હતી, તેનું કારણ સાંભળ ' સ્નાન કરવાથી ક્ષણવાર પવિત્રતા થાય છે. પણ હૃદયમાંતો રાગ તથા માન રહે છે પોતાના શરીરને દીપાવી સ્ત્રી પ્રાર્થનીય બનાવવું, એ બ્રહ્મચર્યનું કલંક છે વળી સ્નાન કરવાથી

જલકાય જીવોનો ઘાત થાય છે અને બીજા પ્રાણીઓને બાધા થાય છે. તેથી અંગાર ઉપર ક્ષીરના ક્ષાલનની જેમ તે અજ્ઞાનને પ્રકાશ કરનારૂં છે; તેથી જો સ્નાન ન કરવામાં આવે તો તે દોષ ઉત્પન્ન થતાં નથી, પરંતુ તેવી રીતે રહેવું તે પવિત્રતાનું કારણ થાય છે. કારણકે, મન, વચન અને કર્મથી સર્વ પ્રાણી ઉપર દયા રાખવી, એ મોટામાં મોટી પવિત્રતા છે. કષાય વગરના, અને ઇંદ્રિયોને નિયમમાં રાખનારા, ઉજ્વલ વ્રત ધારણ કરનારા, અને સદ્ધ્યાનમાં તત્પર એવા મુનિશ્વરો સદા પવિત્ર ગણાય છે. સર્વ આરંભથી નિવૃત્ત થયેલા ઉત્તમ મુનિની ભિક્ષા શ્લાઘનીય છે; એથી સાધુપણું પરમ મંગલ રૂપ છે.' તેવા સાધુપણા તરફ તેં અપશુકનની ધારણા શી રીતે કરી ? એ કાંઈ સમજાતું નથી." મુનિના આ વચનો સાંભળતાંજ તે રાજાનું મિથ્યાત્વ રૂપ અંધકાર નષ્ટ થઇ ગયું. તત્કાળ તેણે નીચે પડીને મુનિના ચરણમાં વંદના કરી અને બોલ્યો "ભગવન્, મારો અપરાધ ક્ષમા કરો. હવે તે નીયાણાનો મેં ત્યાગ કર્યો છે." મુનિ પ્રસન્ન થઇને બોલ્યા—"ભદ્ર સાધુઓ ક્ષમારૂપ હોય છે. આક્રોશ, પીડા, ઘાત અને ધર્મની ભ્રષ્ટતા કરનારા પુરૂષોની ઉપર પણ મુનિઓએ ક્ષમા કરવી જોઇએ એવું વીતરાગ પ્રભુનું વચન છે." મુનિવરના આ વચન સાંભળી રાજાએ પ્રશ્ન કર્યો—"ભગવન્ આપ મહાધ્યાની છો. ધ્યાનના વિષયમાં કોઇ પણ બાબત અજાણી અશક્ય નથી. તો કૃપા કરી આપ મારા માતા પિતાની ગતિ જણાવશો." રાજાના આ પ્રશ્નથી તે મુનિએ પિષ્ટના કુકડાનો ઘાત કરવાથી તેમની જે જે સ્થિતિ થઇ હતી, તે આદીથી અંત

સુધી" કહી સંભળાવી ". તે સાંભળી રાજાના હૃદયમાં નિર્વેદ ઉત્પન્ન થઈ આવ્યો, તેણે ચિંતવ્યું કે, " અહો ! આ સંસાર કેવો નિંદ્ય છે ? અને લૌકિક કેવો અનવસ્થિત છે ! મોહને લઈને પરિણામે ભયંકર એવું અકૃત્ય થાય છે. માત્ર પિષ્ટના કુકડાના ઘાતથી માતા પિતાની આવી દુઃખદાયક સ્થિતિ થઈ તો હમેશા નિરંતર પ્રાણીઓની હત્યા કરનારા એવા મારી શી ગતી થશે ? હવે હું અવશ્ય નરકમાં પડવાનો જ. એમાંથી બચવાનો બીજો કંઈ ઉપાય નથી." રાજાનો આવો ખેદ જાણી સુદત્ત મુનિ બોલ્યા—" મહારાજ ખેદ કરો નહીં. તેને માટે જિનશાસનને ગ્રહણ કરવા રૂપ એક મહાન ઉપાય છે. દુષ્ટ કૃત્યોની અંદર ચિત્તરૂપી રત્નને શોધવાનું સાધન પશ્ચાત્તાપ છે. સર્વ આરંભનો ત્યાગ, ચારિત્રનો અંગીકાર, સર્વ પ્રાણી ઉપર મૈત્રિ, પ્રમોદ, કારૂણ્ય અને મધ્યસ્થ ભાવનું ગ્રહણ એ સાધનો પૂર્વના કર્મને ખપાવે છે અને તેથી નવા કર્મનો બંધ થતો નથી, એમ થવાથી તે કર્મનો ક્ષય કરી પરમ ગતિને પ્રાપ્ત કરે છે" રાજાએ કહ્યું " ભગવન્ જ્યારે થોડા પાપથી મારા વડિલની આવી ગતિ થઈ, તો મહાપાપને કરનારા એવા મારી સદ્ગતિ કેમ થાય ? " મુનિ બોલ્યા—" કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણી રત્નથી અધિક પ્રભાવવાળા ચારિત્રને કાંઈ પણ અસાધ્ય નથી. અલ્પ એવું પણ વિષ જેમ પ્રાણનો નાશ કરે છે, તેમ પ્રતિકારરહીત પાપ સુખનો નાશ કરે છે. જેમ કરેલા ઉપાયો મહાવ્યાધિને દૂર કરે છે, તેમ સંસારીઓ ચારિત્રથી મહાપાપને પણ દૂર કરે છે." આ પ્રમાણે કહી મુનિએ રાજાની

આગળ ચારિત્રનું સ્વરૂપ કહી સંભળાવ્યું. પછી રાજાએ પૂછ્યું કે, "ભગવન હું ચારીત્ર લેવાને યોગ્ય છું કે નહી ?" મુનિવરે હા કહી, એટલે રાજાએ અભયરૂચિને રાજ્ય ઉપર બેસાડી સુદત્ત મુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી. આ વાત અંતઃપુરના જાણવામાં આવી એટલે સર્વ અંતઃપુર હાહાકાર કરતું તેની પાસે આવ્યું. તે વખતે હું અભયમતિની સાથે પગે ચાલીને ત્યાં આવ્યો. અંતઃપુરની સ્ત્રીઓએ તેને પૂછ્યું કે, 'શામાટે દીક્ષા ગ્રહણ કરો છો ?' તેણે ઉત્તર આપ્યો 'વૈરાગ્ય થવાથી હું દીક્ષા ગ્રહણ કરૂં છું' અંતઃપુરે કહ્યું, 'તમને શાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો?' પછી તેણે અમારા બંનેની કથા કહી સંભળાવી. તે કથા સાંભળી અમો બંને મૂર્છિત થઇ પૃથ્વી ઉપર પડી ગયા. તે વખતે સર્વ દેવીઓએ હાહાકાર કર્યો. તત્કાળ અમાને અડકી કોઇ માતા સાશ્રુવદના થઇ અમારી ઉપર પડી. પછી સંજ્ઞા પ્રાપ્ત કરી અમોએ તેણીને આશ્વાસન આપ્યું. પછી રાજાને વિજ્ઞપ્તિ કરી કે, હવે વિષયોની જરૂર નથી. અમોને વ્રત લેવાની આજ્ઞા આપો. તેની આજ્ઞા મેળવી વિજયવર્માને રાજ્ય આપી રાજા અમો બંનેની સાથે વ્રતધારી થયો. પછી શ્રીદત્ત મુનિએ વિજ્ઞપ્તિ કરી કે, "પ્રભુ આ નયનાવલી ઉપર અનુગ્રહ કરો અને તેણીને શ્રાવક ધર્મ પમાડો" મુનીશ્વરે કહ્યું, "નયનાવલીએ એટલું બધું અનુચિત [illegible] કર્યું છે કે જેથી તેને કોઇનો સદુપદેશ બોધિ લાગુ પડતો નથી. [illegible] ધર્મ [illegible] થઇ શકે તેમ નથી. તેણીએ [illegible] નરકીનું આયુષ્ય બાંધ્યું છે. જો કે [illegible] સ્ત્રીઓમાં [illegible] શકે તેમ નથી; માટે તેણીની નરકના હેતુ

ને છોડી દઇ ત્રણ લોકમાં દુર્લભ એવા વ્રતની આરાધના કરો. મુનિના આ વચન સાંભળી અમે બંને ગુરૂના પ્રસાદથી ચિરકાળ વ્રતને પાળી સ્વર્ગમાં ઉત્પન્ન થયા. તે પછી સ્વર્ગમાંથી ચ્યવીને હું સાકેત નગરના રાજા વિનયધરની લક્ષ્મીવતી નામની સ્ત્રીના ઉદરથી યશોધર નામે પુત્ર થયો. અનુક્રમે શરીર તથા કળામાં વૃદ્ધિ પામ્યો. અભયમતિનો જીવ ચ્યવીને પાટલીપુત્ર નગરમાં ઇશાનસેન રાજાની વિજયા નામની રાણીમાં પુત્રી રૂપે ઉત્પન્ન થયો. તેનું નામ વિનયમતી પાડયું. અનુક્રમે વિનયમતી યૌવનવતી થઇ. તેણીની સાથે મારો વિવાહ સંબંધ જોડાયો. મારા પિતાએ મોટી ધામધુમથી તેને પરણવાને માટે મને જાન લઇને મોકલ્યો. લગ્નને દિવસે વાજીંત્રો અને માંગલ્ય ગીતોના નાદ સાથે મોટો વરઘોડો કાઢી હું રાજમાર્ગમાં ફરવા નીકળ્યો. તેવામાં મારૂં જમણું નેત્ર ફરક્યું. તેથી મેં મારા મનમાં ચિંતવ્યું કે, મને કોઇ બીજો આનંદ પ્રાપ્ત થશે. તેવામાં કલ્યાણ શ્રેષ્ઠીના ઘરમાં ગોચરીએ આવતા એક સાધુ મારા જોવામાં આવ્યા. તે સાધુને જોઇ મને સંભ્રમ ઉત્પન્ન થઇ આવ્યો પૂર્વે સાધુ ધર્મના અભ્યાસને લઇને અને કર્મની વિચિત્રતાને લઇને વરઘોડામાં હાથી ઉપર ચડેલા એવા મને જાતિસ્મરણ જ્ઞાન થઇ આવ્યું. હું મૂર્છા ખાઇ નીચે પડવા તૈયાર થયો, તેવામાં મારી પાસે રહેલા રામભદ્ર નામના મહાવતે મને પકડી લીધો. અને ગીત તથા વાજીંત્રોને બંધ કરાવી દીધા. રાજા પણ મનમાં ખેદ પામી મારી પાસે આવ્યા, ને શ્રીખંડ ચંદનનું જળ છાંટી મારી મૂર્છા ઉતારી દીધી પછી હું સાવધા-

પામી શકાય છે. ઉપાય શિવાય નિર્વાણને પામી શકાતું નથી" પછી રાજાએ મને કહ્યું, "એ વાત સાચી છે, પણ તારી સ્ત્રી બોધ પામશે. કદિ આપણાથી અથવા બીજાથી જો તેણીને કહેતાં તે પ્રતિબોધ પામે તો સારી વાત, પરંતુ જો તેણી મોહને વશ થઈ સંસારના માર્ગને સ્વીકારે તો પછી તેણીનો ત્યાગ કરવો યોગ્ય નથી." પિતાના આ વચન સાંભળી પછી મેં શંખવર્દ્ધન નામના એક પુરોહિતને ત્યાં મોકલ્યો. તે ત્યાં જઈને કહી આવ્યો અને તેણે મારા પિતાને કહ્યું કે, "રાજકુમારના મનોરથ સિદ્ધ થાય તેમ લાગે છે." પછી હું જાતે તે રાજકન્યાની પાસે ગયો. તેણીએ મને સત્કાર કરી આસન ઉપર બેસાડ્યો. મેં જઈને કહ્યું કે," તને કાંઈક કહેવાનું છે, તે તું સાવધાન થઈને સાંભળ. મને અહિં આવતા મારા પૂર્વભવનું સ્મરણ થયું છે તે સાંભળ. –વિશાલા નગરીમાં પૂર્વે અમરદત્ત નામે રાજા હતો. તેને યશોધરા નામે પતિવ્રતા સ્ત્રી હતી. આજથી નવમાં ભવ ઉપર હું તેનો પુત્ર હતો. મારૂં નામ સુરેંદ્રદત્ત હતું. મારી સ્ત્રીનું નામ નયનાવળી હતું." આટલું મેં કહ્યું, તેવામાં તો તે રાજકન્યા મૂર્છા પામી ગઈ. તેનો પરિજન આકુળ વ્યાકુળ થઈ ગયો. કેટલીકવારે જ્યારે તેણીને સંજ્ઞા આવી એટલે મેં પૂછ્યું કે 'તને શું થયું ? તેણી લજ્જાથી બોલી, સંસારની વિચિત્રતા કેવી છે? તે યશોધરા હું પોતેજ હતી. આજથી નવમા ભવમાં હું તે કુમારની માતા હતી. કુમારે જે વાત કહી છે, તે સત્ય છે. પછી મેં કહ્યું કે ત્યારે તે રાજકુમાર ચરિત્ર લેવાની ઇચ્છા રાખે છે.


તેવામાં તેણીનો પિતા આવ્યો એટલે તે બધી વાત મેં તેને જ સુણાવી. રાજા તે સાંભળી આશ્ચર્ય પામ્યો. તે વખતે રાજકન્યાએ તેના પિતાને કહ્યું કે,' મને પણ વ્રત લેવાની આજ્ઞા આપો.' તેવામાં મારા માતા અને પિતા પણ ત્યાં આવ્યાં અને આ વૃત્તાંત સાંભળી તેમને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. પછી મારા પિતાએ દીન તથા નિરાધાર લોકોને દાન આપ્યાં અને સર્વ ચૈત્યોની અંદર પૂજા કરાવી. પછી મારા નાનાભાઈ યશોવર્દ્ધનને રાજ્ય ઉપર બેસાડી તેમણે અંતઃપુર સાથે પૂજ્ય ઇંદ્રભૂતિની પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમની સાથે મેં પણ વિનયમતિ સહિત દીક્ષા ગ્રહણ કરી. હે ભદ્ર ધન, આ મારૂં ચરિત્ર મારા વૈરાગ્યનું કારણ થયું છે."

તે મુનિના આ વચન સાંભળી ધન બોલ્યો, ભગવાન, "આપનું આ ચરિત્ર સાંભળનારના હૃદયને ભેદે તેવું છે. મારા હૃદય ઉપર પણ તેની અસર થઇ ચુકી છે. આ સંસારના સ્વરૂપનો વિચાર કરતાં જણાય છે કે, તેમાં ચિરકાળ રહેવું યોગ્ય નથી, માટે આપ કૃપા કરી મને જણાવો કે, હવે મારે શું કરવું?"

ધનના આવા વચન સાંભળી તે આચાર્ય યશોધર શાંત સ્વરે બોલ્યા—"ભદ્ર, આ જગતમાં પ્રાણી અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી સુધી પૃથ્વીકાયમાં રહે છે, તે પછી અનંત કાળ સુધી વનસ્પતિમાં રહે છે. ત્યારપછી તેને ત્રસપણું પ્રાપ્ત થાય છે. પછી તિર્યંચપણું અને તે પછી મનુષ્યપણું તે મેળવી શકે છે. તેમાં આર્યદેશ, ઉત્તમ જાતિ, સર્વ ઇંદ્રિયોની

કાર્યોને સાથે લઇ ત્યાં પેલા મુનિ કાયોત્સર્ગે રહ્યા હતા, ત્યાં આવી. તેણી મુનિને જોઈ વિશેષ કોપાતુર થઈ ગઈ. [illegible] તેણે [illegible] ભરી ગાડું લઈને તે સ્થળે આવી [illegible]

[illegible]



અહો ! મોહનો સ્વભાવ કેવો વિચિત્ર છે " આ પ્રમાણે ચિંતવન કરતા તે મુનિને અગ્નિએ ભસ્મ કરી નાંખ્યા. તે પાપીણીએ નિષ્પાપ મુનિને બાળી નાંખ્યા. તે મુનિ મૃત્યુ પામી શુક્ર દેવલોકમાં પંદર સાગરોપમની આયુષ્યે દેવતા થયા.

પેલી દુષ્ટ સ્ત્રી આવું ઘોર કર્મ કરી હૃદયમાં ભય પામતી દેવિકાગૃહમાં પેસી ગઇ. તે વખતે દાસી દેહચિંતા માટે જાગ્રત થઇ. તેણીએ પોતાની શેઠાણીને બાહેરથી આવતી જોઇ પૂછયું " સ્વામિની તમે ક્યાં ગયા હતા ? " તેણીએ મૃષા ઉત્તર આપ્યો. " દાસી, અર્ધરાત્રે દેવીને પ્રદક્ષિણા કરવા ગઇ હતી" તેવામાં દાસીએ પેલી ચિતાનો ભડકો જોયો. એટલે તેણીએ શેઠાણીને પૂછયું કે, ' આ શું હશે ? ' તે અજાણી થઇ અને પછી દાસી પાસે સુઇ ગઇ.

જ્યારે પ્રાતઃકાળ થયો, એટલે દેવીની પૂજા કરી પોતે દાસી અને બે સેવકોની સાથે પોતાને ઘેર આવી. ચતુર દાસી પોતાના મનમાં જાણી ગઇ કે રાત્રે જે ચિતા પ્રજ્વલીત થઇ હતી, તેમાં કાંઇ પણ મહાપાપ થયું છે અને તે યોજના આ શેઠાણીની જ છે.

પ્રિય વાંચકવૃંદ તે પાપીણી સ્ત્રી અને મહાનુભાવ મુનિને ઓળખવાની ઇચ્છા તમારા હૃદયમાં ઉત્પન્ન થઇ હશે. તમારી જીજ્ઞાસા તૃપ્ત કરવા માટે આ સ્થળે સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે.

મહાસેન યશોધર આચાર્યના ઉપદેશ વચન સાભળી

ધનના હૃદયમાં તીવ્ર વૈરાગ્ય થયો હતો. તે ચારિત્ર લેવાને માટે પોતાના પૂજ્ય માતા પિતાની આજ્ઞા મેળવવા ઘેર આવ્યો હતો. તેણે ઘેર આવી પોતાના માતા પિતાની આજ્ઞા માગી તે વખતે તેના પિતાએ કહ્યું કે, " વત્સ, આ ગૃહ સમૃદ્ધિનો ઉપભોગ કર. તારી પહેલા વ્રત લેવાની અમારી ઇચ્છા છે. તું હજુ યુવાન છે. તારૂણ્ય વયમાં વૈરાગ્ય ભાવના સ્થિર થઇ શકતી નથી. યુવાવસ્થામાં ઇંદ્રિયો તીવ્ર વેગમાં આવે છે, પ્રચંડ કામદેવ તે ઇંદ્રિયોનો ઉત્તેજક બને છે, મનોહર વિષયો પુરૂષને પોતાની તરફ આકર્ષે છે." પિતાના આ વચન સાંભળી વિરક્ત થયેલા ધને નમ્રતાથી કહ્યું " પિતાજી તમારૂં કહેવું યથાર્થ છે, પરંતુ મહોપકારી યશોધરાચાર્યની વાણીએ મારા હૃદયને વૈરાગ્ય રસથી પોષિત કર્યું છે. મને હવે નિશ્ચય થયો છે કે આ સંસાર અસાર છે. યૌવનાવસ્થા વિદ્યુત્‌ની જેમ ચપળ છે. વિષયો પરિણામે દારૂણ હોવાથી અનર્થના કરનારા છે. મારા આવા નિશ્ચયથી અને આપ પૂજ્ય પિતાના પ્રસાદથી હું મારા યૌવન ઉપર વિજય મેળવી શકીશ ' આ શબ્દાદિક વિષયો પુદ્‌ગલ રૂપ છે. તેથી તે અસ્થિર છે અને મારી ઇચ્છા સ્થિર શાશ્વત વસ્તુ મેળવવાને માટે આતુર છે.' આ મારો વિચાર સફળ કરવો એ આપને આધીન છે " ધનના આવા વચન સાંભળી તેના ધર્મિષ્ઠ પિતાએ તેને દીક્ષા લેવાની આજ્ઞા આપી હતી. અષ્ટાહ્નિક ઉત્સવ કરાવી અને [illegible] દાન આપી પિતાએ પુત્રનો દીક્ષા [illegible] કર્યો હતો. યશોધર આચાર્યે તે મહાનુભાવને [illegible] ધનમુનિએ સિદ્ધાંતનું

જ્ઞાન મેળવ્યું અને પોતે ક્રિયાકલાપમાં કુશળ બન્યા હતા. અને અનુક્રમે કોશાંબી નગરમાં આવ્યા હતા.

જે વિશાળ ગૃહમાં સુંદર સ્ત્રી બેઠી હતી, તે ધનની પૂર્વ વૈરિણી ધનશ્રી હતી. તે ધનશ્રીના ઘરમાં ભિક્ષા લેવાને માટે જે મુનિ આવ્યા હતા, તે ધનમુનિ હતા. પૂર્વના વૈરને લઈને ધનશ્રી તેમને જોતાંજ કોપવતી થઇ હતી.

ધનશ્રી કોશાંબી નગરીમાં શી રીતે આવી હતી, તે વૃત્તાંત આ પ્રમાણે છે–ધનશ્રીનો બીજો પતિ નંદક સમુદ્રનું ઉલ્લંઘન કરી કોશાંબી નગરીમાં આવ્યો હતો. તે સ્થળે તે સમુદ્રદત્ત એવું નામ ધારણ કરી વસતો હતો. દૈવયોગે ધનમુનિ તેને ઘેર ભિક્ષા લેવાને આવી ચડ્યા. તે વખતે નંદક ઘરમાં ન હતો. ધનશ્રી એકલી બેઠી હતી. તેણીએ પોતાના હૃદયમાં વિચાર્યું કે "આ ધનને મેં સમુદ્રમાં પાડી નાંખ્યો હતો, તો પણ તે જીવતો રહ્યો છે. આ વૈરીનો ગમે તે રીતે નાશ કરવો જોઇએ." આવું વિચારી તેણીએ તે મુનિની પાછળ પોતાની દાસીને મોકલી હતી. પછી તે પાપિણીને હાથે જે બનાવ બન્યો હતો, તે વાચકોને વિદિત છે. વૈરબુદ્ધિને ધારણ કરનારા પ્રાણી કેવા કુકર્મો કરે છે? તેમાંનો આ પૂર્ણ દાખલો છે. દુર્મતિ ધનશ્રીએ વૈરબુદ્ધિથી ધનમુનિને ભસ્મ કર્યા અને મુનિહત્યાનું મહાપાપ ઉપાર્જન કર્યું હતું. ઉત્તમ મનુષ્યોને આ ચરિત્રનું દૃષ્ટાંત ઘણું શિક્ષણીય છે. કોઇ પણ પ્રાણી તરફ વૈરબુદ્ધિ રાખવી, એ મહા પાપનું કારણ છે. એવા પાપનું ફળ પ્રાણીને અવશ્ય ભોગવવું

જો કે એ ધનશ્રી દુરાચારી અને પાપીષ્ઠ છે, તથાપિ તે સ્ત્રી જાતિ હોવાથી અવધ્ય છે. તેણીને આ રાજ્યની હદપાર કરવી એજ શિક્ષા યોગ્ય છે." આવું ચિંતવી રાજાએ ધનશ્રીને પોતાના રાજ્યની હદપાર કરી. પાપિણી ધનશ્રીને સાયંકાળે રાજપુરુષો બાહેર મુકી આવ્યા. ક્ષુધા અને તૃષાથી આકુળ-વ્યાકુળ એવી ધનશ્રી નગરની બાહેર આવેલા એક દેવાલયમાં સુઈ ગઈ. તેવામાં કોઈ ભયંકર સર્પે આવી તેણીને કરડી. સર્પનો ડંશ થવાથી ધનશ્રી મૃત્યુને શરણ થઈ ગઈ. પાપીને તેના પાપકર્મનું ફળ અનુભવ્યા વિના રહ્યું નહીં. મુનિહત્યા કરનારી ધનશ્રી સાત સાગરોપમની આયુષ્યે ત્રીજી નારકીમાં ઉત્પન્ન થઈ હતી.

પ્રિય વાંચનાર, આ પ્રસંગે આ નવલકથાનો પૂર્વ સંબંધ [illegible] ગુણસેન અને અગ્નિશર્મા [illegible] આનંદ નામે પિતા પુત્ર હતા, [illegible] ધનશ્રી નામે [illegible]

આચાર્યનો યોગ થઈ આવ્યો અને તે યોગનો લાભ તેવા ધન ઉત્સુક થયો હતો. પનશ્રી તેના જીવનમાં તે લાભ મેળવી શકી ન હતી. પવિત્ર ધનનો આત્મા ચારિત્ર ગુણ સંપાદન કરી આખરે શુક્ર દેવલોકનો અધિકારી બન્યો હતો અને પાપબુદ્ધિ પનશ્રી મુનિહત્યાનું અને પતિહત્યાનું મહાપાપ કરી ત્રીજી નરક ભૂમિની અતિથિ થઈ હતી.

પ્રિય વાંચકવૃંદ; આ ચારિત્ર ઉપરથી સદ્બોધ સંપાદન કરી તમારા જીવનને ઉજ્વલ કરવા પ્રયત્ન કરજો. પનશ્રીના જેવી અધમ વૃત્તિથી દૂર રહેજો અને ધનનાં જેવી ઉત્તમ વૃત્તિ ધારણ કરજો.



ફેરફાર કેમ થઇ ગયો ? તમારી દૃઢ મનોવૃત્તિ શા કારણથી આમ પલટાઇ ગઇ ? આવા યૌવન વયમાં આવા વૃદ્ધ વયના વિચાર કેમ પ્રગટ થયા? મિત્ર, તમારા વિયોગથી હું રહી શકીશ નહીં. તમે જે સ્થિતિમાં રહેવાને નિશ્ચય કર્યો હોય તે સ્થિતિમાં રહેવાને આ મિત્ર હાજર છે. અરણ્યમાં, સમુદ્રમાં કે ભયંકર અટવીમાં છાયાની જેમ આ સેવક તમારી સાથેજ રહેશે. કહો, આવા વિચાર ઉદ્દ્ભવવાનું શું કારણ છે ? " તરૂણ મિત્રની આવી લાગણી જોઇ રાજકુમાર બોલ્યો " મિત્ર, આજે સ્વપ્નામાં એક પવિત્ર મહાત્માના દર્શન થયાં. તે ઉપરથી મને મારા હૃદયમાં વિરક્ત ભાવ ઉત્પન્ન થઇ આવ્યો. એ મહાત્માએ મને પોતાનું ચરિત્ર કહી સંભળાવ્યું. જે સાંભળી મારી મનોવૃત્તિ વૈરાગ્યમય બની ગઇ છે. આ રાજ્ય, વૈભવ અને પરિવાર મને અનિત્ય ભાસ્યો છે. અને સર્વનો ત્યાગ કરી આત્મસાધન કરવાની મારી ઇચ્છા થઇ જાય છે. "

તરૂણ મિત્ર આશ્ચર્ય પામી બોલ્યો—" ભદ્ર, એ સ્વપ્નનું દર્શન ક્યારે થયું ? " રાજકુમારે સ્મરણ કરીને કહ્યું, " પ્રાતઃકાળ થયા પહેલા નિદ્રાનો ત્યાગ કરવા વખતેજ મને સ્વપ્નનું દર્શન થયું હતું. " મિત્રે ઉત્સાહ સહિત જણાવ્યું—" પ્રિય સખા, તેનું ફળ સત્વર મળશે. "

આ પ્રમાણે તે બંને મિત્રો વાર્તાલાપ કરતા હતા, તેવામાં વનપાળે આવી ખબર આપ્યા કે, " ચંદ્રોદય ઉદ્યાનમાં એક સૂર્યના જેવા તેજસ્વી મહામુનિ પધાર્યા છે. " આ ખબર

સાંભળતાંજ રાજકુમાર પોતાના મિત્રની રજા લઈ તે મહાનુભાવના દર્શન કરવાને તૈયાર થયો. તેનો તરૂણ મિત્ર સાથે જવા ઉત્સુક થયો, તેવામાં તેના પિતાએ કોઈ કાર્ય પ્રસંગે તેને બોલાવી લીધો. પિતાની આજ્ઞાને મુખ્ય માનનારો તે પિતૃભક્ત પુત્ર મુનિદર્શનનો લાભ છોડી પિતાની સાંનિધ્યમાં આવ્યો અને રાજપુત્ર એકલો ચંદ્રોદય ઉદ્યાનમાં તે મહાનુભાવને વંદના કરવા ગયો.

પ્રિય વાંચનાર, આ રાજકુમારને ઓળખવાની તમારી ઈચ્છા થઈ હશે. તે રાજકુમાર આપણી આ નવલકથાનો મુખ્ય નાયક છે. અને સ્મરણીય ચરિત્ર છે. ગયા ચોથા ખંડમાં જે ધનના નામથી પ્રખ્યાત મહાપુરૂષનું વૃત્તાંત આપવામાં આવ્યું છે, તે ધન મહાનુભાવ મુનિધર્મને ધારણ કરી તેની પૂર્વની વૈરી ધનશ્રીને હાથે અગ્નિમાં ભસ્મ થઈ ગયેલ તે શુક્લ ધ્યાનથી મૃત્યુ પામી શુક્ર દેવલોકમાં આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચ્યવી રાજકુમાર થઈ અવતરેલ છે. જેને હમણાં મુનિ દર્શનનું સ્વપ્ન થયેલ તે રાજકુમાર ધનનો પવિત્ર આત્મા હતો. જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર આવેલી કાકંદી નગરીના રાજા સૂરતેજની રાણી લીલાવતીના ઉદરથી તેનો જન્મ થયો છે. ધનનો પવિત્ર આત્મા સાતમા દેવલોકથી ચ્યવીને રાજા સૂરતેજાના મેહેલમાં પ્રગટ થયો છે. જ્યારે તે ધન રાણી લીલાવતીના ગર્ભમાં આવ્યો, ત્યારે તેણીએ સ્વપ્નામાં પૂર્ણચંદ્રને પોતાના મુખમાં પ્રવેશ કરતો જેયો હતો. પવિત્ર રાણી લીલાવતિને

તે ગર્ભ વખતે સારા સારા દોહદ થયા હતા. નિવૃત્તિ નામની દાસીએ કુમારજન્મની વધામણી આપવાથી રાજા સૂરતેજાએ તેણીને સારૂં પારિતોષિક આપ્યું હતું. રાણી લીલાવતી સગર્ભા હતી, ત્યારે તેણીએ દ્યૂત ક્રીડામાં રાજાને જીત્યો હતો, તે ઉપરથી રાજાએ તે કુમારનું નામ જયકુમાર પાડયું હતું. યોગ્ય વયમાં રાજાએ પોતાના પ્રિય પુત્રને વિદ્યા અને કળાઓમાં પ્રવિણ બનાવ્યો હતો.

આજે તે જયકુમાર સ્વપ્નમાં મુનિદર્શન થવાથી અને તેમની દેશના સાંભળવાથી આ સંસાર તરફ અનિત્ય ભાવના ભાવતો હતો, તેવામાં તેના મિત્રનો મેળાપ થયો અને તે પ્રસંગે જે વૃત્તાંત બન્યો છે, તે વાંચનારના સ્મરણમાર્ગમાં જાગૃત છે.

જ્યારે જયકુમારે ચંદ્રોદય ઉદ્યાનમાં એક મહાત્મા મુનિના આગમનની વાત સાંભળી, ત્યારે તરતજ તે કુમાર તે ઉદ્યાનમાં ગયો હતો. રાજકુમાર ચંદ્રોદય ઉદ્યાનમાં આવ્યો કે તરતજ ઉદ્યાનના એક પ્રાસુક પ્રદેશમાં એક મહાનુભાવ મહામુનિના તેને દર્શન થયા. તેઓ સૂર્યના જેવા પ્રકાશમાન હતા. ચંદ્રની જેમ તેમનામાં સૌમ્યતા દેખાઇ આવતી હતી. ગાંભીર્યમાં સમુદ્રના જેવા, સ્પૃહનીયમાં મેઘના જેવા, રમણીયતામાં સ્વર્ગના જેવા અને અનુપમપણામાં મોક્ષના જેવા દેખાતા હતા. મહાવ્રતોને ધારણ કરનારા એ સૂરિવરનું નામ સનત્કુમાર હતું. જયકુમાર એ મહામુનિની પવિત્ર મૂર્તિને અવલોકી હૃદયમાં આનંદ પામી ગયો. પોતાને આવેલા પુર્વ સ્વપ્નનું પ્રત્યક્ષ ફળ જોઇ તેના હર્ષનો પાર રહ્યો નહીં. રાજકુમાર તે મુનિના દર્શન

કરી આ પ્રમાણે ચિંતવવા લાગ્યો—" અહો ! આ મહાત્માની મૂર્તિમાં ચક્રવર્તીપણાના સર્વ લક્ષણો દેખાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે તેમણે મહાન્ રાજ્યસમૃદ્ધિનો ત્યાગ કરી આ સ્થિતિ સ્વીકારી છે, માટે આ સંસાર નિર્ગુણ છે." આ પ્રમાણે વિચાર કરી જયકુમારે તે મહાનુભાવને વંદના કરી અને તેમની પાસે વિનયથી બેઠો, મહાનુભાવ મુનિએ તેમને ધર્મલાભ આશીષ આપી. પછી રાજકુમાર વિનયથી અંજલી જોડી બોલ્યો—"મહાનુભાવ ! આ સંસાર અસાર છે. કયા સચેતન મુગ્ધ પ્રાણીને તેની ઉપર નિર્વેદ ન થાય ? તથાપિ આપની મનોહર આકૃતિ અને લલાટ ઉપર ચળકતું બ્રહ્મતેજ જોઈ મારા હૃદયમાં પ્રશ્ન ઉઠે છે કે આપના જેવા મહારાજાના લક્ષણવાળા પુરૂષને આ સંસાર ઉપર નિર્વેદ થવાનું શું કારણ હશે ? આપે કયા કુળને જન્મથી અલંકૃત કરેલું છે ? આપના પિતાનું અને આપનું શું નામ છે ? તે કૃપા કરી જણાવો. જે જાણી મને મારા સંવેગમાં ઉત્તેજન મળશે." રાજકુમારના આ વચનો સાંભળી તે જ્ઞાની મુનિ હૃદયમાં પ્રસન્ન થયા અને કુમારની મનોવૃત્તિનું પ્રતિબિંબ તેમના હૃદયમાં પડી ગયું. તે મહાનુભાવે જાણ્યું કે, " આ રાજકુમાર ભવ્યાત્મા છે. તે સર્વ પ્રકારના ઉપદેશનું પાત્ર છે. વળી તે ભવિષ્યમાં ચારિત્રધર્મની ઉજ્વળ કીર્તિને પ્રસારશે." આ પ્રમાણે ચિંતવન કરી તે મહાનુભાવે પોતાની દયાળુ દષ્ટિના કિરણો તેની પર પ્રસાર્યા અને પોતાની જિહ્વારૂપ સિંહાસન ઉપર વાગ્દેવીનું સ્થાપન કર્યું.



પ્રકરણ ૨ જું.

મુનિસનત્કુમાર.

રાજકુમાર જયકુમારનો પ્રશ્ન સાંભળી મુનિ સનત્કુમારે પોતાનો વૃત્તાંત કહેવા માંડયો " ભદ્ર, ચિત્રાંગદ નામના એક ચારણ મુનિ પાસેથી અલ્પ પણ નિયાણું કરવાનું અતિ દારૂણ પરિણામ સાંભળી મેં આ ચારિત્ર ગ્રહણ કરેલું છે. તે વૃત્તાંત કેવી રીતે બન્યો હતો, તે સાવધાન થઇ સાંભળ. આ ભારતવર્ષ ઉપર શ્વેતવી નામે એક નગરી છે. તેમાં યશોવર્મા નામે એક પરાક્રમી રાજા થયા હતા. હું સનત્કુમાર નામે તેનો અતિ પ્રિય પુત્ર હતો. એક વખતે કેટલાએક ભવિષ્યવેત્તાઓએ આવી મારા પિતાને કહ્યું કે આ તમારો કુમાર વિદ્યાધરોનો અધિરાજ થશે. તે વખતે હું બાળક હતો. એક સમયે હું ઘોડા ખેલવવાને બહાર ફરવા નીકળ્યો, તેવામાં કેટલાએક ચોર લોકોને વધ્યસ્થાન ઉપર લઇ જવામાં આવતા મારા જોવામાં આવ્યા. તેમણે મને જોઈ વિનંતિ કરી કે, ' રાજકુમાર અમે તમારે શરણે આવ્યા છીએ માટે અમારી રક્ષા કરો ' મને તત્કાળ દયા આવી અને તેમને રક્ષકો પાસેથી છોડાવ્યા. આથી તે પુર રક્ષકો ગુસ્સે થઇ રાજાની પાસે આવ્યા અને તે વાત રાજાને જણાવી. રાજાએ તેમને કહ્યું કે, ફરીવાર તેમને પકડી લ્યો અને કુમારથી છાની રીતે તેને મારી નાખો. રાજાની આવી આજ્ઞા થતાં તેમણે તે લોકોને ફરીવાર પકડી મારી નાખ્યા.

પછવાડેથી આ વાત મારા જાણવામાં આવતાં મને ઘણો ક્રોધ ચડી આવ્યો.મારા પિતાનાં મંત્રીઓએ મને ઘણું સમજાવ્યો તો પણ હું સમજ્યો નહીં ને તેજ દીવસે રાત્રે નગરને છોડી ચાલી નીકળ્યો અને અનુક્રમે ફરતો ફરતો તામ્રલિપ્તી નગરીમાં આવ્યો. તે નગરીના રાજા ઈશાનચંદ્રે મારા આવવાની ખબર સાંભળી એટલે તેણે મને સત્કાર કરી પોતાના રાજ્યમાં રાખ્યો. તેના રાજ્યમાં રહેતાં એક વખતે વસંત ઋતુ આવી, નવપલ્લવિત થયેલા અનંગનંદન નામના ઉદ્યાનમાં હું ક્રીડા કરવાને ચાલ્યો. માર્ગે જતાં વિલાસવતી નામની રાજપુત્રીએ મને પોતાના મહેલના ગોખ ઉપરથી જોયો. મારી મનોહર મૂર્તિને જોઇ તે બાળા મારા ઉપર મોહિત થઈ પડી. તેણીએ મારી ઉપર બોડસલીના પુષ્પોની માળા નાંખી. તે વખતે વસુભૂતિ નામનો એક મારો મિત્ર મારી સાથે આવતો હતો, તેણે તે માળાને મારા કંઠ ઉપર પડતી જોઇ. તે વખતે મેં ઉંચે જોયું, ત્યાં ચંદ્રના બિંબ જેવું તે રાજબાળાનું મુખ મારા જોવામાં આવ્યું; તેને જોઇ હું મારા હૃદયમાં ખુશી થયો. અને તેણીના સૌંદર્યમાં મોહ પામી ગયો. તેના મોહને લઇને તેણે નાંખેલી બોડસલીના પુષ્પોની માળા મેં પ્રેમથી હૃદય ઉપર ધારણ કરી. તે જોઇ તે રાજબાળા હૃદયમાં ખુશી થઈ. હું તેણીના મોહમાં મૂઢ બનતો અને તેણી પ્રાપ્ત કરવાના સંકલ્પ-વિકલ્પ કરતો અનંગનંદન ઉદ્યાનમાં આવ્યો. મારી સાથે મારા કેટલાએક મિત્રો હતા, પરંતુ તેમની સાથે હું ખુલ્લા દિલથી વાત કરતો ન હતો. ' મારી મનોવૃત્તિ તો એ મનોહર રાજબાળાએ હરી લીધી હતી. ક્ષણવારે' મને

મસ્તકમાં પીડા થાય છે ' એવુ બાનુ બતાવી મેં મારા મિત્રોને વિદાય કર્યા અને તે રાત્રિ ત્યાં વાસ કરી પસાર કરવાનો વિચાર કર્યો. એ રાજપુત્રીના મોહક વિચારમાં મને નિદ્રા આવી નહીં. જાગ્રત સ્થિતિમાં પ્રાતઃકાળ થઇ ગયો. પ્રાતઃકાળે વસુભૂતિ વગેરે મારા મિત્રો મને મળવાને તે સ્થળે આવ્યા. પછી હું તેમની સાથે ગૃહોદ્યાનમાં ક્રીડા કરવાને ગયો. ઘણીવાર ક્રીડા કર્યા પછી બીજા મિત્રો ચાલ્યા ગયા અને વસુભૂતિ એકલો મારી પાસે રહ્યો. મારી મનોવૃત્તિમાં કામદેવનો વિકાર ઉત્પન્ન થયો છે, એ વાત વસુભૂતિના જાણવામાં આવી હતી, તેથી તેણે મને પૂછયું, “ મિત્ર દિવસના ચંદ્રની જેમ તારૂં મુખ નિસ્તેજ કેમ દેખાય છે? ” મિત્રના આવા પ્રશ્નથી મેં કહ્યું કે, “ મિત્ર વસુભૂતિ, મારી ચિંતા હું મારે મુખે કહેવાનો નથી. જો તારા જાણુવામાં આવી શકે તો તું પોતેજ જણાવી દે. ”

મારા આવા વચન સાંભળી વસુભૂતિએ કહ્યું, “ ભાઇ તારી ચિંતા મારા લક્ષમાં આવી છે. તું રાજકુમારીના મોહમાં મગ્ન થયો છે, પરંતુ હવે તું તે વિષે વિશેષ સંતાપ રાખીશ નહીં. એ રાજકુમારી તને અવશ્ય પ્રાપ્ત થશે. તારા કંઠ ઉપર આરોપિત કરેલી માળાના મિષથી તેણીએ પોતાના મનનો ભાવ તારા ઉપર આરોપિત કરી દીધો છે. એ બકુલ માળારૂપી દૂતી મેં મોકલી તેણીએ પોતાનો મનોભાવ દર્શાવી આપ્યો છે. હું હવે મારો મિત્રધર્મ બજાવવાને તારૂં એ કામ સિદ્ધ કરવા પ્રયત્ન કરીશ.”

વસુભૂતિના આવાં વચન સાંભળી મને મારા હૃદયમાં અતિ આનંદ ઉત્પન્ન થઇ આવ્યો. પછી અમે બંને ત્યાંથી જુદા પડી પોતપોતાને સ્થાને આવ્યા હતા.

મારી ઇચ્છા પૂર્ણ કરવાને મિત્ર વસુભૂતિએ પ્રયત્ન કરવા માંડ્યો. રાજકુમારી વિલાસવતીને વિચારમતિ નામે એક ધાત્રી હતી. તેને અનંગસુંદરી નામે પુત્રી હતી. તેણીની સાથે વસુભૂતિએ સ્નેહ બાંધ્યો. તેઓ બંને પ્રેમમાં પડ્યા અને તેમાં ઘણાં દિવસો નીકળી ગયા. તે વખતે મને વિચાર ઉત્પન્ન થયો કે, મારો મિત્ર વસુભૂતિ મારૂં કાર્ય ભુલી ગયો અને તે અનંગસુંદરીના સ્નેહમાં લપટાયો. આવો વિચાર કરી હું કામાતુર થઇને શરીર ઉપર આળોટવા લાગ્યો, તેવામાં વસુભૂતિ મારી પાસે આવ્યો. તેણે આવી મને જણાવ્યું, "મિત્ર, શામાટે ચિંતા કરે છે, હું તારૂં કાર્ય સિદ્ધ કરીને આવ્યો છું." મેં ઇંતેજારીથી પૂછયું "મિત્ર, તેં મારૂં કાર્ય શી રીતે સિદ્ધ કર્યું તે કહે." તેણે કહ્યું, આજે હું અનંગસુંદરીને ઘેર ગયેલો, ત્યારે તેણીને ચિંતાતુર જોઇ મેં પૂછયું કે, "હે અનંગસુંદરી, તું શામાટે ચિંતાતુર દેખાય છે ? તે કહે." તેણીએ મને જણાવ્યું કે,"રાજપુત્રી વિલાસવતીએ કોઇ સુંદર યુવાન પુરૂષને જોયેલો, ને ઉપરથી તેણી મોહને વશ થઇ, કામદેવથી ઘણીજ પીડાય છે. તેણીની માતાએ તે વાત જાણી ઘણા ઉપાયો કર્યા પણ તેણી સ્વસ્થ થઇ નહીં. મારી સખીની તે ચિંતાથી આજે હું પણ ચિંતાતુર થઇ છું."

હે મિત્ર! આ પ્રમાણે અનંગસુંદરીના વચન સાંભળી મેં તેણીને જણાવ્યું કે, "સુંદરી, તું કાંઇ પણ ચિંતા કરીશ નહીં. તારી સખી વિલાસવતી જેની ઉપર અનુરકત થઇ છે, તે શ્વેતવી નગરીના રાજા યશોવર્માના પુત્ર સનત્કુમાર છે. તે મારો સ્વામી અને મિત્ર થાય છે. તે પણ તારી સખી ઉપર અનુરક્ત થયેલ છે અને તેણીને પ્રાપ્ત કરવાની ચિંતાથી આકુળ-વ્યાકુળ થાય છે." મારા વચન સાંભળી અનંગસુંદરીએ કહ્યું કે, "પ્રાણેશ, તમારા મુખથી આ ખબર સાંભળી હું ખુશી થઇ છું. હવે તે બંને પ્રેમી જોડાંનો સત્વર સમાગમ થાય તો વધારે સારૂં. હું રાજકુમારી વિલાસવતીને લઇને ગૃહોદ્યાનમાં આવું છું અને તમે તે રાજકુમારને લઇને સત્વર ત્યાં આવો." હે મિત્ર આ પ્રમાણે કહી તે અનંગસુંદરી તેણીના વાસભુવનમાં ગઇ છે અને હું તારી પાસે આવ્યો છું. વસુભૂતિના આ વચન સાંભળી હું ઘણો આનંદ પામી ગયો ને સત્વર તે મિત્રની સાથે ગૃહોદ્યાનમાં આવ્યો. હું જ્યાં તે ઉદ્યાનમાં પહોંચ્યો, ત્યાં એક લતામંડપ નીચે પોતાની સખી સાથે રહેલી રાજકુમારી વિલાસવતી મારા જોવામાં આવી મને જોતાંજ રાજકુમારી હૃદયમાં ખુશી થઇ અને તેણીએ મને પ્રેમથી આસન આપ્યું. હું તેણીના આપેલા આસન ઉપર બેઠો. દૈવયોગે તેજ વખતે રાજકુમારીની માતાએ વીણા વગાડવાને માટે તેણીને તેડવા એક માણસને મોકલ્યો. અમારા સમાગમમાં અચાનક ભંગ પડયો અને રાજકુમારી મને સપ્રેમ દૃષ્ટિથી અવલોકતી ચાલી ગઈ. તેણીના ગયા પછી મારા મિત્ર વસુભૂતિએ મને કહ્યું

"મિત્ર, ચાલો, હવે આપણે આ ઉદ્યાનમાંથી બાહિર નીકળી જઇએ." મિત્રના આવા વચન સાંભળી હું તે ઉદ્યાનમાંથી બાહિર નીકળ્યો. તે વખતે રાજકુમારી વિલાસવતીની અનંગવતી નામની માતાએ મને ત્યાંથી પસાર થતો જોયો. મને જોતાંજ તેણી મારી ઉપર મોહીત થઇ ગઇ. હું મારા સ્થાનમાં આવ્યો એટલે અનંગવતીની એક દાસી મારી પાસે આવી અને તેણીએ મને કહ્યું કે દેવી અનંગવતી તમને બોલાવે છે. તત્કાળ હું અનંગવતીની પાસે ગયો અને મેં તેણીને કહ્યું કે, "માતા શી આજ્ઞા છે ?" દેવી અનંગવતી બોલી "ભદ્ર, મેં તમને જ્યારથી ઉદ્યાનમાં પસાર થતા જોયા છે, ત્યારથી હું કામપીડિત થઇ ગઇ છું; માટે એ કામદેવની પીડામાંથી મુક્ત થવાને હું તમારે શરણે આવી છું. તેનાથી મારી રક્ષા કરો." રાણી અનંગવતીના આ વચન સાંભળી મેં તેણીને પ્રાર્થના પૂર્વક કહ્યું,—"માતા, આ શું બોલો છો ? હું તમારો પુત્ર છું અને તમે માતા છો માટે પુત્રને ઘટિત એવી મને આજ્ઞા આપો." મારા આવા વચન સાંભળી રાણી અનંગવતી મારી ઉપર નાખુશ થઇ અને તેણીએ હૃદયમાં ક્રોધ ગોપવી મને ઉપરથી કહ્યું "વત્સ તારે સ્થાને ચાલ્યો જા. મેં તારી પરીક્ષા કરવાનેજ એમ કહ્યું હતું." તેણીના આવા વચન સાંભળી હું મારે સ્થાને આવ્યો. તેવામાં વિનયધર નામનો એક રાજાનો માનીતો કોટવાળ મારી પાસે આવ્યો. તેણે મને એકાંતે બોલાવીને આ પ્રમાણે કહ્યું—"રાજકુમાર મારી એક વાત સાવધાન થઇને સાંભળો." **સ્વસ્તીમતી** નામે એક નગરી છે. તેમા તમારા

પિતાના ભોગવટામાં વીરસેન નામે એક કુલપુત્ર છે. તે વીરસેન દાતાર, માનવાળો, ગંભીર, શરણ આપનારો, દયાળુ અને પરોપકારી છે. એક વખતે તે પોતાની સગર્ભા સ્ત્રી લઈ તેણીના પિતાને ઘેર જવાને બાહેર નીકળ્યો. તેની સ્ત્રીનો પિતા જયસ્થલ નગરમાં રહેતો હતો ત્યાં જતા રસ્તામાં શ્વેતવી નગરી આવી. તેણે પોતાની સ્ત્રી તથા બીજા પરિવાર સાથે તે નગરીની બાહેર નિવાસ કર્યો. તે વખતે કોઈ ત્રાસ પામેલો ચોર તેને શરણે આવ્યો. દયાળુ વીરસેને તેને પોતાને શરણે રાખ્યો. તે વખતે તેની સ્ત્રીએ કહ્યું, " સ્વામી, આવા અપરાધી માણસને શા માટે શરણ આપો છો ? " વીરસેને પોતાની સ્ત્રીને કહ્યું, " પ્રિયા, જે શરણે આવે તેનું રક્ષણ કરવું જોઈએ. " તેવામાં ક્ષણવાર પછી કેટલાએક રાજાના માણસો ' મારો મારો ' કરતાં તે ચોરની ઉપર ધસી આવ્યા અને તેમણે વીરસેનને કહ્યું કે, " આ ચોર અમને સોંપી દે " વીરસેને જણાવ્યું, "જ્યાં સુધી હું જીવતો છું, ત્યાં સુધી એ શરણાગત ચોરને હું સોંપવાનો નથી. " આ વાત તેઓએ રાજાને જણાવી, એટલે રાજાએ હુકમ આપ્યો કે, તે શરણ આપનાર માણસની સાથે તે ચોરને મારી નાંખો. " રાજાની આવી આજ્ઞા થતાંજ તે રાજપુરૂષો વીરસેનની ઉપર ધસી આવ્યા. વીરસેન તે રાજસુભટોની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો, તેવામાં રાજકુમાર તે સ્થળે આવી પહોંચ્યો. રાજકુમારે તે યુદ્ધનું કારણ પૂછતાં રાજાના સુભટોએ જે સત્ય વાત હતી, તે તે તેની આગળ જણાવી. તે સાંભળતા રાજકુમાર કોપાવિષ્ટ

મુનિ બોલ્યો—“ હું ઉત્તમ પ્રત્યુપકારનું કારણ કરનાર તે માણસોને કેમ મારનાર છું ? ” એમ કહી તેણે ગુપ્તચરોને પ્રતિ- કાંઈ પ્રાપ્ત ગુપ્તચરોએ તે વાત રાજાને જણાવી. પછી રાજાએ તે મુનિ વધ કરવાની આજ્ઞા કરી. રાજપુત્રે તે વીરસેનને અને પિતા અપરાધી હોવાને, જાતિદેશી સત્કાર કરી વિદાય કર્યા. ત્યારપછી વીરસેન જયસ્થળ નગરમાં આવ્યો અને ત્યાં તેની સ્ત્રીને એક પુત્રને જન્મ આપ્યો. તે હું જિનદાસ છું. તમારા પિતા અને જયવર્મ રાજાને પુત્ર થયા. તે મારા માતા પિતાના અને મારા પણ ઉપકારી છે. મારા માતા પિતા તમારા પિતાના ગુણોને રાત દિવસ સંભાર્યા કરે છે. તેઓ તામ્રલિપ્તી નગરીમાં રહ્યા છે, તે છતાં તેઓને કદી પણ ભુલતા નથી. આજે એવું બન્યું છે કે, રાજા પોતાની રાણી અનંગવતીને મહેલે ગયો, ત્યાં તેણે પોતાની રાણીને રૂદન કરતી અને નખોથી ઉઝરડેલી જોઇ. રાજાએ તેણીને તેનું કારણ પૂછ્યું, એટલે તે રાણીએ બળાત્કાર કરનાર તરીકે તમારૂં નામ આપ્યું. રાજાએ ક્રોધાતુર થઇ મને આજ્ઞા આપી છે કે, તમારો વધ કરવો. હું રાજાની આજ્ઞાને અનુસરી બાહેર નીકળવા દ્વાર આગળ આવ્યો, તેવામાં એક છીંક મારા સાંભળવામાં આવી. તે વખતે હું શંકાથી ત્યાં ઉભો રહ્યો. તેવામાં કોઇ નિમિત્તિઆએ મને કહ્યું કે; આ છીંક સુંદર છે. તેથી હું ચિંતાતુર થઇ ઘેર આવ્યો, તે વખતે મારી માતાએ મને ચિંતા થવાનું કારણ પૂછ્યું, એટલે તેમને તે વૃત્તાંત જણાવ્યો. મારા મુખેથી તે વૃત્તાંત સાંભળી

સુકાયેલા વસ્ત્રોને પહેરી હું ત્યાંથી આગળ ચાલ્યો, ત્યાં એક વૃ-ક્ષોની ઘટાથી સુશોભિત એવી નદી મારા જોવામાં આવી. ત્યાં મેં ફળાહાર કરી જળપાન કર્યું ને ત્યાં ક્ષણવાર વિશ્રાંત થયો, તેવામાં એક સારસપક્ષીનું જોડું મારા જોવામાં આવ્યું. તે જોડાને જોઈ મને મારી પ્રિયાનું સ્મરણ થઈ આવ્યું. તે સ્મરણ કર્યા પછી હું પંચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરતો સંધ્યાકાળે એક શિલા ઉપર સુઈ ગયો. પ્રાતઃકાળે પક્ષિઓના મધુર શબ્દો સાંભળી હું જાગ્રત થયો. દેવ તથા ગુરૂનું ધ્યાન ધરતો હું વને વન ફરવા લાગ્યો. એક નદી ઉપર આવતાં કેટલાએક પગલાની શ્રેણી મારા જોવામાં આવી, તેને અનુસારે આગળ ચાલ્યો, ત્યાં પુષ્પોને ચુંટતી એક સુંદર તાપસકન્યા મારા જોવામાં આવી. તેણીને જોતાંજ મને વિચાર થયો કે, "આ સુંદરી વિલાસવતી તો નહિ હોય! પણ આવા ઘોર વનમાં તે ક્યાંથી હોય?" એમ વિચારી હું તેણીની પાસે ગયો અને તેણીને મેં બોલાવી કહ્યું, "શુભે, તારી તપસ્યા વૃદ્ધિ પામો." હું શ્વેતવી નગરીનો નિવાસી છું. તામ્રલિપ્તી નગરીથી સિંહલદ્વીપ પ્રત્યે જતાં વહાણ ભાંગવાથી અહીં આવી ચડ્યો છું. ભગવતી, આ સુંદર તટ કોનું છે? આ દ્વીપ અને પ્રદેશ ક્યા નામથી ઓળખાય છે? મારા આ પ્રશ્નો સાંભળી તેણી વક્ર દૃષ્ટિ કરી મારી તરફ જોઈ રહી. ને મને કાંઈપણ ઉત્તર આપ્યા વિના તેણી ચાલી ગઈ. તે વખતે મેં વિચાર કર્યો કે, આ તરૂણી [illegible] છે, જેથી તેણીએ [illegible] ઉત્તર ન આપ્યો. [illegible] તેણી મારી તરફ કેટલાંએક પ્રેમની ચેષ્ટાઓ કરતી

લાગી. તેણીને તાપસી ધારી હું તે તરફ ઉપેક્ષા કરી નદી ઊપર ચાલ્યો ગયો, ત્યાં ફળાહાર કર્યો. તેવામાં સૂર્ય અસ્ત થયો એટલે હું તેજ સ્થળે સુઈ ગયો. નિદ્રા પ્રાપ્ત થતાં મને એક સ્વપ્ન આવ્યું. "જાણે કોઈ સ્ત્રીએ સુવર્ણવૃક્ષ પાસે રહેલા એવા મને પુષ્પની માળા આપી અને તેણીએ મને કહ્યું કે, "આ માળા પૂર્વે આપેલી છે, તે ગ્રહણ કરો" મેં તેજકાળે તે માળા કંઠમાં ધારણ કરી. તેવામાં પ્રાતઃકાળ થતાં સારસ પક્ષીઓના ધ્વનિથી હું જાગ્રત થઈ ગયો." તેજ કાળે મારૂં દક્ષિણ નેત્ર ફરકવા લાગ્યું. મેં વિચાર કર્યો કે, "આ સ્વપ્ન તથા શુભ નિમિત્ત મારા કોઈ લાભની સૂચના કરે છે. મારા કંઠમાં જે પુષ્પમાળા આરોપિત થઇ અને જેના તરફથી મને એ પુષ્પમાળાનો લાભ થયો તે પ્રસંગ મારી પ્રિયા વિલાસવતીનોજ દરસાગમ થાય છે. રખેને પેલી તાપસ બાળા વિલાસવતી હોય" આ પ્રમાણે ચિંતવન કરતાં આકાશમાં ગગનમણિ ઉદિત થયો, પછી તે તાપસીને જોવાની ઇચ્છાથી હું વનમાં ભમવા લાગ્યો. તેજ વખતે કોમળ પત્રધ્વનિ મારા સાંભળવામાં આવ્યો. મેં તે ધ્વનિની દિશા તરફ અવલોકન કર્યું, તેવામાં એક વૃદ્ધ તાપસી મારા જોવામાં આવી. તેણીએ મને જોઇને આનંદથી કહ્યું," રાજપુત્ર, ચિરંજીવ." તેણીના આ વચન સાંભળી મેં વિચાર્યું કે, 'આ વૃદ્ધા મને ક્યાંથી ઓળખતી હશે?' પછી તે વૃદ્ધા માર્જન કરેલી ભૂમિ ઉપર બેઠી અને બોલી—" રાજકુમાર, સાંભળો, વૈતાઢ્ય નામે પર્વત ઉપર

અમારા ગુરૂ મુનિ સિદ્ધગિરીની તીર્થયાત્રા કરવાને ગયે[illegible]
[illegible] પાલિતાણે ત્યાં તે બાલિકા પુષ્પ ચૂંટવાને [illegible]
[illegible] ત્યાં [illegible] એવું કોઈ તેણીને પોતાના [illegible]
[illegible] આપ્યું. તે વખતે કોઈ તરૂણ પુરૂષની [illegible]
તે [illegible] આશ્ચર્ય પામ્યો. બાળા તે અજાણ્યા પુરૂષ[illegible]
[illegible] અને પોતાની પર અન્ય પુરૂષની દ્રષ્ટિ [illegible]
[illegible] થઈ ગયું [illegible]
[illegible] આવી [illegible] અને તેણી[illegible]
[illegible] તેણીના મુખની [illegible]
[illegible] આપણું [illegible]
[illegible] નથી. [illegible]
[illegible]

થે વિવાહ કર્યો. પછી અમો બંને વનમાં ક્રીડા કરવાને ગયાં. ને સુગંધી પુષ્પને ચુંટવા લાગ્યાં. તે વખતે વિલાસવતીના મની પરિક્ષા કરવા મારી પાસે જે મોહન વસ્ત્ર હતું, તેના- આવૃત થઇ હું અદ્રશ્ય થઇ ગયો. જ્યારે તેણીએ મને જોયો નહીં એટલે તેણી મૂર્છા પામીને પૃથ્વી ઉપર પડી ગઇ. તે તાંજ હું ઉદ્વેગ પામી પસ્તાયો અને તે વસ્ત્ર દૂર કરી હું પ્રગ- થયો. મને પ્રત્યક્ષ જોઇ તે મનોહર બાળા પ્રસન્ન થઇ અને ણીએ મને અદ્રશ્ય થવાનું કારણ પુછવાથી મેં તેની આગ- તે ચમત્કારી વસ્ત્રનો પૂર્ણ વૃત્તાંત જણાવ્યો હતો. તે પછી ાપસીની આજ્ઞાથી અમોએ સ્વદેશ તરફ જવાનો વિચાર કર્યો. અને તે સ્થાને વાહાણના ભંગને સૂચવનારો એક ધ્વજદંડ સમુદ્રના તીર ઉપર ઉભો કર્યો. તે વખતે ભાનુદેવ નામના કોઇ ાર્થવાહે કેટલાએક માણસોને મોકલી મને અને વિલાસવતીને પોતાના વાહાણમાં બોલાવી લીધાં, સમુદ્રના માર્ગમાં જતાં ાર્થવાહ ભાનુદેવને વિલાસવતી માટે કુબુદ્ધિ થઇ અને તેથી ાણે મને માર્ગમાં સમુદ્રની અંદર નાંખી દીધો. દૈવયોગે એક ાહાણનું પાટીયું મારા હાથમાં આવ્યું અને તેથી તરતો તર- ા હું પાંચ રાત્રિએ મલયાચલમાં પોહોંચી ગયો. તે વખતે વખુટી પડેલી વિલાસવતીના વિયોગથી મને ભારે શોક થયો. અને તેને માટે હું આત્મઘાત કરવા તૈયાર થયો. પણ પેલા ાપસપતિની ભવિષ્ય વાણી સ્મરણમાં આવવાથી હું આત્મઘા- ત કરવાથી નિવૃત્ત થઇને આશા ધારણ કરીને પ્રાણધારી રહ્યો હતો. પછી સમુદ્રના તીર ઉપર તે બાળાની શોધ કરવા ફરતો

હતો, તેવામાં એક પાટીયાનો ટેકો લઇ તરી આવતી વિલાસવતી મારા જોવામાં આવી. તેણી મને જોઇને રૂદન કરવા લાગી. મેં તેણીને શાંત કરી. પછી તેણીએ મને જણાવ્યું કે, તમે સમુદ્રમાં પડ્યા પછી તે સાર્થવાહ સાથે વાહાણુ ઉન્માર્ગે ચડી ડુબી ગયું અને હું પાટીયું મેળવી અહીં આવી ચડી. પૂર્વના પુણ્યયોગે અહિં મને તમારા દર્શન થયાં. પછી મેં પણ તેણીને મારો વૃત્તાંત જણાવ્યો. વિલાસવતીએ તે પછી મારી પાસે પાણી માગ્યું. હું તેણીને માટે ત્યાં પાસે આવેલા એક સરોવરમાં પાણી ભરવાને ગયો અને તેણીને એક લતાગૃહમાં રાખી અને પલ્લવનો સંથારો કરી તે ઉપર સુવાડી તેણીને મેં પેલું ચમત્કારી વસ્ત્ર આપીને કહ્યું કે, "હું પાણી લઈને આવું, ત્યાં સુધી આ વસ્ત્રથી અદૃશ્ય રહેજે." પછી હું સરોવરમાં પાણી લેવાને ગયો. કમલના પત્રના પડીઆમાં જળ લઈને હું પાછો આવ્યો અને મેં તેણીને ઉદ્દેશીને કહ્યું,' પ્રિયા, હું જળ લાવ્યો છું, માટે હવે દૃશ્ય થા " તેણીની તરફથી કાંઈ પણ પ્રત્યુત્તર મળ્યો નહીં. તત્કાળ હું ગભરાઈ ગયો અને મેં આસપાસ જોવા માંડયું. તેવામાં એક અજગરનો લીસોટો જોયો. તે ઉપરથી મેં જાણ્યું કે, વિલાસવતીને અજગર ગળી ગયો હશે. તે વખતે મને મૂર્છા આવી અને હું પૃથ્વી પર પડી ગયો. ક્ષણવારે મૂર્છા ઉતર્યા પછી મેં વિચાર કર્યો કે," હું પણ તે અજગરને શોધી તેના મુખમાં જાઊં. અને મારી પ્રિયાની સાથેજ મૃત્યુને શરણ થાઊં." આવો વિચાર કરી હું તે અજગરની પાછળ ગયો અને તેને કોપિત કરવાને તેના મસ્તક ઉપર પગ

મુકયો. તે વખતે અજગરે પેટમાં વસ્ત્ર બાહેર કાઢી નાંખ્યું અને તે ચાલતો થયો. પછી હું તે વસ્ત્રનો ફાંસો કરી મરવાને તૈયાર થયો. હું ફાંસો ખાઈ વૃક્ષ સાથે લટકાયો, તેવામાં તે વસ્ત્રનો પાસ તુટી ગયો અને હું મૂર્છા ખાઇ નીચે પડયો. તેજ વખતે કોઇ તાપસ મુનિ ત્યાં આવી ચડયો. અને કમંડળના જળથી મારી ઉપર સિંચન કરવા માંડયું. અને તેમણે પોતાના કોમળ હાથવડે મારા શરીરને પંપાળવા માંડ્યું. તે પછી હું સ્વસ્થ થયો અને તે દયાળુ મુનિને જોઇ હૃદયમાં પ્રસન્ન થયો. મુનિએ મને ધૈર્ય આપી શાંત કર્યો. તે પછી તે દયાળુ મુનિના પૂછવાથી મેં તેમની આગળ મારો તમામ પૂર્વ વૃત્તાંત નિવેદન કર્યો. મારો વૃત્તાંત સાંભળ્યા પછી મુનિએ મને કહ્યું કે, "ભદ્ર, આ ઉપાધિ છોડી દે અને ધર્માચરણ કર." મેં દીનતાથી જણાવ્યું કે," મારી પ્રિયા વિલાસવતી સિવાય હું સાધુ પણું કરવાને સમર્થ થઇ શકીશ નહીં. તેથી તે પ્રિયાને મેળવવાનો ઉપાય મને બતાવો" મુનિએ મારો મોહ જોઇ કહ્યું કે," આ પર્વત ઉપર કામ-મનોરથને આપનારૂં એક વડ છે, ત્યાં જઇ અને તે ઠેકાણે તું પડતું મુક એટલે તારૂં વાંછિત સિદ્ધ થશે."

મુનિના આ વચન સાંભળી હું તે પર્વતના વડ ઉપર ચડયો અને ત્યાંથી મેં પડતું મુક્યું તે વખતે કોઇ વિદ્યાધરે આવી મને પકડી લીધો ઝીલી લીધો પછી એક વૃક્ષ નીચે બેસાડી મને ...ની રીતે આશ્વાસન આપી કહ્યું કે, "હે ભદ્ર, તું શા માટે મરવા તૈયાર થયો હતો? ... ..."

આવ્યો. મુનિવરની મનોહર અને શીલધારી મૂર્તિ તે પુરૂષના જોવામાં આવી. તત્કાળ તેનું હૃદય આકર્ષાયું તેમને જોતાં તે પુરૂષના હૃદયમાં વૈરાગ્ય ભાવના જાગ્રત થઇ આવી. તેણે વિચાર્યું—" અહા ! આ મહાત્માના જીવનને ધન્ય છે કે જેણે ગૃહવાસનો ત્યાગ કરી આવા સંયમને ગ્રહણ કરેલો છે. અહા ! આ સંસારમાં માતા, પિતા, સ્ત્રી, દ્રવ્ય, પુત્રો, અને સ્વજનો સર્વ ઇંદ્રજાળના જેવું છે, તે છતાં રાગી મનુષ્ય તેને છોડી શકતો નથી. એને છોડનારા આ મહાત્માને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. " આ પ્રમાણે ચિંતવી તે પુરૂષે તે શિષ્ય સહિત મહાત્માને વંદના કરી. ગુરૂએ ધર્મલાભની આશીષ આપી. ગુરૂની આશીષ લઇ તે પવિત્ર પુરૂષ તેમની સામે વિનયથી બેઠો. આ વખતે બીજા કેટલાએક પુરૂષો તે સ્થળે આવી ચડ્યા હતા, તેઓ પણ તે પુરૂષને ઓળખી તેની સાથે ગુરૂની સમીપ બેઠા.

વાચનાર, આ પ્રસંગ ઉપર અનેક તર્કવિતર્ક કરતા હશે. તેમના તર્ક--વિતર્ક શમાવવાને માટે સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે.

દેવપુરના [illegible] શેઠના [illegible] જુદો પડી આપણી વાર્તાનો નાયક જે [illegible] વનમાં આવ્યો હતો, તેને આવેલો જોઈ તેના સંબંધીઓ અતિ આનંદ [illegible] હતા. તેને સાથે કરી [illegible] નગરમાં પ્રવેશ કર્યો હતો. [illegible] [illegible] [illegible] લીધે. [illegible] [illegible] અને તેની માતા [illegible] હૃદયમાં [illegible]

પ્રતાપી પુત્રના અવલોકનથી જે આનંદ થયો હતો, તે અપૂર્વ
હતો. ધરણ કુશળક્ષેમ આવ્યો, એથી તેના માતપિતાએ સર્વ
ચૈત્યોમાં પૂજા ભણાવી અને યાચકોને અગણિત દાન આપ્યાં
હતાં. માકંદીના રાજા કાલમેઘે પણ ધરણને પોતાના દરબારમાં
બોલાવી સારો સત્કાર કર્યો હતો. તે શિવાય બીજા નગરનાં
પ્રતિષ્ઠિત જનોએ ધરણને પોતપોતાને ઘેર બોલાવી ભોજનપાન
આપ્યાં હતાં. એક વખતે દયાળુ માતાપિતાએ ધરણને તેની
પત્ની લક્ષ્મીના ખબર પૂછ્યા, ત્યારે ધરણે પોતાનું સુખ
ઉતારી તેના ખબર પૂછવાને માતાપિતાને વાર્યા હતા. ને તે
દુશ્ચારિણી સ્ત્રીનું નામ લેવાની પણ ના કહી હતી. એક વખતે
રાજા કાલમેઘ ધરણને ઘેર આવ્યો અને તેણે ધરણને કેટલીએક
જહાગીર આપવા ઇચ્છા દર્શાવી. ત્યારે પવિત્ર ધરણે રાજાને
વિનંતિ કરી કે, " મહારાજ, આપનું કહેવું મારે માન્ય છે,
પણ જહાગીરના કરતાં મને વધારે આનંદ થાય, તેવી એક
વસ્તુની મારે માગણી કરવાની છે; તે એ છે કે, આપના રા-
જ્યમાં જે પુરૂષો બંધનમાં પડ્યા છે, તેઓને છોડી દો અને
તેમને અભય આપો. તે શિવાય જેઓ દુઃખી હોય તેમના
દુઃખનો નાશ કરો " ધરણની આવી ઉદાર ઇચ્છા જોઈ રાજા
પણ ખુશી થઈ ગયો અને તત્કાલ તેણે તે કરવાને મંત્રી
ઓને બોલાવી આજ્ઞા કરી ધરણની આ પ્રવૃત્તિ સાંભળી માકં-
દી નગરીની સર્વ પ્રજા તેની ભારે પ્રશંસા કરવા લાગી
જે પુરૂષ આજે ઉત્તમ આવ્યો છે, તે ધરણ છે. ચિર.

સંગતમાં, ગમે તેવા સંયોગોમાં અને ગમે તેવા વિકારી સ્થાનોમાં જોડાય તોપણ તેના હૃદયમાં કોઇ પણ જાતનો ફેરફાર થતો નથી. તે યાવજ્જીવિત દૃઢતાનો પર્વત થઇ રહે છે. તેનું જીવન પવિત્રતામાંજ પ્રસાર થાય છે. એવા મહાત્માને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. સમરાદિત્ય પણ તેવોજ મહાત્મા હતો. તેના પૂર્વ સંસ્કારો એટલા બધા પ્રબળ હતા કે તેને કોઈ પણ ફેરવી શક્યું નહીં. સ્પર્શ મણિને અટકવાથી જેમ લોહ સુવર્ણ થઇ જાય છે, તેમ અનેક મલિન અને વિકારી આત્માઓ તેના સહવાસથી-બોધથી ધર્મતત્પર બની ગયા છે. એ મહાત્માને સહસ્રવાર ધન્યવાદ ઘટે છે.



પ્રકરણ ૩ જું.



વિવાહ સંબંધ.

રાજા પુરૂષસિંહ પોતાના રાજમહેલમાં બેઠો હતો. પોતાના રાજકુમાર સમરાદિત્યને માટે અનેક સંકલ્પ–વિકલ્પ કરતો હતો. રાજકુમારનું હૃદય આ સંસારમાં કેવી રીતે આસક્ત થાય, તેના નવનવા ઉપાયો ચિંતવતો હતો. તે વિચારે મહા ચિંતાએ તેના હૃદયને આકુળ વ્યાકુળ બનાવી દીધું હતું. [illegible] આ પ્રમાણે ચિંતવવા લાગ્યો. "મારા કુમાર સમરાદિત્યને માટે હું જે જે ઉપાયો કરૂં છું, [illegible]

સર્વ રીતે નિષ્ફળ થાઉં છું, તેથી એકાંતમાં ઘણા ખેદ તરૂણોને લખ્યા, તોપણ તેના હૃદય ઉપર કાંઈપણ અસર થઈ નહીં. ઉલટા તે તરૂણો પણ પ્રતિરોધ કરતી ગયા. તે ચતુર કુમારે ઉશૃંખલ યુવાનોને ફેરવી દીધા. [illegible] કર્યો, તેમાં પણ મારી ધારણા નિષ્ફળ થઈ. મહેલના [illegible] લોકોને પણ તેણે ફેરવી દીધા. પુંડરીકની યોજનામાં તે શાંત રસ પ્રસરાવે છે, હવે મારે શું કરવું? તે તરૂણ વયમાં આવ્યો છે, [illegible] તેથી અ- [illegible] છે, તે ઘરમાં તેની અસર થતી નથી. જો રાજકુમાર આવીજ સ્થિતિમાં રહેશે તો પછી આ [illegible] રાજ્ય નકામી થઈ પડશે. વળી મારે તો એકજ રાજકુમાર છે, બાકી રાજ્યની દેખરેખનો બોજો તે [illegible] રાજ્યસંપત્તિનો અને [illegible] છે. હવે જો રાજકુમાર [illegible] મારા રાજ્યની શી સ્થિતિ થશે?”

આ પ્રમાણે રાજા પુરૂષસિંહ ચિંતા કરતો હતો, તે વખતે દ્વારપાળે આવી ખબર આપ્યા કે, “ [illegible]

તેઓ નમન કરી ઉભા રહ્યા, તેઓમાંથી એક પુરૂષ બોલ્યો "મહારાજા, તમારા સંબંધી અને રાજકુમાર સમરાદિત્યના મામા ખર્જુસેન રાજાએ અમોને આપની પાસે મોકલ્યા છે. આ તેમની બે પુત્રીઓ તે. જેઓના નામ વિભ્રમવતી અને કામલતા છે. આ રાજકન્યાઓ અમારા મહારાજાને પ્રાણુથી પણ વધારે પ્રિય છે. તેઓ રાજકુમાર સમરાદિત્યની સાથે સ્વયંવરપણાથી વિવાહિત કરવા ઈચ્છા રાખે છે." તે મંત્રીઓના આ વચન સાંભળી રાજા પુરૂષસિંહ ખુશી થઈ ગયો. જેને માટે પોતે દીર્ઘ ચિંતામાં પડયો હતો, તેની તે ચિંતા શિથિલ થઈ ગઈ અને પુનઃ તેની આશાલતા પલ્લવિત થઈ ગઈ. રાજાએ તે વાતનો આદરથી સ્વીકાર કર્યો, અને તેમની સમક્ષ પોતાના સાળા ખર્જુસેન રાજાનો આભાર માન્યો. તેજ વખતે એક અનુચરને મોકલી રાજાએ રાજકુમાર સમરાદિત્યને ત્યાં બોલાવ્યો. પિતાની આજ્ઞાને આધીન રહેનારો વિનીત કુમાર સમરાદિત્ય ત્યાં હાજર થયો. રાજાએ પ્રેમ પૂર્વક જણાવ્યું "વત્સ, આ સુંદર કન્યાઓ તારા પ્રેમી મામા ખર્જુસેને મોકલાવેલ છે, તેમને તું અંગીકાર કર. કેમકે મહાન ઉત્સવથી તેઓની સાથે તારો વિવાહ કરવાની હું ઈચ્છા રાખું છું." પિતાની આ વાણી રાજકુમારને રૂચિ નહીં, તેણે તત્કાળ પોતાના મનમાં આ પ્રમાણે વિચાર કર્યો—"અરે હવે શું કરવું? આ મોટી ઉપાધિ આવી પડી. આ સંસારમાં ભોગ સંયોગ તેટલા બધા દુઃખના બીજરૂપ છે. મોહમયી

મહિલાઓના સહવાસમાં રહેવાથી મને [illegible] હું મારી [illegible] પવિત્ર સ્થિતિને [illegible] [illegible] ત્યાં મને [illegible] પિતાની [illegible] [illegible]

[illegible]

ખુલ્લું કરવામાં આવ્યો. જેની અંદર સ્વર્ગીય દેખાવ કરવામાં આવ્યો હતો. મહારાજાનો રાજમહેલ વિવિધ પ્રકારની રોશનીથી રમણીય બનાવવામાં આવ્યો હતો. રસ્તા અને ચેરાગીન તોરણોથી, ખજુરીની પત્રાવળીઓથી, અને પુષ્પાંકિત કમાનો કુમકુમોથી બજાર સુશોભિત બનાવ્યું હતું. વિવિધ પ્રકારના ખરચીત ચિત્રોના તકતાઓ લટકાવવામાં આવ્યાં હતાં. મકાનોની દીવાલોને રંગિત કરી તેની ઉપર અનુરૂપ [illegible] વિજય [illegible] આવી હતી. તે ઉપરાંત નાગરિકોએ પોતાની શક્તિ પ્રમાણે દરેક દુકાનો ઘરોને સુશોભિત બનાવ્યાં હતાં, બજાર, ગલી, [illegible]

[illegible]

વારાંગનાઓનાં નૃત્ય ગીત, સૈભાગ્યવતીઓનાં મંગળ ગીત અને વાજીંત્રોના નાદ સાથે, તે વરઘોડો વધૂગૃહની વેદિકાના મંડપ આંગણ આવ્યો હતો. રાજકુમાર મંગળવેશ ધારણ કરી લૌકિકાચારને માન આપવાને માટેજ વરઘોડામાં ચડ્યો હતો, પણ તેના પવિત્ર હૃદયમાં આ સંસારના સ્વરૂપનુંજ ચિંતવન થતું હતું. તે બધા આડંબરને મિથ્યા માનતો હતો અને સર્વ તરફ ઉપેક્ષાથી વર્તતો હતો. તે મહાનુભાવે ચિંતવ્યું કે, "અહા ! લોકો કેવા મોહને ધારણ કરે છે ? જેને માટે આવો ભારે આડંબર ઉભો કરવામાં આવ્યો છે, તે લગ્નનો ઉત્સવ પરિણામે કેટલોબધો વિરસ છે ? નાટક આદિ દ્રવ્યનો મોટો વ્યય કરી વિષયોની વિષવાટીકામાં વિહાર કરવા જવું છે. જેમાં મરણનુંજ શરણ છે, એવા વિષયવિકારો સેવવાને માટે આટલો બધો આડંબર કરવો એ કેવી મૂર્ખતા કહેવાય ? આ બધો દેખાવ ઉપરથી સારો લાગે છે. પણ પરિણામે તે સર્વ રીતે વિપરીત છે. આ લગ્નની સ્વારી એ પરિણામે સ્મશાનનીજ સ્વારી છે. એટલુંજ નહીં પણ આ સંઘર્ષમાં કામનો વિજય અને પુરૂષનો પરાભવ છે. સંસારરૂપ વિષમ અટવીની જાળમાં પાડવાને માટે આ લોકો મને લઈ જાય છે."

આ પ્રમાણે ચિંતવતો અને વડિલની આજ્ઞાને માન આપવાને ખાતર ચેષ્ટા કરતો સમરાદિત્ય કુમાર વિવાહ મંડપની પાસે આવી પહોંચ્યો, અને રથમાંથી ઉતરી લોક વિધિપૂર્વક માતૃગૃહમાં (માયરામાં) પેઠો, ત્યાં બે સુંદર અલંકૃત કન્યાઓ તેના જોવામાં આવી. તેના વિભ્રમવતી કન્યા ... હતી અને

કામલતા જરા શ્યામ હતી. બંને રમણીઓને જોતાં પણ રાજકુમારને મોહ ઉત્પન્ન થયો નહીં. તેના હૃદયમાં જે વૈરાગ્ય-વાસના પ્રગટભૂત હતી, તે વાસના એવીને એવી જાગ્રત રહી હતી. કૌતુકથી રાજકુમારે તે બાળાઓની સામે અવલોક્યું, તેમની મનોહર આકૃતિ તેણે શાંતતાથી અવલોકી, તે જોતાંજ તેના હૃદયમાં પ્રસન્નતા પ્રગટ થઇ આવી. તેમની કલ્યાણમય આકૃતિ, નિર્દોષ અંગ, સંપૂર્ણ અવયવોની શ્રેણી, નિષ્કલંક લાવણ્ય, નિર્મળ આપભોગ, શ્રેષ્ઠ લક્ષણો, શાંત રસના આશ્રય રૂપ શરીર અને લલાટપર ચળકતું તેજ, એ સર્વ જોઇ તેના હૃદયમાં નિશ્ચય થયો, કે "આ બાળાઓના આત્મા ભવ્ય છે. ભવિષ્યમાં આ રમણીઓ ધર્મ અને વિનયને પાત્ર રૂપ થશે, એટલુંજ નહીં, પણ મને મારી ધારણા સફળ કરવામાં સહાયભૂત થશે." આવું ચિંતવન કરી તેણે આનંદ પૂર્વક તેમનું પાણિ-ગ્રહણ કર્યું હતું. રાજકુમાર વિવાહવિધિ સમાપ્ત કરી એ ઉભય રમણીઓને લઇ વાસગૃહમાં આવ્યો હતો. આ પ્રસંગે મહારાજા પુરૂષસિંહે જે ઉત્સાહ દર્શાવ્યો હતો, તે અપૂર્વ હતો. તેણે ઉત્તમ ઉદારતાથી યાચકોને અયાચિત દાન આપ્યાં અને કારાગૃહમાં પડેલા અનેક અપરાધીઓને મુક્ત કર્યા હતા. પ્રત્યેક જૈન ચૈત્યોમાં મહા પૂજાઓ કરાવવામાં આવી હતી. રાજકુમાર કમલાદિત્ય [illegible] સહિત ઉભય વધુ સાથે માતા પિતાના ચરણમાં નમી પડ્યો. પુત્રને માતા પિતાએ ઉમંગથી આશીષ આપી હતી. અને તે રાતને ઉજ્જયિનીપતિએ [illegible] કર્યો હતો.

પ્રકરણ ૪ થું.

પવિત્ર ગોષ્ટી.

એક મનોહર ભૂવન શણગારવામાં આવ્યું હતું. વિવિધ જાતની સુશોભીત સામગ્રી સદનની આસપાસ ગોઠવવામાં આવી હતી. રત્નજડિત પલંગો વેત્રાસનો અને ઝુલાઓથી ભૂવનની ભૂમિ ભભકાદાર લાગતી હતી. રત્નમય દીવાઓની રચના અત્યંત મનોરંજક બની હતી. દીપક શ્રેણીની પ્રભાથી દીવાલો ઉપર આવેલી ચિત્રવલ્લીઓ વિશેષ પ્રકાશતી હતી અને પંચવર્ણી રંગની શોભાને વિસ્તારતી હતી. આ વાસભૂવનની અંદર નવવધૂ વિભ્રમવતી અને કામલતા પોતાની કેટલીએક ખાસ સખીઓની સાથે રહી હતી. બંને બાળાઓ પોતાના નવલ પ્રિયને મળવાને ઉત્સુક થઈ રહી હતી.

આ વખતે રાજકુમાર સમરાદિત્ય, અશોક વિગેરે મિત્રોની સાથે તે વાસભૂવનમાં આવ્યો. નવવધૂઓની સાથે ધાર્મિક ગોષ્ટી કરવાને તે ઉત્સાહિત બન્યો હતો. વિષય ગોષ્ટી તેના પવિત્ર હૃદયથી અત્યંત દૂર હતી. શૃંગારની અને વિકારોની વાતોને તેના નિર્મળ હૃદયમાં સ્થાન મળ્યું ન હતું. વૈરાગ્ય અને શાંત રસના પ્રવાહો તેની રગેરગમાં પ્રસરી રહ્યા હતા. આત્મિકભાવના-ના પ્રકાશથી તે સર્વ રીતે પ્રકાશિત હતો. પ્રબોધ અને વિબોધની છાયાથી તે છવાઈ રહ્યો હતો. તેના મિત્રો પણ તેના ભાવની છાયાનો આશ્રય કરી રહ્યા હતા.

સમયોચિત મિત્રો સાથે [illegible] [illegible] [illegible] મેઢે [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મંડિત કરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] બાંધ્યું. પછી [illegible] [illegible] પુત્રોની [illegible] [illegible] [illegible] પુત્રોની માફક તેને [illegible] [illegible] [illegible] [illegible] છે, " મહારાજ, આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, તેને માટે હું [illegible] [illegible] છું. [illegible] [illegible] [illegible] [illegible] શા માટે [illegible] છે ? [illegible] [illegible] [illegible] [illegible] છે. "

રાણીઓના મુખથી આ વૃત્તાંત સાંભળી હૃદયમાં ખુશી થયેલા રાજકુમારે હૃદયમાં વિચાર કર્યો. "એ રાજબાળાઓનો મારી તરફ પ્રેમ ગમે તે ભાવનાથી હોય; પરંતુ મારે તેમના પ્રેમનો ઉપયોગ વિરક્ત ભાવમાં કરવો અને તેમને કલેશને નાશ કરનારી ધર્મદેશના આપી પૂર્ણ ધર્માનુરાગિણી બનાવવી." આ પ્રમાણે ચિંતવી રાજકુમારે પોતાની પ્રિયાઓને ઉદ્દેશીને કહ્યું, "ભદ્રે, તમારો મારી ઉપર પૂર્ણ અનુરાગ છે?" લજ્જા અને મુગ્ધ ભાવથી આક્રાંત થયેલી બંને બાળાઓ કાંઈ પણ બોલી શકી નહીં. તેઓ પગના અંગુઠાથી જમીનને ખોતરવા લાગી, અને નમ્ર મુખ કરી મૌન ભાવે ઉભી રહી. આ વખતે કામલતા બોલી—"રાજકુમાર, એ સુંદરીઓને શામાટે શરમાવો છો? આપ પોતેજ સ્વબુદ્ધિથી ધારી લ્યો." રાજકુમારે કહ્યું, "કદિ તેમનો મારી ઉપર અનુરાગ હશે, તો તે કેવો અનુરાગ છે? જો ખરો અનુરાગ હોય તો તેઓ મારા અહિતમાં શા માટે પ્રવર્ત્તવાની ઈચ્છા રાખે છે?" માનિની બોલી "રાજકુમાર, આપના કેવા અહિતમાં તેઓ પ્રવર્ત્તે છે? અને શું અહિત છે? તે મારા સમજવામાં આવતું નથી." રાજકુમારે જણાવ્યું, "તે વિષે એક કથા છે, તે સાંભળો, એટલે તે વાત તમારા સમજવામાં આવશે."

પછી મહાશય સમરાદિત્યે નીચે પ્રમાણે કથાનો આરંભ કર્યો.

કામરૂપ દેશમાં મદનાઢ્ય નામે એક નગર છે. તેમાં પ્રદ્યુમ્ન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રતિ નામે પ્રિયા

હતી. તે બંને દંપતિ વિષય સુખથી કાળ નિર્ગમન કરતાં હતાં. એક વખતે રાજા પ્રદ્યુમ્ન અશ્વક્રીડા કરવાને બાહેર ફરવા ગયો હતો. રાજમહેલમાં રતિરાણી એકલી રહી હતી. એક સમયે રતિ મહેલના ગોખ ઉપર બેઠી હતી, ત્યાં સુભંકર નામનો એક સાર્થવાહનો પુત્ર તે માર્ગે પસાર થઇ જતો હતો. રતિ અને શુભંકરની દૃષ્ટિઓ પરસ્પર મળી. બંનેની દૃષ્ટિમાં અભિલાષ ઉત્પન્ન થયો. રતિના હૃદય ઉપર દુષ્ટ કામદેવ આરૂઢ થઈ ગયો. તત્કાલ તેણીએ જાલિની નામની પોતાની દાસીને બોલાવી આ પ્રમાણે કહ્યું, " સખી, આ રસિક યુવાનને બોલાવ અને મારી મનોવૃત્તિને આનંદિત કર. " ચતુર જાલિની રાણીની આજ્ઞાથી તે તરૂણ પાસે આવી અને તેને સમજાવી રાજમહેલમાં લાવી. શુભંકરને રાણીએ સન્માનથી પલંગ ઉપર બેસાર્યો અને પ્રેમથી તાંબૂલ આપ્યું. જેવામાં શુભંકરે તાંબૂલ ગ્રહણ કીધું, તેવામાં અકસ્માત ઘોડાનો કોલાહલ સાંભળવામાં આવ્યો. તે ઉપરથી રાજા અશ્વક્રીડા કરીને આવ્યો, એ વાત [illegible]

ગયો, ગંદકી અને અંધકારથી વ્યાપ્ત એવા ખાળકુવામાં તે મુંઝાવા લાગ્યો. અનેક જાતના ગંદકીના કીડાઓએ તેને ઘેરી લીધો, તેની દૃષ્ટિ સંકુચિત થઇ ગઇ, શરીર અકડાઇ ગયું અને અનેક જાતની વેદનાઓ થવા લાગી.

વાંચનાર, આ બનાવનું મનન કરજો. વિષયવૃક્ષના ફળ કેવા કટુ છે ? તેનો વિચાર કરજો. દુરાચારને સેવનારા પાપીઓની કેવી ગતિ થાય છે ? રાજા કે જે રાજ્યનો દેવ કહેવાય છે. તેની રાણી દેવી અને સર્વ પ્રજાની માતા છે. તેની સાથે વિકારી બુદ્ધિએ વર્તનારા કામીઓને કષ્ટ થાય તેમાં શું આશ્ચર્ય ! વિષયની વિષલતા કામીઓને પ્રાણહર કષ્ટ આપે છે. સમૃદ્ધિવાન સાર્થવાહનો પુત્ર કે જે વિવિધ વૈભવનો વિલાસી અને સુખભોક્તા છે, તે અત્યારે ગંદકીના મહાકૂપમાં પડયો છે. દુષ્ટ વાસનાનું ફળ એવુંજ મળે છે.

રાજા રતિરાણીને મળી પાછો સભા મંડપમાં આવ્યો. તે પછી રાણીએ જાલિનીને પૂછ્યું, " સખી, તે બીચારાની શી ખબર છે ? " જાલિનીએ ઉત્તર આપ્યો, " મને લાગે છે કે, તે મુંજાઇને મરી ગયો હશે," રતિરાણીના હૃદયમાં જરા શોક થઇ આવ્યો. પણ પાછળથી સમૃત્તિ જતાં તેણીના હૃદયમાંથી પણ તે દૂર થઇ ગયો હતો.

આ તરફ શુભંકર વિષ્ટાગૃહમાં પડી અતિ વેદના ભોગવવા લાગ્યો. તેની અંદર જે અશુચિ રસ આવતો હતો તેને તે ખાઇ પોતાના પ્રાણની રક્ષા કરવા લાગ્યો, કેટલાએક દિવસ ગયા પછી, રાજાના ચંડાળ સેવકોએ એ ખાળ કુવો સુધાર્યો

ઓટલે તેણે નીકળવાના માર્ગની કે બાહેર નીકળી [illegible]
જ્યારે તેની ચંદ્રિકા [illegible] હતી, માટે [illegible]
[illegible] થઈ ગયા હતા. તે [illegible] લાગ્યું [illegible]
આવ્યો, [illegible] જોઈ, તેના [illegible]
અને [illegible]. પરંતુ તો તેવામાં ' [illegible]
[illegible] ' [illegible] ' [illegible]
[illegible] હું [illegible] ' એમ કહી [illegible]
[illegible] પૂછ્યું, " [illegible], તું [illegible] હતી [illegible]
[illegible] ? " [illegible]
[illegible]


[illegible]

તેનો ઉત્તર આપો." માનિનીએ કહ્યું, રાજકુમાર "એ રતિ રાણીનો તેની પર સ્નેહ ખરો, પણ ખરો સ્નેહ નહીં, તે બુદ્ધિ વગરની રાણી વસ્તુ અને પોતાના ભાવને જોઇ શકી નહીં. તે સાથે પોતાની પરતંત્રતાનો અને તેના પરિણામનો વિચાર તેણીએ કર્યો નહીં." રાજકુમાર સમરાદિત્યે કહ્યું, "બાદે, તેવીજ રીતે આ તમારી બંને સખીઓનો અનુરાગ મારી ઉપર નથી. આ બંને પણ બુદ્ધિ રહિત છે, તેનો વિચાર કરો. સ્વભાવથી નઠારા અને ઈર્ષ્યા તથા ખેદ વગેરેના કારણરૂપ એવા ભોગોને આ બંને બાળાઓ ઇચ્છે છે. અને ખરી વસ્તુને જોઇ શકતી નથી. જે આ મનુષ્યપણું કે જે દુર્લભ અને મોક્ષનું કારણ રૂપ છે તેને ધર્મની અંદર જોડતી નથી. તે ઉપરથી તેઓ બંને પોતાના ભાવને જાણતી નથી. આ પોતાનો આત્મા અતિક્રૂર એવા મૃત્યુની પાસે રહ્યો છે. તેના કબજામાં છે, તેને તેઓ જોઇ શકતી નથી, તે ઉપરથી તેઓ પણ રતિરાણીની જેમ પોતાની પરતંત્રતાને જોઇ શકતી નથી. વળી આ ભોગરૂપી વિષ કે જે જીવને મૂર્છા પમાડનાર અને દુર્ગતિને આપનાર છે, તેમાં મને જોડાવે છે, તેના પરિણામનો વિચાર તેઓ કરતી નથી. માનિની, તમે વિચાર કરો, તે ઉપરથી સાબીત થાય છે કે તેઓ મને અહિતમાં જોડે છે, તો તેમનો મારીપર અનુ... શી રીતે કહેવાય?"

રાજકુમાર સમરાદિત્યના આ વચન સાંભળી [illegible] પુત્રીઓના હૃદયમાં સંવેગ ઉત્પન્ન થઇ [illegible] બંને

સુંદરીઓ ગુરૂની જેમ રાજકુમારના ચરણમાં પડી અને લજ્જા દૂર કરી આ પ્રમાણે બોલી—" આર્યપુત્ર, આ સંસારથી જાણે ભય પામ્યો હોય તેમ અમારે કામરાગ નાશી ગયો છે. હવે જે અમારા અનુરાગને યોગ્ય કર્ત્તવ્ય હોય, તેનો અમને ઉપદેશ કરો. " રાજકુમારે તેમને સાબાશી આપીને કહ્યું, " ભદ્રે, આ વિષયો મોહ અને કલેશના કારણ છે, માટે તેમનો યાવજ્જીવિત ત્યાગ કરો. શમને આદર આપો, ધર્મનો વિચાર કરો અને તેમાં ઉદ્યમ આચરો. " રાજબાળાઓ વિનયથી બોલી— " આજથી અમો યાવજ્જીવિત વિષયનો ત્યાગ કરીએ છીએ. અને કામભોગને દૂર કરીએ છીએ. " રમણીઓની આવી મહાન પ્રતિજ્ઞા સાંભળી રાજકુમાર ખુશી થયો અને તેણે પોતાના મનમાં ચિંતવ્યું કે, ' આ બાળાઓને ધન્ય છે. તેમની ધીરજને, અલ્પકર્મપણને, શમને અને તત્ત્વવેદિતાને પૂર્ણ અભિનંદન ઘટે છે. " આ પ્રમાણે ચિંતવી રાજકુમારે ઉંચે સ્વરે કહ્યું. " ભદ્રે, તમોને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. હું પણ તમારી સહાયથી યાવજ્જીવિત વિષયોનો ત્યાગ કરી બ્રહ્મચર્ય ધારણ કરૂં છું. " આ સમયે અશોકાદિ મિત્રોએ ગર્જનાથી જણાવ્યું, "રાજકુમાર, તમોને અને આ રાજબાળાઓને પૂર્ણ અભિનંદન ઘટે છે. પરમાત્મા, અમોને પણ તમારૂં અનુકરણ કરાવે. " અશોક વગેરે મિત્રોના મુખમાંથી આ વાણી પ્રગટ થતાંજ આકાશમાંથી દેવતાઓએ તેમની ઉપર જયધ્વનિ સાથે પુષ્પવૃષ્ટિ કરી. આજ સમયે મહાનુભાવ સમરાદિત્યને અવધિજ્ઞાન

[illegible]



રાજકુમાર ' તમોને અને આ રાજ્ય[illegible]ને પૂર્ણ અભિનંદન [illegible], પરમ [illegible]
નમારું અનુકરણ કરાવે.

સુંદરીઓ ગુરૂની જેમ રાજકુમારના ચરણમાં પડી અને લજ્જા દુર કરી આ પ્રમાણે બોલી—" આર્યપુત્ર, આ સંસારથી જાણે ભય પામ્યો હોય તેમ અમારે કામરાગ નાશી ગયો છે. હવે જે અમારા અનુરાગને યોગ્ય કર્ત્તવ્ય હોય, તેનો અમને ઉપદેશ કરો." રાજકુમારે તેમને સાબાશી આપીને કહ્યું, " ભદ્રે, આ વિષયો મોહ અને ક્લેશના કારણ છે, માટે તેમનો યાવજ્જીવિત ત્યાગ કરો. શમને આદર આપો, ધર્મનો વિચાર કરો અને તેમાં ઉદ્યમ આચરો." રાજબાળાઓ વિનયથી બોલી— " આજથી અમો યાવજ્જીવિત વિષયનો ત્યાગ કરીએ છીએ, અને કામભોગને દુર કરીએ છીએ." રમણીઓની આવી મહાન પ્રતિજ્ઞા સાંભળી રાજકુમાર ખુશી થયો અને તેણે પોતાના મનમાં ચિંતવ્યું કે, ' આ બાળાઓને ધન્ય છે. તેમની ધીરજને, અલ્પ કર્મપણને, શમને અને તત્ત્વવેદિતાને પૂર્ણ અભિનંદન ઘટે છે.' આ પ્રમાણે ચિંતવી રાજકુમારે ઉંચે સ્વરે કહ્યું. " ભદ્રે, તમોને પૂર્ણ ધન્યવાદ ઘટે છે. હું પણ તમારી સહાયથી યાવજ્જીવિત વિષયોનો ત્યાગ કરી બ્રહ્મચર્ય ધારણ કરું છું." આ સમયે અશોકાદિ મિત્રોએ ગર્જનાથી જણાવ્યું, "રાજકુમાર, તમોને અને આ રાજબાળાઓને પૂર્ણ અભિનંદન ઘટે છે. પરમાત્મા, અમોને પણ તમારૂં અનુકરણ કરાવે." અશોક વગેરે મિત્રોના મુખમાંથી આ વાણી પ્રગટ થતાંજ આકાશમાંથી દેવતાઓએ તેમની ઉપર જયધ્વનિ સાથે પુષ્પ વૃષ્ટિ કરી. આજ સમયે મહાનુભાવ સમરાદિત્યને અવધિજ્ઞાન

"રાજકુમાર ! તમોને અને આ રાજબાળાઓને પૂર્ણ અભિનંદન [illegible] પ્રેમ [illegible]
તમારું અનુકરણ કરાવે.

Krishna P. Press, Bombay 2.

થઈ આવ્યું, તે જ્ઞાનના પ્રભાવથી તેણે પોતાના પૂર્વભવો અવલોકયા. તે અવલોકવાથી તેનામાં સંવેગનો વેગ વૃદ્ધિ પામ્યો. અને હૃદયમાં ભવ્ય પરિણામનો પ્રકાશ થઇ ગયો.

વાંચનાર, આ પ્રસંગ ઉપરથી તમોને ખાત્રી થશે કે, પૂર્વ પુણ્યનું ખળ કેવું ચમત્કારી છે? વિષયના વિકારોથી ભરપૂર એવી વયને ધારણ કરનારી અને પતિના પ્રથમ સમાગમનો આનંદ લેવાને ઉત્સુક બનેલી યુવતિઓના હૃદયમાં પ્રતિબોધ પ્રાપ્ત થાય અને તૃણવત્ વિષયોનો ત્યાગ કરી તે બ્રહ્મચારિણી બને, એ અદ્ભુત પુણ્યનોજ પ્રભાવ છે. સમરાદિત્યની વાણીમાંજ એ ચમત્કાર રહેલો છે. જે સાંભળવાથી ગમે તેવો કઠોર આત્મા પણ આર્દ્ર બની જાય છે. એ પવિત્ર વાણીને માટે જેટલું કહીએ તેટલું થોડું છે. અશોક વગેરે તેના છકેલા મિત્રો પણ એ વાણીના શ્રવણથી આર્દ્ર બની ગયા હતા; તો પછી બીજાની શી વાત કરવી? એ પવિત્ર આત્મા સમરાદિત્યને પૂર્ણ ધન્યવાદ ઘટે છે.

—•—

પ્રકરણ ૫ મું.

ગુરૂજનને ઉપદેશ.

રાજમહેલના એક ભાગમાં રાજા પુરૂષસિંહ ચિંતાતુર બની બેઠો હતો. તેના હૃદયમાં અનેક સંકલ્પવિકલ્પો થતા હતા. આ વખતે મહારાણી સુંદરી આવી સ્વામી સમીપ અંજલિ

જોડી ઉભી રહી. પતિને ચિંતાતુર જોઇ તે પતિવ્રતાના હૃદયમાં ક્ષોભ થઇ આવ્યો. ચિંતાના સત્ય કારણુ જાણુવાને માટે તે અધીરી થઇ ગઇ. તેણીએ વિનીત વાણીથી રાજાને કહ્યું, પ્રાણેશ્વર શી ચિંતામાં પડ્યા છો ? સર્વમાં સુખદુઃખની ભાગીયણુ ગણેલી આ દાસીને શામાટે છેતરો છો ? આ આધીન અબળાને તમારી ચિંતાની ભાગીયણુ શામાટે બનાવતા નથી ? હું તમારા કેવળ સુખની ભાગીયણુ નથી, પરંતુ હું દુઃખની પણુ ભાગીયણુ છું. મારા સૌભાગ્યના ચંદ્ર, શી ચિંતા કરોછો ? કૃપા કરી મને જણાવો."

રાણી સુંદરીનાં આવા વચન સાંભળી પુરૂષસિંહ ગંભીર સ્વરથી બોલ્યો—"મહારાણી, મારી ચિંતા ગુપ્ત રહી શકે તેમ નથી. એ ચિંતાનો તમારો અર્ધ ભાગ મારાથી રોકી શકાય તેમ નથી. મારે બળાત્કારે તમને આપવોજ પડશે. મધુરભાષિણી, આજે હમણાં મારા સાંભળવામાં આવ્યું કે, આપણા રાજકુમાર સમરાદિત્યે પોતાની બંને પત્નિઓની સાથે યાવજ્જીવિત બ્રહ્મચર્યવ્રત ધારણુ કર્યું છે. આ ખબર જાણુવામાં આવતાંજ મારા મગજ પર ચિંતાએ છાપ મારી છે. આપણા બંનેનો અને આ રાજ્યનો આધાર તુટી પડયો છે. ભવિષ્યને માટે આ રાજ્ય શરણુ રહિત થઇ ગયું છે. હવે શું કરવું ? તેને માટે હૃદયમાં ચિંતાની મહાજ્વાલા પ્રગટ થઇ છે અને તે મારા અંતરને દગ્ધ કરે છે." રાણીએ સચિંતવદને કહ્યું, "પ્રાણેશ, કદિ સમરાદિત્ય બાલ્યવયથી વિરક્ત ભાવમાં છે, તો તે બ્રહ્મચર્યવ્રતને

ધારણ કરી શકે, પરંતુ યુવાનવધુઓએ એ દુર્ધર મહાવ્રત શી રીતે ધારણ કર્યું હશે ? મારા હૃદયમાં એ મોટી શંકા પ્રાપ્ત થાય છે. "

મહારાજાએ ખિન્ન થઈને જણાવ્યું, " પ્રિયા, રાજકુમારે તે બાળાઓને પણ વિરક્ત બનાવી દીધી. અને તેમના હૃદયને વૈરાગ્યથી રંગિત કરી, બ્રહ્મચર્યવ્રતને ધારણ કરાવ્યું. " રાણીએ ખેદ પામી જણાવ્યું, " પ્રાણપતિ તે વાત સંભવે છે, રાજકુમારની વાણીમાં એવો કોઈ ગુણ રહેલો છે કે, જેથી તે ગમે તેવા દુર્ગુણીને પણ સદ્ગુણી બનાવી દે છે. હવે આપને વિનંતિ કરવાની કે, કોઈ પણ ઉપાયે રાજકુમારને સમજાવો અને હૃદય ઉપર સંસારની વાસનાને સજ્જડ કરો. "

રાણીની આવી વિનંતિ ઉપરથી રાજાએ દ્વારપાળને બોલાવીને કહ્યું, ' જા, રાજકુમારને તેડી સત્વર અહિં આવ ' રાજા આ પ્રમાણે આજ્ઞા કરતો હતો, તેવામાં એક દેવતાની મૂર્તિ તે સ્થળે પ્રગટ થઈ આવી. તેના હાથમાં ખડ્ગ હતું. સર્વ અંગ ઉપર દિવ્ય આભૂષણો ધારણ કર્યા હતા. પોતાના તેજના પુંજથી દીવાઓને નિસ્તેજ કરી દીધા હતાં. દેવતાની આ સુંદર મૂર્તિ જોઈ રાજા અને રાણીએ પ્રણામ કર્યા. દેવતાએ પ્રસન્ન થઈને કહ્યું કે રાજદંપતી, તમે શામાટે ખેદ ધારણ કરોછો ? તમારા રાજકુમાર સમરાદિત્યે જે કરેલું છે, તે યોગ્ય છે. તે મહાનુભાવે વિષ છોડીને અમૃત લીધું છે. નપુંસકતાનો ત્યાગ કરી પૌરુષ ગ્રહણ કર્યું છે. ક્ષુદ્રતાને પરહરી ઉદારતા અંગીકાર કરી છે અને

સંસારને છોડી મોક્ષ સુખની ઇચ્છા કરી છે. એ તમારા સુબોધક પુત્રથી તમો બંનેને પણ ધન્યવાદ ઘટેછે, માટે ખેદનો ત્યાગ કરી શુભ કાર્ય આચરો."

રાજાએ પૂછયું, "ભગવતી, તમે કોણ છો ? અને આ સમયે આવું પવિત્ર દર્શન આપવાનું શું કારણ છે ?" દેવીએ સહર્ષવદને જણાવ્યું, "રાજન્, હું સુદર્શના નામે દેવી છું. હું ખડ્ગના આયુધને ધારણ કરનારી છું. તમારા કુમાર સમરાદિત્યના ગુણના રાગથી હું આ ભુવનમાં રહું છું." દેવીએ જ્યારે પોતાના પુત્રના ગુણોની આ પ્રમાણે પ્રશંસા કરી, એટલે રાજા ઘણોજ ખુશી થઇ ગયો. તે સમયે દેવીએ વિશેષમાં જણાવ્યું કે, "રાજેંદ્ર તમારા પુત્ર સમરાદિત્યનો કોઇ એવો પ્રભાવ છે કે, જેથી દેવતાઓ પણ તેને હર્ષથી નિમંત્રે છે. હવેથી તમે એ કુમારના વચનને અને આચરણને માન આપજો." આ પ્રમાણે કહી તે દેવી અંતર્ધાન થઇ ગઇ. રાજા પુરુષસિંહ અને સુંદરી રાણી બંને હૃદયમાં હર્ષ પામી પોતાના પુત્રના પ્રભાવની પરસ્પર પ્રશંસા કરવા લાગ્યાં. તેવામાં રાજકુમાર સમરાદિત્ય તેમની પાસે આવ્યો. તેણે માતા પિતાને વંદના કરી કહ્યું, "પૂજ્ય વડિલ, શી આજ્ઞા છે? કૃપા કરી જણાવો." માતા હર્ષ ઘેલી થઇને બોલી "વત્સ, તું મહાન ગુણને ધારણ કરનાર છે, તને આજ્ઞા કરવી તે યોગ્ય નથી, કારણ કે, તારો પ્રભાવ દેવતાઓને પણ વિદિત છે" આ પ્રમાણે કહી માતાએ દેવી સંબંધી જે વૃત્તાંત બન્યો હતો તે કુમારને કહી સંભળાવ્યો. વિનયપૂર્વક રાજકુમાર બોલ્યો "માતા, આ શું [illegible]

પુત્ર ગમે તેવો પ્રભાવીક થાય, ગમે તેવો સમર્થ થાય તો પણ તે માત પિતાનો સેવક છે. માતા પિતાની આજ્ઞા ઉઠાવવાને, તેમની પવિત્ર સેવા કરવાને પુત્ર યાવજ્જીવિત બંધાએલો છે. પૂજ્ય માતા પિતાની આગળ સંતાનોની મહત્તા હોયજ નહીં. ”

પુત્રના આવા વિનીત વચનો સાંભળી માતાપિતા હૃદયમાં સંતુષ્ટ થયાં. તે વખતે રાજાએ હર્ષના આવેશથી જણાવ્યું, “ વત્સ, તારો વિનય જોઇ અમને ઘણોજ સંતોષ થાય છે, પણ અમારે કહેવું જોઇએ કે, તેં યાવજ્જીવિત બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું, તે કામ અતિ દુષ્કર છે. કોઈ પણ યુવાન રાજકુમાર તારા જેવું કાર્ય કરી શકશે નહીં. કદી ભારતવર્ષ ઉપર તેવો કોઇ રાજકુમાર થયો હશે, પણ આ ઉજ્જયિની નગરીના રાજવંશમાં તો તું એકજ થયો છે.” પિતાના આવા પ્રસંશાના વચનો સાંભળી સમરાદિત્ય શરમાઇને બોલ્યો—“ પૂજ્ય પિતા, આપના મુખથી આવી પ્રસંશા સાંભળી મને લજ્જા થાય છે. ઘણા આત્માઓ મારાથી પણ વધારે કરી શકયા છે. અનેક રાજાઓએ તૃણવત્ રાજ્યને છોડી મહાવ્રત ગ્રહણ કરેલાં છે, તેમની આગળ હું શું ગીણાતમાં છુ ? તે વિષે એક સુબોધક પ્રસંગ મારા સાંભળવામાં આવ્યો છે, તે કૃપા કરી સાંભળો “ કોઇ ચાર પુરૂષો હતા, તેઓમાં બે ધનલુબ્ધ અને બે સ્રીલંપટ હતા. તેઓ ચારેજણા કોઇ માર્ગે ફરવાને નીકળ્યા. આગળ જતાં કોઈ પ્રદેશમાં દ્રવ્યના બે ભંડાર અને બે સુંદર સ્રીઓ તેમના જોવામાં આવી. તે જોતાંજ તે ચારે પુરૂષો ખુશી થઇ તેમની તરફ ધસી આવ્યા. તેવામાં આકાશમાંથી એક દેવી-

વાણી પ્રગટ થઇ કે, " અરે ! સાહસ કરો નહીં. ઉંચે જુઓ તમારી ઉપર પર્વત પડે છે " તે વાણી સાંભળતાં તે શ્રેષ્ઠિ પુત્રોએ નજરથી ઉંચે જોયું. ત્યાં એક મહાન્ પર્વત આકાશમાં લટકતો અવલોક્યો તે જોઈને તેમણે ચિંતવ્યું કે, 'હવે શું ઉપાય કરવો ? કોઇ પણ ઉપાયથી જો આ, ઉપદ્રવ દૂર થાય તો અમે આ દુર્લભ વસ્તુને પ્રાપ્ત કરીએ. તેવામાં પુનઃ આકાશવાણી સાંભળવામાં આવ્યું કે, " આ ઉપદ્રવો કાંઈ પણ [illegible] નહીં. [illegible] અને [illegible] લાગે છે, તેઓ

પર્વત કહેવામાં આવ્યો, તે ત્રણ જગતનો નાશ કરનાર કાળ સમજવો. તે દરેક વસ્તુ ઉપર પડવાને તૈયાર થઇ રહેલો છે. તેનાથી આ જગતના ઇષ્ટ પદાર્થોનો યોગ અને વિયોગ થયા કરે છે. જો જીવ અર્થ અને કામનો ત્યાગ કરી સદવર્ત્તનમાં પ્રવર્ત્તે તો તે તેના કલ્યાણનું કારણ થાય છે. અને જો તેમાં આસક્ત થઇ રહે, તો તે દુઃખનું કારણ થઇ પડે છે. જો કે કાળરૂપી પર્વત બધા ઉપર પડવાનો છે. પણ કામભોગનો ત્યાગ કરી વર્ત્તનારા પ્રાણીઓને છેવટે મોક્ષની પ્રાપ્તિ થવાથી તેની પર એ કાળ પર્વત પડી શક્તો નથી. જેઓ એ વાત સમજી કામભોગનો સર્વથા ત્યાગ કરે છે, તેઓ ખરેખર દુષ્કર કામ કરનારા સમજવા." રાજકુમારના આ વચન સાંભળી રાજાના હૃદય ઉપર સારી અસર થઇ ગઇ. તો પણ તેણે વિચાર કરીને જણાવ્યું, "વત્સ ! તું કહે છે તે સત્ય છે, પણ મોહનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. કારણકે, તેનો અંત ઘણો વિપરીત છે. એટલે તેનું પરિણામ સારૂં આવતું નથી." રાજકુમારે કહ્યું, "પૂજ્ય પિતા, એ વાત ખરી છે. મોહનું પરિણામ ઘણુંજ નઠારૂં છે. તે છતાં મોહને વશ થયેલા પ્રાણીઓ મૃત્યુ સમીપ છતાં અને જરાવસ્થાથી પીડાતા છતાં અર્થ અને ભોગની ઇચ્છારાખ્યા કરે છે. અને તેઓ મોક્ષસાધક જિનોક્ત ધર્મની અંદર પ્રવર્ત્તતા નથી." "વત્સ, તારૂં કથન યથાર્થ છે." રાજાએ ઉંચે સ્વરે કહ્યું. આ સમયે રાણી સુંદરી બોલી "પુત્ર, મોહના નાશથી અમારી ઇચ્છાતો પૂર્ણ થઇ, પરંતુ આ તારી બાળસ્ત્રીઓનું શું થશે ?" રાજકુમાર

બોલ્યો "માતા, તે વિષે ઉદ્વેગ કરશો નહીં. એ તમારી બંને વધૂઓની ઈચ્છા પણ પૂર્ણ થઈ છે. તેમણે પણ મારી સાથેજ બ્રહ્મચર્યવ્રત ધારણ કરી આ સંસાર તરફ પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્ત કર્યો છે." રાણી પ્રસન્ન થઈને બોલી—"વત્સ, તો એ બંને વધૂને પણ ધન્યવાદ ઘટે છે." આ વખતે તે બંને વધૂઓએ પોતાની પૂજ્ય સાસુને વંદના કરી વિનયથી જણાવ્યું. "પૂજ્ય માતા, આર્યપુત્રની કૃપાથી અમો નિર્મોહ અવસ્થાને પ્રાપ્ત થયા છીએ. આ દુઃખરૂપ સંસાર તરફ અમોને સંપૂર્ણ અભાવ થયેલો છે."

વધુની આવી સુધામય વાણી સાંભળી મહારાજા પુરૂષસિંહ અને રાણી સુંદરી હૃદયમાં સંતુષ્ટ થઇ ગયાં. અને તેમના હૃદયમાં વધુઓને માટે જે ચિંતા રહેતી હતી, તે તત્કાળ દૂર થઇ ગઇ.

આ પ્રમાણે તેઓની વચ્ચે વાર્ત્તાલાપ થતો હતો, તેવામાં એક મોટો કોલાહલ સાંભળવામાં આવ્યો. તે સાંભળતાંજ સર્વે ચમકી ગયા. તે જાણવાને માટે રાજાએ એક સેવકને મોકલવા તૈયાર કર્યો, તેવામાં કુમારે કહ્યું, "પિતાજી, આ સંસારનો ચમત્કાર મારા જાણવામાં આવી ગયો છે." રાજાએ કહ્યું, 'વત્સ, તે સ્ફુટ રીતે કહી બતાવ.' કુમાર બોલ્યો "પૂજ્ય પિતા, આપણા મહેલની પાસે પુરંદર નામનો બટુ રહે છે. તે અત્યારે મરણ પથારી પર પડયો છે. તેથી તેના ઘરમાં તેના સંબંધીઓનો આ આક્રંદ થાય છે. અને તેનું આ અકાળ મૃત્યુ થયેલ છે." રાજાએ પ્રશ્ન કર્યો, "વત્સ. કાંઇ વ્યાધિ

વગર અકાળ મૃત્યુ શી રીતે થાય ?" રાજકુમારે ઉત્તર આપ્યું "એ વૃત્તાંત નિંદવા યોગ્ય હોવાથી કહેવા યોગ્ય નથી." રાજાએ ઇંતેજારીથી પૂછ્યું, "વત્સ, આ સંસારમાં નિંદવા યોગ્યું શું નથી? તે વૃત્તાંત સાંભળવાનું મને કૌતુક થયું છે માટે કહો તો વધારે સારૂં" રાજકુમારે કહ્યું, પિતાજી જ્યારે તમોને તે સાંભળવાનું કૌતુક થયું છે, તો સાંભળો "એ પુરંદર ભટને નર્મદા નામે એક પત્ની છે, તેની ઉપર પુરંદર ભટનો ઘણોજ પ્રેમ છે. તેના ઘરમાં અર્જુન નામે એક સેવક રહે છે. તે ઉપર નર્મદા મોહ પામી આસક્ત થઇ છે. આ વાત કર્ણ પરંપરાએ પુરંદરને જાણવામાં આવી તો પણ પોતાની સ્ત્રીના પ્રેમથી તે, તે વાતને સાચી માનતો નથી. તે પુરંદરની માતા જાણવામાં આ વાત આવતાં તેણીએ પુરંદરને કહ્યું કે, "પુત્ર તારી સ્ત્રી સારી આચારી નથી. માટે તેની ઉપર વિશ્વાસ રાખીશ નહીં" તોપણ તેના મનમાં વિશ્વાસ થયો કે, 'કોઇ પ્રકારે હું મારી પત્નીની પરીક્ષા કરૂં, જેથી મને વિશેષ ખાત્રી થાય, આવું વિચારી તેણે પોતાની સ્ત્રી નર્મદાને એકાંતે બોલાવીને કહ્યું, "પ્રિયા, આજે રાજાના હુકમથી મારે કેટલાક દિવસ પરગામ જવાનું છે, માટે તું ઘરમાં સારી રીતે રહેજે." નર્મદાએ કહ્યું "સ્વામીનાથ, તમારા વિના મારાથી શી રીતે રહેવાશે!' એમ કહી તેણીએ રૂદન કરવા માંડ્યું. પુરંદરે 'હું જલદી આવીશ' એમ કહી તેણીને શાંત પાડી, પોતે બાહેરગામ નીકળ્યો. તે દિવસે પોતાના સ્વજનના આડોશપાડોશ રહી સાંજના [illegible]

ઘરમાં પેશી ગયો. ત્યાં પોતાના સેવક અર્જુનની સાથે રતિશ્રાંત થઇ એક શય્યા ઉપર સુતેલી નર્મદા તેના જોવામાં આવી. તે જોઇ તેણે વિચાર્યું કે, 'અહા! સ્ત્રી જાતિ કેવી ખરાબ છે! તે અમૃતના આહાર જેવી છે. ભોગ કરવો એજ તેનું રક્ષણ છે. વળી આ અર્જુન કેવો દુરાચારી છે કે, જે મારું નિમક ખાઇ આવું દુષ્ટ કામ કરે છે! માટે આ દુરાચારીને મારી નાખવોજ યોગ્ય છે.'' આવું વિચારી તેણે શસ્ત્રવડે અર્જુનને સુતો મારી નાંખ્યો. અને પોતે ઘર અંદર નીકળી એક ખુણામાં ભરાઇ બેઠો. ગાઢ નિદ્રામાં સુતેલી નર્મદા રૂધિર લાગવાથી જાગ્રત થઇ. તેણે જોયું ત્યાં અર્જુનને મરેલો જોયો. હાય, હાય, આ મારા પ્રાણવલ્લભને કોઇ પાપીએ મારી નાંખ્યો. હવે તેના વિના શી રીતે રહી શકીશ? હવે મારા રતિ સુખનો અંત આવી ગયો. મારા હૃદયનું બંધન તુટી ગયું.'' આ પ્રમાણે અપશોષ કરી તેણીએ તે અર્જુનના શબને ત્યાં ખાડો કરીને દાટી દીધું. પછી પેલો ખુણામાં ભરાઇ રહેલો પુરંદર ત્યાંથી છુપી રીતે નીકળી બાહેર ચાલ્યો ગયો.

નર્મદાએ જે સ્થળ ઉપર તે અર્જુનને દાટ્યો હતો, તે ઉપર એક ઓટલી કરી. તેને વિષે તેની પ્રતિમા બેસારી. દેવતાની જેમ હમેશાં તેની પૂજા કરવા લાગી. ચંદન, પુષ્પ, ધૂપ, નૈવેદ્ય અને દીપ બત્તી કરી, તેની આરાધના કરવા લાગી. પૂજા કર્યા પછી મોહવશે તેનું આલિંગન કરવા લાગી.

એક સમયે પુરંદરે પુનઃ છુપી રીતે ઘરમાં આવી જોયું તો નર્મદા પેલા જારની પ્રતિમાનું આરાધન કરતી તેના જોવામાં

તેઓ બંને ક્ષોભ પામી ગયાં, અને ઇંતેજારીથી દેવને પૂછવા લાગ્યા કે, "આ શું બન્યું! કૃપા કરી તેની હકીકત જણાવો." પછી દેવતાએ તેમની આગળ સર્વ વૃત્તાંત કહ્યો. પોતાના પલંગના પાયાથી જિનધર્મનું ખુન થયું છે એ વાત જાણી તેમને ભારે ક્ષોભ થઈ આવ્યો. તત્કાળ તેઓ આત્મઘાત કરવાને તૈયાર થયાં. તે વખતે તે દેવતાએ તેમને તેમ કરતાં અટકાવ્યા. અને કહ્યું કે, "તમે શામાટે મરો છો? તે જિનધર્મ દેવતા થયો છે. જો તમારે તેને પ્રસન્ન કરવો હોય તો તેની આજ્ઞા પાળવી એ મરવાથી વધારે સારૂં છે." તેમણે કહ્યું; "મહાનુભાવ, હવે અમે તેની આજ્ઞા પાળવાના અધિકારી રહ્યા નથી. જ્યારે તે અદૃશ્ય દશાને પામેલ છે, તો પછી અમો પાપીને તે શી રીતે આજ્ઞા આપશે? માટે અમારે મરણજ શરણ છે." આ વખતે તે દેવતાએ કહ્યું. "તમે મૃત્યુ પામશો નહીં. તે જીનધર્મ હું પોતેજ છું. હું મૃત્યુ પામીને દેવભૂમિમાં ગયો છું. હવે તમારે કાંઇપણ શોક કરવો નહીં. કર્મની ગતિ વિચિત્રજ હોય છે. વિષયનો માર્ગ દારૂણ છે, અને મોહની ચેષ્ટા ભયંકર છે. તેથી જે વાત વીતી તેમાં શો અપશોચ કરવો? હવે તો ધર્મનું શરણ લ્યો, અને તેની સાથેજ મૈત્રી બાંધો." બંધુલા અને ધનદત્ત નમ્રતાથી બોલ્યાં. "ભગવન્, કૃપા કરી અમોને તે ધર્મ સમજાવો અને અમારે હવે શું કરવું તે બતાવો." પછી તેણે સર્વજ્ઞ પ્રભુએ કહેલ ક્ષમાદિક દશ પ્રકારનો ધર્મ સમજાવ્યો. તે સાંભળી તેમના પરિણામ શુદ્ધ થઇ ગયાં. પછી તે દેવ

અનશન લઈ કૃતાર્થ થઇ પોતાનું કલેવર ફેંકી દિવ્ય રૂપે આકાશમાં ઉડયો છે." આ પ્રકાશ તેનાજ તેજનો છે.

રાજકુમાર સમરાદિત્યના મુખથી આ વૃત્તાંત સાંભળી રાજા પુરૂષસિંહના વૈરાગ્યમાં વધારો થઇ ગયો. તેણે ઉંચે સ્વરે જણાવ્યું "વત્સ, મને હવે પૂર્ણ ખાત્રી થઇ છે કે, આ સંસારનું પ્રવર્ત્તન ઇંદ્રજાળના જેવું છે. કલ્યાણકારી મિત્રનો યોગ થવો દુર્લભ છે. મહાનુભાવ જિનધર્મને પૂર્ણ ધન્યવાદ ઘટે છે, કે જેનાથી તેની સ્ત્રી અને મિત્રને ભારે લાભ થઇ આવ્યો." રાજકુમારે કહ્યું, "તેઓ બધા છેવટે સંવેગ પામી સૌધર્મ દેવલોકમાં ગયા છે."

રાજાએ શંકા કરી. "ભદ્ર, એવા દુષ્ટોને સ્વર્ગ કેમ મળવો જોઇએ?" રાજકુમારે કહ્યું, "પિતાજી, વિરતિનું એટલું બધું સામર્થ્ય છે કે, તેનાથી ક્ષણવારમાં સર્વ દુષ્કૃત્યોનો નાશ થઇ જાય છે. પરિણામ શુભ થવાથી આત્મા સર્વ પ્રકારની યોગ્યતામાં આરૂઢ થઇ જાય છે. પૂજ્ય પિતા, જો કૃપા કરી આજ્ઞા આપો, તો સંસારરૂપ નાટકના પડદામાંથી મુક્ત થવાની મારી ઇચ્છા છે. ચારિત્ર રૂપી તીક્ષ્ણ ખડ્ગ લઇ કર્મરૂપી શત્રુઓની ભયંકર સેના સાથે યુદ્ધ કરવાને હું ઉતરી પડું, અને આ ભવાટવીના ભયને દૂર કરી મોક્ષના મનોહર મહેલમાં શાંતિ સાથે પ્રવેશ કરવાનો અધિકારી બનું." રાજકુમારની આ પ્રાર્થના સાંભળી જેના હૃદયમાં વૈરાગ્યનો પ્રવાહ વેગથી વહન થએલો છે; એવા રાજાએ આનંદપૂર્વક જણાવ્યું, "ભદ્ર, તારી ... હોય તેમ કર. આ સંસારનું સ્વરૂપ મારા જાણવામાં

આવ્યું છે. હવે એ સંસારસાગરમાં તને પાડવાને મારી ઇચ્છા નથી. વળી તેં મને ખરેખરો બોધ આપી, જાગ્રત કર્યો છે, તેથી તું મારો ઉપકારી ગુરૂ થયેલ છે, માટે તારા વચનને માન આપવું જ જોઇએ. તારી સુઇચ્છા પાર પાડવાને હું તત્પર છું; અને તારી સાથે હું પણ મારૂં પારમાર્થિક હિત કરવાની ઇચ્છા રાખું છું. હવે જે તને ઉચિત લાગે તે કર અને કરાવ."

સમરાદિત્યના પિતાના આ વચનને તેની માતા સુંદરીએ પણ અનુમોદન આપ્યું. આથી શિવસ્વરૂપ સમરાદિત્યને ભારે પ્રમોદ પ્રગટ થઇ આવ્યો. તેના અંગો રોમાંચિત થઇ ગયાં. અને હૃદયમાં ભવતારિણી ભાવનાઓ ફલોન્મુખ થવા લાગી. વાંચનાર, આ પ્રસંગને તારા હૃદયમાં સ્થાન આપજે. અને સમરાદિત્યના શિવરૂપ પ્રવર્ત્તનને અનુસરવાની યથાશક્તિ ભાવના ભાવજે. એ ભાવના તારા જીવનને ઉચ્ચ ગતિમાં લઇ જશે. અને તને આત્મસ્વરૂપનું દિવ્ય દર્શન કરાવી છેવટે ચિદાનંદ સુખ સંપાદન કરાવશે.



પ્રકરણ ૬ ઠું.

ઉદયની ઇર્ષ્યા.

મધ્યાન્હ સમય હતો. સૂર્ય પોતાના કિરણોથી વિશ્વને તપાવતો હતો. ઉદ્યોગચક્રમાં લાગેલા મનુષ્ય વિશ્રાંતિ લેવા

માં આવે છે અને ચતુર્વિધ ધર્મની સ્થાપના કરવામાં આવે છે. હે રાજા પ્રસન્નચંદ્ર ! તે પછી ચોથા આરામાં મનુષ્યો પૂર્વકોટી આયુષ્યવાળા અને પાંચસો ધનુષ્યની ઉંચાઈવાળા પ્રગટ થાય છે. તે પછી પાંચમા આરામાં સો વર્ષની આયુષ્યવાળા અને સાત હાથની ઉંચાઈવાળા મનુષ્યો ઉત્પન્ન થાય છે, જેઓમાં ધર્મ અને અધર્મનું ભાન પ્રવર્ત્તે છે. છઠ્ઠા આરામાં સોળ વર્ષની આયુષ્યવાળા અને એક હાથની ઉંચાઇવાળા મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેઓમાં તેવી જાતનું ધર્મ કે અધર્મનું ભાન હોતું નથી. એ પ્રમાણે ઉત્સર્પિણી કાળના છ આરા એકાંત દુઃખરૂપ સમજવા. એવી રીતે આ ભગવાન આદિનાથ પ્રભુ પ્રથમ ધર્મચક્રી થયેલા કહેવાય છે અને તેમણે તેવીજ રીતે પ્રથમ ધર્મની પ્રરૂપણા કરેલી છે. ”

રાજા પ્રસન્નચંદ્ર પ્રસન્ન થઇ બોલ્યો—“ મહાનુભાવ, હવે મારી શંકા દૂર થઇ ગઇ છે. આપે મારી ઉપર મહાન્ અનુગ્રહ કરેલો છે. હવે આપની પાસે ધર્મશિક્ષા પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખું છું. ”

આ પ્રમાણે મહાનુભાવ સમરાદિત્ય અને અયોધ્યાનો મહારાજા પ્રસન્નચંદ્ર પરસ્પર ધર્મચર્ચા કરતા હતા, તેવામાં એક ઇંદ્રશર્મા નામનો વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો, તેણે બાલકવર્યને વંદના કરી નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો.

“ ભગવન્, આ જગત્ના જીવ આઠ પ્રકારના કર્મોને કેવી રીતે બાંધે છે ? તે સંક્ષેપમાં સમજાવો. ”

ઈંદ્રશર્માના આ પ્રશ્નના ઉત્તરમાં મહાનુભાવ બોલ્યા કે– " ભદ્ર, જ્ઞાનનો નિન્હવ, દ્વેષ, આશાતના અને તેમાં વિઘ્ન કરવાથી તેમજ તેની વિપરીત પ્રરૂપણા કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. પ્રાણી ઉપર અનુકંપા કરવાથી સાતા વેદનીય અને પ્રાણીને દુઃખ અને પરિતાપ વગેરે કરવાથી અસાતા વેદનીય કર્મ બંધાય છે, તીવ્ર કષાય અને મિથ્યાત્વથી મોહનીય કર્મ બંધાય છે, મોટા આરંભ તથા પરિગ્રહથી નરકાયુ બંધાય છે, પંચેંદ્રિય જીવના વધથી તથા માંસાહારથી તિર્યંચાયુ બંધાય છે. માયા કપટ, મિથ્યાવચન, ખોટા તોલ, ખોટા માપ, સ્વભાવે વિનયત. અને અમત્સરથી મનુષ્યાયુ બંધાય છે, અને અકામ નિર્જરા, અજ્ઞાનકષ્ટ, સરાગ સંયમ અને સંયમ અસંયમથી દેવતાયુ બંધાય છે. સરલતા, અને મન, વચન તથા કાયાની શુદ્ધિથી શુભનામ કર્મ અને તેથી વિપરીત વર્ત્તનથી અશુભ નામ કર્મ બંધાય છે. જાતિ વગેરેનો મદ ન કરવાથી ઉચ્ચૈર્ગોત્ર કર્મ અને તેનો મદ કરવાથી નીચૈર્ગોત્ર કર્મ બંધાય છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વિર્યના અંતરાયથી અંતરાય કર્મ બંધાય છે. હે ઈંદ્રશર્મા, આ પ્રમાણે જીવ કર્મના બંધને પામે છે અને તે તે બંધ પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે."

મહાત્મા સમરાદિત્યના આ વચન સાંભળી તે વૃદ્ધ બ્રાહ્મણ ઈંદ્રશર્મા બોલ્યો—" ભગવન્, જ્યારે આવી રીતે હાલતા ચાલતા કર્મના બંધ થાય, તો પછી જીવ મોક્ષના બીજને શી રીતે પ્રાપ્ત કરી શકે ? "

[illegible]

[illegible]

કરવી અને ભાવના ભાવવી એ તેમની ઉપાસનાનો વિધિ છે. તે ઉપાસના કરવાથી દિવ્ય કામ ભોગ, ઉત્તમ કુળ, રૂપ, બુદ્ધિ, ધર્મમાં સ્થિરતા અને પરમપદની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

અગ્નિભૂતિએ અહીં શંકા કરી કે, "તમે તે દેવને વીતરાગ અને મધ્યસ્થ ભાવે રહેનારા કહ્યા છે, તો તેવા દેવ બીજાને વ્યથા થવાના ભયથી કોઇનો પણ ઉપકાર કરી શકે નહીં અને જ્યારે ઉપકાર કરે નહીં તો પછી તેઓ સર્વના હિતકારી શી રીતે કહેવાય ? તેનું કારણ મને સમજાવો."

વાચકવર્ય ઉત્સાહથી બોલ્યા—"હે સુંદર, સાંભળો. તે પરમાત્મા દેવ પરમાર્થને કહી મોટા મોહને નાશ કરનારા છે, તેથી તેમના જેવો બીજો કોઈ પણ ઉપકારી કોણ છે ? તેઓ બીજાને પીડા ન થાય, તેમ વર્ત્તી ઉપકાર કરે છે. એજ તેમાં હેતુ છે."

અગ્નિભૂતિએ પૂછ્યું, "ભગવન, તમે જે ઉપાસનાનો પ્રકાર કહ્યો, તેમાં એમનો ઉપકાર કેવી રીતે થાય ? અને ઉપકારનો અભાવ હોય તો પછી ફળની સિદ્ધિ કેવી રીતે થાય ?"

ગુરૂ બોલ્યા—"ભદ્ર, તેમનો ઉપકાર કરવાથી કાંઇ ફળસિદ્ધિ થતી નથી, પણ તેમની ઉપાસનાથી ફળસિદ્ધિ થાય છે. જુઓને ચિંતામણી, અગ્નિ અને મંત્રનો શો ઉપકાર કરવામાં આવે છે ? તથાપિ વિધિ વડે તેમનું સેવન કરવાથી ફળ થયેલું જોવામાં આવે છે."

મહાત્માના મુખથી આ ઉત્તર સાંભળી અગ્નિભૂતિ પ્રતિ-

આ સમયે કાળવેળા થઈ, એટલે મહાત્મા વાચકરત્ને પોતાની ધર્મચર્ચા બંધ કરી અને તત્કાળ સર્વ પર્ષદા વિસર્જન થઇ ગઇ.

મહાનુભાવ સમરાદિત્યે તે પછી અયોધ્યા નગરીના પ્રદેશમાંથી વિહાર કર્યો હતો. તેમના વિહાર વખતે અયોધ્યાંની શ્રાવક પ્રજાએ ભારે ધામધૂમ કરી અને મહાત્માના નિર્ગમનોત્સવને ઉજવ્યો હતો.

વાંચનાર, મહાનુભાવ સમરાદિત્યનું ચરિત્ર જીવન તમે સંક્ષેપમાં વાંચ્યું છે. તે ઉપરાંત તેમનું વિશેષ વૃત્તાંત અહિં લખી શકાયું નથી. તે લખવા બેશીએ તો ગ્રંથનો વિસ્તાર વધી જાય તેમ છે. ટુંકામાં એટલુંજ કહેવાનું કે, અર્હંત ધર્મના પ્રાચીન ઇતિહાસમાં સમરાદિત્યનું ચારિત્ર ગણુનીય અને માનનીય બન્યું છે. તે મહાત્માએ ભારતની જૈન પ્રજાને ચારિત્ર ધર્મનું યથાર્થ સ્વરૂપ બતાવી આપ્યું હતું. ચારિત્ર એ કેવી અદ્ભુત વસ્તુ છે. અને તેનાથી આત્મા ગુણસ્થાનની શ્રેણીપર કેવી રીતે આરૂઢ થાય છે? તે વાત વાચક સમરાદિત્યના ચારિત્રના પ્રવર્ત્તન ઉપરથી દેખાઇ આવે છે. એ મહાત્માના ચારિત્રના જીવનને હૃદયથી માન આપી તે પ્રમાણે થોડે ઘણે અંશે પ્રવર્ત્તવાની સદ્ભાવના ભાવ્યા કરજો. એજ લેખકની આદર સહિત પ્રાર્થના છે.

શ્રોતાઓના હૃદય આર્દ્ર બની ગયા અને તેવી ભાવના ભાવવા લાગ્યા.

આ વખતે વેલંધરે પ્રશ્ન કર્યો, " મહાનુભાવ, આપે એ સિદ્ધોનાં સુખનું વર્ણન કર્યું, પરંતુ તેમનું સ્વરૂપ કેવું તે પ્રદર્શિત કરવા કૃપા કરો. તેમના રૂપનો આકાર કેવો હોય તે જાણવાની પ્રબળ ઇચ્છા છે. "

કેવળી આનંદ પૂર્વક બોલ્યા —" ભદ્ર, એ સિદ્ધિના જીવોનો આકાર લાંબો, ટુંકો, ત્રિકોણ, ગોળ, કે ચોરસ હોતો નથી. પાંચ વર્ણો માંહેલો કોઇ વર્ણ તેમનામાં નથી. સુગંધ, દુર્ગંધ, સ્રીવેદ, પુરૂષવેદ અને નપુંસક વેદ તેમનાથી દૂર છે. તેમજ સ્નિગ્ધ, રૂઢ, કોમળ, પ્રચંડ, ઉષ્ણ, શીત, ગુરૂ, લઘુ કે સંગ તેમનામાં હોતા નથી. તેમને સંજ્ઞા, ઉપમાં, પરિજ્ઞા, અને રૂપ નથી. તે માત્ર સત્તાથી રહે છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ તેમનામાં નથી. તે સિદ્ધને જ્ઞાનિઓ અનંત, યોગીંદ્ર, આનંદ, સુંદર અને સર્વ પ્રપંચથી રહિત પરબ્રહ્મ કહે છે. તે ઉપર એક દૃષ્ટાંતિક કથા છે તે સર્વે એક ચિત્ત થઇ શ્રવણ કરો. "

ક્ષિતપ્રતિષ્ઠિત નામે એક નગર હતું. તે ઇંદ્રની અમરાવતીના જેવું સુશોભિત હતું. તેમાં જિતશત્રુ નામે રાજા રહેતો હતો. તેનું તે નામ સર્વ રીતે સાર્થક હતું. તેને જયશ્રી નામે રાણી હતી. તેઓ બંને રાજદંપતિ સુખ વિલાસથી પોતાનો સમય નિર્ગમન કરતા હતા. એક વખતે તે રાજા વાહ્યાલિ

જાતના ઘોડા ઉપર બેશી મૃગયા કરવાને ફરવા નીકળ્યો. તેણે નિર્દયતાથી ઘણા પ્રાણીઓનો સંહાર કર્યો. તે પછી દૈવયોગે તે પવનના જેવા અશ્વ કર્મની જેમ તેને ખેંચી ગયો. વિંધ્યાચલ ગિરિના એક ગહન વનમાં તેને લઇ ગયો. તે પ્રદેશનો માર્ગ ઘણો વિષમ હોવાથી તેનો વાહીક અશ્વ તેમાં ચાલી શકયો નહીં; એટલે તે મંદ મંદ ગતિથી ચાલવા લાગ્યો. આ વખતે કોઈ એક કિરાત તે માર્ગે જતો હતો. અશ્વ સાથે વિકટ માર્ગમાં પડેલો તે રાજા તેના જેવામાં આવ્યો. તેને જોઇ તે કિરાત હૃદયમાં વિચાર કરવા લાગ્યો. "અરે ! આ કોઇ મહાનુભાવ પુરૂષ વિષમ માર્ગમાં આવી પડયો છે. આ વખતે હું તેને કાંઈ મદદ કરૂં તો તેનો ઉપકાર થશે." આવું વિચારી તેણે પાસે આવી જિતશત્રુ રાજાના ઘોડાની લગામ પકડી અને તેને ત્યાં આવેલા કોઈ જળાશયથી નજીક લઇ ગયો. ક્ષુધા અને તૃષાથી પીડીત એવા રાજાને અશ્વ ઉપરથી ઉતાર્યા પછી અશ્વને પગે બંધન કરી રાજાને વિશ્રાંતિ આપી. રાજાએ તે જળાશયમાં સ્નાન કર્યું. પેલા ભલા ભીલે વિવિધ જાતના સ્વાદુ ફળ લાવી આપ્યા, એટલે રાજાએ ફલાહાર કરી શીતળ જળનું પાન કર્યું. ભીલ તરફથી એવી બરદાસ્ત થતી જોઇ રાજા ઘણોજ પ્રસન્ન થઇ ગયો. તેણે પોતાના હૃદયમાં વિચાર્યું કે, "આ હીન જાતિનો પુરૂષ છે, છતાં મારી તરફ આવો મહાન્ પ્રેમ કેમ દર્શાવતો હશે ? તે સાથે તેની વાણીમાં વિનય કેવો છે? આ કોઇ આચરણથી મહાન્ પુરૂષ લાગે છે." આ પ્રમા-

ણે રાજા વિચાર કરતો હતો, તેવામાં તે કિરાતે આવી વિનય પૂર્વક જણાવ્યું "મહાશય, હવે શી ઇચ્છા છે ? જો કાંઇ ઇચ્છા હોય તે આ સેવકને જણાવવા કૃપા કરશો." તેની ભક્તિ જોઇ પ્રસન્ન થયેલા રાજાએ તેને અભિનંદન આપ્યું. આ સમયે સૂર્ય અસ્તગિરિ પર આરૂઢ થયો, રાજાએ સંધ્યાકાળને યોગ્ય ક્રિયા કરી. તે વિનીત ભીલે રાજાને સુવા માટે એક પથારી કરી આપી અને અશ્વને ઘાસ નાંખ્યું. પછી હાથમાં ધનુષ્ય લઇ પોતે રાજાની પાસે આવ્યો અને વિનયથી જણાવ્યું કે "મહાનુભાવ, સુખે નિદ્રા કરો. હું આપની ચોકી કરૂં છું."

આ પ્રમાણે કહી તે કિરાત મહારાજાની આસપાસ ફરવા લાગ્યો. રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે, 'આ કોઇ ઉત્તમ જાતિનો મનુષ્ય લાગે છે.' એમ વિચારતાં રાજા નિદ્રાને આધિન થઇ ગયો. રાત્રિ વ્યતિત થઇ. પ્રાતઃકાલ થયો, એટલે રાજા જાગ્રત થયો. તે સમયે પાછળ અશ્વને પગીરે ચાલતો ચાલતો તેનો કાફલો ત્યાં આવી ચડ્યો. સેનાપતિએ રાજાના અશ્વને ઓલખી લીધો. અતિ આનંદથી તે રાજાને મળ્યો. પછી તેને એક તુરૂષ્ક જાતના ઘોડા ઉપર બેસાર્યા. રાજા પેલા કિરાતનો ઉપકાર માની તેને સાથે લઇ પોતાના કાફલા સહિત રાજધાનીમાં આવી પહોંચ્યો. રાજાને આવતો જાણી તેની રાજભક્ત પ્રજાએ મોટી ધામધૂમથી તેનો પ્રવેશોત્સવ કર્યો અને આખા નગરમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો હતો. રાજાએ પોતાના ઉપકારી કિરાતને સાથે રાખી સ્નાન કર્યું. તે કિરાતને પોતાની

જાતે ચંદન અર્ચી ઉત્તમ જાતનો પોશાક પહેરાવ્યો અને પછી બંનેએ વિવિધ પ્રકારના રસવાળું ભોજન કર્યું. ભોજન કર્યા પછી તે પોતાના મિત્ર કિરાતને લઇ સભા મંડપમાં આવ્યો. પોતાના સામંતો અને મંત્રિઓ રાજાને મળવા તે સ્થાને એકઠા થઇ ગયા. એક વનેચર ભીલ તરફ રાજાને બહુમાન કરતો જોઇ તેઓ અતિશય આશ્ચર્ય પામી ગયા. કિરાત જાતિના પુરૂષોને રાજાનું બહુમાન જોઇ તેમને તેનું કારણ પુછતાં ઘોર જંગલમાં કરેલા તે કિરાતના મહોપકારનો વૃત્તાંત રાજાએ પોતાના સભ્યોની આગળ કહી સંભળાવ્યો. તે ઉપરથી તેઓ સાનંદાશ્ચર્ય થઇ ગયા અને તેમણે તે કિરાતની ભારે પ્રશંસા કરી.

ત્યારપછી રાજાએ તે કિરાતને પોતાના રાજ્યમાં રહેલા નાટક વગેરે તમાસાઓ બતાવ્યા અને તેને વિનોદ આપવાને માટે બીજા કેટલાએક નાચરંગ કરાવ્યા. છેવટે તે ભીલને લંબિકા નામની રાજસુંદરી અર્પણ કરી. રાજાએ લંબિકાને કહ્યું કે "હે સુંદરી, આ મહાપુરૂષે ભયંકર અટવીમાં મારા પ્રાણ બચાવ્યા છે, તેથી તારે તેની ભાવથી સેવા કરવી." રાજાની આજ્ઞાથી તે રાજસુંદરીએ તે વાત માન્ય કરી અને તેને રાજમેહેલના સાતમે મજલે તે લઇ ગઇ વિચિત્ર જાતના ચિત્રોથી રમણીય અને અતિ મનોહર એવા તે વાસગૃહમાં તે સુંદરીએ તેને વિવિધ પ્રકારના ભોગવિલાસો કરાવ્યા. એ રીતે તે કિરાત ઘણો વખત રાજવૈભવ ભોગવતો તે સ્થાને રહ્યો હતો.

કેટલોક સમય વિત્યા પછી એક દિવસે તે કિરાતે રાજાની પાસે પોતાના સ્થાનમાં જવાની વિજ્ઞપ્તિ કરી, તેની આગ્રહ ભરેલી ઇચ્છા જોઇ રાજાએ તેને જવાની રજા આપી, તે ઉપરથી તે ભીલ પોતાના જંગલના સ્થાન પ્રત્યે જવાને તૈયાર થઇ ગયો. આ પ્રસંગે રાજાએ તેનો ભારે સત્કાર કર્યો. ઉત્તમ જાતના રત્નો અને આભૂષણોથી તેને નવાજ્યો અને તેની સાથે ઉંચી જાતના વસ્ત્રાલંકાર સહિત ઘણું દ્રવ્ય આપ્યું. અને તેની સાથે કેટલાએક પોતાના વિશ્વાસુ માણસો મોકલ્યાં. તે ભીલ ઘેર પહોંચ્યો, તે પછી તેણે રાજાના માણસોને પાછાં મોકલ્યાં. કિરાતપતિના આવવાના ખબર સાંભળી તેના સગા સ્નેહીઓ અને મિત્રો તેને મળવા આવ્યા. તેમણે ઇંતેજારીથી પૂછ્યું, "તું ક્યાં ગયો હતો ? અને ત્યાં તેં શું શું જોયું ? તે જણાવ." તે ભીલે પોતાને જે બન્યું હતું, તે બધો વૃત્તાંત તેમની આગળ કહી સંભળાવ્યો. પછી તે લોકોએ પૂછ્યું કે, "તે નગર કેવું હતું ? ત્યાં રાજા કેવો હતો ? તેને રહેવાનું સ્થાન કેવું હતું ? ત્યાં ખાવા પીવાના પદાર્થો કેવા હતા ? " તેમના આ પ્રશ્નોનો ઉત્તર તે ભીલ આપી શકયો નહીં, કારણકે, જે વસ્તુઓ તેણે જોઈ હતી અને અનુભવી હતી, તેવી વસ્તુઓની; ઉપમા તેને જંગલમાં મળી શકી નહીં, એટલે તેને માટે તે ભીલ કાંઈપણ [illegible] કહી શકતો નહોતો. ત્યાં તેણે [illegible], [illegible] અને બીજી [illegible] વસ્તુઓની સાથે તે વસ્તુઓ સરખાવી, કિરાત બોલ્યો, "[illegible] સુંદર અને [illegible] [illegible] [illegible] [illegible] : [illegible], [illegible]

ફળના જેવા ભક્ષ્ય પદાર્થો હતા. આ ભીલડીઓ જેવી યુવતીઓ હતી. આ ચનોઠીના ફલ જેવા આભૂષણો હતાં અને આ ધાતુના જેવું વિલેપન હતું." આ પ્રમાણે તેણે ઉપરચોટીયું કહેવા માંડયું, પણ તે વસ્તુઓના ગુણ તેનાથી કહી શકાયા નહીં. તે મુખ વિકાસી બેસી રહ્યો.

હે રાજા સુનિચંદ્ર, આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું છે કે જેમ તે ભીલ ઉપમાના અભાવથી નગર અને રાજવૈભવના સુખનું વર્ણન કરી શકયો નહીં, તેમ માણસ મોક્ષના સુખનું વર્ણન કરી શકતો નથી. કારણકે, તે મોક્ષની ઉપમા હોતી નથી. તે તો જિનવચનની શ્રદ્ધાથીજ સાબીત થાય છે. જે શ્રદ્ધામાં 'જિનભગવંત અન્યથાવાદિ હોતા નથી' એવો નિશ્ચય હોવો જોઈએ.

મહાનુભાવ સમરાદિત્યના મુખથી આ સર્વ હકીકત સાંભળી રાજા સુનિચંદ્રનું ચારિત્રમોહનીય કર્મ તત્કાળ ક્ષયોપશમને પામી ગયું. તે સાથે તેની રાણીઓ અને સામંતોના કર્મ પણ ક્ષયોપશમને પ્રાપ્ત થયાં. તેઓ સર્વે મળી તે મહાત્માને આ પ્રમાણે કહેવા લાગ્યા—" ભગવન, આ તમારી ધર્મદેશનાથી અને તમારા ચરિત્રથી અમોને આ સંસારરૂપ કારાગૃહ ઉપર કંટાળો ઉત્પન્ન થયો છે, અમે એ કારાગૃહમાંથી મુક્ત થવાની ઇચ્છા રાખીએ છીએ, તેથી હવે અમારે શું કરવું ? તે કૃપા કરી બતાવો."

ભગવાન સમરાદિત્ય બોલ્યા —" ભવ્યાત્માઓ, તમોને

વર્તમાનિક જૈનસાહિત્યનાં—અપૂર્વ ગ્રંથો.

શિલકમાં નકલો થોડી છે માટે;

વહેલો તેજ પહેલો.



૧ આતે વીર ધર્મ કે વણિક ધર્મ—જૈન સમાજના ધર્મ અને સંસારનું સામાજીક ચિત્ર દર્શાવનારી એક અદ્ભુત નવલકથા.... .... ૧—૮—૦

૨ આગમસાર—તમામ જૈનઆગમોનો સાર આ ગ્રંથમાં છે. ગ્રંથના કર્તા મહાન આચાર્ય શ્રી દેવચંદજી મહારાજ છે. ૦-૧૦-૦

૩ આનંદઘન પદ રત્નાવળી—મૂળ કર્તા શ્રી આનંદઘનજી મહારાજ તેમનાં ૫૦ પદો ઉપર રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ વિવેચન કરેલ છે. ગ્રંથ ખાસ વાંચવા લાયક છે... .... ૩—૮—૦

૪ અધ્યાત્મ તત્વ લોક પ્રકાશ .... ૪—૦—૦

૫ ઉત્તમ કુમાર (નોવેલ)... .... ૧—[illegible]—૦

શ્રી સિદ્ધર્ષિ કર્ત્તા

ઉપમિતિ ભવ પ્રપંચા કથા

પ્રથમ ભાગ — પ્રસ્તાવ ૧-૨-૩

ગુજરાતી અવતરણ.

પ્રથમ પ્રસ્તાવ.

ગ્રંથકર્ત્તાની પ્રસ્તાવના, કર્ત્તાનો નિષ્પુણ્યક તરીકે દેખાવ, સુસ્થિતરાજ, દીક્ષા આદિ અનેક મહાન બનાવો અને તેનો ઉપનય (પીઠબંધ)

દ્વિતીય પ્રસ્તાવ.

મનુજગતિ નગરી, કર્મપરિણામ રાજા. કાળ પરિણતિ દેવી. સદાગમ. અગૃહીત સંકેતા. પ્રજ્ઞાવિશાળા. સંસારી જીવ. નિગોદથી મનુજગતિ સુધી આગમનનો અદ્ભુત વૃત્તાંત.

તૃતીય પ્રસ્તાવ.

નંદિવર્ધન, વૈશ્વાનર, ક્ષાંતિકુમારી, સ્પર્શન કથાનક, બાળ મધ્યમ, મનીષીનો હેવાલ. મિથુનદ્વય અંતર કથા. ક્રોધ અને હિંસાની ભયંકર અસરો. વિવેક કેવળી ભવ પ્રપંચ. ત્રણ પ્રકારના કુટુંબો.

ભાષાન્તરકર્ત્તા—મોતીચંદ ગિરધરલાલ કાપડીયા.
—બી, એ, એલ, એલ, બી—સોલીસીટર—

કિંમત રૂ. ૩-૮-૦ — પોસ્ટેજ ૦-૧૦-૬

મેઘજી હીરજી બુકસેલર્સ—પાયધુની મુંબઈ.

આ અતિ અદ્‌ભુત ગ્રંથની બહુ થોડી નકલો છપાયેલી છે. તુરતમાં મંગાવનારનેજ મળે તેમ છે. આ ગ્રંથના વખાણ કરવાની જરૂર રહે તેમ નથી. આખા ભાષા–સાહિત્યમાં અદ્વિતીય ગ્રંથ છે. ૯૧ ફારમ થયા છે. નિર્ણયસાગર પ્રેસમાં બહુ સારી રીતે છપાવેલ છે.

૭	કયા ઈશ્વરે આ વિશ્વ રચ્યું ?	૦–૩–૦
૮	કાન્હડ કઠીયારો અથવા સાચી ટેકની ગેબી ફતેહ	૦-૧૨-૦
૯	ગિરનાર મહાત્મ્ય–ઔષધિઓ અને જડી બુટ્ટીઓના માર્ગ બનાવનાર અમૂલ્ય પુસ્તક	૧–૮–૦
૧૦	ગુંહલી સંગ્રહ	૦–૬–૦
૧૧	ચરિતાવલી ભાગ ૧–૨–૩ દરેક ભા.	૧–૮–૦
૧૨	ચેતન કર્મ ચરિત્ર	૦–૮–૦

ચતુર્વિધ શ્રી સંઘે પસંદ કરેલી જૈન વાંચનમાળા.

૧૩	જૈન ધર્મ પ્રવેશપોથી	ભાગ	૧ લો	આવૃત્તિ ૮ મી	૦–૨–૦
૧૪	,,	,,	૨ જો		૦–૪–૦
૧૫	,,	,,	૩ જો	આ. પા	૦–૬–૦
૧૬	,,	,,	૪ થો	,, ચોથી	૦–૮–૦

ઉપરની બુકોના અર્થ.

૧૭	જૈન ધર્મ પ્રવેશપોથી ભાગ ૧–૨ ના અર્થ	૦–૨–૦
૧૮	" " ૩ ના અર્થ	૦–૨–૦
૧૯	" " ૪ ના અર્થ	૦–૩–૦
૨૦	જૈનશાળા ઉપયોગી વ્યાકરણ....	૦–૨–૬
૨૧	જૈનશાળા ઉપયોગી શબ્દાવળી	૦–૪–૦
૨૨	જૈનશાળા ઉપયોગી તપગચ્છ પંચપ્રતિક્રમણ પૂર્ણાર્થ અર્થ સહિત.	૦-૧૨-૦

પંડિત લાલન કૃત જૈન વાંચનમાળા.

૨૩	જૈનમાર્ગ પ્રારંભપોથી ભાગ ૧ લો	૦–૨–૦
૨૪	" " " ૨ જો	૦–૨–૬
૨૫	જૈનમાર્ગ પ્રવેશિકા ભાગ ૧ લો	૦–૩–૦
૨૬	" " " ૨ જો	૦–૩–૦
૨૭	" " " ૩ જો	૦–૬–૦

ઉપરની વાંચનમાળાઓ ઘણી સારી અને કાઠીઆવાડની જ્ઞાનશાળાઓમાં, પાઠશાળાઓમાં કન્યાશાળાઓમાં અને હાઈસ્કુલોમાં પણ ચાલે છે, મુંબઈની જૈનએસોસીએશને આ વાંચનમાળાને ખાસ પસંદ કરી છે.

૨૮	જૈન જ્ઞાન પહેલી ચોપડી	૦–૨–૦

મેઘજી હીરજી બુકસેલર્સ—પાયધુની મુંબઈ.

શકશે. આ ગ્રંથ દરેક શ્રાવકભાઈના ઘરમાં અને દરેક શહેર અને ગામડીઆ ગામના ઉપાશ્રયમાં અવશ્ય હોવો જોઇએ અને એટલાજ માટે અમો અમારા શ્રાવક ભાઈઓને અને શ્રાવિકા બ્હેનોને વિનંતી કરીએ છીએ કે કોઈ તમારા સંબંધિની કે ઉપકારી મુનિરાજની યાદગીરી રાખવા ઇચ્છા હોય તો તેમના નિમિત્તે તેમના સ્મરણાર્થે આ ગ્રંથની અમુક નકલો ખરીદી ખાસ સ્નેહીવર્ગને અગર જૈન ઉપાશ્રયોમાં ભેટ મોકલો ૨-૦-૦

૩૬ તત્વચિંતામણી—આત્મિક શાન્તિ ઇચ્છનારે વાંચવું.... .... ૧-૦-૦

૩૭ તત્વભુમિમાં પ્રવાસ—તત્વ ઇચ્છનાર માટે ૧-૮-૦

૩૮ ત્રિશષ્ઠીશલાકા પુરૂષ ચરિત્ર—(ભાષાંતર) પર્વ ૧ થી ૧૦ .... ૧૦-૦-૦

૩૯ તીર્થાવળી પ્રવાસ—આ ગ્રંથ ૧૪૩૩ પાના. મોટા તિર્થોએ જિલ્લા જવાના માર્ગ બતાવનાર ભોમીઓ. ૧-૮-૦

૪૦ તિર્થંકર ચરિત્ર સચિત્ર— ૨-૮-૦

૪૧ દીક્ષાકુમારી પ્રવાસ ભાગ ૨ .... ૧-૮-૦

૪૨ દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ—કર્તા શ્રીમદ્ યશોવિજયજી મહારાજ આ સંયમ, દ્રવ્ય, ગુણ, પર્યાય, નય, નર્ક

તેમ પૂર્વે જૈનોના ચોવીસમાં તિર્થંકર શ્રી મહાવીર સ્વામી થઇ ગયા છે, તેઓના ઉપર બાર બાર વર્ષ સુધી સંગમ નામે દેવતા, શ્રી મહાવીર પ્રભુને તેમના નિશ્ચયોમાંથી ડગાવા. ચલાયમાન કરવા અનેક પ્રકારના સંકટો આપવા લાગ્યો, તે સમયે ઇંદ્ર મહારાજને મહાવીર પ્રભુ ઉપર દયા આવી, અને કહ્યું કે, આપ આજ્ઞા આપો તો આપના ઉપર પડતા આ વિકટ દુઃખો દૂર કરવા હું આપની સેવામાં રહું, ત્યારે તેઓએ તેમની મદદનો અસ્વીકાર કર્યો અને મહાન્ પુરૂષો કોઇની મદદ ઉપર જીવતા નથી, પણ તેઓ પોતાના બળેજ પોતાનાં દુઃખો હરે છે. એવો ખુલ્લો જવાબ આપ્યો હતો, આ ગ્રંથની પ્રથમાવૃત્તિ થોડાજ સમયમાં ખપી જવાથી, અને વાંચકોની અતિ માગણી હોવાથી, આ ગ્રંથની બીજી આવૃત્તિ કાગળોની અને બીજી સખ્ત મોંઘવારી હોવા છતાં ન છુટકે છપાવવી પડી છે. સંવત ૧૯૭૭ ના અસાડ શુદ ૧ ના દિને બહાર પડી ચૂકી છે.... .... ૨—૮—૦

આ ગ્રંથની પ્રથમાવૃત્તિ પ્રસિદ્ધ થયાં પહેલાં અને તે પછી ઘણાજ વર્તમાન પત્રો અને માસિકોનાં વિદ્વાન તંત્રીઓએ આપેલ અભિપ્રાય આ સ્થળે પ્રસિદ્ધ કરીએ છીએ.

મહાવીરજીવન વિસ્તારઃ-પ્રથમાવૃતિ માટે સાહિત્ય સેવી. રા. સુશીલ લિખિત ગ્રંથ માટે મળેલ અભિપ્રાયોનો સારાંશઃ-(૧) મહાત્મા મોહનલાલ ગાંધીજી લખે છે કે–હું તે પુસ્તક વાંચી ગયો છું. મને તે ગમ્યું છે. (૨) પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી ચારિત્રવિજયજી લખે છે કે ભાષાની ગીઠાશ, પ્રૌઢતા અને આશયની ગંભીરતા જેમોની લેખિની ઝરારૂપ છે. જેમણે આ પુસ્તક લખીને પોતાની બુદ્ધિના વિકાસનું સામર્થ્ય બતાવી આપ્યું છે. (૩) મી. મો. દ. દેશાઈ લખે છે કેઃ–પુસ્તક એવી સુરમ્ય, ચિત્તાકર્ષક, બોધપ્રદ અને શૌર્યન્વિત શૈલીમાં વિચાર પૂર્વક રા. સુશીલે રચ્યું છે કે તે એક વાર વાંચવા લીધું તો પડતું મુકવું ન ગમે. (૪) મુંબઈના સાહિત્યરસિક બારીસ્ટર અને જાણીતા નાટક લેખક મી. વિભાકર જણાવે છે કે–આ જીવનકથા સંસ્કારી લેખિનીથી લખાયેલી છે. ભાષા સંસ્કારી તેમજ વીર્યવતી છે. આ પવિત્ર જીવન કથામાંથી જૈનધર્મનું તત્વજ્ઞાન આપોઆપ નિષ્પન્ન થાય છે. જૈન બંધુઓને માત્ર આ ગ્રંથ સંતોષ આપનો નથી, પણ જૈનેતરોને પણ એક પ્રતાપી અને પવિત્ર આત્માની પવિત્રતાનો ચક્ષુક સ્પર્શ કરાવે છે.

લેખનશૈલી "યોગશાસ્ત્ર" ગ્રંથના અભ્યાસીઓ એકી અવાજે વખાણી રહ્યા છે તેજ માનવંતા લેખકની લેખિનીથી મલયાસુંદરીનું ચરિત્ર નવા જમાનાની નવી શૈલીમાં લખાયેલું છે, ... ૨—૮—૦

૫૪ રાજચંદ્ર જૈન કાવ્યમાલા ભાગ ૨—આ ગ્રંથમાં દેવચંદ્રજીકૃત ચોવીશી, ધમ્મીલ કુમારનો રાસ, અને ચંદ્રશેખરનો રાસનો સંગ્રહ કરવામાં આવેલ છે. ૧—૮—૦

૫૫ રત્નસેન રત્નમંજરીનો રાસ .... ૦—૪—૦

૫૬ રાજપ્રશ્ન .... ૧—૪—૦

૫૭ લાલન જૈન આત્મ વાટિકા—પંડિત લાલનના સ્વર્ગીય સુવાસવાળા આત્મથી કોણ અજાણ્યું છે ? આ ગ્રંથમાં એજ પંડિત લાલનની આત્મવાટિકામાંના ચારિત્ર પુષ્પોનો સંચય કર્યો છે. પુષ્પોની સુગંધ ભવિક આત્માને અનહદ શાંતિ અને મધુરતા અર્પે છે. વાટિકાનું પ્રત્યેક પુષ્પ અધ્યાત્મસુરભીથી મહેકી રહ્યું છે. [illegible] કરવાનું [illegible] નથી. માત્ર ૦ ૧૨ ૦

૫૮ [illegible]—[illegible] પ્રસિદ્ધ [illegible] ચારિત્ર [illegible] .. .. [illegible]

૫૯ [illegible] [illegible]—[illegible]

[illegible] મુંબઈ.

જયજીની ઉમદા કલમથી લખાયેલ છે. જે મુનિરાજો, જે સાધ્વીઓ, જે શ્રાવકો અને જે શ્રાવિકાઓ પોતાનો અને પરનો જન્મ સફલ કરવા ઇચ્છતા હોય, તેઓએ આ ગ્રંથ વાંચવો અને વંચાવવો, એવી અમારી ખાસ સૂચના છે. આ ગ્રંથ ૯૦૦ પૃષ્ઠનો છે; અને સુંદરમાં સુંદર ભવ્ય અને આદર્શ ચિત્રો આપવામાં આવ્યા છે. જેમાં મુખ્ય ચિત્ર વિન્ધ્યાચળ પહાડ ઉપર ચંપકલતા અને ચંડવેગ મુનિનો ઉપદેશ અને એવાંજ બીજાં અસરકારક અને ભવ્ય ચિત્રો આપવામાં આવ્યા છે કે જેનાં દર્શન માટે લાખો રૂપિયા ખર્ચતાં પણ ન થાય તે આ ગ્રંથ ખરીદ કરવાથી થઇ શકે છે. ૩–૦–૦

૬૦ વ્યાખ્યાન સંગ્રહ-પ્રસિદ્ધવક્તા ચારિત્રવિજયજી કૃત ૧–૮–૦

૬૧ વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧–૨–૩–૪ ૨–૮–૦

૬૨ વર્ધમાન દેશના ભાષાંતર-અવશ્ય વાંચો કથાનો સાગર છે. ૨–૮–૦

૬૩ વચનામૃત-કર્તા આચાર્ય શ્રી બુદ્ધિસાગર ૧–૮–૦

૬૪ શત્રુંજય (સંપૂર્ણ) ભાષાંતર સહિત.... ૨–૮–૦

૬૫ શ્રાવિકાભૂષણ ભાગ ૧–૨–૩–૪ દરેક ભાગના ૧–૮–૦

કાનેક વિષયોનો આ ગ્રંથમાં અતિ નિપૂણતા પુર્વક સમાવેશ થઈ જાય છે, દાખલા તરીકે એકજ વાનગી બસ થશે.

સ્ત્રી કેવી પરણવી? કન્યાના લક્ષણો અને પરીક્ષા, કેવી સ્ત્રીનો ત્યાગ કરવો? સ્ત્રીઓની પ્રસન્નતા શી રીતે પ્રાપ્ત કરવી? સ્ત્રીની પ્રીતિ રાખવાનું પ્રયોજન, ગંધ અને કેશ ઉપરથી નારી પરીક્ષા, સ્ત્રીઓ સાથે ચુંબન કરવું, સ્ત્રીનો પ્રેમ કયારે છુટે? રાગવીનાની સ્ત્રીના લક્ષણ, મર્કટ સમાન મન, કામાંતુર લક્ષણ, કામપ્રિય સ્ત્રીઓ પાસે દુર્ગચ્છા કરવાનું પરિણામ, પતિ પરદેશ હોય ત્યારે કુલીન સ્ત્રીએ કેવી રીતે વર્તવું? રજસ્વળા વખતની ફરજો, ગભાધાન વિધિ, ઉદરમાં ગર્ભવૃદ્ધિના નિયમો, જન્મ સમયના નક્ષત્રોની અસર તેવીજ રીતે પુરૂષના લક્ષણો તથા કર્તવ્યો વિષે પણ એજ પ્રમાણે અનેક પ્રમાણો આપી વિવેચન કરવામાં આવ્યું છે.

આવા ગ્રંથની જરૂર શું છે? કોઇ પ્રશ્ન કરશે કે આ જમાનામાં એવા પુરાણા ગ્રંથનો પુનરૂદ્ધાર કરવાની શું જરૂર છે? અમે કહીએ છીએ કે આ યુગમાં અત્યારે લગ્ન, બ્રહ્મચર્ય, શરીર, વીર્ય, જીવન, અને સંતતી સંબંધી જે ભયંકર અજ્ઞાનતા અને ભ્રમપુર્ણ માન્યતાઓ ચાલી રહી છે તે દુર કરવાનો આ ગ્રંથ એક ઉજ્વલ સુર્ય સમાન છે. ભારત વર્ષના યુવાનોના શારિરીક, માનસિક અને અધ્યાત્મીક

શક્તિઓ લગભગ ક્ષીણું થઇ ગઇ છે. આ વખતમાં એક પ્રાચીન આચાર્યની સ્પષ્ટ અને સરલ વાણી જેવી અપુર્વ અસર કરી શકે એવી અન્ય કોઇની વાણી ન કરી શકે એ સ્પષ્ટ છે. એટલાજ માટે અમે કહીએ છીએ કે પુર્વના જમાનામાં આ ગ્રંથની જેટલી જરૂર હતી તેના કરતાં, પણ અત્યારે હજાર ગણી અધિક આવશ્યકતા છે. મુંબઇની યુનીવર્સીટીએ ગુજરાતી સાહિત્યના અખુટ ભંડારમાંથી આ વિવેક વિલાસ ગ્રંથ રત્ન ચુંટી લઇ બી. એ. ની પરીક્ષા માટે નિર્માણુ કરેલો છે, એ શું સુચવે છે?

ગ્રંથની નવી શૈલી—આ ચતુર્થ આવૃતિ અમે સંવાદના રૂપમાં તૈયાર કરાવી છે. અને તેથી દરેક વાંચનાર જાણે કે આ મહારાજની પાસે બેસી પોતાના મનની શંકાઓનું સમાધાન કરતો હોય એવો ભાસ થયા કરે છે, વિવેક વિલાસ એ એક ગુર્જર સાહિત્યનું મ્હોટું ગૌરવ છે; સાહિત્ય ભંડારનું એક અણુમોલું રત્ન છે. વ્યક્તિ માત્રનો સજ્જનમિત્ર છે. સ્ત્રી પુરૂષનો સલાહકાર છે.

ગ્રંથ બહાર પડી ચુકયો છે. ચિત્રો અને બીજા આકર્ષણોના પ્રમાણમાં રૂ. ૨-૮-૦ ની કીમત કંઇ બીસાતમાં નથી.

૭૩ સમ્યકત્વ બાર વૃતની ટીપ–યોજક પ્રસિદ્ધ વક્તા મુનિ ચારિત્રવિજયજી ૦-૧-૦

૭૪ સજ્ઝાયમાલા ભાગ ૧-૨-૩-૪ દરેક ભાગના [illegible]

૭૫ સુરીશ્વર અને સમ્રાટ—આ મહાન ગ્રંથ સુપ્રસિદ્ધ શાસ્ત્ર વિશારદ-જૈનાચાર્યશ્રી વિજયધર્મ સૂરી મહારાજના શિષ્ય-પ્રસિદ્ધ લેખક વિદ્યાવિજયજી મહારાજની [illegible] છપાયેલો છે. આ ગ્રંથમાં મહાન પ્રભાવક, [illegible] શ્રી હીરવિજય સૂરીશ્વરજી મહારાજે મુસલમાન બાદશાહ અકબરને આપેલા ઉપદેશનું અને તેનાથી [illegible] અકબરે કરેલાં કાર્યોનું સુંદર વર્ણન આપવામાં આવ્યું છે, તે ઉપરાંત [illegible] સુંદર ચિત્ર [illegible] [illegible]

[illegible]

[illegible]

૭૮ સરલ સચિત્ર સ્તવનાવલી—જેમાં અનંત ઋદ્ધિ-સિદ્ધિ સમૃદ્ધિનો માર્ગદર્શક આપક, અધિકાનો નિસ્પૃહ ચમત્કાર વિઘ્ન વિનાશક મંત્રો મહા મંત્રો અને સ્તવનોથી ભરપુર સરલ સચિત્ર સ્તવનાવલી તૈયાર કરતાં અમને ઘણો વખત લાગ્યો છે."

ઘણાં કય વર્ષ થયાં અમારી પાસે એજ ફરિઆદ મુખ્યત્વે આવ્યા કરતી કે શ્રાવકોને તેમના નિત્યના ધર્મ કૃત્યોમાં સરલતા થાય એવો કોઇ ગ્રંથ ક્યાં છે ? અમો એ ફરિઆદનો સંતોષકારક ઉત્તર ઉક્ત ગ્રંથ બહાર પાડી શક્તિમાન થયા છીએ. આ મનોહર સ્તવનાવલી જૈન સાહિત્યમાં આ પ્રથમજ છે. એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. ધાર્મિક સજ્જનો અને સન્નારીઓ નિત્ય પોતાની પાસે રાખી શકે એવા ઉદ્દેશથી ડાયરી સાઇઝમાં તૈયાર કરેલ છે. જે શ્રાવકો પોતાનું શ્રાવકપણું ઉજ્વલ બનાવવા ચાહતા હોય તેમને માટે આ ગ્રંથ સલાહકાર તરીકેનું કર્તવ્ય બજાવે છે. આ ગ્રંથના વિષયોની વાનગી. વિધિપૂર્વક મંદિરે જવાની સમજણ—ચૈત્યવંદન વિધી, જીનેશ્વર ભગવાનના અંગ પૂજન સમયે ભાવનાની ભાવના, સ્તવનો, ચૈત્યવંદનો, તિર્થોના સ્તવનો, બાર વ્રતની ટીપ, જૈન શારદાપૂજન વિધિ, વિઘ્ન વિનાશક મંત્રો—મહા મંત્રો, રત્નાકર પચીશી અર્થ સહીત, સામાયક સુત્ર, નવકાર

મંત્ર સંગ્રહ આદિ અનેક વિષયો ઉપરાંત આ ગ્રંથમાં આ મુજબ ફોટાઓ દાખલ કરવામાં આવ્યા છે.

(૧) શ્રી મહાવીર સ્વામી (૨) શ્રી પાર્શ્વનાથજી (૩) શ્રી કેશરીઆનાથજી (૪) શ્રી મણીભદ્ર યક્ષ (૫) શ્રી ચક્રેશ્વરી દેવી (૬) પદ્માવતી દેવી (૭) ચોવીસ તિર્થંકર (૮) શ્રી જિનદત્તદાદા સૂરિશ્વરજી અને નવપદજીનું મંડળ આદર્શનીય છબીઓ ખાસ મોટા ખર્ચે તૈયાર કરાવેલ છે. આ ગ્રંથનું પુંઠું અતિ સુંદરમાં સુંદર બનાવવામાં આવેલ છે કિંમત 3—૦—૦

૭૯ સામાયિક અર્થ સહિત ૦—૮—૦

૮૦ **રસીક સુધારસ સ્તવન સંગ્રહ**—ભાગ ૧ થી ૮ આ ગ્રંથમાં ચૈત્યવંદન કરવાની વિધિ, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, પ્રભાતીયાં, લાવણીઓ, સ્તુતિઓ, ગઝલો, સઝાયો અને વૈરાગી પદોના સંગ્રહ ઉપરાંત પચ્ચખાણ લેવાની વિધિ, ચોવીશ તિર્થંકરોના નામ, લંછન, વર્ણ–ઉંચાઇનો કોઠો આત્મગોષ્ટિ ઇત્યાદિ વિષયો આવેલા છે. સાઇઝ પોકેટ પુઠું સુંદરમાં સુંદર છતાં કિંમત માત્ર રૂા. ૦—૧૦—૦

૮૧ **હરિ વિક્રમ ચરિત્ર**—આ મહાન ચરિત્રનો ગ્રંથ છે. અને મહાન થવા જે સજ્જનો ઇચ્છા રાખતા હોય તેવાઓએ અવશ્ય વાંચવો. .... ૨—૦—૦

૮૨ **પ્રદ્યુમ્ન ચરિત્ર**—ભાષાંતરકર્તા પ્રસિદ્ધ વક્તા મુનિ ચારિત્રવિજયજી ગ્રંથ ઉત્તમોત્તમ છે.... ૨—૦—૦

૯૧ રૂપીઆની જેવડી નાનાં લોકીટ સાઈઝની નવ સ્મરણુ-
ની બુક સચિત્ર તૈયાર છે કિંમત :રૂ. ૧–૦–૦ શિલી-
કમાં નકલો થોડી છે માટે વહેલો તે પહેલો–આ બુક
પોસ્ટથી મોકલવામાં આવશે નહિ. જે સજ્જનો
મંગાવવા ઈચ્છતા હોય તેઓએ પોતાના સંબંધીઓ
મારફતે મંગાવી લેવી. કારણકે એ એટલી નાની બુક
છે કે જે પોસ્ટમાં મોકલતાં ગુમ થાય તેથી તેમ
કરવા વિનંતિ કરવામાં આવે છે.

માત્ર એકજ અભિપ્રાય જૈન પત્રના અધિપતિનો વાંચો.

નવસ્મરણનો ગુટકો—મેસર્સ મેઘજી હીરજી કં૦ પાયધુની નં. ૫૬૬ મુંબઇ તરફથી આ ચપટીમાં સમાય તેવડી નવસ્મરણની લૉકેટ બુક મળી છે. શાસ્ત્રી ટાઇપમાં આર્ટ કાગળ ઉપર મેસર્સ મેઘજી હીરજીની સાહિત્યવિકાસની ચીવટ ધ્યાન ખેંચી શકે છે. આટલી નાની બુકને કપડાના પાકા પુંઠાથી બંધાવી સોનેરી નામથી શોભાવવાને પણ તેઓ ચુક્યા નથી. નાની ડાબડી કે પાકીટમાં સાથે રાખી શકાય તેવી આ બુક બહાર મુકવામાં તેની રાખેલી કિંમત રૂા. ૧–૦–૦ વધારે નથી.

જૈન પત્ર તા. ૯ ઓક્ટોબર ૧૯૨૧.

દેશના યશસ્તંભ સમા યુવકો !

તમારે કેવો આદર્શ નજર સામે રાખવાનો છે અને તમે જો દેશ તથા ધર્મની યત્કિંચિત્ સેવા બજાવવા માગતા હો તો તમારે તમારા જીવનને કેવું સંયમ અને વિવેકમય બનાવવું જોઇએ તે તમે આ પુસ્તકના વાંચનથી બરાબર સમજી શકશો.



શક્તિ સ્વરૂપ બહેનો !

[illegible]
[illegible]
[illegible]
[illegible]

ભવિક ધર્મબન્ધુઓ ?

તમે જો તમારાં સંતાનોને ધર્મવીર બનાવવા માંગતા હો, તમારા સંતાનો ધર્મની પ્રભાવના કરી તમારી સાત પેઢીઓનું મુખ ઉજ્જવળ કરે એમ ઈચ્છતા હો, મહાવીર પ્રભુના શાસન માટે તમને સ્હેજ પણ શ્રદ્ધા હોય તો તમે જરૂર આ પુસ્તક તમારાં સંતાનોને વાંચવા પ્રેરણા કરો.

શાસનપ્રિય બન્ધુઓ !

તમે જો આ પુસ્તક એકવાર વાંચવાનો અવકાશ મેળવશો તો તમને ખાત્રી થશે કે આવાં પુસ્તકોની લાખો પ્રતો બ્હાર પાડી દરેક ઘરમાં એક એક નકલ જરૂર દાખલ કરાવવી જોઇએ.

પ્રથમથી નામ નોંધાવનાર પાસેથી.	રૂા. ૧–૦–૦
પાછળથી નામ નોંધાવનાર પાસેથી.	રૂા. ૧–૮–૦

અગાઉથી નામ નોંધાવતાં ચાર આના પત્ર સાથેજ મોકલી આપવા.

ગ્રંથ શ્રાવણ શુદિના પ્રારંભમાંજ બહાર પડશે.

આ ગ્રંથ માટે મળેલ અભિપ્રાયો વાંચો અને ગ્રંથની ઉત્તમતાનો ખ્યાલ કરો.

प्रति पाठकोंकी विशेष श्रद्धा आकर्षित करनेमें लेखक समर्थ हुए है प्रस्तावना भी वडे विचारसें लीखी गई है.

जैन समाज— जैन समाजमें श्रीयुत सुशीलके लेख वडे मानसे पढे जाते है. मणीभद्र पुस्तक सुंदर व रोचक है. कथा वहुत चित्ताकर्षक और वोधप्रद है, चित्र भी वडे आकर्षक है.

जैन संसार— " महावीरभद्र मणीभद्र " में लेखकने उत्कृष्ट पवित्र प्रेमकी कल्पनाका चित्र चित्रित कीया है. भगवान महावीरके प्रभावको अच्छी तरहसे गाया है. कथाके वहाने, विषयवासनाके कीचडमें फंसे हुए लोगोंको लेखकने यह स्पष्ट दिखा दीया है कि मनुष्य यदि पक्काफायदा कर लें तो अपनी आत्मशक्तिका विकास करके, सारे विषयविकारों को पैरों तले कुचल सकता है, और अहर्निश दम्पति साथ रह कर भी पवित्रताके साथ अपना जीवन विता सकता है. पुस्तक बहुत ही उत्तम है. हम चाहते हैं इन पुस्तकोंको घर घरमें प्रचार हो और प्रत्येक व्यक्ति इनसे लाभ उठावे.

जैन हीन्दु— " रा. सुशीलनी छटादार मर्मभेदक लेखिनीथी आ पुस्तक लखायुं छे. प्रभळ प्रभुभक्ति-उत्कर्ष शासनप्रेम अने अपूर्व आत्मसंयमना महान् गुणोनुं घणुंज सरस आकारमां प्रस्फोटन करवामां आव्युं छे. पुस्तक एवी रम्य शैलीमां लखायुं छे के अथथी इति सुधी वांच्या विना रही शकाय नहि. "

અમારે ત્યાં કેબીનેટ સાઇઝના (કાર્ડ સાઇઝ) ફોટા નીચે દર્શાવેલા મળે છે.

૧	શ્રી મોહનલાલજી મહારાજ....	....કિં. રૂ.	૦—૪—૦
૨	શ્રી ચંપાપુરી તિર્થ	.... ,,	૦—૪—૦
૩	શ્રી સમેતશિખરજી તિર્થ	.... ,,	૦—૪—૦
૪	શ્રી અષ્ટાપદજી તિર્થ	.... ,,	૦—૪—૦
૫	,, તારંગાજી ,, ...	.... ,,	૦—૪—૦
૬	,, પાવાપુરી ,, ...	.... ,,	૦—૪—૦
૭	,, આબુ ,, ...	.... ,,	૦—૪—૦
૮	,, ચક્રેશ્વરી દેવી....	.... ,,	૦—૪—૦
૯	,, પદ્માવતી દેવી....	.... ,,	૦—૪—૦
૧૦	,, મણિભદ્રજી યક્ષ	.... ,,	૦—૪—૦
૧૧	,, પાર્શ્વનાથ અને પદ્માવતી સાથે	,,	૦—૪—૦
૧૨	,, ચોવીશ તિર્થંકરો	.... ,,	૦—૪—૦
૧૩	,, મહાવીરસ્વામી	.... ,,	૦—૪—૦
૧૪	,, કેસરીયાજી	.... ,,	૦—૪—૦
૧૫	,, ગૌતમ સ્વામી....	.... ,,	૦—૪—૦
૧૬	,, દાદા સાહેબ જિનદત્ત સૂરિશ્વરજી	,,	૦—૪—૦
૧૭	શ્રીપાવાપુરી શ્રીમહાવીરના [illegible] ક્રિયાનું [illegible]		૦—૪—૦
૧૮	શ્રી મહાવીર, ગૌતમ સ્વામી, અને [illegible] સહીતના ફોટાઓ	.... ,,	૦—૪—૦

[illegible] લખો:—

મેઘજી હીરજી બુકસેલર્સ—પાયધુની, મુંબઈ.